॥ નમોઽસ્તુ તસ્મૈ જિનશાસનાય ॥

॥ અર્હં નમઃ ॥

# ક્ષયોપશમ

યુગપ્રધાનાચાર્યસમ પૂજ્ય પં. ચન્દ્રશેખરવિજયજી મ.સા.

## દિવ્યઆશિષ

સિદ્ધાન્તમહોદધિ, સચ્ચારિત્રચૂડામણિ,

પૂજ્યપાદ આ. ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના

સિદ્ધાંત દિવાકર ગચ્છાધિપતિ આ.ભ. શ્રી જયઘોષસૂરીશ્વરજી મ.સા.

વિનેય સ્વ. પૂજ્યપાદ પં. પ્રવર શ્રી ચંદ્રશેખરવિજયજી મ.સાહેબ

## લેખક

મુ. ગુણહંસ વિ.

૫૦૦ નકલ, કા.વ.૧૦, મહાવીર દીક્ષા કલ્યાણક

## નિશ્રાદાતા

પ્રશાન્તમૂર્તિ ગચ્છાધિપતિ આ. શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.

સરલ સ્વભાવી આ. શ્રી હંસકીર્તિસૂરીશ્વરજી મ.સા.

## પ્રકાશક

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**

૧૦૨-એ, ચંદનબાળા કોમ્પ્લેક્ષ, આનંદ નગર પોસ્ટ ઓફિસ સામે,

ભઠ્ઠા, પાલડી, અમદાવાદ-૭. ટેલિ. : ૨૬૬૦૫૩૫૫

## પ્રાપ્તિસ્થાન

● **હિતેશભાઈ ગાલા** ●

બી૧/૩૦૨, શયમ કમલ બિલ્ડીંગ, અગરવાલ માર્કેટ, તેજપાલ રોડ,

વિલેપાર્લે (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૫૭. મો. : ૯૮૨૦૯ ૨૮૪૫૭

● **આશિષભાઈ મહેતા** ●

૧૦૧, પહેલા માળે, રોયલ હેરીટેઝ, સરગમ શોપીંગ સેન્ટર પાસે,

પારલે પોઈન્ટ, ઉમરા, સુરત. મો. : ૯૩૭૪૫ ૧૨૨૫૯

● **પ્રીતેશ પી. શાહ** ●

૪૦૩-એ, અજય એપાર્ટમેન્ટ, કોલેજવાડી ૫ કોર્નર,

જીમખાનાની બાજુમાં, રાજકોટ-૨. મો. : ૯૮૭૯૦ ૧૮૩૧૮

● **દીપેશભાઈ દીક્ષિત** ●

બી-૨, અમર એપાર્ટમેન્ટ, ડીવાઈન લાઈફ સ્કૂલની સામે,

બેરેજ રોડ, વાસણા, અમદાવાદ. મો. : ૦૯૪૨૮૬ ૦૮૨૭૯


## મુદ્રક

**નેમ ગ્રાફિક્સ** - અમદાવાદ

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૦૧ | ક્ષયોપશમ ભાવ–પ્રસ્તાવના | ૦૧ |
| ૦૨ | ભાવ | ૦૩ |
| ૦૩ | પારિણામિક ભાવ | ૦૪ |
| ૦૪ | ભાવોનો કાળ | ૦૮ |
| ૦૫ | રસોદય + પ્રદેશોદય | ૧૪ |
| ૦૬ | ઔદયિક ભાવ | ૨૨ |
| ૦૭ | ક્ષય | ૩૦ |
| ૦૮ | સર્વ–ઉપશમ | ૩૪ |
| ૦૯ | દેશોપશમ | ૫૨ |
| ૧૦ | વિપાકોપશમ | ૫૪ |
| ૧૧ | ક્ષયોપશમ | ૬૦ |
| ૧૨ | સાર | ૧૦૮ |
| ૧૩ | લબ્ધિ + ઉપયોગ | ૧૩૯ |
| ૧૪ | અંતે... | ૧૫૧ |
| ૧૫ | પરિશિષ્ટ (ક્ષયોપશમની વિચારણા) | ૧૫૩ |

# ક્ષયોપશમ



# ક્ષયોપશમ ભાવ

શાસ્ત્રમાં ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક, ઔદયિક અને પારિણામિક એમ પાંચ પ્રકારના ભાવોનું વર્ણન આવે છે. એમાં જે ક્ષયોપશમભાવ (ક્ષાયોપશમિક ભાવ) છે એનું સ્વરૂપ અતિગહન છે. મારા જેવા ઘણા ય જીવો એનું જે સ્વરૂપ સમજે છે, એનાં કરતા કંઈક વિશિષ્ટ જ પ્રકારનું એનું સ્વરૂપ છે. અત્યાર સુધી મને પણ આ પદાર્થનો સ્પષ્ટ બોધ ન હતો.

પણ અત્યારે પૂજ્યપાદ આચાર્યદેવ **અભયશેખરસૂરિજી** **મ.**ના કર્મપ્રકૃતિ ભાગ-૧નું પરિશિષ્ટ જોવામાં આવ્યું. એમાં લગભગ ૨૦ પાના ભરીને ક્ષયોપશમનું સ્વરૂપ બતાવ્યું છે. એ આખું ય ચિંતન પૂજ્યપાદ ગચ્છાધિપતિ **શ્રી જયઘોષસૂરિજી** **મ.**નું છે. પૂ.આ. અભયશેખરસૂરિજી મ.એ પોતાની ભાષામાં એ ચિંતન લખેલું છે.

આમ પણ પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રી પ્રત્યે અનહદ બહુમાન હતું જ, પરંતુ આ વાંચ્યા બાદ તો તેઓશ્રીના કર્મસિદ્ધાન્તબોધ પ્રત્યેનો વિશ્વાસ અપ્રતિમ બન્યો.

પણ મને થયું કે આ મહાપુરુષો સૂત્રરચયિતા ગણધર મહારાજા જેવા છે. તેઓશ્રીની ભાષા ટુંકી હોય અને રહસ્યો ઘણા હોય. વર્તમાનકાળમાં બાળ કક્ષાના ક્ષયોપશમવાળા જીવો આ ભાષાને સ્પષ્ટ સમજી ન શકે, રહસ્ય પકડી ન શકે એ શક્ય છે. એટલે ભલે લંબાણ થાય, પરંતુ શક્ય એટલી સરળ ભાષામાં આ લખાણ કરવું જેથી હજારો લોકો આ અણમોલ પદાર્થને પામી શકે.

વળી આમાં મારો અંગત સ્વાર્થ એ છે કે, લખતા લખતા મારામાં પણ એ પદાર્થ એકદમ સ્પષ્ટ થાય. મારા પૂ. ગુરુદેવશ્રી કહેતા કે– *'દસવાર વાંચો અને એકવાર લખો'* એ બંનેનું ફળ સમાન !

આ પુસ્તકમાં પરિશિષ્ટ રૂપે પૂ.આ. દેવે લખેલું લખાણ પણ અક્ષરશઃ છાપવામાં આવશે. એના અમુક કારણો છે.

– જેઓને ટુંકાણમાં જ વાંચવું હોય, તેઓ એ જ લખાણ વાંચે.

– જેઓને મારું લખાણ વાંચતા વાંચતા શંકા પડે તેઓ એ લખાણ જોઈને

બંને લખાણ તપાસી શકે. ક્યારેક એવું પણ બને કે હું જે સમજ્યો હોઉં તે સાવ ખોટું જ સમજ્યો હોઉં અને વાચક વર્ગ તો એમ જ સમજે કે *'આ તો પૂ. ગચ્છાધિપતિશ્રીનું ચિંતન છે. માટે સાચું જ હોય.'*

પણ તેઓને એ ખ્યાલ ન આવે કે *'આ આખું લખાણ તો ગુણહંસ વિ.એ કરેલું છે. એમણે પૂ.ગ.પતિશ્રીના ચિંતનનો આધાર લીધો છે, પણ ગુણહંસ વિ. સમજવામાં ભૂલ કરી બેસે, તો એમના લખાણમાં પણ ભૂલ થવાની જ. એમાં કંઈ પૂ.ગ.પતિશ્રીના ચિંતનની કે પૂ.આ.દેવના લેખનની ભૂલ ન ગણાય...'*

આ બધું જ સ્પષ્ટ થાય, માટે જ છેલ્લે પરિશિષ્ટ રૂપે એ આખું લખાણ આપવામાં આવશે.

તમામ સંયમીઓને અને કર્મગ્રન્થના અધ્યેતાઓને મારી નમ્ર વિનંતિ છે કે, આ પુસ્તક ખાસ વાંચે, બરાબર સમજે અને જિનશાસનના એક અણમોલ રહસ્ય રૂપ આ ક્ષયોપશમ ભાવના જ્ઞાનને આત્મસાત કરે...

**- યુગપ્રધાનાચાર્યસમ પૂજ્યપાદ ગુરુદેવશ્રી**
**ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબનો શિષ્ય**
**ગુણહંસ વિજય.**

**-અષ્ટમંગલ બંગલો,**
**પુરુષવાક્કમ, ચેન્નઈ.**
**અષાઢ સુદ પાંચમ.**
**તા. ૭ જુલાઈ.**

નોંધ : છઠ્ઠા ગુણઠાણે સંજ્વલનનો દેશઘાતી ઉદય છે, અને એ યથાખ્યાતનો દેશઘાત નહિ, પણ સર્વઘાત કરે છે... એમ બહુશ્રુતોએ ફરમાવ્યું છે. મેં મારો અભિપ્રાય પુસ્તકમાં લખેલો છે, તે અલગ છે. વિદ્વાનો આ બાબતમાં વિચારણા કરે, અને માર્ગદર્શન આપે.

# ૧. ભાવ

**પ્રશ્ન :** **'ભાવ' શબ્દનો અર્થ શું ?**

**ઉત્તર :** ઘણા બધા અર્થોમાં 'ભાવ' શબ્દ વપરાય છે.

(૧) **ભાવ** = અધ્યવસાય, પરિણામ, વિચાર.

દા.ત. : આ ભાગ્યશાળીના પૂજા વખતના ભાવ બહુ જ સારા હોય છે...

(૨) **ભાવ** = કિંમત.

દા.ત. : બહેનો પૂછતા હોય છે 'સફરજનનો શું ભાવ છે ?'

(૩) **ભાવ** = રહસ્ય.

દા.ત. કોઈક પદાર્થ સામાન્યથી સમજાવ્યા બાદ જ્યારે એનું રહસ્ય બતાવવું હોય, સ્પષ્ટતા કરવી હોય તો એમ કહેવામાં આવે કે– 'આ પદાર્થનો ભાવ એ છે કે... મારો કહેવાનો ભાવ એ છે કે...'

(૪) **ભાવ** = થવું = હોવું.

સંસ્કૃતમાં **ભૂ** ધાતુ છે. એના ઉપરથી **'ભાવ'** શબ્દ બને છે.

આના આધારે જોઈએ તો વસ્તુની હાજરી, વસ્તુનું અસ્તિત્વ એ ભાવ !

દા.ત. 'મારી પાસે પૈસાનો અભાવ છે' એ વાક્યનો અર્થ એ કે– 'મારી પાસે પૈસા નથી.' અહીં અભાવ શબ્દ એ પૈસાની ગેરહાજરી જણાવે છે. તો એનો અર્થ જ એ કે ભાવ શબ્દ પૈસાની હાજરીને જણાવે છે.

આમાં એટલો ખ્યાલ રાખવો કે વસ્તુનું હોવું એટલે શું ? વસ્તુ પોતે જ ને! મારી પાસે પૈસાનું હોવું એટલે કે મારી પાસે પૈસા... આમ જરાક ઉંડાણથી વિચારો તો કોઈપણ વસ્તુ અને ભાવ આ બેમાં કોઈ ફરક નથી.

– જો માણસ છે, તો માણસનો **ભાવ** (અસ્તિત્વ) છે...

– જો માણસ નથી, તો માણસનો **ભાવ** પણ નથી...

– જો પ્રતિમા છે, તો પ્રતિમાનો **ભાવ** (અસ્તિત્વ) છે.

– જો પ્રતિમા નથી, તો પ્રતિમાનો **ભાવ** પણ નથી.

આ રીતે જોવા જઈએ તો દુનિયાની કોઈપણ વસ્તુ હોય, એ બધી જ વસ્તુ ભાવ કહેવાય.

જે પૃથ્વી આદિ દ્રવ્યો છે, એ પણ ભાવ છે.

જે વર્ણ–ગંધાદિ કે જ્ઞાનાદિ ગુણો છે, એ પણ ભાવ છે.

જે છે, એ ભાવ છે...

જે નથી, એ અભાવ છે.

પ્રશ્ન : આપણે પ્રસ્તુતમાં જે ક્ષયોપશમભાવ સમજવાના છીએ, એમાં ભાવનો અર્થ શું લેવાનો છે ?

ઉત્તર : ચોથો અર્થ લેવાનો. ભાવ એટલે હોવું, ભાવ એટલે વસ્તુ !

આત્મા એક વસ્તુ છે, તો એ ભાવ છે.

આત્મામાં રહેલો જ્ઞાનગુણ એક વસ્તુ છે, તો એ ભાવ છે.

વસ્ત્ર એક વસ્તુ છે, તો એ ભાવ છે.

વસ્ત્રનો રંગ એક વસ્તુ છે, તો એ ભાવ છે....

## ૨. પારિણામિક ભાવ

પ્રશ્ન : 'પરિણામ' શબ્દનો શું અર્થ છે ?

ઉત્તર : દરેક શબ્દોના અનેક અર્થો હોવાની સંભાવના છે.

(૧) પરિણામ = અધ્યવસાય, વિચાર.

દા.ત. : અત્યારે મારા **પરિણામો** જિનવચન શ્રવણથી ઘણા જ સુધરી રહ્યા છે. Movie જોઉં તો મારા પરિણામો બગડી જાય છે....

(૨) પરિણામ = ફળ, Result.

દા.ત. : જો તમે મારી વાત નહિ માનો, તો એનું પરિણામ સારું નહિ આવે.

'તમારી પરીક્ષા થઈ ગઈ ને ? શું પરિણામ આવ્યું ?'

(૩) પરિણામ = પરિણમવું, અલગ અલગ સ્વરૂપે થવું, પૂર્વની અવસ્થા કરતા અલગ પ્રકારની અવસ્થા થવી...

દા.ત. : બાળક યુવાન બને છે તો આ એની નવી અવસ્થા થઈ. એ છે પરિણામ ! યુવાન વૃદ્ધ બને છે તો આ એની નવી અવસ્થા થઈ, એ છે પરિણામ! માટી ઘડો બને છે, તો ઘડાની આ જુનાવણારૂપ નવી અવસ્થા થઈ, એ છે પરિણામ!

પ્રશ્ન : આપણે અહીં પારિણામિક ભાવમાં ક્યો અર્થ લેવાનો છે 'પરિણામ' શબ્દનો ?

ઉત્તર : ત્રીજો અર્થ !

પ્રશ્ન : 'પારિણામિક ભાવ' આ આખા શબ્દનો અર્થ શું ?

ઉત્તર : પરિણામ વડે (=તે તે અવસ્થા વડે) ઉત્પન્ન થયેલ ભાવ (વસ્તુ)= પારિણામિક ભાવ. યુવાની એ તે તે અવસ્થા વડે ઉત્પન્ન થયેલ વસ્તુ છે, માટે એ છે પારિણામિક ભાવ !

ઘડપણ એ તે તે અવસ્થા વડે ઉત્પન્ન થયેલ વસ્તુ છે, માટે એ છે પારિણામિક ભાવ !

ઘડો એ માટીની તે તે અવસ્થા વડે ઉત્પન્ન થયેલ વસ્તુ છે, માટે એ પારિણામિક ભાવ !

પ્રશ્ન : જો આમ કહેશો તો તો દુનિયાની તમામ વસ્તુ પારિણામિક ભાવ જ ગણાશે. કેમકે દરેક વસ્તુ ભાવ=વસ્તુ તો છે જ, અને દરેક વસ્તુ તે તે અવસ્થા વડે બનેલી છે...

ઉત્તર : એકદમ સાચી વાત ! દુનિયામાં માત્ર એક જ ભાવ છે પારિણામિક ભાવ!

પ્રશ્ન : અરે, શું વાત કરો છો ? તો પછી ક્ષાયિક ભાવ, ક્ષાયોપશમિક ભાવ, ઔદયિક ભાવ, ઔપશમિક ભાવ... આ બધા પદાર્થો = વસ્તુઓનું શું? અરે, આ પુસ્તક જ ક્ષાયોપશમિક ભાવ બતાવવા માટે છે, તો તમે તો એની ના જ પાડો છો, તો તો પુસ્તક જ ખોટું થઈ ગયું.

– જ્ઞાનાવરણના ક્ષય નામની અવસ્થાથી કેવલજ્ઞાન રૂપ ક્ષાયિક ભાવ પ્રગટે છે. પણ હવે તો તમારા કહેવા પ્રમાણે એ પારિણામિક ભાવ જ બની ગયો. ક્ષય નામની અવસ્થા એ છે પરિણામ ! અને એનાથી ઉત્પન્ન થયેલ કેવલજ્ઞાન વસ્તુ એ પારિણામિક ભાવ !

– દર્શનાવરણના ક્ષયથી ઉત્પન્ન થયેલ કેવલદર્શન રૂપ ક્ષાયિકભાવ પણ હવે તો તમારા કહેવા પ્રમાણે પારિણામિક ભાવ જ બની ગયો.

– દર્શનત્રિકના ઉપશમથી પ્રગટેલો સમકિત રૂપ ઔપશમિક ભાવ પણ હવે તો તમારા કહેવા પ્રમાણે પારિણામિક ભાવ જ બની ગયો.

– મતિજ્ઞાનાવરણાદિના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલો મતિજ્ઞાનાદિ રૂપ ક્ષાયોપશમિક ભાવ પણ હવે તમારા કહેવા પ્રમાણે પારિણામિક ભાવ જ બની ગયો.

– મનુષ્યાયુઃ આદિ કર્મના ઉદયથી ઉત્પન્ન થયેલો મનુષ્યભવ આદિ ઔદયિક ભાવ પણ હવે તમારા કહેવા પ્રમાણે પારિણામિક ભાવ જ બની ગયો. કેમકે,

ક્ષય, ઉપશમ, ક્ષયોપશમ કે ઉદય એ પણ કર્મોની તે તે અવસ્થા છે = પરિણામ છે. એટલે એનાથી ઉત્પન્ન થનારો ભાવ=પદાર્થ=વસ્તુ પારિણામિક ભાવ જ કહેવાશે.

ઉત્તર : Yes, દુનિયામાં માત્ર એક જ ભાવ છે, પારિણામિક ભાવ !

**પ્રશ્ન : તો પછી પાંચ ભાવ બતાવવામાં આવે છે, એ શું છે ?**

ઉત્તર : આ વાત આપણે વિસ્તારથી સમજીએ.

(૧) અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એમ પાંચ પરમેષ્ઠિ છે. અત્યારે પૂ.ગ.શ્રી જયઘોષસૂરિજી મ.નું ચાતુર્માસ અમદાવાદમાં છે. હવે ઓપેરા જૈન સંઘ પત્રિકામાં એવું છાપે કે 'અમારા શ્રી સંઘમાં પૂ. મુનિશ્રી જયઘોષ વિ. મ.નું ચાતુર્માસ છે' તો એ ચાલે કે નહિ ?

**પ્રશ્ન : ન જ ચાલે.**

ઉત્તર : કેમ ન ચાલે ? શું પૂ.ગ.પતિશ્રી એ સાધુ=મુનિ નથી ? શું સંઘે ખોટું છપાવેલું

છે ?

**પ્રશ્ન : ના, એ મુનિ છે જ, હકીકત ખોટી નથી. પરંતુ હવે તો તેઓશ્રી ગણિ, પંન્યાસ, આચાર્ય પદથી પણ આગળ પૂ.ગ.શ્રી બની ગયા છે. માટે એ મુનિ હોવા છતાં એમને મુનિ ન કહેવાય. પૂ.ગ.શ્રી જ લખાય. એમાં બીજું બધું આવી ગયું.**

ઉત્તર : શાબાશ, મારા માટે મુનિ શબ્દ લખાય તો ચાલે ને ?

**પ્રશ્ન : ચોક્કસ ચાલે, કેમકે તમને કોઈ પદવી મળી નથી.**

ઉત્તર : આનો અર્થ એ જ કે કોઈપણ મુનિને જ્યાં સુધી નવી કોઈ પદવી ન મળે, ત્યાં સુધી મુનિપદથી ઓળખાવાય. પણ જેવી એમને ગણિ–પંન્યાસ આદિ વિશિષ્ટ પદવી મળે કે તરત જ હવે એમને 'મુનિ' ન કહેવાય. હવે એમને 'ગણિ–પંન્યાસ' જ કહેવાય.

એજ રીતે દુનિયામાં તમામે તમામ ભાવ પારિણામિક ભાવ જ છે. પરંતુ જ્યારે ક્ષય, ઉપશમ, ક્ષયોપશમ કે ઉદયના પ્રભાવે એમને નવું નામ આપવામાં આવે કે ક્ષાયિક ભાવ, ઔપશમિક ભાવ... વગેરે, બસ, પછી એ ભાવો પારિણામિક ભાવ હોવા છતાં પણ એમને પારિણામિક નહિ કહેવાય. હવે એમને ક્ષાયિક વગેરે વિશિષ્ટ નામથી જ ઓળખવા પડે.

આવું જ એક અન્ય દૃષ્ટાન્ત...

સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત... એમ પાંચ પ્રકારના ચારિત્ર છે. એમાં પહેલું છે સામાયિક ! ૨ થી ૫ પણ સામાયિક જ છે. પણ એમને એમની વિશિષ્ટતાને લઈને નવા નવા નામ આપવામાં આવ્યા છે. એટલે હવે એ સામાયિક હોવા છતાં પણ સામાયિક ન કહેવાય. પોતાના વિશિષ્ટ નામથી જ ઓળખાવાય.

સાર એ આવ્યો કે–

– જગતના બધા જ પદાર્થો–ભાવો–વસ્તુઓ પારિણામિકભાવ રૂપ છે.

– જ્યાં સુધી એમાં ક્ષય–ઉપશમ આદિ વિશિષ્ટતાઓ ન આવે, ત્યાં સુધી એ બધાને પારિણામિકભાવ જ કહેવા.

– જ્યારે એમાં ક્ષય વગેરે વિશિષ્ટતા આવે, ત્યારે એમને ક્ષાયિક વગેરે

– હવે એ પારિણામિક હોવા છતાં પણ પારિણામિક ભાવ ન કહેવા.

**પ્રશ્ન : આમાં ક્ષાયિક આદિ ભાવ કોને હોય ?**

**ઉત્તર :** વિશ્વમાં છ દ્રવ્યો છે– ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય. કાળ...

– આમાં ક્ષય–ઉપશમ–ક્ષયોપશમ તો માત્ર જીવદ્રવ્યને જ હોય છે. માટે ક્ષાયિક–ઔપશમિક–ક્ષાયોપશમિક ભાવ માત્ર જીવદ્રવ્યને જ હોય.

– કર્મ–ઉદય જીવદ્રવ્યને જ હોય છે. પણ કર્મના ઉદયની અસર જીવ અને પુદ્ગલ એ બંને પર થાય છે. માટે ઔદયિક ભાવ જીવ+પુદ્ગલ એ બે દ્રવ્યને જ ોય.

– ધર્મ+અધર્મ+આકાશ+કાળ આ ચાર દ્રવ્યને માત્ર પારિણામિક ભાવ જ હોય. જીવ+પુદ્ગલને ક્ષાયિક આદિ ચાર વિનાનો જે કોઈપણ ભાવ હોય, એ પારિણામિક જ હોય.

## 3. ભાવોનો કાળ

**(૧) પારિણામિક ભાવ :**

એ ચાર પ્રકારે છે. (A) સાદિ+સાન્ત, (B) સાદિ+અનંત, (C) અનાદિ+સાન્ત, (D) અનાદિ+અનંત...

**(A) સાદિ+સાન્ત :** પુદ્ગલોમાં જે પારિણામિકભાવ હોય છે, એ સાદિ+સાન્ત હોય છે. સાદિ= જેની શરૂઆત હોય તે. સાંત= જેનો અંત હોય તે.

દા.ત. : બે અલગ અલગ પરમાણુ ભેગા મળીને એક દ્વયણુકસ્કંધ બન્યો, તો આ પારિણામિકભાવ છે. એ સાદિ છે. હવે જ્યારે એ બે પાછા અલગ થશે અથવા

જ્યારે એમાં અન્ય પુદ્‌ગલો જોડાશે, ત્યારે એ બની જશે સાંત !

એજ રીતે પુદ્‌ગલમાં શ્વેતવર્ણ ઉત્પન્ન થયો, તો એ પારિણામિકભાવ છે. અને એ સાદિ છે. જ્યારે એ વર્ણ ખતમ થાય, રક્તવર્ણ ઉત્પન્ન થાય, ત્યારે એ શ્વેતવર્ણ નામનો પારિણામિકભાવ સાંત બને.

(B) સાદિ+અનંત : જીવ જ્યારે આઠ કર્મોનો ક્ષય કરે છે, ત્યારે અહીંથી નીકળીને લોકાંતે એક ચોક્કસ જગ્યાએ પહોંચે છે. અને ત્યાં કાયમ માટે એક ચોક્કસ જગ્યાએ રહે છે. અનંતકાળ સુધી પછી એ એક આકાશપ્રદેશ જેટલો પણ હલન–ચલન કરતો નથી. આમ એક ચોક્કસ જગ્યામાં જ રહેવું એ છે નિયત–અવગાહના !

આ છે પારિણામિકભાવ !

આ છે સાદિ ! અને અનંત !

પ્રશ્ન : આ તો ક્ષાયિક ભાવ છે ને ?

ઉત્તર : ના, આ કંઈ કર્મોના ક્ષયથી ઉત્પન્ન થયેલો ભાવ નથી. આઠેય કર્મોના ક્ષયથી ઉત્પન્ન થયેલા ગુણો તો અનંતજ્ઞાન આદિ બતાવેલા જ છે. આ તો પારિણામિક ભાવ જ છે. હા ! આઠ કર્મોના ક્ષય બાદ આ ભાવ પ્રગટે છે. એટલે આપણને એ ક્ષાયિક લાગે, પણ એ રીતે કર્મક્ષય બાદ તરત થતું હોવા માત્રથી ક્ષાયિક ન જ કહેવાય.

દા.ત. : કોઈ ૮ વાગે મર્યો અને કોઈ ૮.૦૧ વાગે જનમ્યો, તો ત્યાં એમ ન કહેવાય કે ૮ વાગે મરનારે ૮.૦૧ વાગેના જીવને જન્મ આપ્યો. In short માત્ર આગળ–પાછળ હોવા માત્રથી કાર્ય–કારણભાવ નહિં મનાય. એમ આઠ કર્મક્ષય પૂર્વમાં છે, નિયત–અવગાહના પછી છે, એટલા માત્રથી એ નિયત–અવગાહના ક્ષયજન્ય=ક્ષાયિક છે એવું ન માનવું.

બીજો પારિણામિક સાદિ–અનંત ગુણ છે નિયતસ્થિરતા !

સિદ્ધ જીવ જે આકાશ પ્રદેશોમાં રહ્યો છે એનાથી અન્ય એક પણ આકાશપ્રદેશમાં એ જતો નથી, એ તો નિયત–અવગાહના છે. પરંતુ એ નિયત–અવગાહનામાં પણ અંદર અંદર એના આત્મપ્રદેશો ઉપર–નીચે થાય ખરા ? હવે

ખરા ? નહિ જ. એ આત્મપ્રદેશો એકદમ સ્થિર હોય, કાયમ માટે ! આને કહેવાય છે નિયતસ્થિરતા.

જીવ ધારો કે પહેલા ૧૦૦ આકાશ પ્રદેશોમાં રહેલો છે. પછી થોડો વિકાસ પામે અને ૧૦૧ આકાશ પ્રદેશમાં રહે, અથવા સંકોચ પામીને ૯૯ આકાશ પ્રદેશમાં રહે, તો આ એની અવગાહના બદલાય છે, નિયત નથી.

પણ જીવ ૧૦૦ જ આકાશ પ્રદેશોમાં રહે, ૧૦૧ કે ૯૯ ન જ થવા દે તો નિયત–અવગહના થઈ. આમ છતાં એ ૧૦૦ આકાશ પ્રદેશોની અંદરો અંદર જ જીવના આત્મપ્રદેશો હલન–ચલન કરે, તો નિયતસ્થિરતા ન ગણાય.

સિદ્ધ જીવને તો નિયતસ્થિરતા પણ હોય છે.

અહીં આઠ કર્મનો ક્ષય થયો, તરત જ જીવ અહીંથી હલીને મોક્ષમાં ગયો, બસ હવે એ નિયત–અવગાહનામાં કોઈ ફરક નહિ આવે.

ત્રીજો પારિણામિક સાદિ–અનંત ભાવ છે સિદ્ધત્વ !

આમ પારિણામિક ભાવનું સાદિ–અનંતસ્વરૂપ જોઈ લીધું.

**પ્રશ્ન : નિયત-અવગાહના, નિયતસ્થિરતા શું સિદ્ધ બન્યા બાદ હોય ?**

**ઉત્તર :** આમાં એવું લાગે છે કે જેવો યોગનિરોધ થઈ જાય, જીવ ચૌદમું ગુણસ્થાન પામી જાય કે તરત જ બંને વસ્તુ બને છે. હવે એમની અવગાહનામાં વધ–ઘટ પણ નથી થતી અને એ આત્મપ્રદેશો પોતાની અવગાહનામાં પણ અંદર હલન–ચલન નથી કરતા.

યોગનિરોધ પહેલા તો વેદના સમુદ્‌ઘાત+કેવલિ સમુદ્‌ઘાતમાં આત્મપ્રદેશોની અવગાહના વધી જતી અને આત્મપ્રદેશો તો અસ્થિર હતા જ... એટલે ૧૪માં ગુણસ્થાનથી જ આ બંને પારિણામિક ભાવો માની શકાય.

આમ છતાં હજી અહીંથી સાતરાજ લોક ઉપર જવા રૂપ ગતિ ચાલુ છે, એ અપેક્ષાએ જો એમની નિયત અવગાહના + નિયતસ્થિરતા ત્યાં લોકાન્તમાં જ માનવી હોય, તો એક અલગ વસ્તુ છે. બાકી અહીં કે ત્યાં એમની અવગાહના વધી–ઘટી નથી અને આત્મપ્રદેશો હલ્યા નથી... એ પાકું છે. માત્ર સ્થાન બદલાય છે... એટલું જ.

(C) અનાદિ-સાન્ત : ભવ્ય આત્માઓમાં જે મોક્ષમાં જવાની પાત્રતા પડી છે, તેને ભવ્યત્વ કહેવાય છે. આ પારિણામિકભાવ છે. અનાદિ છે. એ કંઈ કર્મોના ક્ષય આદિથી પ્રાપ્ત થયેલો નથી.

જેવો આ જીવ મોક્ષમાં જાય કે તરત આ ભવ્યત્વભાવ નાશ પામે. મોક્ષમાં ગયેલ આત્મા માટે એમ ન કહેવાય કે– 'આનામાં મોક્ષમાં જવાની પાત્રતા છે...'

આમ આ અનાદિ–સાંત પારિણામિક ભાવ છે.

(D) અનાદિ–અનંત : દરેક જીવોમાં જીવત્વ છે, એ અનાદિકાળથી છે. અને મોક્ષમાં ગયા બાદ પણ રહેવાનું જ છે. એ જીવત્વ ખતમ ન થાય. જીવ કંઈ અજીવ ન બને. સિદ્ધોમાં પણ જીવત્વ છે જ.

જે અભવ્યજીવો છે, તેઓમાં અનાદિકાળથી અભવ્યત્વ છે. અનંતકાળ રહેશે. તેઓ ક્યારેય ભવ્ય નથી બનવાના. માટે અભવ્યત્વ એ અનાદિ–અનંત પારિણામિક ભાવ છે.

અભવ્યત્વ એટલે મોક્ષમાં જવાની પાત્રતાનો અભાવ !

આમ પારિણામિક ભાવોમાં અનાદિ–અનંત વગેરે કાળ જોયો.

(૨) ક્ષાયિક ભાવ :

કર્મોના ક્ષયથી ઉત્પન્ન થતો ભાવ–ક્ષાયિકભાવ છે. દા.ત. જ્ઞાનાવરણના ક્ષયથી ઉત્પન્ન થયેલ કેવલજ્ઞાન... વગેરે.

આ ક્ષાયિક ભાવ સાદિ–અનંત જ હોય છે.

એ અનાદિકાળથી ન હોય. કર્મના ક્ષય બાદ એ પ્રગટ થાય છે. અને એ અનંતકાળ સુધી ટકે છે. એકવાર પ્રગટ થયા બાદ એ ખતમ નથી થતો.

(૩) ઔપશમિક ભાવ :

દર્શનત્રિકના ઉપશમથી પ્રગટ થયેલ સમકિત ઔપશમિકભાવ છે. એમ ચારિત્રમોહના ઉપશમથી પ્રગટ થયેલ ચારિત્ર ઔપશમિકભાવ છે. (ઉપશમનું વર્ણન અન્યગ્રન્થોમાંથી જાણવું.)

આ ભાવ સાદિ–સાંત જ હોય છે. કેમકે એ પ્રગટ થયા બાદ અંતર્મુહૂર્ત જ

ટકે છે. એ પછી અન્ય ભાવ પ્રગટી જાય છે.

(૪) ઔદયિક ભાવ :

કર્મના ઉદયથી પ્રગટ થયેલ ભાવ ઔદયિકભાવ કહેવાય છે.

આ ભાવ ત્રણ પ્રકારે છે.

(A) સાદિ-સાન્ત : જે કર્મોનો ઉદય સતત ન હોય, તે અધ્રુવોદયી કર્મો કહેવાય. એવા કર્મોથી જે ઔદયિક ભાવ આવે તે સાદિ-સાન્ત ! દા.ત. મનુષ્યભવ! જ્યારે મનુષ્યાયુનો ઉદય થાય ત્યારે આ માનવભવની સાદિ ! જેવું એ આયુઃ પૂર્ણ, કે તરત માનવભવનો અંત !

(B) અનાદિ-અનંત : જે કર્મોનો ઉદય સતત હોય તે ધ્રુવોદયી કર્મો કહેવાય. એવા કર્મોથી જે ઔદયિકભાવ આવે, તે અભવ્યોને અનાદિ-અનંત હોય છે.

દા.ત. કેવલજ્ઞાનાવરણ... આનો ઉદય ચાલુ જ હોય છે, એટલે કેવલજ્ઞાન-અભાવ રૂપ જે ઔદયિકભાવ છે, એ અભવ્યોને અનાદિકાળથી છે, અને અભવ્યો તો ક્યારેય એ કર્મનો નાશ કરવાના નથી, માટે એ ભાવ અનંત છે.

(C) અનાદિ-સાંત : ભવ્ય જીવોને આ જ કેવલજ્ઞાન-અભાવ વગેરે ઔદયિક ભાવો અનાદિ-સાંત છે. અનાદિકાળથી છે, પણ જ્યારે બારમાના ચરમ સમયે પહોંચે, ત્યારે તમામ જ્ઞાનાવરણનો ક્ષય કરી તેરમાના પ્રથમ સમયે કેવલજ્ઞાન મેળવે છે. ત્યાં એમને આ ઔદયિકભાવનો અંત આવે છે.

(ખ્યાલ રાખવો કે અમે અહીં દરેકના એક-બે દૃષ્ટાન્તો જ આપેલા છે, બધું વર્ણન નથી કર્યું. કેમકે મુખ્ય વિષય છે ક્ષયોપશમ ભાવ ! એટલે ગૌણ વિષયોનો વિસ્તાર નથી કર્યો. એટલે જ તમામ ક્ષાયિકભાવો, તમામ ઔપશમિક ભાવો... વગેરે બતાવ્યું નથી. તેમ જ એ કઈ રીતે મળે, એની ચર્ચા પણ નથી કરી.)

(૫) ક્ષાયોપશમિક ભાવ :

આ પણ ત્રણ પ્રકારે છે. કર્મના ક્ષયોપશમથી પ્રગટ થયેલો ાવ એ ાયોપશમિક ભાવ કહેવાય છે.

(A) અનાદિ-અનંત : અચક્ષુદર્શનાવરણ, મતિજ્ઞાનાવરણ આદિનો ક્ષયોપશમ અનાદિ કાળથી તમામ જીવોને હોય જ છે. અને અભવ્યોને અનંતકાળ

સુધી રહેશે. માટે અભવ્યોની દૃષ્ટિએ એ અનાદિ–અનંત છે.

**(B) અનાદિ–સાંત :** આપણા જેવા ભવ્ય જીવો જ્યારે કેવલજ્ઞાન પામે, ત્યારે આ અચક્ષુદર્શન + મતિજ્ઞાન વગેરે ક્ષાયોપશમિક ભાવોનો અંત આવે છે. માત્ર ક્ષાયિક ભાવ રહે છે, કેવલજ્ઞાન ! એટલે ભવ્ય જીવોની દૃષ્ટિએ આ ભાવ છે અનાદિ–સાંત !

**(C) સાદિ–સાંત :** મિથ્યાત્વમોહ આદિના ક્ષયોપશમથી પ્રગટ થતો જે સમકિત ગુણ ! એ ક્ષાયોપશમિક ભાવ છે. અને એ સાદિ–સાંત છે. કેમકે ભવ્ય જીવને એ ચરમાવર્તમાં મળે, ત્યારે સાદિ, અને ક્ષાયિક સમકિત પામે, ત્યારે એ ક્ષાયો. સમ.નો અંત આવે છે.

આ જ રીતે ક્ષાયો. દેશવિરતિ આદિ અંગે સમજવું.

**પ્રશ્ન : આ ક્ષયોપશમનો મતલબ શું ?**

ઉત્તર : એ જ તો વિસ્તારથી સમજાવવાનું છે. ધીરજ રાખો.

**પ્રશ્ન : ક્ષયોપશમભાવ બોલવું કે ક્ષાયોપશમિક ભાવ ?**

ઉત્તર : પારિણામિક, ઔદયિક, ક્ષાયિક, ઔપશમિકની માફક ક્ષાયોપશમિક શબ્દ લેવો વધારે રૂઢ છે. બાકી સમાસની દૃષ્ટિથી બંને શબ્દનો અર્થ સમાન થઈ શકે છે.

તે આ પ્રમાણે : **क्षयोपशमेन भावः क्षयोपशमभावः** = ક્ષયોપશમ વડે પ્રાપ્ત થયેલો ભાવ તે **क्षयोपशमभाव** !

**क्षयोपशमेन निर्वृत इति क्षायोपशमिकः, क्षायोपशमिकश्चासौ भावश्च इति क्षायोपशमिकभावः ।** જે ક્ષયોપશમ વડે બનેલું હોય, તે ક્ષાયોપશમિક ! ક્ષાયોપશમિક એવો ભાવ એ ક્ષાયોપશમિક ભાવ !

પણ સામાન્યથી ક્ષાયોપશમિક ભાવ એજ શબ્દ લેવો. હા, એકલો 'ક્ષયોપશમ' શબ્દ તો બરાબર જ છે. દા.ત. 'આ સાધુનો ક્ષયોપશમ ખૂબ સારો છે, માટે એને જ્ઞાન જલ્દી ચડે છે...' વગેરે. પણ 'આ સાધુનો ક્ષયોપશમભાવ ખૂબ સારો છે' એવું બોલવાને બદલે 'આ સાધુનો ક્ષાયોપશમિકભાવ ખૂબ સારો છે' એમ કહેવું. કેમકે પરિણામભાવ, ક્ષયભાવ, ઉદયભાવ... એમ પ્રસિદ્ધ નથી. તો એને અનુસારે ક્ષયોપશમ ભાવ શબ્દ પણ જલ્દી Set ન થાય.

# ૪. રસોદય + પ્રદેશોદય

**પ્રશ્ન :** **આપણે તો ક્ષયોપશમ સમજવો છે, એમાં આ ઉદયની વાત ક્યાં આવી?**

**ઉત્તર :** ક્ષયોપશમને સમજવા માટે ઉદય સમજવો જરૂરી છે, એ તમને આગળ સમજાઈ જશે, એટલે અત્યારે આ પદાર્થ સ્પષ્ટ સમજીએ.

બાંધેલા કર્મો જ્યારે ઉદયમાં આવે, ત્યારે તે બે રીતે આવે (૧) રસોદય અને (૨) પ્રદેશોદય !

**(૧) રસોદય :**

કર્મના ઉદયથી ઢંકાઈ જનાર ગુણ એ આવાર્ય કહેવાય, ઘાત્ય કહેવાય. અને ગુણનું આવરણ કરનાર, ગુણનો ઘાત કરનાર એ કર્મ એ આવારક-ઘાતક કહેવાય.

દા.ત. કેવલજ્ઞાનાવરણ કર્મ એ કેવલજ્ઞાનને ઢાંકે છે. તો અહીં કેવલજ્ઞાન એ આવાર્ય બને છે અને તે કર્મ આવારક બને છે.

મિથ્યાત્વમોહનીય કર્મ એ સમ્યગ્દર્શન ગુણને ઢાંકે છે. તો અહીં સમ્યગ્દર્શન એ આવાર્ય બને છે અને મિથ્યાત્વમોહનીય કર્મ આવારક બને છે.

પણ એ ધ્યાનમાં લેવું કે જેમ તાવ આવ્યો છે, તાવની ગોળી ગજવામાં પડી છે, તો એ ગજવામાં પડેલી ગોળી તાવ ન મટાડે. એમ કોઈપણ કર્મ હોય, એ માત્ર સત્તામાં પડેલું હોય, ઉદયમાં ન હોય તો એ કોઈપણ ગુણને ન ઢાંકે.

હા ! જો ગોળી મોઢામાં મુકીએ, તો એ તાવ ઉતારે.

એમ જો મિથ્યાત્વ વગેરે કર્મો ઉદયમાં આવે, તો જ એ ગુણને ઢાંકવાનું કામ કરે, એ વિના નહિં.

આમ કર્મનો જે ઉદય (સ્વ-આવાર્ય = પોતાનાથી ઢંકાઈ જનાર) ગુણને ઢાંકવાનું કામ કરે, એ ઉદય **રસોદય** કહેવાય.

કોઈક ઉદય એવો હોય કે જે ગુણનો સંપૂર્ણ રીતે ઘાત કરે, થોડો પણ ગુણ પ્રગટ ન થવા દે. જેમકે અત્યારે આપણને બધાને અવધિજ્ઞાનાવરણનો ઉદય છે, અને એટલે આપણને અવધિજ્ઞાન નથી, બિલકુલ નથી, શુન્ય છે. તો આપણામાં

અવધિજ્ઞાનાવરણનો ઉદય અવધિજ્ઞાનનો સંપૂર્ણ ઘાત કરનાર એવો રસોદય છે.

કોઈક ઉદય એવો હોય કે જે ગુણનો સંપૂર્ણ રીતે ઘાત ન કરે, પણ અંશથી=દેશથી ઘાત કરે. જેમકે દેવોને–નારકોને અવધિજ્ઞાનાવરણનો રસોદય છે, પણ એણે અવધિજ્ઞાનનો સંપૂર્ણ ઘાત નથી કર્યો. એટલે જ એ જીવોમાં થોડું થોડું અવધિજ્ઞાન છે. તો દેવ–નારકોમાં અવધિજ્ઞાનાવરણનો ઉદય અવધિજ્ઞાનનો દેશથી=અંશથી ઘાત કરનાર એવો રસોદય છે.

સાર એ આવ્યો કે–

કર્મનો રસોદય તે કહેવાય કે જે આત્માના તે તે ગુણનો દેશથી કે સર્વથી ઘાત કરે (આવરણ કરે, ઢાંકે...).

રાહુગ્રહ અમાસના દિવસે ચંદ્રને સંપૂર્ણરીતે ઢાંકી દે છે. આ છે સર્વઘાત! ત્યારે ચંદ્રનો થોડોક પણ પ્રકાશ બહાર નથી આવતો.

સુદ એકમ, સુદ બીજ, સુદ ત્રીજ, ચોથ... આ બધા દિવસોમાં રાહુગ્રહ ચંદ્રને સંપૂર્ણ રીતે નથી ઢાંકતો, દેશથી ઢાંકે છે... આ છે દેશ ઘાત !

**પ્રશ્ન : બીજના દિવસે તો ૯૦% ચંદ્રને ઢાંકી જ દીધો હોય છે, તો પછી ત્યાં દેશથી ઘાત કેમ કહેવાય ? અંશથી ઘાત કેમ કહેવાય ?**

ઉત્તર : દેશ–અંશ શબ્દનો અર્થ એવો નથી ઓછું – અલ્પ ! એનો અર્થ એટલો જ છે સંપૂર્ણ નહિ. એટલે ૯૯% ઢાંકે, ૧% ન ઢાંકે, તો પણ એ ૯૯% એ દેશ જ ગણાય. અને એનું આવરણ થયેલું ગણાય.

ધારો કે સુદ ચૌદસના દિવસે ૯૦% ચંદ્ર ખુલ્લો છે, ૧૦% જ ઢંકાયેલું છે તો ત્યાં પણ એમ જ કહેવાય કે દેશનો ઘાત થયો.

સુદ બીજના દિવસે ૯૦% જેટલા ઘણા મોટા દેશને = અંશને ઢાંક્યો.

સુદ ચૌદસના દિવસે ૧૦% જેટલા ઘણા નાના દેશને = અંશને ઢાંક્યો.

પણ બંને જગ્યાએ દેશઘાત જ ગણાય.

**પ્રશ્ન : તમે આ કર્મપ્રદેશોના આવા ઉદયને રસોદય કહો છો, પણ એ વખતે કર્મપ્રદેશોનો પણ ઉદય તો છે જ ને !એકલા રસનો ઉદય થોડો હોય છે?**

ઉત્તર : તમારી વાત સાચી છે. કર્મ બાંધતી વખતે એ કર્મોમાં તે તે ફળ આપવાની જે શક્તિ ઉત્પન્ન કરવામાં આવેલી, એ શક્તિ રૂપી રસ કર્મપ્રદેશોમાં રહેલો છે. એ સ્વતંત્ર નથી. એટલે જ કર્મપ્રદેશોના ઉદય વિના એકલો રસોદય થાય જ નહિ.

પણ ગુણને ઢાંકવાનું કામ આ રસોદય જ કરે છે. જો રસોદય ન હોય, તો એકલા પ્રદેશોને ઉદય કશું જ કરી શકતો નથી. એટલે ગુણને ઢાંકવામાં રસોદય જ પ્રધાન હોવાથી એને આધારે અહીં રસોદય જ કહેવામાં આવે છે, પ્રદેશોદય નહિ. બાકી રસની સાથે પ્રદેશોનો પણ ઉદય છે જ.

જેમ સાકરની મીઠાશ સાકરમાં જ રહે, સાકર વિના એકલી, અધર હવામાં મીઠાશ ન મળે.

ઘણીવાર એવી સાકર પણ હોય છે કે જે સાવ ફીકી જેવી હોય. નામ માત્રની સાકર ! એનાથી મીઠાશ પ્રાયઃ ન આવે. તો એવી સાકર ચા વગેરેમાં નાંખી હોય તો ય મીઠાશ ન આવવાના કારણે કોઈ ત્યાં એમ ન કહે કે 'સાકર નાંખી છે.'

આમ અહીં પણ રસોદય જ ફળ બતાવતો હોવાથી પ્રદેશોદય એની સાથે હોવા છતાં એનો ઉલ્લેખ કરવામાં આવતો નથી.

બીજી વાત એ કે–

શાસ્ત્રોમાં એ 'પ્રદેશોદય' શબ્દનો અર્થ એવો જ નક્કી કરવામાં આવેલો છે કે 'રસોદય વિનાનો ઉદય તે પ્રદેશોદય !'

એટલે કે જ્યાં રસોદય ન હોય અને માત્ર પ્રદેશોદય જ હોય, ત્યાં જ પ્રદેશોદય શબ્દ વાપરવો એવું Fix કરેલું હોવાથી ત્યાં જ પ્રદેશોદય શબ્દ વપરાય. એટલે રસોદયવાળા સ્થાને પ્રદેશોદય હોવા છતાં ય પ્રદેશોદય શબ્દ ન બોલવો.

આ પ્રમાણે આપણે રસોદયની વ્યાખ્યા જોઈ.

આત્મા = ચંદ્ર, ગુણો = ચંદ્રનો પ્રકાશ...

રાહુગ્રહ = જ્ઞાનાવરણાદિ કર્મો, અમાસ = સર્વઘાતીરસનો ઉદયકાળ... સુદ બીજ થી ચૌદશ = દેશઘાતી રસોદય કાળ...

**(૨) પ્રદેશોદય :**

આત્માના કોઈપણ ગુણને દેશથી કે સર્વથી ઢાંક્યા વિના જ કર્મપ્રદેશો

ઉદયમાં આવીને ખરી પડે, ક્ષય પામે એનું નામ પ્રદેશોદય !

**પ્રશ્ન : એ કર્મપ્રદેશોમાં રસ હતો કે નહિં ?**

**ઉત્તર :** હતો જ.

**પ્રશ્ન : તો પછી તેઓ પોતાનું ફળ કેમ ન બતાવે ?**

**ઉત્તર :** એનો ઉત્તર આગળ આવશે. છતાં ટુંકમાં એટલું કહી શકાય કે એ વખતે બીજું કર્મ ઉદયમાં હતું, અને આ કર્મ બીજા કર્મની સાથે ઉદયમાં આવી શકે એમ ન હતું. કેમકે બંને પરસ્પર વિરોધી હતા. એટલે બીજા કર્મના રસોદય વખતે આ કર્મના પ્રદેશો પોતાનું ફળ બતાવ્યા વિના જ ક્ષય પામી જાય છે.

આ વાતને દૃષ્ટાંતથી સમજીએ–

– દેવગતિ અને મનુષ્યગતિ એ બંનેના કર્મો સત્તામાં પડેલા છે.

– અત્યારે આપણે મનુષ્ય છીએ. માની લો કે હું ૭૨ વર્ષ સુધી જીવવાનો છું.

– તો ૭૨ વર્ષ સુધી મને મનુષ્યગતિનો રસોદય ચાલશે.

– તો ૭૨ વર્ષ સુધી જે દેવગતિના કર્મપ્રદેશો છે, તેઓ તો મને કોઈ ફળ આપી શકવાના જ નથી.

– તો જે જે દેવગતિ કર્મપ્રદેશોનો જ્યારે જ્યારે સમય આવશે, ત્યારે ત્યારે તેઓ કોઈપણ ફળ બતાવ્યા વિના ક્ષય પામી જશે, આ જ પ્રદેશોદય !

– ૭૨માં વર્ષે મરીને હું દેવ થયો, કે તરત જ એ દેવગતિના કર્મપ્રદેશોનો રસોદય ચાલુ થઈ જાય.

– એ વખતે મારા જે મનુષ્યગતિના કર્મપ્રદેશો છે, તેઓ પોતાનો રસ હોવા છતાં પણ ફળ બતાવી નહિ શકે. અને પોતપોતાનો સમય આવતા ક્ષય પામી જશે. આ છે મનુષ્યગતિના કર્મોનો પ્રદેશોદય !

– વધારે સરળ ભાષામાં સમજીએ તો ધારો કે ૧ થી ૧૦૦ સમય છે. દરેક સમય પર બંને ગતિના પ્રદેશો વિદ્યમાન છે જ. એટલે જે જે સમય આવશે, તે તે સમયે તે સમયના કર્મો ક્ષય પામી જશે. પણ એમાં એકનો રસોદય અને બીજાનો

પ્રદેશોદય!

૧ થી ૪૦ સુધી મનુષ્યગતિનો રસોદય હોય, તો ૧ થી ૪૦માં દેવગતિનો પ્રદેશોદય હોય. ૪૧ થી ૭૦માં દેવગતિનો રસોદય હોય, તો ૪૧ થી ૭૦માં મનુષ્યગતિનો પ્રદેશોદય હોય...

– આ તો એક દૃષ્ટાંત છે. આમ તમામ કર્મોમાં સમજી લેવું.

**પ્રશ્ન : સામાન્યથી કોનો રસોદય અને કોનો પ્રદેશોદય એ સ્પષ્ટ કરી આપશો ખરા ?**

**ઉત્તર :** ૫ જ્ઞાના. + ૫ અંતરાય, આમનો ૧ થી ૧૨ સુધી હંમેશા રસોદય જ હોય છે, ક્યારેય પ્રદેશોદય નથી હોતો. એટલે કે એના કર્મપ્રદેશો ફલ બતાવ્યા વિના ખરી જાય એવું ક્યારેય ન બને.

વેદનીયમાં ૧૪માંના અંત સુધી શાતા કે અશાતા બેમાંથી એકનો રસોદય ોય. એ વખતે બીજાનો પ્રદેશોદય હોય.

ગોત્રમાં પણ નીચ કે ઉચ્ચ બેમાંથી એકનો રસોદય હોય, બીજાનો પ્રદેશોદય હોય. (ગુણસ્થાન પ્રમાણે વિભાગ સ્વયં સમજી લેવો. જેમકે પાંચમાં પછી તો માત્ર ઉચ્ચ ગોત્રનો જ રસોદય, નીચ ગોત્રનો પ્રદેશોદય... વગેરે.)

નામ–ગોત્ર–દર્શનનો સ્વયં સમજી લેવો. જેનો રસોદય, એ સિવાયનાનો પ્રદેશોદય !

**મહત્ત્વની વાત :** આયુઃ કર્મનો ક્યારેય પણ પ્રદેશોદય ન હોય. એનો ોદય જ હોય.

દા.ત. અત્યારે મારું મનુષ્યાયુઃ રસોદયવાળું છે અને એ ૭૨ વર્ષ સુધી ચાલવાનું છે. અને મેં જો દેવાયુઃ બાંધ્યુ હોય, તો એના પ્રદેશો ૭૨ વર્ષ પછી જ ઉદયમાં આવે, એ પહેલા નહિ.

ધારો કે નિમિત્તવશ હું ૬૦ વર્ષે મરી જાઉં, તો મારા ૭૨ વર્ષના મનુષ્યાયુઃના કર્મપ્રદેશો એક સાથે જ રસોદયથી ભોગવાઈને ખતમ થાય અને બરાબર ૬૦ વર્ષ પછી ના સમયથી જ દેવાયુઃના કર્મોનો રસોદય ચાલુ થાય. જે ૭૨ વર્ષ પછી ઉદયમાં આવવાના હતા, એ ૬૦ વર્ષ બાદ તરત જ ઉદયમાં આવી જાય.

એટલે આયુ: કર્મોનો ક્યારેય પણ પ્રદેશોદય ન હોય એ ધ્યાનમાં લેવું.

**જે કર્મો સત્તામાં હોય, ઉદય સમયમાં પણ હોય તેઓ માટે તો બરાબર કે રસોદય કે પ્રદેશોદય થાય, પરંતુ જે કર્મો સત્તામાં જ નથી, તદ્દન નવા બાંધવામાં આવે છે એટલે જ એમની અબાધા પણ મોટી હોઈ શકે છે, તો એમનો રસોદય કે પ્રદેશોદય તો મોડો જ થાય ને ?**

**દા.ત. જિનનામ, આહારક દ્વિક કર્મો તદ્દન નવા બાંધે, તો એમનો રસોદય કે પ્રદેશોદય ક્યારે થાય ? એમનો અબાધાકાળ પૂરો થયા પછી જ ને ?**

ઉત્તર : ના, પહેલા તો એ વાત સમજી લઈએ કે એવા ક્યા કર્મો છે કે જે બિલકુલ સત્તામાં હતા જ નહિ, અને પહેલીવાર બંધમાં આવે છે.

– જિન + આહા. દ્વિક સત્તામાં હોતા નથી.

– ઉચ્ચગોત્ર + મનુ. દ્વિકને તેઉ-વાયુમાં સંપૂર્ણ ખતમ કરી નાંખે, પછી એ સત્તામાં નથી હોતા. પછી જ્યારે તેઉ-વાયુમાંથી બહાર નીકળે ત્યારે બંધમાં આવે છે.

– વૈક્રિયદ્વિક + દેવદ્વિક + નરકદ્વિક આ કર્મોને સ્થાવર દશામાં સંપૂર્ણ ખતમ કરી નાંખે, પછી એ સત્તામાં નથી હોતા. પછી જ્યારે પર્યાપ્ત અસંજ્ઞી બંને, ત્યારે બંધમાં આવે છે.

– અનંતા. ૪ કષાયને ૪ થી ૭ ગુણસ્થાનકે સંપૂર્ણ ખતમ કરી નાંખે, ત્યારે એ સત્તામાં નથી હોતા. પછી જ્યારે એ પહેલા ગુણસ્થાનકે આવે, ત્યારે બંધમાં આવે છે. આમ ૩ + ૩ + ૬ + ૪ = ૧૬ કર્મો અંગે વિચાર કરવાનો છે.

(A) જિન + આહા. દ્વિક પહેલીવાર બાંધે, સત્તામાં આવે, એક આવલિકા સુધી એમાં કોઈ જ ફરક ન થાય. બંધાવલિકા વીત્યા બાદ બીજા જ સમયથી એ સત્તામાં રહેલા કર્મો ઉદય સમયમાં આવીને પ્રદેશોદયથી ભોગવાય. દા.ત. એક આવલિકા= ૪ સમય હોય, તો પહેલા સમયે જિન બાંધે, અને પાંચમાં સમયથી એનો પ્રદેશોદય ચાલુ ! (રસોદય તો છેક તેરમે થાય છે... એમ આહા. દ્વિક પણ સાતમે બાંધે, પણ રસ ઉદય તો છઠ્ઠે આવ્યા બાદ આહા. શરીર બનાવે ત્યારે થાય. એટલે એનો પણ એક આવ. બાદ પ્રદેશોદય સમજવો.)

(B) ઉચ્ચ. ગોત્ર + મનુષ્ય દ્વિક માટે પણ આમ જ સમજવું. એને સૌ પ્રથમ બાંધનાર તો મનુષ્ય વિનાનો જ હોય. કેમકે મનુષ્યને તો મનુષ્ય દ્વિક સત્તામાં હતી જ, માટે જ તો મનુષ્ય બન્યો છે, એટલે એ સૌ પ્રથમવાર તો શી રીતે બાંધે ? અને જે બીજા પૃથ્વી આદિ જીવો બાંધે, એમને એક આવલિકા બાદ પ્રદેશોદય જ થાય.

(C) દેવ દ્વિક આદિ છનો બંધ અસંજ્ઞી પંચે. પર્યાપ્ત અવસ્થામાં સૌ પ્રથમવાર કરે. તેને પણ એક આવલિકા બાદ પ્રદેશોદય જ હોય છે. કેમકે ત્યાં એને આ કર્મોનો તરત રસોદય સંભવિત નથી.

**મતાંતર :** આ બારે બાર કર્મો માટે એક મત એવો પણ છે કે આ કર્મો સત્તામાં નથી, અને બંધ દ્વારા સત્તામાં આવ્યા છે. અત્યારે એમનો રસોદય તો છે જ નહિ. અને નિયમ તો એવો છે કે જેનો રસોદય ચાલુ હોય, એજ કર્મના ઉદયાવલિકાની ઉપરના કર્મપ્રદેશો ઉદય સમયમાં આવી શકે, ઉદયાવલિકામાં આવી શકે.

દા.ત. શાતાનો ઉદય હોય, તો શાતાના સત્તામાં રહેલા પ્રદેશો ઉદય સમયમાં આવીને રસોદયથી ભોગવાય. પણ એ વખતે અશાતાનો ઉદય નથી. તો અશાતાના સત્તામાં રહેલા કર્મપ્રદેશો ઉદય સમયમાં ન આવે. ઉદયાવલિકામાં પણ ન આવે. માત્ર જે પ્રદેશો પહેલેથી ઉદયસમયમાં જ હતા, એ જ પ્રદેશોદયથી ખતમ થઈ જાય.

એટલે અહીં આ ૧૨ કર્મોનો બંધ થાય, અને એક જ આવ. બાદ તેમનો પ્રદેશોદય થાય. એ સંભવિત જ નથી.

એટલે એવું બને કે ધારો કે ૪ સમયની આવલિકા છે. તો પહેલા સમયે બંધ કર્યો, એક આવ. સુધી એમાં કોઈ ફેરફાર થઈ ન શકે. પાંચમાં સમયથી ફેરફાર કરી શકાય. પણ આ કર્મોનો રસોદય ન હોવાથી એમના સત્તામાં રહેલા પ્રદેશોને પાંચમા સમયમાં લાવીને ભોગવી ન શકાય. પરંતુ પાંચમાં સમયે આવેલો જીવ એવું ચોક્કસ કરે કે ૫ થી ૮ સમયની જે ઉદયાવલિકા છે, એમાં ભલે એ સત્તામાં રહેલા પ્રદેશોને ન લાવે, પરંતુ ઉદયા.ની ઉપર એટલે કે ૯,૧૦ વગેરે સમયોમાં તો એને ગોઠવી જ દે.

પછી જીવ જ્યારે આગળ વધતો નવમા સમયે પહોંચે, ત્યારે એનો કમ સે કમ પ્રદેશોદય તો થવાનો જ.

(આ બે મતમાંથી બીજો મત વધુ સંગત લાગે છે. (तत्त्वं केवलिगम्यम्))

(D) અનંતા. ૪ નો ક્ષય કર્યા બાદ જ્યારે પહેલા ગુણસ્થાને આવી ફરીવાર એનો બંધ કરે, ત્યારે ૧ થી ૪ સમયની બંધાવલિકા સુધી તો એમાં ફેરફાર ન થઈ શકે. પરંતુ પાંચમા સમયે સત્તામાં રહેલા કર્મોને ખેંચીને સીધા રસોદયમાં એ જ સમયે લાવી દે છે.

પૂર્વના ૧૨ કર્મોમાં રસોદય નહિ, પ્રદેશોદયની વાત હતી, માટે બે મત

અનંતા. ૪ કર્મોમાં રસોદય જ છે, એટલે આ બાબતમાં એક જ મત છે.

**પ્રશ્ન : પ્રદેશોદય માટે બીજો કોઈ શબ્દ છે ?**

ઉત્તર : છે, સ્તિબુક સંક્રમ !

**પ્રશ્ન : અમે એવું સાંભળ્યું છે કે સ્તિબુક સંક્રમ એટલે શાતાનો ઉદય હોય, તો અશાતાના પ્રદેશો શાતા રૂપે બની જાય, અને શાતા જેવું જ ફળ આપે એટલે કે સુખ આપે.**

ઉત્તર : અપેક્ષાએ વાત સાચી છે, છતાં પણ એમાં અશાતાના પ્રદેશો ૧૦૦% શાતા રૂપે બની જતા નથી. અમુક અંશે શાતા રૂપે બની જાય છે, અને અમુક અંશે અશાતા રૂપે જ રહે, પણ પોતાનું ફળ બતાવ્યા વિના જ ક્ષય પામે. દા.ત. અશાતાના ૫૦૦૦ પ્રદેશો છે તો ૨૫૦૦ પ્રદેશો શાતા બનીને શાતાનું ફળ આપે, ૨૫૦૦ પ્રદેશો અશાતા રૂપે જ રહે, પણ અશાતાનું ફળ ન આપે... આ સ્તિબુક સંક્રમ કહેવાય છે. આનું જ બીજું નામ છે પ્રદેશોદય !

આ રહ્યો શાસ્ત્ર પાઠ–

**'संक्रमकरण गाथा–७१**

**– स्तिबुकसंक्रमेण संक्रान्तं दलिकं सर्वथा पतद्ग्रहप्रकृतिरूपतया न परिणमते'**

સ્તિબુક સંક્રમથી જે પ્રદેશો સંક્રમ પામે, તે સર્વ પ્રકારે પતદ્ગ્રહકર્મ રૂપે = શાતારૂપે પરિણમતા નથી. (એટલે કે અંશતઃ પરિણમે, અંશતઃ ન પરિણમે...)

આ રસોદય અને પ્રદેશોદયનો ભાવાર્થ બરાબર ધ્યાનમાં રાખવો જ.

પ્રશ્ન : શાસ્ત્રોમાં જ્યારે લખવામાં આવે કે 'આ કર્મના ઉદયથી આવું ફળ મળ્યું, ત્યાં ક્યો ઉદય સમજવાનો ?

ઉત્તર : રસોદય જ ! એનું બીજું નામ છે વિપાકોદય ! શાસ્ત્રમાં વારંવાર **રસોદય** કે વિપાકોદય શબ્દ ન લખે, તેઓ તો ઉદય શબ્દ જ લખે. જ્યારે બંને પ્રકારના ઉદયની કંઈક વિશેષ ચર્ચા હોય, ત્યારે ત્યાં સ્પષ્ટ નામ લખવામાં આવે.

પ્રદેશોદયને આપણી ભાષામાં સમજવો હોય તો એમ કહી શકાય કે શિવસેના, B.J.P. રૂપે સંપૂર્ણ ન બને, પરંતુ પોતાનો ખુલ્લેઆમ ટેકો જાહેર કરી દે. એટલે આમ જોવા જઈએ તો શિવસેના B.J.P. બની ગઈ. છતાં એ ૧૦૦% નથી બની. આ તો માત્ર એક સ્થૂલ દૃષ્ટાંત છે.

## ૫. ઔદયિક ભાવ

કર્મોના ઉદયના કારણે જે ભાવ ઉત્પન્ન થાય તેને ઔદયિક ભાવ કહેવાય.

જ્ઞાનાવરણના ઉદયના કારણે અજ્ઞાન... અલ્પજ્ઞાન...

મિથ્યાત્વમોહના ઉદયના કારણે મિથ્યાત્વ...

ક્રોધાદિમોહના ઉદયના કારણે ક્રોધાદિ...

એમ લેશ્યા, અસિદ્ધત્વ, અવિરતિ વગેરે બધા જ ઔદયિક ભાવો છે.

પ્રશ્ન : લેશ્યા કયા કર્મના ઉદયથી આવે ?

ઉત્તર : લેશ્યા વિગ્રહગતિમાં પણ માનવામાં આવી છે, અને ત્યાં તો તૈજસ-કાર્મણ શરીરના પુદ્ગલો જ હોય છે અને દ્રવ્યલેશ્યા તો પુદ્ગલસ્વરૂપ જ છે. એટલે એમ માની શકાય કે તૈજસ-કાર્મણના પુદ્ગલોને લાવનાર, તૈજસ-કાર્મણ શરીર રૂપે બનાવનાર જે તૈજસ-શરીરનામકર્મ, કાર્મણશરીર નામકર્મ છે, એના ઉદયથી લેશ્યા બને છે.

પ્રશ્ન : ઔદા. શરીર નામકર્મ નહિ ?

ઉત્તર : ચોક્કસ ! ઉત્પત્તિસ્થાને આવ્યા બાદ ઔદા. કર્મના ઉદયથી ઔ.પુદ્‌ગલો ખેંચાય જ છે. અને એટલે એ વખતે ઔદા. કર્મના ઉદયથી પણ લેશ્યા માની શકાય.

**પ્રશ્ન : વૈક્રિય.. કર્મ નહિ ?**

ઉત્તર : દેવો–નારકો માટે એ પણ માની શકાય.

પ્રસિદ્ધ મત એ છે કે યોગની અંદર આવતા પુદ્‌ગલો એ લેશ્યા છે. હવે યોગ ૧૫ છે. એમાં મન–વચનના ૮ યોગોના પુદ્‌ગલો લેશ્યા ન મનાય, કેમકે એ તો જીવ લીધા પછી તરત જ છોડી જ દે છે. માટે જ તો મન–મન બંધન નામ કર્મ નથી. એમ ભાષા–ભાષા બંધન નામ કર્મ પણ નથી.

જ્યારે લેશ્યા તો દેવ–નારકોને સ્થિર છે, અને તિર્યંચ–મનુષ્યોને પણ અંતર્મુહૂર્ત તો રહેનારી છે જ. એટલે એ કંઈ એક–એક સમયમાં બદલાઈ જ જાય એવું નથી. માટે મન–વચનના પુદ્‌ગલોને લેશ્યા ન મનાય. માટે જ એ ૮ યોગોની અંદર આવતા પુદ્‌ગલોને લેશ્યા ન મનાય.

પણ એ સિવાયના ઔદા.–૨, વૈ.–૨, આહા.–૨ અને તૈ.કા. આ ાત યોગની અંદર જે પુદ્‌ગલોનો સમાવેશ થાય છે, એ લેશ્યા મનાય. આ બધાના બંધન નામ કર્મો પણ છે. એટલે આ પુદ્‌ગલો જીવ સાથે લાં ો સમય સુધી રહી શકે એવા છે. એટલે એમાંથી કોઈક પુદ્‌ગલો લેશ્યા રૂપ પરિણમે એમ માની શકાય છે.

**પ્રશ્ન : ક્રોધમોહના ઉદયથી ક્રોધ આવે, એમ લેશ્યા માટે કોઈ ચોક્કસ એક જ કર્મનો ઉદય કહી શકાય ?**

ઉત્તર : ના, અમુક ઔદયિકભાવ એવા છે કે જેમાં કોઈ એકાદ ચોક્કસ કર્મનો ઉદય કહી શકાય. જેમ કે ક્રોધાદિ, મિથ્યાત્વાદિ... પણ બધા માટે એવું નથી. એટલે કે લેશ્યા તો ઘણા બધા નામકર્મો માંથી કોઈપણ નામકર્મનો ઉદયથી હોઈ શકે છે. એમ અસિદ્ધત્વ છે, તો એના માટે કોઈ ચોક્કસ કર્મનો ઉદય ન કહેવાય. ૧૨૦ માંઈ કોઈપણ કર્મનો ઉદય હોય, તો અસિદ્ધત્વ નામનો ઔદયિક ભાવ આવે જ.

અવિરતિ માટે પણ એવું જ. અપ્રત્યા. ૪ કષાયમાંથી કોઈપણ એક કષાયનો ઉદય હોય, તો અવિરતિ આવે જ...

**પ્રશ્ન : ઔદયિકભાવો કેટલા ?**

ઉત્તર : આમ તો ચોથા કર્મગ્રન્થમાં એની ચોક્કસ સંખ્યા બતાડી જ છે. પરંતુ એ સામાન્યથી જાણવી. સ્પષ્ટતા કરીએ તો–

❀ આઠ મૂળ કર્મો છે. એક–એકના ઉદયથી એક–એક ઔદયિક ભાવ આવે, એટલે કુલ આઠ ઔદયિકભાવ થાય. અજ્ઞાન + અદર્શન + વ્યાબાધા (અવ્યાબાધ સુખ–અભાવ) + અંતરાય (વીર્યાભાવ...) + મોહ + અલ્પસ્થિતિ + ગુરુલઘુતા + રૂપીપણું....

❀ આઠ મૂળ કર્મોના ઉત્તરભેદો જોઈએ તો ૧૨૦ છે. એમના ઉદયથી ઉત્પન્ન થતા ભાવ એ ઔદયિકભાવ છે, એ ૧૨૦ થશે. દા.ત. મતિ–અજ્ઞાન, શ્રુત–અજ્ઞાન... ચક્ષુ દર્શન–અભાવ... નિદ્રા... શાતા–અશાતા... વગેરે.

❀ ૧૨૦ ઉત્તરકર્મોના પણ જો પેટાભેદ ગણીએ, તો એ અસંખ્ય છે, અને એટલે એનાથી થનાર ઔદયિકભાવ પણ અસંખ્ય છે.

દા.ત. જ્ઞાનના ૫૧ ભેદ બતાવેલા છે, તો એને ઢાંક્નાર જ્ઞાનાવરણ પણ ૫૧ પ્રકારનાં થઈ ગયા, એટલે એનાથી ઉત્પન્ન થનાર ઔદયિકભાવ પણ ૫૧ થઈ ગયા.

ઋજુમતિ મનઃપર્યવજ્ઞાનાવરણીય કર્મના ઉદયથી ઋજુમતિનો અભાવ...

વિપુલમતિ મનઃપર્યવજ્ઞાનાવરણીય કર્મના ઉદયથી વિપુલમતિનો અભાવ...

પ્રતિપાતિ અવધિજ્ઞાનાવરણીય કર્મના ઉદયથી પ્રતિ. અવધિનો અભાવ...

અપ્રતિ. અવધિજ્ઞાનવરણીય કર્મના ઉદયથી અપ્રતિ. અવધિનો અભાવ...

એમ ૫૧ ભેદ થાય.

હજી ઉંડાણમાં જઈએ તો–

મતિજ્ઞાનના ૩૪૦ ભેદ પણ બતાવ્યા છે. તો એનું આવરણ કરનાર મતિજ્ઞાન આવરણ પણ ૩૪૦ પ્રકારના થઈ ગયા ને ?

કોબા જ્ઞાન ભંડારમાં ૩ લાખ પ્રતો પડી છે. કોઈકને એ બધું વાંચતા આવડે છે, તો મારા જેવાને નથી આવડતું. તો મને જ શ્રુતજ્ઞાનાવરણીયના ૩ લાખ પ્રકારના કર્મો ઉદયમાં છે જ. ચૌદપૂર્વધર એ વાંચી શકે છે, કેમકે એમને એ કર્મો ઉદયમાં નથી.

શાતાનું વિચારો તો પવનથી, ભોજનથી... અનેક રીતે શાતા મળી શકતી

હોય છે, તો એવી તો હજારો–લાખો–કરોડો પ્રકારની શાતાઓ છે. એમને લાવનાર શાતા કર્મ પણ એટલા જ પ્રકારનું થઈ ગયું.

જેમ જેમ વિચારતા જશો, તેમ તેમ ખ્યાલ આવશે કે એક–એક કર્મના પેટા વિભાગો અસંખ્ય થાય. આ લાખો–કરોડોની સંખ્યા તો માત્ર દષ્ટાંત રૂપ છે.

દુનિયામાં ખાવાની વસ્તુ કેટલી ? એ બધાના ભોગનો અંતરાય ભોગાન્તરાય... દુનિયામાં કપડાઓ કેટલા ? એ બધાયના ઉપભોગનો અંતરાય... ઉપભોગાન્તરાય...

કોઈને કોઈ જીવ એવો હશે જ કે એને એ વસ્તુ ખાવી હશે, પણ ખાઈ નહિ શકતો હોય, એને એ વસ્ત્ર પહેરવા હશે, પણ પહેરી નહિ શકતો હોય. એટલે જો ભોગની વસ્તુઓ અબજો છે, તો તે તે જીવને તે તે વસ્તુના ભોગમાં અંતરાય લાવનાર કર્મ પણ અબજો પ્રકારના જ થયા ને ? એવું જ ઉપભોગાદિમાં પણ સમજવું.

આમ ૧૨૦ કર્મોના પેટાભેદોની દષ્ટિએ ઔદયિકભાવ અસંખ્ય પ્રકારનો જાણવો.

**પ્રશ્ન : જીવો અનંત છે, તો દરેકને અલગ-અલગ પ્રકારનો કર્મોદય માનો, તો તો ઔદયિકભાવ અનંત જ થઈ જાય...**

ઉત્તર : ના, અનંતા જીવોને ઔદયિકભાવ સમાન હોય છે. બીજા અનંતા જીવોને ઔદયિકભાવ અલગ હોય છે. આ રીતે અનંતાનંત જીવો વચ્ચે પણ ઔદયિકભાવ અસંખ્ય જ થાય છે, અનંત નહિ.

જેમ એક બિલ્ડીંગમાં રહેનારા ૫૦૦ જણ છે, તો એનો અર્થ એવો નથી કે બિલ્ડીંગ ૫૦૦ છે. ૫૦૦ જણ વચ્ચે ૧ જ બિલ્ડીંગ છે. બીજા ૫૦૦ વચ્ચે બીજું ૧ બિલ્ડીંગ છે. એમ ધારો કે ૫ લાખ લોકો હોય, તો બિલ્ડીંગ તો ૫૦૦૦ જ થાય... એમ અનંત જીવો વચ્ચે પણ કર્મના ઉદયથી થનાર ઔદયિકભાવ અસંખ્ય જ થાય છે. કેમકે દરેકે દરેક જીવને એકદમ સ્વતંત્ર જ ઔદયિકભાવ નથી હોતો, પણ અનંતા જીવો વચ્ચે એક, બીજા અનંતા વચ્ચે એક... એ રીતે હોય છે.

જો રસોદયની વિચારણા કરીએ તો અસંખ્ય કે અનંત ભેદ પણ

**પ્રશ્ન : કેમ 'અસંખ્ય કે અનંત' એમ બે વિકલ્પ લખો છો ?**

ઉત્તર : રસસ્થાન અસંખ્ય લોકના આકાશપ્રદેશ જેટલા જ છે, એટલે કે અસંખ્ય

જ છે. એટલે કર્મોના અસંખ્ય પેટાભેદો તથા એ એક–એક ભેદના અસંખ્ય રસસ્થાન... આમ ગણિત માંડીએ તો અસંખ્ય પેટાભેદો X અસંખ્ય રસસ્થાન=અસંખ્ય જ થાય.

એક જ પેટાભેદનો ઉદય હોય, તોય એનો રસસ્થાનનો ઉદય અલગ-અલગ અસંખ્ય પ્રકારે હોઈ શકે છે. (રસસ્થાનનું વર્ણન **પાંચમા કર્મગ્રન્થ** આદિ અન્ય ગ્રન્થોથી જાણી લેવું.)

હવે જોઈએ અનંત...

આમ તો સ્વતંત્ર રૂપે, અલગ–અલગ રૂપે રસોદય અનંત પ્રકારના ન મળે, કેમકે રસસ્થાન જ અસંખ્ય છે.

પરંતુ એક જ રસસ્થાનમાં રસ સ્પર્ધકો અનંત છે, દરેક સ્પર્ધકોમાં વર્ગણા અનંત છે, દરેક વર્ગણામાં કર્મદલિકો અનંત છે અને દરેક દલિકમાં સર્વ જીવ રાશિથી અનંતગુણ એટલો અનંતરસ છે.

આમાં પહેલી વર્ગણામાં જે રસ છે એના કરતા બીજી વર્ગણામાં એક રસાણુ વધારે છે, ત્રીજીમાં એનાથી એક વધારે... એમ પહેલા સ્પર્ધકમાં જ અનંતપ્રકારના રસ છે. પછી બીજો સ્પર્ધક... પછી ત્રીજો... એમ અનંત સ્પર્ધક ! બધામાં રસ વધતો જ જાય.

જ્યારે એક રસસ્થાનનો ઉદય થાય, ત્યારે આમ ભલે રસસ્થાનની દષ્ટિએ એક જ રસસ્થાનનો ઉદય છે, પણ અંદર રહેલા અનંતપ્રકારના રસનો ઉદય પણ છે જ. એટલે એ દષ્ટિએ તો ઔદયિકભાવ અનંત પ્રકારના થઈ જાય.

**પ્રશ્ન : હજી આ પદાર્થ અમને સ્પષ્ટ નથી થતો. અમે એ તો સમજી ગયા કે એક જ રસસ્થાનમાં અનંત પ્રકારનો રસ છે, પણ જ્યારે એ બધાનો ઉદય એક સાથે જ થતો હોય, ત્યારે એને આપણે અનંતભેદમાં ન ગણી શકીએ ? એ અનંતરસ એક બનીને જ ઉદયમાં આવે છે.**

**ઉત્તર :** Ok, તો સાંભળો. જે અસંખ્ય રસસ્થાનો છે, તે તો બંધની અપેક્ષાએ છે. એટલે કે જ્યારે રસ બંધાય, ત્યારે એ કઈ રીતે બંધાય એનો જવાબ આપેલો છે કે કુલ અસંખ્ય રસસ્થાનો છે. આ પદ્ધતિ પ્રમાણે જ રસ બંધાય.

પણ આ પદ્ધતિ પ્રમાણે જ એ રસસ્થાન ઉદયમાં આવે, એવું નથી. એ તો અલગ-અલગ રૂપે પણ આવી જ શકે.

દા.ત. દરેકમાં ૧૦૦, ૧૦૦ સ્પર્ધકો છે, તો પહેલું રસસ્થાન બાંધો, ત્યારે ૧ થી ૧૦૦ જ બંધાય, બીજું બાંધો ત્યારે ૧૦૧ થી ૨૦૦ બંધાય. એમ ધારો કે ૫૦૦ રસસ્થાન માનીએ, તો ૫૦૦મું રસસ્થાન બાંધતી વખતે ૪૯૯૦૧ થી ૫૦,૦૦૦ સ્પર્ધકો બંધાય.

આ રીતે બંધમાં માત્ર ૫૦૦ વિકલ્પો જ મળે.

પણ ઉદયમાં એવું નથી.

૧ થી ૧૦૦ નો ઉદય પણ હોય, ૨ થી ૧૦૧નો પણ હોય, ૩ થી ૧૦૨નો પણ હોય. આ રીતે ૨૦૦માં સ્પર્ધક સુધીમાં તો ૧૦૦ વિકલ્પ મળી જાય. સામાન્યથી કહેવાય કે ૪૯૯૦૦ વિકલ્પો ઉદયમાં મળે.

એટલે કે બંધમાં માત્ર ૫૦૦ જ વિકલ્પ હોવા છતાં ઉદયમાં તો હજારો વિકલ્પ મળ્યા. કેમકે સ્પર્ધકો હજારો છે અને આ બધા ઉદય તો અલગ-અલગ પ્રકારના જ છે.

આમ અહીં તો એક જ રસસ્થાનમાં અનંત સ્પર્ધકો છે. એક-એક સ્પર્ધકમાં વર્ગણાઓ અનંત છે... અને ઉપર બતાવ્યા મુજબ દરેક રસનો અલગ-અલગ રીતે ઉદય આવી શકે છે, માટે અનંત ભેદ રસોદયની અપેક્ષાએ મળી જ શકે છે, એ નિશ્ચિત માનવું.

(ઉદયમાં રસોદય કેવી કેવી રીતે હોય છે ? એ વિષય અત્યારે પ્રસ્તુત ન હોવાથી વિસ્તારથી સમજાવતો નથી. છતાં ટુંકમાં કહેવું હોય તો ધારો કે શાતાના રસસ્પર્ધકો ૧ થી ૧ લાખ હોય, તો જો એમાંથી ૧૦૦૦માં નંબરનો રસ ઉદયમાં હોય, તો ૧૦૦૧ થી ૧ લાખ સુધીના રસ સ્પર્ધકો ઘટી જઈને ૧૦૦૦માં રૂપે બનીને ઉદયમાં આવતા હોય છે.

ધારો કે ૨૦૦૦માં નંબરનો રસ ઉદયમાં હોય તો ૨૦૦૧ થી માંડીને ૧ લાખ સુધીના સ્પર્ધકો ૨૦૦૦ નંબરના રસ રૂપે બનીને ઉદયમાં આવે છે.

આમ જો કુલ ૧ લાખ સ્પર્ધક છે, તો ઉદયના વિકલ્પ ૧ લાખ મળી જાય.

હવે ખરેખર તો ૧ લાખ નહિ, પરંતુ અનંત X અસંખ્ય સ્પર્ધકો છે. તો અનંતાનંત સ્પર્ધકો મળે છે, અને માટે રસોદય પણ અનંતાનંત મળે છે. અને માટે એવા અનંત રસોદયથી થનારા ઔદયિકભાવ પણ અનંત પ્રકારના બની જ જાય છે, એટલે અહીં જે અનંતભેદ ઔદયિક ભાવના રસોદયની અપેક્ષાએ કહ્યા છે, એ એકદમ યોગ્ય જ છે.

ખાસ ખુલાસો... રસસ્થાનોનું સ્વરૂપ અહીં નથી બતાવ્યું. અન્ય ગ્રન્થોથી જાણવું. એ જાણતા હશો, તો આ હકીકત સહજ રીતે સમજી શકાશે.)

**પ્રશ્ન : ઔદયિકભાવનું એકંદરે સુંદર સ્વરૂપ આપના દ્વારા જાણવા મળ્યું, પણ શું આ ઔદયિકભાવ માત્ર જીવ દ્રવ્યમાં જ હોય ? કર્મોદય તો જીવને જ હોય છે ને ?**

ઉત્તર : જે કર્મોદય માત્ર જીવ પર જ અસર કરે છે, જીવને જ પોતાનો વિપાક બતાવે છે, એ કર્મનો ઔદયિકભાવ તો જીવ દ્રવ્યમાં જ હોય.

પ્રાયઃ તમામ ઘાતીકર્મોનો ઔદયિકભાવ જીવદ્રવ્યમાં જ મળે.

પણ કેટલાક કર્મો એવા છે કે જેમનો ઉદય પુદ્‌ગલ ઉપર અસર કરે છે. દા.ત. વર્ણ નામ કર્મનો ઉદય ભલે જીવને છે, પરંતુ એનાથી જીવ કંઈ કાળો-ધોળો નથી થતો. જીવનું શરીર કાળું-ધોળું થાય છે. આમ આ શ્વેતાદિ રંગ રૂપ ઔદયિકભાવ પુદ્‌ગલમાં પણ મળે જ છે.

સંસ્થાન નામ કર્મના ઉદયથી તમામ જીવોના શરીર પુદ્‌ગલોમાં ચોક્કસ પ્રકારનો આકાર આવવો, એ ઔદયિકભાવ જ છે.

સંઘયણ નામ કર્મના ઉદયથી બેઈન્દ્રિય વગેરે જીવોના શરીરોમાં ચોક્કસ પ્રકારના હાડકાની રચના થવી, એ ઔદયિકભાવ જ છે.

આજ રીતે ગંધનામ, રસનામ, સ્પર્શનામ આદિ અનેક કર્મો અંગે સમજવું.

**પ્રશ્ન : ક્રોધમોહના ઉદયથી ક્રોધ આવે, ત્યારે ચહેરો + આંખ લાલ થઈ જાય છે, તો આ પુદ્‌ગલમાં લાલ રંગ આવ્યો એ ક્રોધોદયથી આવેલો હોવાથી એ પણ ઔદયિકભાવ જ કહેવાય ને ?**

ઉત્તર : ના, ક્રોધોદયથી ક્રોધ આવ્યો, એ ઔદયિકભાવ ! એ ઔદયિકભાવના

લીધે ચહેરા પર લાલાશ આવી છે, એ ક્રોધોદયથી નથી આવી. એટલે એ કંઈ ઔદયિકભાવ નથી. પરંપરાએ ઉપચારથી માનો એ અલગ વાત છે.

**પ્રશ્ન : શ્વેતવર્ણ નામના ઉદયથી જીવનું શરીર શ્વેત બને, એ તો બરાબર ! પણ એમાં બે હકીકત સંભવે છે. એ કર્મનો ઉદય શું કરે છે ? શું જે શ્વેત પુદ્‌ગલો હતા એને જ ગ્રહણ કરવાનું કામ કરે ? કે પછી કાળા-પીળા પુદ્‌ગલોને શ્વેત બનાવીને ગ્રહણ કરે ?**

ઉત્તર : જો શ્વેતનામ કર્મ શ્વેત પુદ્‌ગલોને જ ગ્રહણ કરતું હોય તો એ પુદ્‌ગલોમાં રહેલો શ્વેતવર્ણ કર્મોદયથી આવેલો ન કહેવાત, કેમકે એ તો કર્મોદય પહેલા પણ હતો જ, એટલે એ તો પારિણામિક જ ગણાત. પરંતુ અહીં એ શ્વેતવર્ણ ઔદયિકભાવ કહ્યો છે, એનો અર્થ જ એ કે શ્વેતવર્ણ નામ કર્મનો ઉદય કોઈપણ વર્ણવાળા પુદ્‌ગલોને ગ્રહણ કરે, પણ પોતાના પ્રભાવથી એમને શ્વેતવર્ણવાળા બનાવી દે.

આજ રીતે સુગંધ નામ કર્મ સુગંધી કે દુર્ગંધી કોઈપણ પુદ્‌ગલોને લે, પણ એને પોતાના રસોદય પ્રમાણે ચોક્કસ સુગંધવાળા બનાવી દે.

એટલે આ વર્ણ–ગંધ–રસ–સ્પર્શ–સંઘયણ–સંસ્થાન વગેરે બધું જ કર્મોદયથી થનાર છે, માટે ઔદયિક છે, અને આ બધું પુદ્‌ગલોમાં થાય છે. એટલે આ રીતે પુદ્‌ગલોમાં પણ કર્મોદયથી જે પરિણામ ઉત્પન્ન થાય છે તે કર્મોદયજન્ય હોવાથી ઔદયિકભાવ કહેવાય.

આમાં હજી ઘણી બધી વાતો ઉપર વિચારણા કરવાની રહે છે, પણ મુખ્ય વિષય ક્ષયોપશમનો છે, એટલે અન્ય વિષય જરૂરિયાત પૂરતો જ લેવો છે. જિજ્ઞાસુઓને આ વિષયમાં ઘણા બધા પ્રશ્નો ઉભા થઈ શકે એમ છે, તેઓ એ પ્રશ્નો નોંધી લે અને જ્ઞાનીઓને પૂછે. એનું સમાધાન મળશે, તો અપૂર્વ તત્ત્વ પ્રાપ્ત થવાથી ખૂબ જ આનંદ થશે.

## ૬. ક્ષય

❊ તે તે કર્મનો બંધવિચ્છેદ થાય.

❊ પછી તે તે કર્મનો સંક્રમ વગેરે દ્વારા એવી રીતે વિનાશ કરવો કે એનો ન બંધ, ન ઉદય કે ન સત્તા ! એટલે કે બંધ–ઉદય–સત્તા ત્રણેય માંથી એ કર્મોને દૂર કરવા.

❊ આત્મામાં એવી યોગ્યતા = પાત્રતા પ્રગટ કરવી કે આત્મા ફરીથી બંધ-સંક્રમ વગેરે દ્વારા એ કર્મને સત્તામાં, ઉદયમાં ન લાવે....

આ રીતની પરિસ્થિતિ ઉત્પન્ન કરવી એનું નામ ક્ષય !

**પ્રશ્ન : પ્રત્યેક ક્ષણે જીવ ઉદયમાં આવેલા કર્મોને ભોગવે છે અને એ કર્મનો ક્ષય કહેવાય છે, પણ એમાં તમે કહેલી વ્યાખ્યા બેસતી નથી ?**

**દા.ત. મિથ્યાત્વનો ઉદય હોય, ત્યારે ઉદયમાં આવેલા મિથ્યાત્વનો ક્ષય કહેવાય જ છે, પણ એ વખતે મિથ્યાત્વનો બંધ ચાલુ જ છે. મિથ્યાત્વના ઉદય-સત્તા પણ છે, અને આત્મામાં મિથ્યાત્વને બંધ-ઉદય-સત્તામાં નહિ લાવવાની કોઈ પાત્રતા-બાત્રતા આવી જ નથી, છતાં *ક્ષય* શબ્દ તો બોલાય જ છે.**

**ઉત્તર :** અહીં સામાન્ય **ક્ષય** ની વાત નથી ચાલતી. તમે **ક્ષય** દર્શાવો છો એ તો બરાબર જ છે, એની કોઈ ના જ નથી. પણ આપણે તો ક્ષાયિકભાવ લાવી આપનાર **ક્ષય**ની વાત કરીએ છીએ. એટલે કે જે **ક્ષય** વડે જીવને ક્ષાયિકભાવ પ્રાપ્ત થાય તેવા પ્રકારનો **ક્ષય** કેવો હોય ? એ અહીં બતાવવાનું છે.

– જીવ મિથ્યાત્વે જાય પછી સમ.મોહ + મિશ્રમોહનો ક્ષય કરે જ છે, પણ એનાથી ક્ષાયિકભાવ નથી મળતો. અરે, એ કર્મો આત્મામાં પાછા ન આવવાની પાત્રતા પણ નથી આવતી. એ જીવ ફરીવાર ઉપશમ સમ. પામે છે, ત્યારે આ બંને કર્મો સંક્રમ દ્વારા ફરી સત્તામાં આવે જ છે.

– તે જીવ સ્થાવરમાં જાય એટલે વૈક્રિય ષટ્કનો (અવિરતિમાં જાય, તો) આહા.દ્વિકનો ક્ષય કરે જ છે. પણ એનાથી કોઈ ક્ષાયિકભાવ પ્રગટ નથી થતો.

– તે જીવ તેઉ–વાયુમાં જાય તો મનુષ્ય દ્વિક + ઉચ્ચગોત્રનો ક્ષય કરે જ છે. પણ એનાથી કોઈ ક્ષાયિકભાવ પ્રગટ નથી થતો.

અહીં જે ક્ષય બતાવવાનો છે તે ક્ષાયિકભાવ લાવનાર ક્ષય બતાવવાનો છે, અને આ ક્ષયમાં અમે જે ત્રણ શરત બતાવી છે, એનું મુખ્ય કારણ એ જ છે કે શાસ્ત્રકારોએ અનંતા. ૪ કષાયનો ૪ થી ૭ ગુણસ્થાન પર ક્ષય થતો હોવા છતાં એને ક્ષય નથી કહ્યો, પણ એને વિસંયોજના કહી છે. આ શબ્દ લખવા પાછળ કારણ એ છે કે–

– ૪ થી ૭ ગુણ. પર અનંતા. કષાયનો બંધવિચ્છેદ તો થઈ ગયો.

– એનો સંક્રમાદિ દ્વારા ક્ષય પણ થઈ ગયો, ઉદયમાં કે સત્તામાં એ નથી.

– છતાં જીવમાં હજી એ કષાયને બંધાદિ દ્વારા સત્તામાં + ઉદયમાં લાવવાની પાત્રતા તો પડી જ છે. માટે જ તો જો મિથ્યાત્વે જાય, તો ફરી એને બાંધે છે, અને આવલિકા બાદ એનો ઉદય ચાલુ થાય છે.

એટલે અનંતા.ના આવા ક્ષયને અમે ક્ષય નથી કહેતા, પરંતુ માત્ર વિસંયોજના જ કહીએ છીએ.

**પ્રશ્ન : જે જીવે અનંતા. ૪ ની વિસંયોજના કરી એ જીવ પહેલે ગુણ. જશે જ, એવો એકાંત તો નથી જ. એવું પણ બની શકે છે કે એ જીવ પહેલા ગુણ. ગયા વિના જ થોડા સમય બાદ દર્શનત્રિકનો ક્ષય કરીને ક્ષાયિક સમકિત પામી શકે છે.**

**તો આવા જીવે જે વિસંયોજના કરી છે એને તો ક્ષય કહી શકાય ને ?**

ઉત્તર : ના, આત્માની પાત્રતા મુખ્ય છે. એ ભલે અનંતા. ન બાંધે, પણ જ્યાં સુધી દર્શનત્રિકનો ક્ષય ન કરે, ત્યાં સુધી એની એ બાંધવાની પાત્રતા પડી છે, નહિ બાંધવાની પાત્રતા નથી પ્રગટી, અને માટે એ વિસંયોજના જ કહેવાય.

ઉપાશ્રયમાં સાધુ + શ્રાવક ઉંઘેલા હોય, ત્યારે આમ તો બંને સમાન છે, અને ઉઠ્યા બાદ ખબર પડે જ છે કે સાધુ પાપ નથી કરતો, શ્રાવક કરે છે. તો ઉંઘમાં શ્રાવક કોઈ પાપ ન કરતો હોવા છતાં પણ એ સાધુ નથી જ, એ શ્રાવક જ છે. કેમકે પાપ કરવાની પાત્રતા અંદર પડેલી છે.

પ્રશ્ન : આત્માની અનંતા.નો ફરી બંધાદિ ન કરવાની પાત્રતા ક્યારે આવે છે ? (એટલે કે અનંતા.નો બંધ કરવાની પાત્રતા ક્યારે ખતમ થાય છે ?)

ઉત્તર : જેવો મિથ્યાત્વનો ક્ષય થાય, બસ ! એ પછી Fix થઈ જાય છે કે હવે એ ક્ષાયિક સમ. પામીને જ અટકશે. એટલે કે મિથ્યાત્વનો ક્ષય થઈ જતાની સાથે જ આત્માની અંદર અનંતા.ને નહિ બાંધવાની પાત્રતા ઉત્પન્ન થાય છે. (એટલે કે અનંતા.ને બાંધવાની પાત્રતા ખતમ થાય છે.)

પ્રશ્ન : કર્મોનો ક્ષય થવો એનો અર્થ એ કે 'કર્મો આત્માથી અલગ થવા....' એટલે કે આત્મા અને કર્મ બંનેનો સંયોગ હતો, પણ હવે એ બંનેનો વિયોગ થયો.

આ સંયોગ અને વિયોગ તો જેમ આત્માનો કર્મ સાથે ગણાય, તેમ કર્મનો પણ આત્મા સાથે ગણાય જ ને ? છોકરા-છોકરીના લગ્ન થાય કે પછી તલાક થાય... એમાં બંનેના એકબીજા સાથે લગ્ન અને બંનેના એકબીજા સાથે તલાક કહેવાય છે. તો અહીં કર્મ આત્માથી બંધાયું, કર્મ આત્માથી મુક્ત થયું... એમ પણ કહેવું જોઈએ. માત્ર એવું જ કેમ કહેવાય છે કે 'આત્મા બંધાય છે, આત્મા મુક્ત બને છે' ?

ઉત્તર : કેમકે આત્મા મુખ્ય છે, પ્રધાન છે.

કોઈ અપરાધીને બેડીથી બાંધવામાં આવે તો અપરાધી બંધાયો કહેવાય, બેડીઓ નહિ... એમ અપરાધીને બેડીથી મુક્ત કરીએ તો અપરાધી જ મુક્ત થયેલો કહેવાય, બેડીઓ નહિ... આમાં વ્યવહાર જ મુખ્ય કારણ છે.

પ્રશ્ન : કર્મો આત્માના ગુણોને ઢાંકવાનું કામ કરે છે. કુલ કર્મ છે ૧૨૦ ! (સત્તાની દૃષ્ટિએ ૧૫૮) હવે એક કર્મના ક્ષયથી એક ક્ષાયિક ગુણ પ્રગટ થાય, તો ૧૨૦ કર્મોના ક્ષયથી શું ૧૨૦ ક્ષાયિક ગુણ પ્રગટ થાય ?

વળી તમે તો કર્મોના પેટાભેદો અસંખ્ય પણ બતાવ્યા છે, તો એ બધાના ક્ષયથી અસંખ્ય ક્ષાયિક ગુણો સિદ્ધોમાં પ્રગટ થવા જોઈએ ને ?

જ્યારે સિદ્ધોમાં તો માત્ર ૮ જ ગુણો માનવામાં આવ્યા છે. 'સિદ્ધ આઠ ગુણ સમરતા' એમ ચૈત્યવંદનમાં પણ આવે જ છે.

તો ક્ષાયિક ગુણો આઠ માનવા ? ૧૨૦ માનવા ? કે અસંખ્ય માનવા ?

ઉત્તર : યુદ્ધમાં એક જ શૂરવીરને ચારેબાજૂથી સેંકડો દુશ્મનો ઘેરી લે છે.

ક્રિકેટમાં એક જ બેટ્સમેનને ચારેબાજૂથી અનેક ફીલ્ડરો ઘેરી લે છે.

એમ અહીં આત્માના એક-એક જ ગુણને અનેક કર્મો ઘેરી લે છે.

(૧) કેવલજ્ઞાન નામનો એક જ ગુણ... પણ એને ઢાંકનારા કર્મો પાંચ...
(૨) કેવલદર્શન નામનો એક જ ગુણ... પણ એને ઢાંકનારા કર્મો નવ...
(૩) અવ્યાબાધ સુખ નામનો એક જ ગુણ... પણ એને ઢાંકનારા કર્મો બે...
(૪) અનંતચારિત્ર નામનો એક જ ગુણ... પણ એને ઢાંકનારા કર્મો છવીસ...
(૫) અક્ષયસ્થિતિ નામનો એક જ ગુણ... પણ એને ઢાંક્નારા કર્મો ચાર...
(૬) અગુરુલઘુ નામનો એક જ ગુણ... પણ એને ઢાંકનારા કર્મો બે...
(૭) અરૂપીપણું નામનો એક જ ગુણ... પણ એને ઢાંકનારા કર્મો સડસઠ...
(૮) અનંતવીર્ય નામનો એક જ ગુણ... પણ એને ઢાંકનારા કર્મો પાંચ...

આમ કુલ ૧૨૦ કર્મો ૮ ગુણોને જ ઢાંકે છે, અને એટલે ૧૨૦ કર્મોના ક્ષયથી ૮ ગુણો પ્રગટ થાય છે.

આમ છતાં નીચે મુજબની વિવક્ષા પ્રમાણે સમજવું.

(૧) જ્ઞાનાવરણના ક્ષયથી કેવલજ્ઞાન.
(૨) દર્શનાવરણના ક્ષયથી કેવલદર્શન.
(૩) દર્શનમોહના ક્ષયથી ક્ષાયિક સમ્યક્ત્વ.
(૪) ચારિત્રમોહના ક્ષયથી ક્ષાયિક ચારિત્ર.
(૫) થી (૯) દાનાંતરાયાદિ પાંચના ક્ષયથી પાંચ ક્ષાયિકદાનાદિ...

આમ ચાર ઘાતીના ક્ષયથી ૯ ક્ષાયિક ગુણો માન્યા છે.

(૧૦) વેદનીયના ક્ષયથી અવ્યાબાધપણું.
(૧૧) આયુ:ના ક્ષયથી અક્ષયસ્થિતિ.
(૧૨) નામ કર્મના ક્ષયથી અરૂપીપણું.
(૧૩) ગોત્રકર્મના ક્ષયથી અગુરુલઘુપણું....

આમ ચાર અઘાતીના ક્ષયથી ચાર ક્ષાયિક ગુણો માન્યા છે. કુલ ૧૩ !

અથવા નામકર્મ + ગોત્ર છે એ બંનેના ક્ષયથી એક જ ગુણ પ્રગટ થાય છે અનંત-અવગાહના ! કુલ ૧૨ !

**પ્રશ્ન :** **ઘાતી કર્મોના ક્ષયથી પ્રગટ થતા ગુણો તો સમજાય છે, પણ અઘાતી કર્મનું સમજાવો ને ?**

**ઉત્તર :** **વેદનીય :** આત્માનો ગુણ છે દુઃખથી અમિશ્રિત સુખ ! શુદ્ધ અનંત સુખ! હવે અશાતા તો દુઃખ જ આપે છે. શાતા પણ તુચ્છ + દુઃખમિશ્રિત સુખ આપે છે. એટલે આ કર્મ અવ્યાબાધ સુખને રોકે છે. આ કર્મ જાય તો પ્રગટે છે અવ્યાબાધ સુખ!

આયુ : આત્માનો ગુણ છે અમરતાનો ! એની સ્થિતિ = અસ્તિત્વ કદિ નાશ ન પામે, પણ અહીં તો આત્મા આયુઃના કારણે જન્મે છે, મરે છે... માટે આયુઃ કર્મ અક્ષય સ્થિતિને રોકે છે. જેવું આ કર્મ સંપૂર્ણ ખતમ કે તરત અક્ષયસ્થિતિ પ્રગટે છે. સિદ્ધજીવ કાયમ માટે સિદ્ધ જ રહે છે.

નામ : આત્માનો ગુણ છે અરૂપીપણાનો ! પણ નામ કર્મે આત્માને કાળો-ધોળો – દેખાવડો વગેરે અનેક રૂપવાળો કરી દીધો. (રૂપ–વર્ણ–ગંધ–રસ–સ્પર્શ-સંસ્થાન..) આ કર્મ જાય, એટલે આત્મા બને છે અરૂપી !

ગોત્ર : આત્મા ઉંચો–નીચો નથી, પણ ઉચ્ચ–નીચ ગોત્રના કારણે આત્મામાં ઉચ્ચતા–નીચતા આવી. જેવું આ કર્મ જાય એટલે પ્રગટે છે અગુરુલઘુપણું.

આ રીતે ક્ષાયિકગુણો પ્રગટ થાય છે.

## ૭. સર્વ-ઉપશમ:

સામાન્યથી સત્તામાં પડેલા કર્મોમાં ઉદય–ઉદીરણા–નિધત્તિ–નિકાચના વગેરે સતત ચાલુ હોય છે. અથવા એની પાત્રતા તો પડી જ હોય છે કે એમના ઉદયાદિ થાય.

પણ જીવ પોતાના વિશિષ્ટ પ્રકારના અધ્યવસાય વડે અમુક કર્મોમાં એવી અવસ્થા પેદા કરે છે કે એ કર્મોમાં અંતમુહૂર્ત સુધી ઉદય–ઉદીરણા–નિધત્તિ-

નિકાચના થતા જ નથી. એટલું જ નહિ, એ કર્મોમાં આ ચાર વસ્તુ થવાની પાત્રતા પણ રહેતી નથી.

કર્મોની આવા પ્રકારની અવસ્થાનું જ નામ છે ઉપશમ !

ઉદયસમયમાં આવીને ભોગવાઈ જવું એ ઉદય !

ઉદયાવલિકામાં આવીને ગોઠવાઈ જવું એ ઉદીરણા !

ઉદ્વર્તના + અપવર્તના થઈ શકે, બીજું કશું જ ન થાય એવી અવસ્થા એ **નિધત્તિ** !

આઠમાંથી એકપણ કરણ ન લાગે એવી અવસ્થા એ **નિકાચના** !

જે કર્મોમાં ઉપશમ થાય એ કર્મોનો ઉદય–ઉદીરણા–નિધત્તિ–નિકાચના ન થાય.

**પ્રશ્ન :** **તો શું ઉદ્વર્તના + અપવર્તના + સંક્રમ + બંધ એ ચાર કરણ થઈ શકે?**

**ઉત્તર :** એકવાર કર્મ બંધાઈ ગયા પછી પાછું એ બાંધવાનું નથી, એટલે કે બંધન કરણ તો નહિ બંધાયેલા = કાર્મણવર્ગણા રૂપ પુદ્ગલોને જ લાગે છે. કર્મ રૂપે રહેલા પુદ્ગલોને ફરી નથી બાંધવાના. એટલે એમાં તો બંધનકરણની શક્યતા જ ન હોવાથી એની ના પાડવાની જરૂર જ નથી.

જ્યારે મિથ્યાત્વમોહનો ઉપશમ કરીને ઔપશમિક સમ્યક્ત્વ પામે ત્યારે પણ મિથ્યાત્વમોહના દલિકોનો મિશ્રમોહમાં અને સમકિતમોહમાં સંક્રમ તો ચાલુ જ છે, એટલે કે જે કર્મોનો ઉપશમ થઈ ગયો છે એ કર્મોમાં પણ સંક્રમ ચાલુ છે, એનો અર્થ એ કે ઉપશમ સંક્રમને ન અટકાવે.

મિથ્યાત્વનો ઉપશમ થઈ ગયો હોય તો પણ એમાં ઉપરના કર્મોને નીચે લાવવા રૂપ અપવર્તના તો ચાલુ જ છે. (સ્થિતિઘાત પણ થાય...). તથા ઉપશમ સમકિતની પ્રાપ્તિની બરાબર પૂર્વના સમયે મિથ્યામોહનો છેલ્લો સ્થિતિ બંધ છે, એ વખતે જૂના જે કર્મો ઉપશમ પામી ચૂક્યા છે એમાં નીચેના કર્મોને ઉપર લઈ જવા રૂપ ઉદ્વર્તના પણ ચાલુ જ છે.

મિથ્યામોહ નામના એક કર્મના દૃષ્ટાંતથી આપણે સમજી શકીએ છીએ કે ઉપશમ થયા બાદ પણ સંક્રમ–ઉદ્વર્તના–અપવર્તના ચાલુ જ છે. (ઉદ્વર્તના માટે

નિયમ છે કે જેનો બંધ નહિ, એની ઉદ્વર્તના નહિ. એટલે જ્યારે મિથ્યાત્વનો બંધ અટકી જાય ત્યારે ઉદ્વર્તના પણ અટકી જાય, તો એ ઉપશમના પ્રભાવે અટકી છે એવું ન માનવું. એ તો બંધ અટકી ગયો હોવાના કારણે અટકી છે...

મૂળ વાત પર આવીએ.

આ ઉપશમ ત્રણ પ્રકારે છે– (૧) સર્વોપશમ, (૨) દેશોપશમ, (૩) વિપાકોપશમ.

**(૧) સર્વોપશમ :** કર્મ સત્તામાં છે છતાં સત્તામાં જેટલા કર્મ પ્રદેશો હોય, એ તમામે તમામ કર્મોમાં ઉપર મુજબનો ઉપશમ લાગે અને એના કારણે એવું બને કે અંતર્મુહૂર્ત સુધી તેઓનો રસોદય પણ ન થાય, પ્રદેશોદય પણ ન થાય કે એમાં વિપાકોદય માટેની પાત્રતા = યોગ્યતા પણ ન રહે... આને કહેવાય સર્વોપશમ !

આ પદાર્થને દૃષ્ટાંતથી સમજીએ.

જીવ જ્યારે પહેલીવાર ઉપશમ સમકિત પ્રાપ્ત કરે છે, ત્યારે એ નીચે મુજબ કામ કરે છે...

❊ સત્તામાં જેટલા પણ મિથ્યાત્વમોહના પ્રદેશો છે, એ તમામનો ઉપશમ કરી નાંખે છે.

❊ વચ્ચેના અંતર્મુહૂર્ત જેટલા કાળના પુદ્ગલોને ત્યાંથી હટાવીને એ ભાગ ખાલી કરી નાંખે છે. એટલે કે એ અંતર્મુહૂર્ત દરમ્યાન એકપણ મિથ્યાત્વપ્રદેશ રહેતો નથી. પ્રદેશોદયમાં કે રસોદયમાં રહેતો નથી.

❊ નીચેની સ્થિતિમાં કર્મોને ભોગવીને જીવ આ ખાલી ભાગમાં પ્રવેશ કરે છે...

❊ અહીં હવે જીવને મિથ્યાત્વના એકપણ પ્રદેશનો પ્રદેશોદય પણ નથી.

આ છે **સર્વોપશમ** !

**પ્રશ્ન : જ્યારે જીવ સમ્યક્ત્વ પામવાનો નથી હોતો, ત્યારે પણ જીવના સત્તામાં રહેલા બધા કર્મો કંઈ ઉદયમાં નથી આવી જતા. સત્તામાં રહેલા કર્મોનો એક અસંખ્યાતમો ભાગ જ ઉદયમાં આવે છે, બાકીના અસંખ્યગુણ કર્મો તો સત્તામાં જ રહે છે, ઉદયમાં નથી આવતા.**

હવે એ કર્મોનો કોઈ ઉપશમ નથી કર્યો, છતાં તેઓમાં ઉદય-ઉદીરણા વગેરે નહી જ થયા. તો પછી અહીં આ ઉપશમ માનવાની જરૂર શી છે? સીધે-સીધું એમ જ કહી દો ને કે જે રીતે અભવ્યાદિને પણ સત્તાગત ઢગલાબંધ કર્મો ઉદયાદિમાં નથી આવતા, તે રીતે આ સમ્યક્ત્વ વખતે તમામ મિથ્યાત્વ કર્મો ઉદયાદિમાં નથી આવતા.

Inshort ઉપશમ શબ્દનું અહીં મહત્ત્વ મને નથી સમજાયું ?

ઉત્તર : આ માટે દૃષ્ટાંત જોઈએ–

(૧) શાસ્ત્રીય દૃષ્ટાંત : રસ્તામાં ધૂળ પડી છે. જો પવન આવે તો ઉડે, પવન ન આવે તો ન ઉડે. હવે જ્યારે પવન ન આવે, ત્યારે ધૂળ ભલે ન ઉડે, પણ એ ધૂળમાં ઉડવાની પાત્રતા તો પડી જ છે ને ? (એ પાત્રતા એટલે સુકા હોવું... વગેરે)

એક માણસે પોતાના ઘરની બહારની ધૂળ પર પાણી રેડી દીધું, હવે એ ધૂળ બની ગઈ ભીની માટી ! બાજુના ઘર પાસેની માટી તો હજી પણ સૂકી જ છે.

જ્યાં સુધી પવન ન આવે ત્યાં સુધી સૂકી કે ભીની... એકપણ માટી ઉડતી નથી. પણ જો પવન આવે, તો સૂકી માટી ઉડીને ઘરમાં પ્રવેશે એ શક્યતા છે જ. પણ પવન આવે તો ય, ભીની માટી તો નથી જ ઉડવાની.

ઉપશમ પામેલા કર્મો ભીની માટી જેવા છે. જ્યાં સુધી ઉપશમ છે, ત્યાં સુધી ગમે તે થાય એ ઉદયમાં નહિ જ આવે.

ઉપશમ નહિ પામેલા કર્મો સૂકી માટી જેવા છે. એ ઉદયમાં નથી આવ્યા, એ તો એના નિમિત્ત મળ્યા નથી માટે, બાકી તો નિમિત્તરૂપી પવન મળતાની સા` જ એ ઉદયમાં આવી જ જાય.

હા ! બે–ચાર કલાક બાદ ભીની માટી સુકાઈ જાય, તો એ પાછી બની જાય છે સુકી માટી જેવી ! પછી એ પણ ઉડવા માંડે. એમ ઉપશમ અંતર્મુહૂર્ત જ ટકે. એ ઉપશમ નીકળી ગયા બાદ એ કર્મોની ઉદયમાં આવવાની પાત્રતા ઉત્પન્ન થઈ જાય છે.

(૨) બે માણસો ઉંઘેલા છે. બેમાંથી જેને પણ જગાડવો હોય, તેને બુમ પાડીને, ઢંઢોળીને જગાડી શકીએ છીએ. ન જગાડીએ તો ઉંઘતા રહે, સમય થાય ત્યારે પોતાની મેળે ઉઠે.

હવે બેમાંથી એકને છ કલાક માટેનું બેભાનીનું ઇંજેક્શન આપી દઈએ તો એ બેભાન થઈ જાય. હવે એ બંને બાજૂ બાજૂમાં જ પડેલા છે, એક સરખા લાગે છે. છતાં મોટો ફરક છે. એકને તો આપણે બુમ પાડીને, હલાવીને પણ જગાડી શકીએ એમ છીએ, જ્યારે બીજાની હાલત એવી છે કે છ કલાક દરયાન શરીર ચીરી નાંખીએ તો પણ ભાનમાં ન આવે, એટલે કે છ કલાક માટે એ જીવમાં ભાનમાં આવવાની પાત્રતા ખતમ થઈ ગઈ. ભાનમાં નહિ આવવાની યોગ્યતા પ્રગટ થઈ.

બે માત્ર ઉંઘેલા જ હોય, તો બંનેને ઉઠાડી શકાય...

એક્ને બેભાન કરેલો હોય, તો એક ઉઠાડી શકાય એવો, બીજો ન ઉઠાડી શકાય એવો...

ઉંઘેલાને પણ જો ન ઉઠાડો, તો એ બેભાનની જેમ ઉંઘેલો જ રહે...

છતાં ઉંઘેલો ઉંઘેલો જ કહેવાય, બેભાન બેભાન જ કહેવાય...

બંનેના સ્વરૂપમાં ફરક તો છે જ.

આ જ હકીકત ઉપશમ પામેલા અને ઉપશમ નહિ પામેલા કર્મો વચ્ચે જાણવી.

(૩) રૂમની બારી ખુલ્લી છે. છૂટા પાનાઓના બે જથ્થા પડેલા છે. હવા નથી આવતી તો એકપણ પાનું ઉડતું નથી, પણ બંને જથ્થાની યોગ્યતા છે કે જેવી હવા આવે કે તરત જ એ પાના છૂટા છૂટા ઉડવા માંડે.

હવે એક જથ્થાના પાનાઓનું બાઈડીંગ કરી દેવામાં આવે, સ્ટેપલર મારી દેવામાં આવે... અને બીજો જથ્થો હજી પણ એમ જ રાખવામાં આવે તો શું ? જ્યાં સુધી પવન નહિ આવે ત્યાં સુધી એક પણ પાનું નથી જ ઉડવાનું, પણ જો પવન આવે તો બાઈડીંગ કરેલા પાના નહિ ઉડે, છૂટા પાના ઉડશે...

આમ બંને વચ્ચે કંઈક ફરક તો છે જ ને ! ભલે ને એ ન ઉડે, તો પણ...

આમ આ ત્રણ દૃષ્ટાંતોથી સમજી શકાય છે કે 'ઉપશમવાળા કર્મો એટલે શું અને ઉપશમ નહિ પામેલા કર્મો એટલે શું ?'

**પ્રશ્ન :** આ રીતે જોઈએ તો કર્મના ક્ષયથી પ્રાપ્ત થતો ગુણ કે કર્મના ઉપશમથી પ્રાપ્ત થતો ગુણ... બંને એક જેવા જ બની ગયા.

**દા.ત. ક્ષાયિક સમકિતમાં દર્શનમોહનો રસોદય કે પ્રદેશોદય નથી.**

**ઉપ. સમકિતમાં પણ દર્શનમોહનો રસોદય કે પ્રદેશોદય નથી...**

**તો શું બંને સરખા ?**

**ઉત્તર :** હા ! બંનેનું સ્વરૂપ સંપૂર્ણ શુદ્ધ છે, સમાન છે. ફરક માત્ર એટલો જ પડે કે ક્ષાયિકગુણ તો ક્યારેય પાછો જવાનો જ નથી, એ તો સાદિ–અનંત છે.

જ્યારે ઔપ.ગુણ તો અંત. બાદ જતો રહેશે. એ પછી કાં તો દર્શનમો ેદય કે છેવટે પ્રદેશોદય... ચાલુ થઈ જ જશે.

આમ ક્ષાયિક અને ઔપ. સ્વરૂપની દૃષ્ટિએ સમાન છે, પણ કાળની દૃષ્ટિએ વિષમ છે.

આ જ હકીકત ક્ષાયિકચારિત્ર અને ઔપ.ચારિત્રમાં સમજવી.

ક્ષાયિકચારિત્ર બારમા ગુણસ્થાને છે, ઔપ.ચારિત્ર અગિયારમાં ગુણસ્થાને છે.

**પ્રશ્ન : પણ ઔપશમિક સમ્યક્ત્વ વધુ કાળ માટે કેમ ન ટકે ? એટલે કે ઉપશમભાવ વધુ કાળ માટે કેમ ન ટકે ?**

**ઉત્તર :** પાણીની તાકાત એટલી જ છે કે એ ધૂળને થોડા સમય સુધી જ ભીની રાખે. પછી તો એ સૂકી થાય. ઇંજેક્શનની તાકાત એટલી જ છે કે એ માણને થોડા સમય સુધી જ બેભાન રાખી શકે, વધારે નહિ.

એમ જીવના અધ્યવસાયની તાકાત એટલી જ છે કે એ પેલા કર્મોને થોડાક સમય સુધી જ ઉપશાંત રાખી શકે, વધુ સમય નહિ.

**પ્રશ્ન : કેમ ?**

**ઉત્તર :** વીર્યાન્તરાયનો ઉદય જીવની અનંતશક્તિને રોકે, એટલે આવું બને.

**પ્રશ્ન : પણ, જીવનો એ કર્મોને ઉપશમ રાખવાનો અધ્યવસાય સતત ચાલ્યા જ કરે તો ? તો તો એ બધા કર્મો લાંબા સમય સુધી ઉપશાંત રહે ને ?**

**ઉત્તર :** એ શક્ય નથી. વીર્યાન્તરાયના ઉદયના કારણે જીવનો એ ઉત્તમ–અધ્યવસાય લાંબો ન ચાલે. અંતર્મુહૂર્ત બાદ એ અધ્યવસાય બદલાય જ.

શુભ અધ્યવસાય બે રીતનો હોય. **વર્ધમાન** = વધતો જતો શુભ પરિણામ. **અવસ્થિત** = સ્થિર શુભ પરિણામ.

યથાપ્રવૃત્તકરણ અને એનાથી પણ પહેલા એક અંતર્મુહૂર્ત... ત્યારથી માંડીને જીવનો શુભ અધ્યવસાય વર્ધમાન હોય છે. ઉપશમ સમ્યક્ત્વ પામે ત્યારે એનો પરિણામ અવસ્થિત સ્થિર હોય છે.

પણ વીર્યાન્તરાયનો સંપૂર્ણ ક્ષય નથી થયો, એટલે જીવનો વર્ધમાન પરિણામ કાયમ માટે વર્ધમાન જ રહી શકતો નથી. એમ અવસ્થિત શુભ પરિણામ પણ કાયમ માટે ટકી શકતો નથી. અને માટે જ એ અધ્યવસાયો અટકી ગયા બાદ કર્મોમાં રહેલો ઉપશમ દૂર થઈ જાય છે.

આ કારણસર સર્વોપશમ અંતર્મુહૂર્ત જ ટકે છે.

**પ્રશ્ન : સર્વોપશમ નીકળી ગયા બાદ શું થાય ?**

**ઉત્તર :** જો સમકિતમોહનો ઉદય થાય, તો એ ઔપશમિક સમ્યક્ત્વની જગ્યાએ ક્ષાયો. સમ્યક્ત્વ શરૂ થાય અને જો મિથ્યાત્વમોહનો ઉદય થાય, તો એ ઉપશમભાવ વિનાશ જ પામે છે.

**પ્રશ્ન : સર્વોપશમ કોનો થાય ?**

**ઉત્તર :** માત્ર મોહનીય કર્મનો ! એમાં પણ દર્શનમોહના સર્વોપશમથી ઉપશમ સમ્યક્ત્વ અને ચારિત્રમોહના ઉપશમથી ઉપશમચારિત્ર પ્રગટ થાય છે.

**પ્રશ્ન : બાકીના ત્રણ ઘાતી કર્મોનો સર્વોપશમ કેમ ન થાય ?**

**ઉત્તર :** એ ત્રણ ઘાતી કર્મો એવા છે કે એમનો જ્યાં સુધી સત્તાવિચ્છેદ ન થાય, ત્યાં સુધી તે કર્મોનો રસોદય સતત ચાલુ જ હોય છે અને સતત રસોદય હોય, તો તો સર્વોપશમ શક્ય જ નથી ને ! કેમકે સર્વોપશમમાં તો પ્રદેશોદય પણ ન જ હોય.

આમાં

૫ જ્ઞાનાવરણનો સત્તાવિચ્છેદ બારમાના અંતે છે, અને ત્યાં સુધી રસોદય પણ છે.

૫ અંતરાયનો સત્તાવિચ્છેદ બારમાના અંતે છે, અને ત્યાં સુધી રસોદય પણ

છે.

૪ દર્શનાવરણનો સત્તાવિચ્છેદ બારમાના અંતે, અને ત્યાં સુધી રસોદય પણ છે.

૫ નિદ્રાનો ભલે સતત રસોદય નથી, પણ સત્તાવિચ્છેદ સુધી અવશ્ય પ્રદેશોદય તો છે જ. એટલે સ્પષ્ટ થાય છે કે ત્રણ ઘાતી કર્મોનો સર્વોપશમ ન જ હોય, માત્ર મોહનો જ હોય.

**પ્રશ્ન : અઘાતી કર્મોનો સર્વોપશમ ન થાય ?**

**ઉત્તર :** ❋ વેદનીયમાં બેમાંથી કોઈપણ એકનો રસોદય હોય જ. બીજાનો પ્રદેશોદય હોય.

❋ ગોત્રમાં બેમાંથી કોઈપણ એકનો રસોદય હોય જ. બીજાનો પ્રદેશોદય હોય.

❋ આયુષ્યમાં ભલે કોઈનો પણ પ્રદેશોદય ન હોય, પરંતુ સતત એકાદ આયુષ્યનો રસોદય તો ચાલુ જ હોય છે.

❋ નામ કર્મમાં ૧૨ કર્મ તો ધ્રુવોદયી છે. એટલે ઉદયવિચ્છેદ સુધી એમનો ઉદય સતત ચાલુ જ હોય. (વર્ણાદિ–૪ + સ્થિર–અસ્થિર–શુભ–અશુભ + તૈ.શ. નામ + કા. શ. નામ + અગુરુલઘુ + નિર્માણ...) આ બધાનો છેક તેરમાના છેલ્લા સમયે ઉદયવિચ્છેદ થાય છે. એટલે ત્યાં સુધી નામ કર્મનો સર્વોપશમ કયાંથી મળે ?

એ સિવાય જે ગતિ આદિ કર્મો છે, એ ભલે ધ્રુવોદયી નથી, પરંતુ એમાંથી કોઈકનો રસોદય, તો બીજા બધાનો પ્રદેશોદય ચાલુ જ હોય છે.

આમ ૩ + ૪ = ૭ કર્મો માંથી એકપણ મૂળ કર્મ એવું નથી કે જેમના તમામ પેટા કર્મોનો રસોદય + પ્રદેશોદય બંને ય બંધ ! અને સર્વોપશમમાં એ હોવું જરૂરી છે. એ ન હોવાથી માનવું જ પડે કે આ ૭ કર્મોમાં સર્વોપશમ નથી જ, માત્ર મોહનીયમાં સર્વોપશમ છે.

**પ્રશ્ન : મૂળકર્મના જેટલા પણ પેટાભેદ હોય, એ તમામે તમામનો રસોદય નહિ+ પ્રદેશોદય નહિ તો જ સર્વોપશમ ! એવું તમે કહેવા માંગો છે ? પણ એ તો મિથ્યાત્વના ક્ષયોપશમમાં નહિ ઘટે. કેમકે જ્યારે પ્રથમવાર**

ઉપ.સમ. પામીએ ત્યારે માત્ર મિથ્યાત્વનો જ સર્વોપશમ છે. એટલે કે એનો જ રસોદય + પ્રદેશોદય અટકેલો છે, બાકીના ૨૫ કર્મોનો તો રસોદય કે પ્રદેશોદય તો ચાલુ જ છે.

એટલે આનો અર્થ એ થયો કે કોઈ એકાદ કર્મનો પણ જો રસોદય + પ્રદેશોદય અટકેલો હોય, તો એ સર્વોપશમ કહેવાય જ. બધા જ ઉત્તર કર્મોનો સર્વોપશમ કરવાની કોઈ જરૂર નથી.

હવે જો આ રીતે માનીએ તો બીજા બધા કર્મોમાં પણ સર્વોપશમ મળી શકે છે.

- આપણું મનુષ્યાયુઃ ઉદયમાં છે અને ધારો કે આગલા ભવનું દેવાયુઃ બાંધેલું છે. તો અત્યારે દેવાયુઃનો રસોદય + પ્રદેશોદય બંને નથી, તો દેવાયુઃનો સર્વોપશમ ગણાય ને ? આ રીતે ચારેય આયુઃનો સર્વોપશમ મળી શકે જ છે.

- આહા.-૨ નો સૌ પ્રથમવાર બંધ કરે તો એક આવલિકા સુધી તેનો રસોદય + પ્રદેશોદય નથી જ, તો એનો પણ સર્વોપશમ જ છે.

- આહા.-૨ ની માફક વૈક્રિય-૨, દેવ-૨, નારક-૨, ઉચ્ચગોત્ર, મનુષ્ય-૨ આ બધાનો જ્યારે પ્રથમવાર બંધ કરે, (સત્તાવિચ્છેદ થઈ ગયા બાદ પાછો બંધ કરે.) ત્યારે આ બધામાં આહા.-૨ જેવું જ બને છે. તો પછી એમનો પણ સર્વોપશમ છે જ. એ જ રીતે જિન નામમાં પણ સમજી લેવું.

ઉત્તર : તમે હજી સર્વોપશમનો અર્થ બરાબર ધ્યાનમાં નથી લીધો.

માત્ર રસોદય + પ્રદેશોદય ન હોવો એ જ સર્વોપશમ નથી.

પણ, સત્તામાં રહેલા તમામે તમામ પ્રદેશોની રસોદય કે પ્રદેશોદય રૂપે આવવાની યોગ્યતા જ ખતમ થવી, એ સર્વોપશમ છે.

ભીની માટી અને સૂકી માટીનું દૃષ્ટાંત ન ભૂલો.

તમે જ કર્મોમાં સર્વોપશમની વાત કરો છો, એમાં તો એ કર્મો સૂકી માટી જેવા જ છે, માત્ર અમુક અમુક કારણોસર ઉદયમાં નથી આવી શકયા, એટલું જ !

બાકી એમની ઉદયમાં આવવાની યોગ્યતા તો અંદર પડેલી જ છે. માટે એમનો સર્વોપશમ ન ગણાય.

તમે દર્શાવેલા કર્મોમાં વિચારીએ તો,

❊ આપણે દેવાયુ: ઉદયમાં નથી આવતું એનું કારણ એ કે આયુ:નો સ્વભાવ છે કે એક આયુ:ના રસોદયમાં બીજાનો રસોદય કે પ્રદેશોદય... કંઈ જ ન થાય. બસ માટે એ આપણને ઉદયમાં નથી. પણ એવું અહીં નથી કે 'આપણે આપણા અધ્યવસાયો દ્વારા એના રસને (કે પ્રદેશને) ઉદયમાં આવતો દબાવી દીધો છે.' એટલે કે આપણે એમને ભીની માટી જેવા કરેલા જ નથી.

❊ આહા.–૨ આદિ બાકીના તમામ કર્મો તદન નવા બંધાયા બાદ એક આવલિકા સુધી ઉદયમાં નથી આવતા, એનું કારણ તો એજ કે બંધાવલિકામાં કોઈ જ કરણ ન લાગે એ હકીકત છે. એટલે કે જે કર્મપરમાણુઓ જે સમયે બંધાય, તેમનો બંધ સમયથી એક આવલિકા સુધી રસોદય કે પ્રદેશોદય ન જ થાય.

માટે સ્પષ્ટ થાય છે કે સર્વોપશમ માત્ર મોહમાં જ થાય.

પ્રભુને પોતાના જ્ઞાનમાં સ્પષ્ટ દેખાય છે કે 'આ કર્મો ભીની માટી જેવા બનેલા છે એટલે કે અંત. સુધી તેઓમાં ઉદયાદિ નહિ જ થવાની પાત્રતા ઉત્પન્ન થયેલી છે. અને આ બીજા કર્મોના ભલે ઉદયાદિ ન થતા હોય, તો પણ પેલી ભીની માટી જેવી અવસ્થા એમની ઉત્પન્ન થઈ જ નથી. માટે એ સૂકી માટી જેવા જ છે...'

બીજી મહત્ત્વની વાત :

સર્વોપશમ દ્વારા આત્માનો કોઈ ગુણ પ્રગટ થતો હોય, તો આપણે માનીએ કે અહીં ઔપશમિક ગુણ પ્રગટ થયો છે. માટે કર્મોનો સર્વોપશમ માની શકાય છે. દા.ત. મિથ્યાત્વનો સર્વોપશમ થવાથી ઉપશમ સમકિત નામનો ગુણ પ્રગટ થયો છે, તો ત્યાં મિથ્યાત્વનો સર્વોપશમ માનવો ઉચિત છે. પરંતુ અહીં આહા.–૨ કે આયુ: વગેરેમાં તમે જે રીતે સર્વોપશમ માનવાનું જણાવો છો, એમાં કોઈ ગુણ તો પ્રગટ થતો જ નથી.

દા.ત. દેવાયુ:નો ઉદય નથી, તો એનાથી એક અંશ જેટલી પણ અક્ષયસ્થિતિ નથી પ્રગટી.

આહા.–રનો ઉદય નથી, તો એનાથી એક અંશ જેટલી પણ અરૂપીપણું નથી પ્રગટ્યુ.

ઉચ્ચગોત્રનો ઉદય નથી, તો એનાથી એક અંશ જેટલી પણ અગુરૂલઘુતા નથી પ્રગટી.

દેવાયુઃના સ્થાને મનુષ્યાયુઃ એ અક્ષયસ્થિતિને ૧૦૦% ઢાંકી દીધી છે.

આહા.–૨ આદિના સ્થાને ઔદા. દ્વિક વગેરેએ અરૂપીપણાને ૧૦૦% ઢાંકી દીધુ છે.

ઉચ્ચગોત્રના સ્થાને નીચગોત્રે અગુરૂલઘુતાને ૧૦૦% ઢાંકી દીધી છે.

અહીં મિથ્યાત્વમાં એવું નથી.

મિથ્યાત્વ સમકિતને ઢાંકતું હતું. હવે મિથ્યાત્વનો રસોદય અટક્યો, (+ પ્રદેશોદય પણ અટક્યો) તો સમ્યક્ત્વગુણ પ્રગટ થઈ ગયો. એવું નથી બન્યું કે 'અપ્રત્યા. આદિ બીજા કર્મોએ સમ્યક્ત્વને ઢાંકી દીધું.'

એટલે બે વાત છે.

મિથ્યાત્વ કર્મો ભીની માટી જેવા બને છે (સર્વોપશમ). અને માટે જ એ વખતે સમ્યક્ત્વ પ્રગટે છે (ગુણ પ્રાપ્તિ). માટે ત્યાં સર્વોપશમ માનીએ... એ ઉચિત છે.

આયુઃ વગેરે કર્મો રસોદય–પ્રદેશોદયવાળા ન હોય, તો પણ ભીની માટી જેવા બનતા નથી. અને એ વખતે કોઈ ગુણ લેશથી પણ પ્રગટ થતો નથી, માટે સર્વોપશમ નથી... એમ જ મનાય.

**પ્રશ્ન : જ્યારે જીવ મિથ્યાત્વનો સર્વોપશમ કરવાનો પ્રારંભ કરે ત્યારે એની સ્થિતિસત્તા કેટલી હોય છે ? અને એ વખતે બીજા કર્મોની કેટલી હોય છે ?**

**ઉત્તર :** બધાયની અંતઃકોટા કોટી સાગરોપમ ! યથાપ્રવૃત્તકરણ ચાલુ થાય, એના પહેલાથી જ તમામ કર્મોની આટલી સ્થિતિ થઈ ગઈ હોય છે. એ પછી જ યથાપ્રવૃત્તકરણ... આદિ થાય છે.

**પ્રશ્ન : સર્વોપશમ ન કરતો હોય એ વખતે કર્મોની સ્થિતિસત્તા કેટલી હોય છે?**

ઉત્તર : મૂળ કર્મમાં જે પણ કર્મની સૌથી વધારે સ્થિતિસત્તા હોય, એટલી જ તમામ ઉત્તરકર્મોની એ વખતે હોય છે. આમાં આયુ: ન લેવું અને મોહમાં દર્શનમોહ-ચારિત્રમોહને અલગ જ ગણવા.

**પ્રશ્ન : સમજ ન પડી. ધારો કે મૂળ કર્મ તરીકે વેદનીય લઈએ, તો એમાં શાતાનો ઉત્કૃષ્ટ બંધ ૧૫ કો.કો.નો છે, અને અશાતાનો ૩૦ કો.કો.નો છે. હવે અશાતાની સ્થિતિસત્તા તો ધારો કે ૩૦ કો.કો. ઉત્કૃષ્ટથી સંભવે, પણ શાતાનો તો બંધ જ ૧૫ કો.કો. નો છે, તો એની ઉત્કૃષ્ટ સત્તા તો ૧૫ કો.કો. જ રહે ને !**

ઉત્તર : ના, જ્યારે શાતા બાંધે, ત્યારે અશાતાની સ્થિતિનો એમાં સંક્રમ થાય છે, એટલે શાતા પણ લગભગ ૩૦ કો.કો. જેટલી બની જાય છે.

આજ રીતે ગોત્રમાં, નામમાં પણ સમજવું.

મોહનીયમાં મિથ્યાત્વની સ્થિતિ ૭૦ કો.કો. ઉત્કૃષ્ટની છે, પણ એનો સંક્રમ ચારિત્રમોહમાં નથી થતો, એટલે ચારિત્રમોહની ૨૫ કર્મોની સ્થિતિ ૪૦ કો.કો. જ થાય છે.

In short મૂળ કર્મોમાં ઉત્તરભેદોમાં ભલે સ્થિતિબંધ ઓછો-વત્તો હોય, પણ સ્થિતિસત્તા તો એ ઉત્તરભેદોની સમાન જ હોય છે. એનું મુખ્ય કારણ છે સંક્રમ!

સ્પષ્ટ કરીએ તો-

૫ જ્ઞાનાવરણની ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા ૩૦ કો.કો. સાગરોપમ... (બધાયને બંધમાં જ ૩૦ કો.કો.)

૫ અંતરાયની ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા ૩૦ કો.કો. સાગરોપમ... (બધાયને બંધમાં જ ૩૦ કો.કો.)

૯ દર્શના.ની ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા ૩૦ કો.કો. સાગરોપમ... (બધાયને બંધમાં જ ૩૦ કો.કો.)

૧ મિથ્યામોહની ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા ૭૦ કો.કો. સાગરોપમ... (બંધથી)

૨૫ ચારિત્રમોહની ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા ૪૦ કો.કો. સાગરોપમ... (બંધ + સંક્રમથી)

૨ વેદનીયની ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા ૩૦ કો.કો. સાગરોપમ... (બંધ + સંક્રમથી)

૨ ગોત્રની ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા ૨૦ કો.કો. સાગરોપમ... (બંધ + સંક્રમથી)

૬૭ નામની ઉત્કૃષ્ટ સ્થિતિસત્તા ૨૦ કો.કો. સાગરોપમ... (બંધ + સંક્રમથી)

(વિશેષ પદાર્થ સંક્રમકરણથી જાણી લેવો.)

જ્યારે મિથ્યાત્વનો સર્વોપશમ કરવાનો હોય, ત્યારે તો એનો પ્રદેશોદય પણ ન હોવો જરૂરી છે. એ માટે–

– ધારો કે જીવ ૧ સમય પર છે, તો ૧૦૦ સમય છોડી ૧૦૧ થી ૨૦૦ સમય સુધીમાં જે મિથ્યાત્વ કર્મો ઉદયમાં આવવા માટે ગોઠવાયેલા છે એ બધાને ત્યાંથી ખાલી કરે છે.

– ધારો કે જીવને આ ખાલી કરતા (અંતરકરણ કરતા) ૪૦ સમય થાય છે, તો એનો અર્થ એ કે જ્યારે જીવ ૪૧માં સમયે પહોંચે, ત્યારે ૪૧ થી ૧૦૦માં મિથ્યાત્વદલિકો છે. ૧૦૧ થી ૨૦૦માં નથી, ૨૦૧થી ઉપર પાછા મિથ્યાત્વદલિકો છે.

– ૪૧માં સમયથી જીવ સર્વોપશમ કરવાનું ચાલુ કરે છે એટલે કે ૨૦૧થી ઉપર રહેલા મિથ્યાત્વ કર્મોને ભીની માટી જેવા બનાવવાનું કામ ચાલુ કરે છે.

– ૧૦૦માં સમયે એ કામ પ્રાયઃ પૂર્ણ થઈ જાય છે, એટલે કે સત્તામાં રહેલા=૨૦૧થી ઉપર રહેલા તમામ મિથ્યાત્વ કર્મો ભીની માટી જેવા બની જાય છે.

– ૧૦૧માં સમયે પહોંચે એટલે મિથ્યાત્વનો રસોદય પણ નથી, પ્રદેશોદય પણ નથી. સત્તાના તમામ મિથ્યાત્વ કર્મો ઉપશમ પામ્યા છે, માટે સમકિતગુણ પ્રગટ્યો છે, માટે અહીં સર્વોપશમ માની શકાય છે.

**પ્રશ્ન : તમે ૧૦૧માં સમયે સત્તાગત તમામ મિથ્યાત્વ કર્મોનો ઉપશમ કહો છો, પણ એ શક્ય જ નથી. કેમકે ૧૦૦માં સમય સુધી મિથ્યાત્વનો બંધ તો ચાલુ જ હતો. અને આપણો નિયમ છે કે બંધાવલિકામાં કોઈ જ કરણ ન લાગે, એટલે કર્મ બાંધે એ સમયથી એક આવ. સુધી એનો ઉપશમ પણ**

ન જ થાય.

તો ધારો કે ૧ આવ. = ૪ સમય લઈએ તો જે કર્મો ૯૬માં સમયે બાંધ્યા એ તો ૯૬ + ૯૭ + ૯૮ + ૯૯ એમ ચાર સમયની એક આવ. વીતી ગયા બાદ ૧૦૦માં સમયે એનો ઉપશમ ચાલુ થાય.

૯૭માં સમયે જે બાંધ્યા, એનો ઉપશમ તો ૧૦૧માં સમયથી ચાલુ થાય. ૯૯માં સમયે બંધાયેલાનો ઉપશમ ૧૦૩માં સમયથી ચાલુ થાય.

૧૦૦માં સમયે બંધાયેલાનો ઉપશમ ૧૦૪માં સમયથી ચાલુ થાય.

વળી આ જે નવા બંધાયેલા કર્મોનો ઉપશમ કરે છે, એમાં એ ઉપશમ કરતા એને એક આવલિકા તો લાગે જ.

એટલે આખું કોષ્ઠક આ પ્રમાણે થશે.

| ક્રમ | બંધ સમય | બંધાવલિકા | ઉપશમાવલિકા | ઉપશાન્ત |
|---|---|---|---|---|
| (૧) | ૯૩ | ૯૩ થી ૯૬ | ૯૭ થી ૧૦૦ | ૧૦૧ |
| (૨) | ૯૪ | ૯૪ થી ૯૭ | ૯૮ થી ૧૦૧ | ૧૦૨ |
| (૩) | ૯૫ | ૯૫ થી ૯૮ | ૯૯ થી ૧૦૨ | ૧૦૩ |
| (૪) | ૯૬ | ૯૬ થી ૯૯ | ૧૦૦ થી ૧૦૩ | ૧૦૪ |
| (૫) | ૯૭ | ૯૭ થી ૧૦૦ | ૧૦૧ થી ૧૦૪ | ૧૦૫ |
| (૬) | ૯૮ | ૯૮ થી ૧૦૧ | ૧૦૨ થી ૧૦૫ | ૧૦૬ |
| (૭) | ૯૯ | ૯૯ થી ૧૦૨ | ૧૦૩ થી ૧૦૬ | ૧૦૭ |
| (૮) | ૧૦૦ | ૧૦૦ થી ૧૦૩ | ૧૦૪ થી ૧૦૭ | ૧૦૮ |

આમાં સ્પષ્ટ દેખાય છે કે જીવ જ્યારે ૧૦૧માં સમય પર છે એટલે કે ઔપ. સમ્યક્ત્વનો પ્રથમ સમય છે, ત્યારે પણ ૯૪ થી ૧૦૦ સમયમાં બાંધેલા = ૭ સમયમાં બાંધેલા = સમયન્યૂન બે આવ.માં બાંધેલા કર્મો ઉપશાંત થયેલા જ નથી. અરે ૯૮-૯૯-૧૦૦માં સમયમાં જે બાંધેલા છે, એને તો ઉપશમ કરવાનો પ્રારંભ પણ નથી કર્યો.

તો તમે શી રીતે કહી શકો કે '૧૦૧માં સમયે સર્વોપશમ થઈ ચૂક્યો છે?

ઉત્તર : તમારો પ્રશ્ન સરસ છે.

– અંતઃ કો.કો. સ્થિતિમાંથી માત્ર સમયન્યૂન બે આવ.માં બાંધેલા કર્મો જ ત્યારે ઉપશમ કરવાના બાકી છે. એ અત્યંત અલ્પ છે, એટલે એને ધ્યાનમાં નથી લીધા અને માટે જ ત્યાં સર્વોપશમ કહેવામાં આવ્યો છે. (अल्पस्य विवक्षा नास्ति)

સંઘના ૫૦૦ સભ્યોની મીટીંગ બોલાવી હોય. એમાં ૫ ન આવ્યા હોય તો બોલાય તો એમ જ કે 'આખો સંઘ હાજર હતો.' ત્યાં ૫ની ગેરહાજરીની નોંધ નથી થતી.

– તમે એ વિચારો કે ૯૪ થી ૧૦૦માં સમયના જે કર્મો સર્વોપશમ થવાના બાકી છે, (૧૦૧માં સમયે)... તેનું કારણ શું છે ? શું જીવની એ કર્મોનો ઉપશમ કરવાની તાકાત ઓછી હતી ? નહિ જ. પણ કુદરતી બે નિયમોના કારણે જ આ બધાનો ઉપશમ બાકી રહી ગયો છે. (૧) બંધાવલિકામાં ઉપશમાદિ કંઈ જ ન થાય, (૨) બંધા. બાદ પણ ઉપશમ કરતા ૧ આવ. તો લાગે જ.

તો આ જીવ જેટલો વહેલામાં વહેલો ઉપશમ શક્ય હોય, એટલો વહેલો કરી જ દે છે. એટલે કે કોઈપણ કર્મને બંધમાં આવ્યા બાદ ઉપશમ થતા કમ સે કમ બે આવ. તો લાગે જ. એનાથી ઓછા સમયમાં એનો ઉપશમ ન થઈ શકે.

એટલે કર્મો ઉપશમ નથી પામ્યા, તોય પામી રહ્યા છે... ઉપશમ પામવાની તૈયારીમાં જ છે, માટે એમનો સર્વોપશમ માનવામાં કોઈ વાંધો નથી (क्रियमाणं कृतम्).

– આ બંધાયેલા કર્મોની બંધાવલિકામાં તો ઉદયમાં આવવાની યોગ્યતા નથી જ અને બંધાવલિકા બાદ તરત જ એમનો ઉપશમ ચાલુ થઈ જાય છે, એટલે ત્યારે પણ એમની ઉદયમાં આવવાની પાત્રતા નથી... એમ કહેવાય. આમ બધી રીતે નક્કી થાય છે કે એમનો પણ સર્વોપશમ માની શકાય.

(હા ! સંપૂર્ણ સર્વોપશમ તો ૧૦૮માં સમયે જ થશે, એ હકીકત છે.)

હવે નોંધ કરો.

સર્વોપશમ માત્ર મોહનો જ થાય, અન્ય કર્મોનો નહિ.

એટલે મોહ જે ગુણોને ઢાંકે છે એ જ ગુણો મોહના સર્વોપશમ દ્વારા પ્રગટ થાય.

એટલે મિથ્યાત્વમોહ સમ્યક્ત્વગુણને ઢાંકે છે, તો મિથ્યાત્વમોહના સર્વોપશમ

દ્વારા સમ્યક્ત્વગુણ જ પ્રગટે. અને ચારિત્રમોહ ચારિત્રને ઢાંકે છે, તો ચારિત્રમોહના સર્વોપશમ દ્વારા ચારિત્રગુણ જ પ્રગટે.

બીજા કર્મોનો સર્વોપશમ નથી, તો બીજા કર્મો જે કેવલજ્ઞાનાદિ ગુણોને ઢાંકે છે, તે ગુણો ક્યારેય પણ સર્વોપશમ દ્વારા પ્રગટ નહિ થાય, એટલે કે ઔપશમિક નહિ બને.

આમ નક્કી થયું કે,

સર્વોપશમથી પ્રગટ થનાર ઔપશમિક ગુણ બે જ છે (૧) ઔપ. સમ્યક્ત્વ, (૨) ઔપ.ચારિત્ર.

**પ્રશ્ન : એ કયા ગુણસ્થાને મળે ?**

ઉત્તર : ઔપ. સમ્યક્ત્વ બે પ્રકારે છે.

જીવ જ્યારે સૌ પ્રથમવાર ઔપ.સમ્યક્ત્વ પામે તે.

જીવ ઉપશમશ્રેણી માંડતી વખતે ઔપ.સમ્યક્ત્વ પામે તે.

પ્રથમ ઔપ. સમ્યક્ત્વ ૪ થી ૭ ગુણ ઠાણે મળે.

બીજુ ઔપ. સમ્યક્ત્વ ૬ થી ૧૧ ગુણ ઠાણે મળે.

એનું વિસ્તૃત વર્ણન અન્યગ્રન્થથી જાણી લેવું.

**પ્રશ્ન : જીવ પહેલીવાર જે ઉપશમ સમ્યક્ત્વ પામે છે એ જ ઉપ.સમ્ય.માં સીધી ઉપશમ શ્રેણી ન માંડે ?**

ઉત્તર : ના, એ શક્ય નથી. પ્રથમ ઉપ. સમકિતનો કાળ પૂરો થાય, સમકિતમોહનો ઉદય થાય, ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પામે એ પછી વળી પાછું છટ્ઠા કે સાતમા ગુણસ્થાને ઉપશમ સમકિત પામે ત્યારે એ ઉપશમશ્રેણી લગાવી શકે.

બીજીવારના ઉપ.સમ્યક્ત્વમાં અનંતા. ૪ + દર્શનત્રિક એમ સાતેય કર્મોનું અંતરકરણ કરે છે અને સાતેય કર્મોનો સર્વોપશમ કરે છે.

પહેલા ઉપ.સમ્ય.માં તો માત્ર મિથ્યાત્વનું જ અંતરકરણ કરે છે, અને તેનો જ સર્વોપશમ કરે છે, અનંતા.નો નહિ. (મિશ્રમોહ + સમ.મોહનો સર્વોપશમ મિથ્યાત્વમોહના સર્વોપશમમાં જ ગણી લેવાનો.)

બીજીવારના ઉપશમ સમ્ય.માં અન્યમત એ છે કે અનંતા. ૪ની વિસંયોજના = સંપૂર્ણ નાશ થાય અને દર્શનત્રિકનું અંતરકરણ + સર્વોપશમ...

**પ્રશ્ન : એક ભાવમાં બે વાર ઉપ.શ્રેણી પામી શકાય છે. હવે એકવાર ઉપ.શ્રેણી પામ્યા, ત્યાંથી નીચે પડ્યા પછી બીજીવાર ઉપ.શ્રેણી પામવી હોય તો ફરીવાર નવું ઉપ.સમ્યક્ત્વ પામવું પડે ?**

ઉત્તર : ના, એવું જરૂરી નથી.

(૧) ૬–૭ ગુણઠાણે ઉપ.સમ. પામીને શ્રેણી માંડી. અગિયારમેથી નીચે પડ્યા, ૬–૭ પર પહોંચ્યા. ત્યાં જો લાં ો સમય રહે અને સમ.મોહનો ઉદય થઈ જાય, તો પાછું ક્ષાયો.સમ્ય. આવી ગયું. એ પછી જો ઉપશમશ્રેણી પામવી હોય તો બીજીવાર અંતરકરણાદિ કરીને ઉપ.સમ્ય. પામવું પડે, અને પછી બીજી ઉપ.શ્રેણી લાગે.

(૨) પરંતુ પહેલી ઉપ.શ્રેણીમાંથી નીચે પડીને ૬–૭ પર આવે અને જો તરત જ બીજીવાર ઉપ.શ્રેણી માંડે, તો હજી સમકિતમોહનો ઉદય થયો જ નથી, પહેલી ઉપ.શ્રેણીનું જ ઉપ.સમ્યક્ત્વ ચાલુ છે અને એનો સમય પણ ઘણો બાકી છે, તો એ જ ઉપ.સમ્યક્ત્વમાં બીજી ઉપ.શ્રેણી પામી શકે છે.

**પ્રશ્ન : ઉપશમશ્રેણીમાં છેક અગિયારમે ગુણસ્થાને ઉપશમચારિત્ર માન્યું, પણ હકીકત તો એ છે કે નવમે ગુણસ્થાને વારાફરતી એક-એક કર્મોનો સર્વોપશમ કરતો જ જાય છે અને એટલે એ એ કર્મ જે જે ગુણને ઢાંકતા હતા તે તે ગુણ પ્રગટ થતા જ જાય છે. તો એનું વર્ણન કેમ નથી ?**

**દા.ત. ત્રણવેદનો ઉપશમ થાય એટલે અવેદીપણું...**

**ક્રોધનો ઉપશમ થાય એટલે ક્ષમા...**

**માનનો ઉપશમ થાય એટલે નમ્રતા...**

**માયાનો ઉપશમ થાય એટલે સરળતા...**

**લોભનો ઉપશમ થાય એટલે વૈરાગ્ય (અકિંચનતા)...**

**આ બધા જ ઔપશમિક ગુણો છે. તો એ બધા અલગ અલગ બતાવવા**

જોઈએ ને ?

ઉત્તર : તમારી વાત સાચી છે. તમે તો દૃષ્ટાંત રૂપે પાંચ જ ગુણ બતાવ્યા છે. હકીકતમાં તો મોહના ૨૮ ભેદ છે. તો જેનો જેનો ઉપશમ થાય તે તે કર્મ સંબંધી ઔપશમિક ગુણ બતાવવા જ જોઈએ. અને શ્રી અનુયોગ દ્વાર નામના આગમ ગ્રન્થમાં કહ્યું પણ છે કે–

*'મોહની ૨૮ પ્રકૃતિઓ છે, તેઓ એક–એક ગુણને ઢાંકે છે. તો જ્યારે ઉપ.શ્રેણીમાં એ ૨૮નો ઉપશમ થાય, ત્યારે ૨૮ ઔપશમિક ગુણો પ્રગટ થાય છે. જેમ જેમ જે જે કર્મોનો ઉપશમ થતો જાય તેમ તેમ તે તે ગુણ પ્રગટ થતો જાય છે. પરંતુ અહીં એ રીતે નથી બતાવ્યું એનું કારણ એટલું જ કે આ ૨૮ ગુણોનો સમૂહ= ૧ ઔપ. ચારિત્ર બને છે. આ બધા ગુણો એ ૧ ઔપ. ચારિત્રના અંશ જ છે. હવે ધારો કે કોઈ એક કર્મનો સર્વોપશમ થઈ ગયો, તો એ વખતે એક ગુણ પ્રગટ થાય જ છે. પરંતુ એકવાર જીવ ઉપશમશ્રેણી માંડે પછી એ અવશ્ય એક પછી એક તમામ મોહ કર્મોનો ઉપશમ કરવાનો જ છે. વચ્ચે ક્યાંય અટકવાનો નથી. (હા! ઉપશમશ્રેણીમાં ચડતા–ચડતા વચ્ચે મૃત્યુ જ થઈ જાય તો અલગ વાત છે.) એટલે કે એની નવા નવા ગુણોને પ્રાપ્ત કરવાની પ્રવૃત્તિ સતત ચાલુ જ છે, વચ્ચે અટકી નથી ગયો.*

*એટલે એ એક ગુણની અમે અલગ ગણતરી નથી કરી, પણ એક સાથે બધા ગુણો મળી ગયા બાદ એ બધા ગુણોના સમૂહાત્મક ચારિત્રરૂપ એક જ ઔપ. ગુણ ગણી લીધો છે.'*

**સાર :-** (૧) રસોદય નહિ, (૨) પ્રદેશોદય નહિ, (૩) સત્તામાં રહેલા પુદ્ગલો ભીની માટી જેવા બનવા, એટલે કે ઉદયાદિની લાયકાત = પાત્રતા = યોગ્યતા ન રહેવી, (૪) ગુણ પ્રગટ થવો...

સર્વોપશમમાં આ ચાર વસ્તુ અવશ્ય હોય.

# ૮. દેશોપશમ

દેશોપશમ કે દેશોપશમના બંને વસ્તુ એક જ છે.

(૧) આ દેશોપશમ આઠેય કર્મોમાં લાગે છે.

(૨) અનાદિકાળથી તમામ જીવોને પ્રત્યેક સમયે દેશોપશમ ચાલુ જ હોય છે.

(૩) કોઈપણ કર્મની ઉદયાવલિકા ઉપરની જે સ્થિતિસત્તા છે, એમાં દરેકે દરેક સ્થિતિમાં જેટલા પ્રદેશો છે, એનો અસંખ્યાતમો ભાગ ભીની માટી જેવો કરી દેવો = ઉદયાદિને માટે અયોગ્ય બનાવી દેવો એનું નામ દેશોપશમ !

(૪) દા.ત. ૧૦૦૦ સ્થિતિસત્તા છે. આવલિકા = ૪ સમય. દરેક સ્થિતિમાં ૧ કરોડ પ્રદેશો છે. (અનંત=૧ કરોડ) ૧ લાખ = ૧ અસંખ્યાતુ માનીએ, તો ૧ કરોડ ÷ ૧ લાખ = ૧૦૦ એ અસંખ્યાતમો ભાગ થાય. તો પાંચમી, છઠ્ઠી... તમામ સ્થિતિમાંના ૧૦૦-૧૦૦ પ્રદેશોનો ઉપશમ કરી દેવો એ છે દેશોપશમ !

(૫) દરેક સ્થિતિમાં ૧ કરોડ – ૧૦૦ = ૯૯ લાખ, ૯૯ હજાર, ૯૦૦ પ્રદેશોનો ઉપશમ થયેલો હોતો નથી.

(૬) અંતર્મુહૂર્ત સુધી જ આ ઉપશમ ટકે, પછી એ ૧૦૦ પુદ્ગલો પાછા અનુપશાન્ત થાય. એટલે એમના ઉદય વગેરે થઈ શકે.

(૭) જીવ દરેક સમયે આ રીતે દેશોપશમ કર્યા જ કરે છે. જૂના ઉપશાંત કર્મો પોતાનો સમય પૂરો થતા અનુપશાંત થાય, પરંતુ દરેક સમયે નવા નવાનો ઉપશમ થતો જ રહે. એટલે આ રીતે તો દેશોપશમ અનાદિકાળથી પ્રત્યેક સમયે તમામ જીવોને ચાલુ જ છે.

(૮) સત્તામાં રહેલા, ઉદયાવલિકાની ઉપર રહેલા કર્મોનો ઉપશમ કરે, એ વાત સાચી. પણ એ પણ જેમની બંધાવલિકા પસાર થઈ ગઈ છે એમનો જ ! કેમકે બંધાવલિકામાં ઉપશમાદિ કશું જ ન થાય. એટલે કે જે કર્મ જે સમયે બંધાય, તે કર્મમાં એક આવલિકા સુધી ઉદય-ઉપશમાદિ કશું જ ન થાય, એ પછી થાય.

(૯) દેશોપશમનો અર્થ એવો ન કરવો કે 'ઉદય-ઉદીરણા-નિધત્તિ-

નિકાચના આ ચાર અટકાવવાનું હતું, પરંતુ એમાં ઉદય-ઉદીરણાને જ અટકાવવા, બીજી બે વસ્તુ થવા દેવી...'

અહીં દેશોપશમનો અર્થ સત્તામાં રહેલ પ્રદેશોની સંખ્યાને અનુસારે છે.

સર્વનો = તમામ પ્રદેશોનો ઉપશમ એ સર્વોપશમ !

દેશનો = અસંખ્યાતમા ભાગનો ઉપશમ એ દેશોપશમ !

બાકીના અસંખ્યાતા ભાગોનો ઉપશમ આમાં હોતો નથી, માટે સર્વોપશમ ન જ કહેવાય.

(૧૦) બરાબર ધ્યાનમાં લો...

– દેશોપશમ અનાદિકાળથી છે...

– દેશોપશમ અંતર્મુહૂર્ત જ હોય...

આ બંને વસ્તુ સ્પષ્ટ કરવી.

❋ આત્મા પ્રત્યેક સમયે સત્તામાં રહેલા અસંખ્યાતમા ભાગના પ્રદેશોનો ઉપશમ કરતો જ રહે છે, કરતો જ રહે છે. માટે કહેવાય છે કે દેશોપશમ અનાદિકાળથી છે.

❋ આત્માએ એક સમયમાં જે અસંખ્યાતમા ભાગના પ્રદેશોનો ઉપશમ કર્યો છે, તે ઉપશમ એ પ્રદેશોમાં અંતર્મુહૂર્ત જ ટકશે, એ પછી એ અનુપશાન્ત થઈ જશે. બીજા સમયે જે પ્રદેશોનો ઉપશમ કર્યો છે તે પણ અંતર્મુહૂર્ત ટકશે. પણ એ પછી એ પ્રદેશો અનુપશાન્ત થઈ જશે. આમ જીવે ઉપશાન્ત કરેલા કર્મોનો ઉપશમને ટકવાનો કાળ અંતર્મુહૂર્ત જ છે.

**પ્રશ્ન : આ દેશોપશમ વખતે આત્માના કોઈ ગુણ પ્રગટે ખરા ?**

ઉત્તર : ના, ધારો કે મિથ્યાત્વનો દેશોપશમ ચાલુ હોય, તો એ વખતે પણ એ મિથ્યાત્વનો રસોદય ચાલુ જ છે. એના કારણે જીવ મિથ્યાત્વે જ છે. એટલે મિથ્યાત્વના દેશોપશમથી જીવને કોઈ ગુણની પ્રાપ્તિ નથી થતી.

આ જ રીતે તમામ કર્મોમાં સમજી લેવું.

**પ્રશ્ન : તો પછી આ દેશોપશમ કરવાનો મતલબ શું ?**

ઉત્તર : ભાગ્યશાળી ! જીવ કંઈ વિચારી–વિચારીને આ દેશોપશમ આદિ નથી કરતો. એ તો જીવના અધ્યવસાયાદિ પ્રમાણે સહજ રીતે થનારી વસ્તુઓ છે. એમાં ફળ મળે, ન મળે એ બધું અગત્યનું નથી. જે હકીકત છે એ બતાવવામાં આવે છે. પ્રભુએ પોતાના જ્ઞાનમાં જોયું કે 'આ રીતે દેશોપશમ થાય છે.' તો પ્રભુએ બતાવ્યું. પ્રભુએ એ પણ જોયું કે 'આમાં કંઈ ફળ નથી મળતું', તો પ્રભુએ એ પણ બતાવી દીધું.

પ્રભુ કંઈ વિશ્વના કર્તા નથી. પ્રભુ બનાવનાર નથી, બતાવનાર છે. જૈનદર્શને આ જ સત્ય માન્યું છે, ઈશ્વર જગત–દૃષ્ટા છે, જગતકર્તા નથી. એટલે તમારો પ્રશ્ન વ્યાજબી નથી.

**પ્રશ્ન : ક્યાં સુધી જીવ એ દેશોપશમના કરે છે ?**

ઉત્તર : અનાદિકાળથી કરે છે અને અપૂર્વકરણમાં પણ કરે છે. જેવું અનિવૃત્તિકરણ ચાલુ થાય કે તરત દેશોપશમના કરવાનું અટકાવી દે છે. એ અનિવૃત્તિકરણમાં જ અંતરકરણ કર્યા બાદ જીવ સર્વોપશમના કરે છે. એ સર્વોપશમના પણ માત્ર મિથ્યાત્વની કરે છે.

**પ્રશ્ન : ત્યારે અન્ય કર્મોની દેશોપશમના ચાલુ ? કે બંધ ?**

ઉત્તર : એ અન્યગ્રન્થોથી જાણી લેવું.

## ૯. વિપાકોપશમ

વિપાક = રસ, વિપાકનો = રસનો ઉપશમ એટલે વિપાકોપશમ !

આ આખો પદાર્થ આપણે સીધો દૃષ્ટાંત દ્વારા જ સમજીએ–

(૧) ઉદય સમયમાં જે દલિકો છે, તેમાં ધારો કે નં.–૧ પાવરથી નં.–૧ લાખ પાવર સુધીનો રસ છે. એટલે કે ઉદય સમયમાં અનંતાનંત દલિકો છે. તો અમુકમાં નં.–૧, અમુકમાં નં.–૨, અમુકમાં નં.–૩... એમ અમુકમાં ઉત્કૃષ્ટ નં.–૧ લાખ પાવર છે.

(૨) આમાંથી કયો રસ ઉદયમાં આવશે ? એ તો દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ–

ભવને આધારે જ નક્કી થાય છે. ધારો કે મરિચિને કુળ–અભિમાન વખતે મિથ્યાત્વનો ઉદય હતો, પણ એ ૧૫૦૦૦ પાવરનો હતો. એજ મરિચિને ઉત્સૂત્ર પ્રરૂપણા વખતે ૨૦૦૦૦ પાવરનો રસ હતો. જમાલિને ૨૫૦૦૦નો હતો, તો ગોશાળાને પ્રભુ પર આગ છોડતી વખતે ૮૦૦૦૦નો હતો.

(૩) જો ૧૫૦૦૦નો રસ ઉદયમાં હોય, તો ઉદય સમયમાં રહેલા ૧૫૦૦૧થી માંડીને ૧ લાખના રસનું શું થાય ? એનો જવાબ એ કે એ બધો જ રસ ૧૫૦૦૦ રૂપ બની જાય અને ૧૫૦૦૦ રૂપે જ ભોગવાઈ જાય.

(૪) ઉદય સમયમાં રહેલા આ ૧૫૦૦૧...વગેરે અધિકરસને ઉદયમાં ન આવવા દીધો, ઘટાડી દેવામાં આવ્યો, એ એક પ્રકારનો અધિકરસનો=વિપાકનો ક્ષય છે.

(૫) જે કર્મો ઉદયાવલિકાની ઉપર છે એમાં પણ ૧૫૦૦૧ થી ૧ લાખવાળા છે જ, પણ જ્યારે જીવને ૧૫૦૦૦નો ઉદય છે ત્યારે જીવ એ ઉપર રહેલા વધારે રસવાળા દલિકોમાં એવી યોગ્યતા પેદા કરે છે કે 'એ દલિકો ૧૫૦૦૧...આદિ રસરૂપે ઉદયમાં આવી જ ન શકે...'

આમ અધિકરસને ઉદયમાં આવતો અટકાવવો, દબાવવો એનું નામ છે વિપાકોપશમ !

(૬) ઉદયાવલિકાની ઉપરના દલિકો ઉદીરણા દ્વારા ઉદયમાં આવી તો શકે છે, ન જ આવે એવું નથી. પણ જો ૧૫૦૦૦થી અધિકરસવાળા હોય, તો એમનો રસ ૧૫૦૦૦ થઈ જ જાય, અને એ ૧૫૦૦૦ રૂપે જ ઉદયમાં આવે. આમ અધિકરસ તો ઉદયમાં ન જ આવ્યો.

(૭) આખું સ્વરૂપ સ્પષ્ટ કરીએ તો...

– ઉદય સમયમાં જે ૧૫૦૦૦ રસવાળા છે, તે તે સ્વરૂપે જ ઉદયમાં આવે છે.

– જે ૧ થી ૧૪૯૯૯ રસવાળા છે, તે તે સ્વરૂપે જ ઉદયમાં આવે છે.

– જે ૧૫૦૦૧ થી ૧ લાખ રસવાળા છે, તે બધા ૧૫૦૦૦ બનીને ઉદયમાં આવે છે.

– ઉદયાવલિકાની ઉપર જે ૧૫૦૦૦ રસવાળા છે, તે ઉદીરણા દ્વારા

સ્વરૂપે જ ઉદયમાં આવી શકે.

– ઉદયાવલિકાની ઉપર જે ૧ થી ૧૪૯૯૯ રસવાળા છે, તે ઉદીરણા દ્વારા સ્વરૂપે જ ઉદયમાં આવી શકે.

– ઉદયાવલિકાની ઉપર જે ૧૫૦૦૧ થી ૧ લાખવાળા છે, તે ઉદીરણા દ્વારા ૧૫૦૦૦ રૂપે જ ઉદયમાં આવે.

– ઉદયાવલિકાની ઉપર જે ૧૫૦૦૧ થી ૧ લાખવાળા દલિકો ઉદીરણા દ્વારા ઉદયમાં ન આવે, ઉપર જ રહે, તેમાં પણ એ વખતે ભીની માટી જેવું સ્વરૂપ થઈ જાય છે. એટલે કે તેઓમાં એવી યોગ્યતા આવી જાય છે કે તેઓ અધિકરસ રૂપે ઉદયમાં ન જ આવે.

(૮) આમાં ઉદયસમયમાં રહેલા અધિકરસવાળા દલિકો ૧૫૦૦૦ રૂપ બને, અને એમનો અધિક રસ ઉદયમાં ન આવે, ખતમ થાય, એ છે ક્ષય !

– ઉદયાવલિકાની ઉપર રહેલા અધિકરસવાળા દલિકો ૧૫૦૦૦ રૂપ બનીને ઉદીરણા દ્વારા ઉદયમાં આવે, એમનો અધિકરસ ઉદયમાં ન આવે, ઓછો થઈ જાય એ ક્ષય !

– ઉદયાવલિકાની ઉપર રહેલા દલિકો ઉદયમાં ન આવે, છતાં એમનામાં એવી યોગ્યતા ઉત્પન્ન થાય કે તેઓનો અધિકરસ ઉદયમાં ન આવી શકે, આવે તો પણ ઘટીને જ આવે, ૧૫૦૦૦ થઈને જ આવે, ... આ રીતની યોગ્યતા ઉત્પન્ન થવી એ **વિપાકોપશમ** !

(૯) ઉદયાવલિકાની ઉપર રહેલા અધિકરસવાળા દલિકો સ્વરસથી ઉદયમાં નથી આવતા, એમની સ્વરૂપે ઉદયમાં નહિ આવવાની જે પાત્રતા ઉત્પન્ન થાય છે એટલે કે એ જે ભીની માટી જેવા બને છે, એ **વિપાકોપશમ** છે.

(૧૦) જ્યાં જ્યાં ક્ષયોપશમ શબ્દ આવશે ત્યાં ત્યાં જે ઉપશમ શબ્દ છે, તેનો અર્થ આ જ વિપાકોપશમ સમજવો. અર્થાત્ જ્યાં ક્ષયોપશમ હોય, ત્યાં **વિપાકોપશમ** તો હોય જ.

(૧૧) જ્યાં જ્યાં વિપાકોપશમ હોય, ત્યાં ત્યાં ક્ષયોપશમ હોય જ એવું ન માનવું. કેમકે અઘાતી કર્મોમાં પણ ઉપર મુજબનો વિપાકોપશમ તો સંભવિત છે

જ, છતાં ત્યાં ક્ષયોપશમ નથી માનવાનો. (ત્યાં ક્ષયોપશમ નહિ માનવાનું મુખ્ય કારણ એ છે કે ક્ષયોપશમ હોય, તો કોઈને કોઈ આત્મગુણ લેશથી પણ પ્રગટ થાય. જ્યારે અઘાતી કર્મમાં ક્યારેય પણ લેશથી ગુણ પ્રગટ નથી થતો. અઘાતી કર્મોનો સંપૂર્ણ ક્ષય થાય, ત્યારે એક સાથે સંપૂર્ણ ગુણ પ્રગટ થાય છે. આ વાત આગળ સ્પષ્ટ થશે જ.)

(૧૨) ઉદય સમયમાં રહેલા અનંતા દલિકોમાં ૧ થી માંડીને ૧ લાખ સુધીનો રસ તો છે જ. પણ એમાંથી ક્યો રસ ઉદયમાં આવે, એ દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ–ભવના હિસાબે નક્કી થાય... આ વાત પૂર્વે કરી. આ વાતને આપણે દૃષ્ટાંત સાથે સમજીએ.

ધારો કે ક્રોધ–કષાયની વિચારણા કરીએ. ૧ થી ૧ લાખ રસ એનો છે. હવે

– જે તીખા મસાલા ખૂબ ખાતા હોય, એમને પિત્ત વધુ થાય. અને એ પિત્ત દ્રવ્યના કારણે ક્રોધનો રસ ૭૦૦૦૦, ૮૦૦૦૦ પણ થાય.

જેઓ પિત્ત શામક વસ્તુ વાપરે, એમને એ દ્રવ્યના પ્રભાવે ક્રોધનો ઉદય ૫૦૦૦, ૭૦૦૦ વગેરે થશે.

– જ્યાં પુષ્કળ યુદ્ધો થયા હોય, એવા કોઈ ક્ષેત્રનો પ્રભાવ જ એવો હોય કે એમાં જીવને સહજ રીતે જ ક્રોધનો અધિકરસ ઉદયમાં આવે. (દા.ત. દંડકારણ્યમાં લક્ષ્મણને રામ પર ક્રોધ આવ્યો.)

જ્યાં શાંત મુનિઓ રહેતા હોય કે રહ્યા હોય... ત્યાં એ ક્ષેત્રનો પ્રભાવ એવો બની જાય કે ક્રોધનો અલ્પરસ ઉદયમાં આવે. (દા.ત. સમવસરણમાં બધાનો ક્રોધ અતિ અલ્પ બની જાય.) દેવકુરૂ, ઉતરકુરૂ આદિ ક્ષેત્રનો પ્રભાવ જ એવો છે કે ત્યાં જન્મ લેનારા સિંહ–સાપ વગેરે પણ અતિ અલ્પ ક્રોધવાળા હોય.

– અમુક કાળ જ એવો હોય કે જેમાં જીવને કોઈ કારણ વિના માત્ર આ કાળના કારણે વધુ ક્રોધ આવે. (દા.ત. છઠ્ઠો આરો...)

પહેલા–બીજા–ત્રીજા આરાનો પ્રભાવ જ એવો હોય કે જેમાં જીવને કાળના પ્રભાવે જ ક્રોધ અતિ અલ્પ આવે.

– કોઈ અપમાન કરે, મશ્કરી કરે... તો આ બધા ભાવને લઈને અધિક ક્રોધ

આવે. કોઈ સન્માન કરે, પ્રશંસા કરે, તો આ બધા ભાવને લઈને અલ્પ ક્રોધ આવે.

– સાપ–નરક–સિંહ આદિ ભવો જ એવા છે કે એમાં ક્રોધ વધુ આવે. કબુતર આદિ ભવો જ એવા છે કે એમાં ક્રોધ અલ્પ આવે.

આ રીતે અન્ય કર્મોમાં પણ દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ–ભવને લઈને સ્વયં વિચાર કરી લેવો.

**પ્રશ્ન : ઘાતી અને અઘાતી કર્મોમાં વિપાકોપશમનો જે ભેદ છે તે સ્પષ્ટ કરશો?**

**ઉત્તર :** આમ તો આગળ બતાવવાની ભાવના હતી, પરંતુ તમે પ્રશ્ન કર્યો જ છે તો જુઓ. આપણે એક ઘાતી કર્મ લઈએ. દા.ત. અવધિજ્ઞાનાવરણ...

એક અઘાતી કર્મ લઈએ. દા.ત. અશાતા...

બંનેમાં ૧ થી ૧ લાખ રસ છે.

(૧) અવધિજ્ઞાનાવરણનો ૧ થી ૧૦ હજારમાંનો કોઈપણ રસ ઉદયમાં હોય, તો અવધિજ્ઞાન નામનો ગુણ પ્રગટે. દા.ત. દેવ–નારકોને અને અવધિજ્ઞાની તિર્યંચ–મનુષ્યોને...

આ રસ અવધિજ્ઞાનનો સંપૂર્ણ ઘાત નથી કરતો.

હા ! જેટલો ઉદય છે એટલું તો અવધિજ્ઞાન ઢંકાયેલું જ રહે.

એટલે કે ૧૦૦% અવધિજ્ઞાન તો ન જ થાય.

(૨) અવધિજ્ઞાનાવરણનો ૧૦૦૦૧ થી ૧ લાખ સુધીનો કોઈપણ રસ ઉદયમાં હોય, તો એ અવધિજ્ઞાનનો સંપૂર્ણ ઘાત કરે. દા.ત. આપણને બધાને...

આમાં ૧૫૦૦૦ હોય કે ૨૫૦૦૦ હોય કે ૧ લાખ હોય, એનાથી કશો ફરક ન પડે. કોઈપણ અવસ્થામાં અવધિજ્ઞાનનો સંપૂર્ણ અભાવ !

(૩) ધારો કે સાધુને અવધિજ્ઞાન પ્રગટ થયું છે. અવધિજ્ઞાનાવરણનો ઉદય ૧૦૦૦ જ છે, તો શુદ્ધ અવધિજ્ઞાન છે. પછી વધુ સારા અધ્યવસાયને કારણે ૯૦૦નો ઉદય થાય, તો અવધિજ્ઞાન હજી વધુ શુદ્ધ બને. પછી ખરાબ અધ્યવસાયને કારણે ૫૦૦૦નો ઉદય થાય, તો અવધિજ્ઞાન મલિન બને, ઘટે, ૯૦૦૦નો ઉદય થાય તો અવધિજ્ઞાન ઘણું ઘટે, અને જો ૧૧૦૦૦નો ઉદય થઈ જાય, તો અવધિજ્ઞાન

ખતમ થઈ જાય.

(૪) એ સમજી લેવું કે ઉદયમાં જે રસ આવશે, ઉપરથી એટલો જ રસ ઉદીરણા થઈને આવશે.

ઉદયમાં જો ૯૦૦ હશે, તો ઉપરના ૧ લાખવાળા પણ ૯૦૦ બનીને જ આવશે.

ઉદયમાં જો ૫૦૦૦૦ હશે, તો ઉપરના ૧ લાખવાળા પણ ૫૦૦૦૦ બનીને જ આવશે.

(૫) ૧ થી ૧૦૦૦૦ સુધીનો અવધિજ્ઞાનાવરણનો ઉદય હોય તો અવધિજ્ઞાન ગુણ મળે છે. માટે આ અવસ્થામાં ક્ષયોપશમ કહેવાય છે.

અહીં જે સત્તાગત અધિકરસનો વિપાકોપશમ કર્યો છે, એજ ક્ષયોપશમમાં રહેલા ઉપશમ શબ્દનો અર્થ છે.

(૬) ૧૦૦૦૧ થી માંડીને ૧ લાખ સુધીનો જો અવધિજ્ઞાનાવરણનો ઉદય હોય, તો અવધિજ્ઞાન ગુણ નથી હોતો, માટે આ અવસ્થામાં ક્ષયોપશમ કહેવાતો નથી. અહીં પણ ધારો કે ૧૫૦૦૦નો ઉદય હોય, તો સત્તાગત ૧૬૦૦૦ વગેરે અધિકરસનો ઉપશમ છે જ, એટલે કે વિપાકોપશમ છે જ, પરંતુ એનાથી કોઈ ગુણ પ્રાપ્ત થતો નથી, માટે અહીં ક્ષયોપશમ કહેવાતો નથી.

(૭) અશાતાનો ઉદય ૧ નો હોય, કે ૧ લાખનો હોય, એમાં અવ્યાબાધ સુખનો એક અંશ પણ ન પ્રગટે, એટલે કે એના લેશ પણ ઉદયમાં અવ્યાબાધ સુખ નામનો ગુણ ૧૦૦% ઢંકાઈ જ જાય છે. માટે હવે ધારો કે એનો ૨૦૦૦નો ઉદય હોય, તો સત્તાગત ૨૦૦૧ થી ૧ લાખનો ઉપશમ થાય છે, છતાં એનાથી કોઈ ગુણ પ્રગટ નથી થતો, માટે ક્ષયોપશમ ન કહેવાય.

એટલે એ સ્પષ્ટ કરશો

વિપાકોપશમ હોય, ત્યારે ક્ષયોપશમ હોય જ એવો નિયમ નથી. પરંતુ ક્ષયોપશમ હોય, ત્યારે વિપાકોપશમ અવશ્ય હોય જ.

ક્ષયોપશમ તો જ કહેવાય, જો આત્માનો ગુણ લેશથી પણ પ્રગટ થાય. જો આત્માનો ગુણ લેશથી પણ ન પ્રગટે, તો ક્ષયોપશમ શબ્દ નથી વપરાતો.

આ બધી વાતો આગળ સ્પષ્ટ કરવાની હતી, પણ તમે પ્રશ્ન પૂછી જ લીધો છે, તો અહીં જરૂરી લાગવાથી જવાબ આપ્યો છે.

આગળ પણ જ્યાં જ્યાં જરૂરી હશે, ત્યાં ત્યાં વધુને વધુ સ્પષ્ટતા કરશું.

## ક્ષયોપશમ

ક્ષય + ઉપશમ = ક્ષયોપશમ.

**પ્રશ્ન : કોનો ક્ષય અને કોનો ઉપશમ ?**

ઉત્તર : કોઈ એક ચોક્કસ કર્મના અમુક પ્રદેશોનો ક્ષય અને અમુક પ્રદેશોનો ઉપશમ... એનું નામ ક્ષયોપશમ !

**પ્રશ્ન : આ ક્ષયોપશમથી શું મળે ?**

ઉત્તર : જે કર્મ જે ગુણને ઢાંકવાનું કામ કરતું હોય, એ કર્મના ક્ષયોપશમના પ્રભાવે એ ગુણ અંશતઃ, દેશતઃ પ્રગટ થાય.

**પ્રશ્ન : કેમ સંપૂર્ણ પ્રગટ ન થાય ?**

ઉત્તર : સંપૂર્ણગુણ તો કર્મના ક્ષયથી પ્રગટ થાય, અને ત્યારે એ ક્ષાયિક કહેવાય.

અંશથી પ્રગટેલો ગુણ એ ક્ષાયોપશમિક ગુણ !

સંપૂર્ણ પ્રગટેલો ગુણ એ ક્ષાયિક ! (અથવા ઔપશમિક ! પણ એ અલ્પકાલીન હોય.)

Note : જ્યાં લેશથી પણ ગુણ પ્રાપ્તિ ન થાય ત્યાં ક્ષય + ઉપશમ હોય, તો પણ ત્યાં ક્ષાયોપશમિક ભાવ નથી કહેવાતો. કેમકે ક્ષયોપશમથી કોઈ ગુણ તો પ્રગટ થવો જોઈએ ને ? ગુણ જ નથી તો ક્ષાયોપશમિક ભાવ શું ? આ શબ્દનો અર્થ જ એ છે કે ક્ષયોપશમથી પ્રગટ થયેલો ભાવ (ગુણ) એ ક્ષાયોપશમિક ભાવ !

**પ્રશ્ન : કોનો કોનો ક્ષયોપશમ થાય ?**

ઉત્તર : ઘાતી કર્મોનો જ ક્ષયોપશમ થાય, અઘાતીનો નહિ જ.

**પ્રશ્ન : ઘાતી કર્મોમાં પણ બધાનો જ ક્ષયોપશમ થાય ?**

ઉત્તર : ના, આનો વિભાગ નીચે મુજબ છે.

જ્ઞાનાવરણ ૫ + દર્શનાવરણ ૯ + મોહનીય ૨૮ + અંત. ૫ = ૪૭ ઘાતી કર્મ.

(૧) જ્ઞાનાવરણ : કેવલજ્ઞાન.

(૨) દર્શનાવરણ : કેવલદર્શનાવરણ + પાંચ નિદ્રા.

આ ૭ ઘાતી કર્મોનો ક્યારેય પણ ક્ષયોપશમ ન થાય.

એટલે ૪૭ – ૭ = ૪૦ કર્મોનો જ ક્ષયોપશમ થઈ શકે.

એમાં–

(૧) જ્ઞાનાવરણ : મતિજ્ઞાનાવરણ + શ્રુતજ્ઞાનાવરણ.

(૨) અંતરાય : દાનાદિ પાંચ અંતરાય.

(૩) દર્શનાવરણ : અચક્ષુ દર્શનાવરણ...

આ આઠ કર્મોનો ક્ષયોપશમ સતત ચાલુ જ હોય. જ્યારે એનો ક્ષય થાય, ત્યારે ક્ષયોપશમ અટકે.

એટલે કે ૧૨માના ચરમ સમય સુધી આમનો ક્ષયોપશમ ચાલુ હોય તેરમે ન હોય.

આમ ૪૦–૮=૩૨ કર્મો બાકી રહ્યા.

આ ૩૨નો ક્ષયોપશમ ક્યારેક હોય, ક્યારેક ન હોય.

એટલે વિભાગ યાદ રાખો.

૭નો ક્ષયોપશમ ન જ હોય.

૮નો ક્ષયોપશમ કાયમ હોય જ.

૩૨નો ક્ષયોપશમ ક્યારેક હોય, ક્યારેક ન હોય.

**પ્રશ્ન : બધાનો ક્ષયોપશમ એક સરખો છે કે કંઈક ફરક છે ?**

ઉત્તર : ફરક છે.

અમુક કર્મો એવા છે કે જેમનો ક્ષયોપશમ + ઉદય બંને સાથે હોય છે.

અમુક કર્મો એવા છે કે જેમના ક્ષયોપશમ વખતે એમનો રસોદય નથી હોતો, રસોદય વખતે ક્ષયોપશમ નથી હોતો.

તેમનો વિભાગ આ પ્રમાણે છે.

**ક્ષયોપશમ + ઉદયવાળા કર્મો :** મતિજ્ઞાના. + શ્રુતજ્ઞાના. + અવધિજ્ઞાના. + મનઃપર્યવજ્ઞાના. + ચક્ષુદર્શના. + અચક્ષુદર્શના. + અવધિદર્શના. + પાંચ અંતરાય + સંજ્વલન ચાર કષાય + હાસ્ય ષટ્ક + ત્રણ વેદ + સમ.મોહ...

**ઉદય વિનાના ક્ષયોપશમવાળા કર્મો :** મિથ્યાત્વમોહ + મિશ્રમોહ + અનંતા. ૪ કષાય + અપ્રત્યા. ૪ કષાય + પ્રત્યા. ૪ કષાય...

કુલ ગણિત કરીએ તો–

**ક્ષયોપશમ + ઉદયવાળા કર્મો :** જ્ઞાના. ૪ + દર્શના. ૩ + અંત. ૫ + મોહનીય ૧૪ = ૨૬

**ઉદય વિનાના ક્ષયોપશમવાળા કર્મો :**

**મોહનીય ૧૪**

– ૨૬ કર્મોનો જે ક્ષયોપશમ છે, તે ઉદય સાથે છે, માટે એને ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ કહે છે.

– ૧૪ કર્મોનો જે ક્ષયોપશમ છે , તે ઉદય વિનાનો છે, માટે એને શુદ્ધ ક્ષયોપશમ કહે છે.

આ આપણે સામાન્યથી બધો વિભાગ જોઈ લીધો.

ફરી એકવાર પુનરાવર્તન

– ઘાતી કર્મો ૪૭ છે.

– ૭નો ક્ષયોપશમ હોય જ નહિ. (કેમ ન હોય, તેની ચર્ચા આગળ...)

– ૮નો ક્ષયોપશમ સતત હોય.

– ૩૨નો ક્ષયોપશમ ક્યારેક હોય.

જે ૮ + ૩૨ = ૪૦ નો ક્ષયોપશમ છે, એમાં પણ

– ૨૬નો ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ હોય.

– ૧૪નો શુદ્ધ ક્ષયોપશમ હોય.

આટલું બરાબર યાદ રાખવું.

હવે આનો વિસ્તાર કરવાનો છે.

સૌ પ્રથમ જે ૭ કર્મો એવા છે કે જેમનો ક્ષયોપશમ નથી હોતો, તેની વિચારણા કરી લઈએ કે શા માટે એમનો ક્ષયોપશમ નથી હોતો.

**કેવલજ્ઞાનાવરણીય + કેવલદર્શનાવરણીય :**

– જ્યારે કર્મ બાંધીએ ત્યારે રસનો બંધ પણ થતો હોય છે.

– આ રસ બે પ્રકારનો હોય છે. તે તે ગુણનો સંપૂર્ણ ઘાત કરે, તે તે ગુણનો દેશથી ઘાત કરે...

– સંપૂર્ણ ગુણઘાત કરનાર રસ **સર્વઘાતીરસ** કહેવાય, દેશથી ગુણઘાત કરનાર રસ **દેશઘાતીરસ** કહેવાય

– જે કર્મોનો સત્તામાં પડેલો રસ માત્ર સર્વઘાતી જ હોય છે, ક્યારેય દેશઘાતી નહિ, એ કર્મો સર્વઘાતી કહેવાય છે.

– જે કર્મોનો સત્તામાં પડેલો રસ સર્વઘાતી પણ હોય છે અને દેશઘાતી પણ હોય છે, તે કર્મો દેશઘાતી કહેવાય છે. (સત્તામાં સર્વઘાતીરસ હોય, તો પણ...)

– આપણે કાયમ માટે એક કલ્પના કરી લઈએ છીએ કે ૧ થી ૧૦ હજાર સુધીનો રસ એ દેશઘાતી છે. અને ૧૦૦૦૧ થી ૧ લાખ સુધીનો રસ સર્વઘાતી છે.

– કેવલજ્ઞાના. + કેવલદર્શના. + પાંચ નિદ્રા + અનંતા. ૪ + અપ્રત્યા. ૪ + પ્રત્યા. ૪ + મિશ્ર આ ૨૦ કર્મો એવા છે કે એમનો સત્તામાં રહેલો રસ સર્વઘાતી જ છે. એટલે કે આ કર્મોના કોઈપણ પરમાણુમાં જે રસ છે, તે ૧૦૦૦૧ થી ઓ ો નથી જ. ત્યાંથી માંડીને ૧ લાખ સુધીનો છે.

– અત્યારે આપણે માત્ર બે કર્મોની વાત કરીએ છીએ. તેઓનો સર્વઘાતી રસ જ છે. અને આ કર્મોનો ૧૨માંના અંત સુધી સતત ઉદય છે. કેમકે ધ્રુવોદયી છે. એટલે આ કર્મો કાયમ માટે તમામ જીવોમાં કેવલજ્ઞાન + કેવલદર્શનનો સંપૂર્ણ ઘાત

જ કરે.

– પ્રશ્ન એ થાય કે ધારો કે કેવલજ્ઞાના.ના ૨૦ હજાર રસનો ઉદય છે તો ૨૦૦૦૧ થી માંડીને ૧ લાખ સુધીના રસવાળા દલિકો ૨૦ હજારવાળા બનીને ક્ષય પામી જાય છે. આ છે ક્ષય ! અને એ વખતે સત્તામાં પડેલા ૨૦૦૦૧થી ૧ લાખ સુધીના દલિકોની એવી યોગ્યતા ઉત્પન્ન થાય છે કે એ ૨૦૦૦૧ વગેરે રૂપે ઉદયમાં ન જ આવી શકે. આ છે ઉપશમ ! તો આમ તો ક્ષયોપશમ મળી જ ગયો ને ?

– પણ પાછી એ વાત યાદ કરવી કે લેશ પણ ગુણ પ્રાપ્ત થાય તો જ ક્ષયોપશમ ગણાય, નહિ તો ક્ષયોપશમ નહિ.

એક પ્રયોગ વિચારીએ. ૧ બોલપેન ઉપર એકદમ પાતળું એક કપડું ઢાંકીએ. એ બોલપેન થોડી દેખાશે. એવા બે પાતળા કપડા ઢાંકીએ, તો થોડી ઓછી દેખાશે. એમ દસમું કપડું ઢાંક્યું ત્યારે બહુ જ ઓછી દેખાય છે. હવે જ્યારે ૧૧ મું કપડું ઢાંક્યું તો એ બિલકુલ દેખાતી જ નથી, પછી તો કુલ ૧૦૦ કપડા ઢાંક્યા... નથી જ દેખાતી.

હવે એમાંથી ૧ કપડું ઓછું કરો તો શું બોલપેન ૧% પણ દેખાવા માંડશે? નહિ જ. એ તો જ્યારે દસમું કપડું ઢાંકેલું, ત્યારે જ સૌથી ઓછામાં ઓછી દેખાયેલી. અગિયારમાથી તો સંપૂર્ણ દેખાતી બંધ જ થઈ ગયેલી. એટલે હવે ૧૦૦ ના ૯૯ કપડા કરવાથી એ કંઈ દેખાવા ન માંડે, એમ ૯૮, ૯૭,૯૬... ૧૧ સુધી ઓછું કરો, તો ય કોઈ ફરક પડતો નથી.

પ્રસ્તુતમાં ૧૦૦૦૧ થી જ કેવલજ્ઞાન ગુણ સંપૂર્ણ ઢંકાઈ જ જાય છે. હવે એ ૨૦ હજારનો ઉદય હોય, ત્યારે બાકીનો અધિકરસ ૨૦ હજાર બનીને ક્ષય પામે કે સત્તાગત અધિકરસ દબાઈ રહે, ૨૦ હજારનો જ બનીને ઉદયમાં આવવાની એની યોગ્યતા ઉત્પન્ન થાય, આ વિપાકોપશમથી કેવલજ્ઞાનમાં ૧% પણ ફરક નથી પડતો.

**પ્રશ્ન :** કેવલજ્ઞાના.માં અધિકરસનો વિપાકોપશમ શા માટે માનવો પડે છે ? ન માનીએ તો ?

**ઉત્તર :** તમે જ વિચારો.

– કેવલજ્ઞાના.માં ૧ લાખનો જ રસ છે એવું તો નથી જ ને ? નહિ જ.

૧૧૦૦૧ થી ૧ લાખનો રસ છે. શાસ્ત્રોમાં ૧ ઠાણિયો, ૨ ઠાણિયો, ૩ ઠાણિયો અને ૪ ઠાણિયો... એમ ચાર પ્રકારના રસ બતાવ્યા છે. એમાં દરેકના જઘન્ય–મધ્યમ–ઉત્કૃષ્ટ એમ ત્રણ ભેદ કરેલા છે. એમાં ત્રણેય પ્રકારનો ૧ ઠાણિયો રસ અને જઘન્ય બે ઠાણિયો રસ તો દેશઘાતી જ કહ્યા છે. એટલે કે આપણે જે ૧ થી ૧૦૦૦૦ ની કલ્પના કરી છે, એમાં જ ત્રણેય પ્રકારનો ૧ ઠાણિયો + જઘન્ય બે ઠાણિયો રસ આવી જાય છે.

એક કલ્પના કરીએ તો,

(૧) ૧ થી ૨૫૦૦ જઘન્ય ૧ ઠાણિયો રસ.

(૨) ૨૫૦૧ થી ૫૦૦૦ મધ્યમ ૧ ઠાણિયો રસ.

(૩) ૫૦૦૧ થી ૭૫૦૦ ઉત્કૃષ્ટ ૧ ઠાણિયો રસ.

(૪) ૭૫૦૧ થી ૧૦૦૦૦ જઘન્ય ૨ ઠાણિયો રસ.

આ રીતે કહી શકાય.

આ રસ કેવલજ્ઞાનાવરણને બંધમાં કે સત્તામાં છે જ નહિ.

(૫) ૧૧૦૦૧ થી ૨૦૦૦૦ મધ્યમ ૨ ઠાણિયો રસ.

(૬) ૨૦૦૦૧ થી ૩૦૦૦૦ ઉત્કૃષ્ટ ૨ ઠાણિયો રસ.

(૭) ૩૦૦૦૧ થી ૪૦૦૦૦ જઘન્ય ૩ ઠાણિયો રસ.

(૮) ૪૦૦૦૧ થી ૫૦૦૦૦ મધ્યમ ૩ ઠાણિયો રસ.

(૯) ૫૦૦૦૧ થી ૬૦૦૦૦ ઉત્કૃષ્ટ ૩ ઠાણિયો રસ.

(૧૦) ૬૦૦૦૧ થી ૭૦૦૦૦ જઘન્ય ૪ ઠાણિયો રસ.

(૧૧) ૭૦૦૦૧ થી ૮૦૦૦૦ મધ્યમ ૪ ઠાણિયો રસ.

(૧૨) ૮૦૦૦૧ થી ૧ લાખ ઉત્કૃષ્ટ ૪ ઠાણિયો રસ.

કેવલજ્ઞાનાવરણને આ નં.–૫ થી નં.–૧૨ સુધીનો બધો રસ દરેક ઉદય સમયમાં સત્તામાં હોય જ છે. એમાંથી ૧ લાખનો જ ઉદય થાય, એવું તો છે જ નહિ. નં.–૫ થી નં.–૧૨ માંથી કોઈપણ રસનો ઉદય થાય, અને એ વખતે અધિકરસવાળા દલિકોનો રસ ઘટી જઈને એ જ રસ જેટલો બની જઈને ઉદયમાં આવે છે.

ઉદયાવલિકાની ઉપર પણ જે અધિકરસવાળા છે, એ પણ હીનરસવાળા બની જઈને જ ઉદીરણા દ્વારા ઉદયમાં આવે છે.

આના ઉપરથી એવું માની શકાય કે જે અધિકરસવાળા અન્ય કર્મો ઉદયમાં નથી આવતા, તે હીનરસવાળા જ બનીને ઉદયમાં આવવાની યોગ્યતાવાળા તો બન્યા જ છે. અધિકરસ રૂપે ઉદયમાં આવવાની એમની યોગ્યતા દબાઈ જાય છે... તો આ રીતે વિપાકોપશમ તો થયો જ ને ?

પણ મૂળ વાત જ એ છે કે આનાથી કોઈ ગુણની પ્રાપ્તિ નથી થતી, માટે અહીં ક્ષયોપશમ ન જ કહેવાય.

દવા કોને કહેવાય ? જે આરોગ્યને અંશથી પણ પ્રગટ કરી આપે...

મૃતકને દવા આપો, ઇંજેક્શન આપો, તો આરોગ્ય આવવાનું છે ? નહિ જ. એટલે ત્યાં 'અમે તો મૃતકની ઘણી દવા કરી' એવું ન બોલાય.

સર્વઘાતીરસના ઉદય વખતે જીવનો ગુણ મરી ગયેલો હોય છે. પછી 'રસ ઓછો થવો' વગેરે રૂપ જે દવા છે, એ કંઈ ગુણને અંશથી પણ લાભકારક નથી જ. એટલે પછી 'અહીં ક્ષયોપશમ થયો' એ શબ્દ બોલવાનો જ કોઈ મતલબ નથી.

**સાર :** કેવલજ્ઞાનાવરણનો સર્વઘાતી ઉદય જ હોય, સતત હોય, તેથી કેવલજ્ઞાનનો સર્વ પ્રકારે ઘાત કરે. અંશથી પણ કેવલજ્ઞાન ન જ પ્રગટે. એટલે કેવલજ્ઞાનાવરણનો ક્ષયોપશમ નથી.

**નિદ્રા-પંચક :**

આ કર્મ કેવલજ્ઞાનાવરણ જેવું જ છે. ફરક માત્ર એટલો જ છે કે આમનો સતત ઉદય નથી હોતો. અને જ્યારે ઉદય ન હોય, ત્યારે પ્રદેશોદય તો હોય જ છે. એટલે ત્યારે નિદ્રા–પંચક કેવલદર્શનાવરણ આદિ રૂપ બની, એ રીતનું ફળ બતાવીને ભોગવાય છે.

**પ્રશ્ન : જ્યારે નિદ્રાનો ઉદય ન હોય, ત્યારે તો એનો ક્ષયોપશમ માની શકાય ને? કેવલજ્ઞાનાવરણમાં તો બરાબર છે કે અંશથી પણ ગુણ પ્રગટ થતો ન હતો, એટલે ક્ષયોપશમ ન મનાય. પણ અહીં જો નિદ્રાનો ઉદય હોય તો ચક્ષુદર્શનાદિ ગુણ અટકે છે અને જો નિદ્રાનો ઉદય ન હોય, તો**

**ચક્ષુદર્શન-અચક્ષુદર્શન-અવધિદર્શન (જેને જે હોય તે..) પ્રગટ થાય છે. તો પછી નિદ્રાનો એ વખતે ક્ષયોપશમ માનવો જ જોઈએ.**

ઉત્તર : નહિ.

**પ્રશ્ન : કેમ ?**

ઉત્તર : નિદ્રાપંચક સર્વઘાતી છે. જો એનો ક્ષયોપશમ હોય, તો એ મિથ્યાત્વાદિ સર્વઘાતી પ્રકૃતિઓ જેવો જ હોય... પણ એવું નથી. અને એ જ્યારે આપણે એ કર્મોનો ક્ષયોપશમ જોશું ત્યારે યાદ કરાવજે. એ વખતે સ્પષ્ટ કરશું. અત્યારે એ પદાર્થ Clear નહિ થઈ શકે.

**પ્રશ્ન : છતાં થોડુંક તો બતાવો...?**

ઉત્તર : નહિ, એમાં ઉલટી મુંઝવણ વધશે. થોડી ધીરજ રાખો. અત્યારે એટલું જ સમજો કે નિદ્રા-૫ નો પણ કેવલજ્ઞાનાવરણની જેમ ક્ષયોપશમ નથી.

**મતિજ્ઞાનાવરણ - શ્રુતજ્ઞાનાવરણ - અચક્ષુદર્શનાવરણ - પાંચ અંતરાય (આઠ કર્મો-)**

આ આઠ કર્મોનો સતત ઉદય હોય જ છે. પરંતુ કેવલજ્ઞાનાવરણ કરતા આ બધાની કંઈક વિશિષ્ટતાઓ છે. તે આ પ્રમાણે—

(૧) કેવલજ્ઞાનાવરણમાં તો રસ બંધાય પણ સર્વઘાતી અને સત્તામાં પણ સર્વઘાતી !

આ કર્મોમાં ૧ થી ૮ ગુણસ્થાન સુધી સર્વઘાતી જ રસ બંધાય. નવમે પહેલા સર્વઘાતી અને પછી દેશઘાતી, દસમે દેશઘાતી જ બંધાય. અને સત્તાની વાત કરીએ તો ભલેને અભવ્ય જીવ હોય, એણે પહેલે ગુણઠાણે સર્વઘાતી જ બાંધ્યો હોય, પણ બંધ બાદ એમાંથી અમુક દલિકોના રસને ઘટાડી દઈને દેશઘાતી બનાવી જ દે છે.

એટલે કે-

કેવલજ્ઞાનાવરણને બંધમાં ૧૦૦૦૧ થી ૧ લાખ, અને સત્તામાં પણ એજ. આ આઠને બંધમાં ૧૦૦૦૧ થી ૧ લાખ (૧ થી ૮ સુધી..) પણ સત્તામાં તો દરેક નિષેકમાં ૧ થી ૧૦૦૦૦ અને ૧૦૦૦૧ થી ૧ લાખ.... એ તમામ પ્રકારના રસ હોય જ.

(૨) કેવલજ્ઞાનાવરણને તો ૧૦૦૦૧ થી ૧ લાખ જ ઉદયમાં આવે, કેમકે એ જ સત્તામાં છે.

આ આઠ કર્મોમાં કાયમ માટે ૧ થી ૧૦૦૦૦ જ ઉદયમાં આવે. ભલે બંધમાં ૧૦૦૦૧ થી ૧ લાખ જ હોય, ભલે સત્તામાં ૧૦૦૦૧ થી ૧ લાખ પણ પડ્યા હોય, પરંતુ ક્યારેય પણ કોઈપણ જીવને આ આઠ કર્મોનો ૧૦૦૦૧ થી ૧ લાખ વાળો રસ ઉદયમાં આવ્યો નથી, આવતો નથી અને આવવાનો પણ નથી.

(૩) ધારો કે મતિજ્ઞાનના ૧૦૦૦૧ અંશની = ભાગની કલ્પના કરીએ. તો જ્યારે ૧૦૦૦૦ રસનો ઉદય હોય, ત્યારે ૧૦૦૦૦ ભાગ ઢંકાય અને ૧ ભાગ ખુલ્લો રહે. એ ૧ ભાગ એટલે સૌથી અલ્પ મતિજ્ઞાન ! જે નિગોદના જીવને હોઈ શકે છે.

કોઈને ૯૦૦૦ રસનો ઉદય છે, તો એને પણ ૧૦૦૧ ભાગ ખુલ્લા થાય છે. એટલે કે એનું મતિજ્ઞાન ઘણું વધી જાય છે.

કોઈને ૧૦૦૦ રસનો ઉદય છે, તો એના મતિજ્ઞાનના ૯૦૦૧ અંશ પ્રગટ થાય છે. એટલે કે એની પાસે તો ઘણું વધારે મતિજ્ઞાન છે.

કોઈને માત્ર ૧ જ રસનો ઉદય છે, તો એના મતિજ્ઞાનના ૧૦૦૦૦ અંશ પ્રગટ થાય છે. એટલે કે એની પાસે સર્વોત્કૃષ્ટ મતિજ્ઞાન છે.

**પ્રશ્ન : જો ૧ રસ પણ ઉદયમાં ન હોય તો ?**

ઉત્તર : એવું તો બને જ નહિ. ૦ (શૂન્ય) રસનો ઉદય એનો અર્થ પ્રદેશોદય ! અને આ કર્મોનો ક્યારેય પ્રદેશોદય હોતો જ નથી.

**પ્રશ્ન : તેરમાં ગુણઠાણે પહોંચે, ત્યારે તો આ કર્મોનો ક્ષય થઈ ચૂક્યો છે ને, ત્યારે તો ૧૦૦૦૧ અંશવાળુ સંપૂર્ણ મતિજ્ઞાન પ્રગટે ને ?**

ઉત્તર : એનો મતલબ શું ? કેમકે એ વખતે તો કેવલજ્ઞાનાવરણનો પણ ક્ષય થઈ જ જાય છે. એટલે ત્યારે તો ૧ લાખ સુધીનો પ્રકાશ પ્રગટ થઈ જાય છે. પછી એમાં ૧૦૦૦૧ મતિજ્ઞાનની સ્વતંત્ર વિચારણા કરવાની રહેતી જ નથી.

આ રીતે જોઈએ તો–

મતિજ્ઞાન કુલ ૧૦૦૦૦ પ્રકારે પ્રગટ થાય છે. ૧ અંશથી માંડીને

૧૦૦૦૦ અંશ સુધી ! (સતત રસોદય હોવાથી કમ સે કમ ૧ અંશ તો ઢંકાયેલો રહે જ. એટલે મતિજ્ઞાનના ૧૦૦૦૧ અંશ તો ક્યારેય પ્રગટ ન થાય.)

૧૦૦૦૦નો ઉદય હોય, ત્યારે ૧ અંશ પ્રગટે.

૧ નો ઉદય હોય, ત્યારે ૧૦૦૦૦ અંશ પ્રગટે.

પદાર્થ સમજાવવા માટે આ બધું નંબરો દ્વારા બતાવેલું છે એ ધ્યાનમાં લેવું. બાકી તો મતિજ્ઞાનના અસંખ્ય–અનંત ભેદો પડી જાય છે.

આ આઠેયનો ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ છે. એ શી રીતે ? તે હવે જોઈએ.

ઉદય + ક્ષય + ઉપશમ એમ ત્રણ વસ્તુ જોવાની છે.

મતિજ્ઞાનાવરણનું દૃષ્ટાંત લઈએ છીએ.

❊ મતિજ્ઞાનાવરણનો ૭૦૦૦નો ઉદય છે... આ ઉદય ૭૦૦૦ મતિજ્ઞાનના અંશને ઢાંકવાનું કામ કરે છે.

❊ ઉદય સમયમાં તો ૧ થી ૧ લાખ સુધીનો રસ છે જ. તો જે અધિકરસ છે એ જો ઉદયમાં આવી જાય, તો ૭૦૦૦નો ઉદય ન ગણાય, વધારે જ ગણાય. જો ૯૦૦૦ રસ ઉદયમાં આવે, તો મતિજ્ઞાન ૧૦૦૧ અંશ જ પ્રગટે, પણ અહીં તો ૩૦૦૧ અંશ પ્રગટે છે. અને જો ૧૦૦૦૧ રસ ઉદયમાં આવે, તો તો મતિજ્ઞાનનો સંપૂર્ણ નાશ જ થાય, પણ એવું તો બનતું નથી. અહીં તો મતિજ્ઞાનના ૩૦૦૧ અંશ ખુલ્લા થાય છે.

એટલે અહીં ૭૦૦૧ થી ૧ લાખ રસવાળા જે દલિકો ઉદય સમયમાં છે, એમનો એ વધારાનો રસ ક્ષય પામે છે, ખતમ થાય છે. એટલે અધિકરસવાળા બધા જ દલિકો ૭૦૦૦ રસવાળા જ બની જાય છે અને એ બધાનો પણ ૭૦૦૦નો જ રસોદય થાય છે. એટલે ૩૦૦૧ અંશ મતિજ્ઞાન પ્રગટે છે.

આમાં દલિકોમાં રહેલો ૭૦૦૧ થી ૧ લાખ સુધીનો રસ ઘટવો, પામવો, ખતમ થવો એનું નામ ૧ નંબરનો ક્ષય !

❊ ઉદયાવલિકાની ઉપર પણ ૭૦૦૧ થી ૧ લાખ રસવાળા દલિકો છે જ, અને મતિજ્ઞાનાવરણનો ઉદય ચાલુ હોવાથી ઉપરના કર્મોની ઉદીરણા પણ ચાલુ જ છે. હવે જો આ અધિકરસવાળા દલિકો ઉદીરણા દ્વારા ઉદયમાં આવે, (અને આવે

જ છે) તો જો એ વખતે એમનો અધિક રસ ઉદયમાં આવે, તો તો પાછી એ જ તકલીફ કે ૧૦૦૦૧ વગેરે રસનો ઉદય થાય, તો મતિજ્ઞાનનો સંપૂર્ણ નાશ થાય. જ્યારે અહીં તો ૩૦૦૧ અંશ પ્રગટે જ છે.

એટલે અહીં પણ એવું બને છે કે ઉદયાવલિકાની ઉપર રહેલા જે દલિકો અધિકરસવાળા છે, તેમાંથી જેઓનો ઉદીરણા દ્વારા ઉદય થાય છે, તેઓનો અધિકરસ ખતમ થઈ જાય છે અને એ બધા પણ ૭૦૦૦ રસવાળા બનીને જ ઉદયમાં આવે છે.

આમ ઉપરથી ઉદયમાં આવેલા દલિકોનો ૭૦૦૦ થી વધારાનો રસ ક્ષય પામવો, ખતમ થવો... એ બીજા પ્રકારનો ક્ષય છે.

❊ ત્રીજા પ્રકારનો પણ ક્ષય છે. પણ આ આઠ કર્મોમાં એની જરૂર નથી. એટલે એ જ્યારે આવશે, ત્યારે જ જોશું.

❊ In short ઉદયસમયમાં જ રહેલા દલિકોના ૭૦૦૦ થી ઉપરના રસનો ક્ષય... ઉદયાવલિકાની ઉપર રહેલા, ઉદીરણાથી ઉદયમાં આવેલા દલિકોનો ૭૦૦૦થી ઉપરના રસનો ક્ષય...

આ બે પ્રકારનો ક્ષય અહીં ક્ષય તરીકે લેવાનો છે.

❊ હવે જોઈએ ઉપશમ ! ઉપશમ એટલે વિપાકોપશમ !

ઉપર રહેલા તમામે તમામ દલિકો તો ઉદીરણાથી ઉદયમાં નથી આવતા, પણ અમુક જ આવે છે.

હવે જે ઉપરથી ઉદયમાં આવ્યા, તેમનો અધિકરસ તો ખતમ કરી દીધો, ઘટાડી દીધો, પણ જે ઉદયમાં નથી આવ્યા તેમના અધિકરસનું શું ? શું એને પણ ખતમ કરી નાંખે ? ના, જો એવું બનતું હોય તો તો સત્તામાં પછી માત્ર ૭૦૦૦ રસ જ બાકી રહે, અધિકરસ રહે જ નહિ. પણ એવું તો નથી. સત્તામાં રહેલા તમામ નિષેકોમાં તમામ પ્રકારનો રસ તો હોય જ છે.

એટલે એ તો Fix છે કે ઉપરના જે દલિકો ઉદયમાં નથી આવતા, એમના ૭૦૦૦ થી અધિકરસને ખતમ તો ન જ કરે, પરંતુ જીવ એનામાં એવી યોગ્યતા ઉત્પન્ન કરી દે છે કે એ અધિકરસ અધિકરસ રૂપે ઉદયમાં ન આવે. જો આવે તો

૭૦૦૦ થઈને જ ઉદયમાં આવી શકે... એવી એનામાં યોગ્યતા ઉત્પન્ન કરે છે. આમાં ૭૦૦૦ થી અધિકરસને ખતમ નથી કર્યો, પરંતુ ભીની માટી જેવો ક્યોં છે. આ છે એ સત્તાગત અધિકરસનો ઉપશમ ! એટલે કે વિપાકોપશમ !

આમ,

– ૭૦૦૦ રસવાળા દલિકોનો ઉદય...

– ઉદયસમયમાં જ રહેલા અધિકરસવાળા દલિકોના ૭૦૦૦થી વધારે રસનો ક્ષય...

– ઉદીરણા દ્વારા ઉદયમાં આવેલા અધિકરસવાળા દલિકોના ૭૦૦૦થી વધારે રસનો ક્ષય...

– ઉદયાવલિકાની ઉપર રહેલાના ૭૦૦૦થી અધિકરસનો ક્ષય નહિ, પરંતુ તે અધિકરસ ઉદયમાં ન આવી શકે એવી એમાં યોગ્યતા ઉભી કરવી એ વિપાકોપશમ !

૧ ઉદય + બે પ્રકારના ક્ષય + ૧ વિપાકોપશમ...

આ ત્રણ ભેગા મળીને બન્યો છે ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ !

આના દ્વારા ૩૦૦૧ અંશવાળું મતિજ્ઞાન પ્રગટે છે.

બોલો, ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ સમજાઈ ગયો ?

**પ્રશ્ન : હા ! પણ એવું બોલવામાં આવે છે કે જ્ઞાનાવરણનો ક્ષયોપશમ વધ્યો, ઘટ્યો... તો આ વધ-ઘટનો શું અર્થ ?**

ઉત્તર : સરળ છે.

જો જીવ સતત જ્ઞાન માટે મહેનત કરે તો એનો ૭૦૦૦નો ઉદય ૫૦૦૦ ઉપર આવે. એટલે કે ઉદય સમયમાં તો ૧ થી ૧ લાખ રસ પડેલો. પરંતુ એ વખતના દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ-ભવ પ્રમાણે માત્ર ૫૦૦૦નો જ ઉદય થાય.

આ ઉદય ઘટ્યો.

સીધી વાત છે કે જ્યારે ૭૦૦૦નો ઉદય હતો, ત્યારે ૭૦૦૧ થી ૧ લાખ સુધીનો રસ ક્ષય કરવામાં આવતો, હવે ઉદય ૫૦૦૦નો છે, તો ૫૦૦૧ થી ૧ લાખ

સુધીના રસનો ક્ષય કરવામાં આવશે. એટલે કે ૨૦૦૦નો ક્ષય વધ્યો.

એજ રીતે ૭૦૦૦ના ઉદય વખતે ૭૦૦૧ થી ૧ લાખ સુધીના રસનો ઉપશમ કરવામાં આવતો, પણ ૫૦૦૦ના ઉદય વખતે ૫૦૦૧ થી ૧ લાખ સુધીના રસનો ઉપશમ કરવામાં આવશે. એટલે ઉપશમ પણ વધ્યો.

અહીં ઉદય ઘટ્યો, ક્ષય વધ્યો + ઉપશમ વધ્યો... માટે ક્ષયોપશમ વધ્યો કહેવાય જ ને !

એમ જો ૭૦૦૦ના બદલે ૯૦૦૦નો ઉદય થાય, તો હવે ૯૦૦૧ થી ૧ લાખનો જ ક્ષય અને ઉપશમ થશે. એટલે કે પહેલા કરતા ક્ષય અને ઉપશમ બંને ઘટે છે. આમ ક્ષયોપશમ ઘટેલો કહેવાય.

દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવને લીધે અને ભવને લીધે ક્ષયોપશમમાં વધ-ઘટ થાય છે.

દહીં વધારે ખાઈએ, શર્દી થાય તો મતિજ્ઞાન ઘટે, બ્રાહ્મી ઔષધિથી વધે.

અતિ ગરમી-અતિ ઠંડીવાળા ક્ષેત્રમાં મતિજ્ઞાન ઘટે, અનુકૂળ ક્ષેત્રમાં વધે.

બપોર પછી મતિજ્ઞાન ઘટે, વહેલી સવારે વધે.

ઉંઘ-થાકથી મતિજ્ઞાન ઘટે, ઉત્સાહ-રુચિથી મતિજ્ઞાન વધે.

નિગોદના ભવથી મતિજ્ઞાન ઘટે, દેવાદિના ભવથી મતિજ્ઞાન વધે.

આમ, અન્ય કર્મોમાં પણ વિચારી લેવું.

**પ્રશ્ન : જ્યારે બારમા ગુણસ્થાને છેલ્લી આવલિકા બાકી હશે ત્યારે આ આઠ કર્મોનો ઉદય તો ચાલુ, ઉદય સમયમાં રહેલા અધિકરસનો ક્ષય પણ ચાલુ, પરંતુ ત્યારે ઉદીરણા તો નથી થતી. તો એ બીજા પ્રકારનો ક્ષય નહિ મળે, તો ક્ષયોપશમ શી રીતે ?**

ઉત્તર : પહેલા પ્રકારનો ક્ષય તો છે ને ?

**પ્રશ્ન : પણ અહીં તો વિપાકોપશમ પણ નહિ ઘટે, કેમકે ઉદયાવલિકાની ઉપર તો કોઈ કર્મ જ નથી, કે જેના અધિકરસનો ઉપશમ થાય. તો અહીં ઉદય + ક્ષય મળશે, પણ ઉપશમ ન હોવાથી ક્ષયોપશમ તો નહિ મળે ને ?**

ઉત્તર : તમારી વાત સાચી. પરંતુ જો સત્તામાં અધિકરસ પડ્યો હોત, તો ઉપશમ થાત ને ?

પ્રશ્ન : હા ! ચોક્કસ.

ઉત્તર : એનો મતલબ એ કે ઉપશમની પાત્રતા તો પડી જ છે. એટલે ત્યાં ઉપચારથી ઉપશમ માનવો, અને એ રીતે ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ ગણી લેવો. પરમાર્થથી તો ત્યાં ઉદય + ૧ પ્રકારનો ક્ષય... આમ બે જ વસ્તુ છે.

**પ્રશ્ન : મને તો હજી પણ એમ લાગે છે કે આ વિપાકોપશમ માનવાની જરૂર શી છે ? એ ન માનીએ તો ય ગુણ તો પ્રગટ થવાનો જ છે. ઉદય + બે પ્રકારનો ક્ષય બસ, આટલું જ માનો. જો બે પ્રકારનો ક્ષય ન માનીએ તો તો વાંધો આવે કે અધિકરસનો ઉદય થવાથી ગુણ જ ન પ્રગટે, પરંતુ ઉપશમ માટે આવું કંઈ માનવાની જરૂર જ નથી. એ ન માનો, તોય ગુણ અટકવાનો નથી.**

ઉત્તર : પાછી તમે ભૂલ કરો છો. અહીં સર્વજ્ઞ મહારાજા તો જે હોય, એ બતાવે છે. એનાથી ફરક પડે છે કે નથી પડતો, એ જોવાનું ન હોય. અલોક અનંત છે, તો અનંત બતાવ્યો. હવે એ અનંત હોય કે ન હોય એનાથી કોઈ ફરક નથી પડવાનો. પણ હકીકત તો બતાવવી જ પડે ને ?

અહીં જે કર્મો ઉદીરણાથી ઉદયમાં આવ્યા, એમના અધિકરસનો ક્ષય કરવામાં આવ્યો છે. તો જે કર્મો ઉદીરણાથી ઉદયમાં નથી આવ્યા, અને એમાં અધિકરસ પડેલો છે, તો એનો ક્ષય ભલે ન કરે, પણ એની એવી અવસ્થા તો ઉભી થઈ જ જાય છે કે 'હે અધિકરસ ! તારે ઉપર બેસવું હોય તો તું બેસી રહે, તને ખતમ નહિ કરીએ... પરંતુ તારે જો નીચે ઉદયમાં આવવું હશે તો ખતમ થવું પડશે... તું તારા સ્વરૂપે ઉદયમાં નહિ આવી શકે...'

આનું નામ જ છે વિપાકોપશમ !

હિન્દુ-મુસ્લિમનો કોમવાદ ઘણો વધે, ત્યારે મીલીટરી બોલાવવામાં આવે અને કરફ્યુ મુકવામાં આવે. 'દેખો ત્યાં ઠાર'નો આદેશ આપવામાં આવે.

આ કરફ્યુની શરતો જુઓ.

– તમે જો બહાર નીકળ્યા, તો તમને ખતમ કરવામાં આવશે.

– તમે તમારા ઘરે બેસી રહેશો, તો કોઈ વાંધો નહિ. અમે ત્યાં ઘરે તમને મારવા નથી આવવાના.

– પણ તમને કહી દઈએ છીએ, ભલે તમે અત્યારે ઘરે બેઠા હો અને એટલે જીવતા હો, પરંતુ જો તમે બહાર નીકળ્યા તો તમારૂં મોત જ સમજજો...

આ જ હકીકત છે અધિકરસ માટેની !

– સત્તા નામના ઘરમાં રહેલો અધિકરસ ત્યાંથી બહાર નીકળી ઉદયમાં આવવા જાય, તો જીવના અધ્યવસાય રૂપ મીલીટરી એ અધિકરસને ખતમ કરી નાંખે છે.

– જો અધિકરસ સત્તા નામના ઘરમાં બેસી રહે, તો ત્યાં એને મારવામાં નથી આવતો.

– પણ એને કહી દેવામાં આવે છે કે 'તારે જીવતા રહેવું હોય, તો ત્યાં જ બેસી રહેજે. જો તું બહાર નીકળ્યો તો તારૂં મોત જ છે. જો તુ ઉદયમાં આવવા ગયો, તો તારું મોત જ છે.'

બસ, આ સ્વરૂપને જ કહે છે વિપાકોપશમ !

હા ! જ્યારે કરફ્યુ ન હોય, ત્યારે માણસ ઘરે બેસે, તો ય ત્યાં એવું નથી કે એ બહાર નીકળે તો મોત !

એમ ક્ષયોપશમ ન હોય, ત્યારે સત્તામાં પડેલા રસ માટે એવું નથી કે એ ઉદયમાં આવે, તો ખતમ જ ! (અલબત, આ ૮ કર્મોમાં તો સતત ક્ષયોપશમ ચાલુ જ છે. પણ હકીકત આ છે.)

કરફ્યુ વિના ઘરમાં બેઠેલો માણસ !

કરફ્યુમાં ઘરમાં બેઠેલો માણસ !

આ બંને ભલે સમાન જ લાગે, પરંતુ આપણે કહી શકીએ કે બંનેમાં એટલો ફરક છે કે કરફ્યુ વિના ઘરમાં બેઠેલા માણસને માથે મોત નથી ભમતું. એ બહાર નીકળે તો પણ મરવાનો નથી. અને કરફ્યુમાં ઘરમાં બેઠેલા માણસના માથે તો મોત ભમે જ છે.

આવા તો અનેક દૃષ્ટાંતો સ્વયં વિચારી લેવા.

**પ્રશ્ન : ૭૦૦૧ થી ૧ લાખ સુધીનો રસ ૭૦૦૦ બની જાય છે, એ તો આપે કહ્યું, પણ જે ૧ થી ૬૯૯૯ સુધીનો રસ છે એની વાત તો આપે જણાવી જ નહિ. એ રસનું શું થાય ? શું એ રસ ૭૦૦૦નો બની જાય ? એટલે કે વધી જાય ? અધિકરસ ઘટ્યો, તો હીનરસ વધવો જોઈએ ને ?**

ઉત્તર : એવું નહિ બને. જો એવું બનતું હોય તો એ દર્શાવવામાં આવત. જેમ અધિકરસનો ક્ષય થાય છે, તો એ બતાવ્યો. તેમ હીનરસની જો વૃદ્ધિ થતી જ હોય, તો એ પણ બતાવત. તો પછી એમ લખત કે **ઉદયાનુવિદ્ધ વૃદ્ધિક્ષયોપશમ...**

પણ આવું કહ્યું નથી.

બીજું એમ પણ લાગે છે કે મોટા મોટા અશુભરસને છેક ૭૦૦૦ સુધી પહોંચાડવાનો પરિણામ છે, તો એ જ અધ્યવસાય ઘણા ઓછા અશુભરસને વધારવાનું ઉંધુ કામ શું કામ કરે ?

આમાં એમ જ લાગે છે કે– જે ૭૦૦૦ વાળા છે, એને ૭૦૦૦ રૂપે ભોગવે.

૭૦૦૧ થી ૧ લાખ વાળાને ૭૦૦૦ વાળા કરીને ભોગવે.

૧ થી ૬૯૯૯ વાળાને તે સ્વરૂપે જ ભોગવે, વધારે નહિ...

અને એમાં ગુણના અંશોમાં ફરક નહિ પડે.

એટલે કે ૩૦૦૧ અંશ મતિજ્ઞાન પ્રગટે છે, તો એમાં કોઈ ફરક નહિ પડે.

૧ થી ૬૯૯૯ વાળા ભલેને અલ્પરસવાળા હોય, પરંતુ ૭૦૦૦નો રસ તો ઉદયમાં છે જ ને, એટલે એ તો ૭૦૦૦ અંશને ઢાંકશે જ. ૧ રસના ઉદયથી જે ૧૦૦૦૦ અંશ ખુલ્લા રહ્યા છે, એ બધા જ કંઈ પ્રગટ નથી થવાના. પણ ૩૦૦૧ જ પ્રગટ થવાના. અને ૭૦૦૦થી અધિકરસ ઉદયમાં ન હોવાથી ૩૦૦૧ અંશને કોઈ નહિ અટકાવી શકે.

આ રીતે ૮ કર્મોનો ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ જોયો.

**અવધિજ્ઞાના. + મનઃપર્યવજ્ઞાના. + ચક્ષુદર્શના. + અવધિદર્શના. (૪ કર્મો)**

❊ આ ચાર કર્મો એવા છે કે જેમનો સર્વઘાતીરસનો ઉદય પણ થઈ શકે

છે. એટલે જ્યારે મનુષ્ય તિર્યંચોને એ ૧૦૦૦૧ થી ૧ લાખ સુધીમાંનો રસ ઉદયમાં હોય, ત્યારે અવધિજ્ઞાન આદિ ગુણ લેશથી પણ હોતો નથી.

※ બંધમાં કેટલો રસ, સત્તામાં કેટલો રસ... એ બધું મતિજ્ઞાના. વગેરેના જેવું જ છે. માત્ર ઉદયમાં જ ફરક છે. મતિજ્ઞાના.નો કાયમ દેશઘાતી જ ઉદય હતો, એટલે કાયમ માટે મતિજ્ઞાન ઓછા–વત્તા અંશે પણ રહેતું. જ્યારે આ ચારનો તો સર્વઘાતી ઉદય પણ હોઈ શકે છે, એટલે જ્યારે સર્વઘાતી ઉદય હોય ત્યારે અવધિજ્ઞાનાદિ ગુણ ન મળે, દેશઘાતીના ઉદય વખતે મળે.

※ એકે. + બેઈ. + તેઈ. + ચઉ. + અસંજ્ઞી પંચે. ને અવધિજ્ઞાના. + મનઃપર્યવ. જ્ઞાના.નો સર્વઘાતી ઉદય જ હોય.

※ એકે. થી માંડી તેઈ. સુધી બધાને ચક્ષુદર્શના.નો સર્વઘાતી ઉદય જ હોય.

※ અવધિ–રનો દેશઘાતી ઉદય તમામ દેવનારકો + કેટલાક સંજ્ઞી મનુષ્ય–તિર્યંચોને હોય.

※ ચક્ષુદર્શના.નો દેશઘાતી ઉદય ચઉરિન્દ્રિય આદિ તમામને હોય.

※ મનઃપર્યવજ્ઞાનનો દેશઘાતી ઉદય જો હોય, તો ૬ થી ૧૨ ગુણસ્થાન પર હોઈ શકે.

※ આ ચારેયમાં બીજી બધી જ બાબતો મતિજ્ઞાના. આદિની જેમ જ સમજી લેવી.

**મિથ્યાત્વમોહ + અનંતા. ૪ + અપ્રત્યા. ૪ + પ્રત્યા. ૪ + મિશ્ર (૧૪ કર્મ)**

※ આ બધા કર્મોમાં સર્વઘાતીરસનો જ બંધ થાય. (મિશ્રનો બંધ નથી.) સત્તામાં સર્વઘાતી જ હોય, અને ઉદયમાં પણ સર્વઘાતી જ હોય. (૧૦૦૦૧ થી ૧ લાખ જ...)

※ આ ૧૪ કર્મ આમ તો કેવલજ્ઞાના. જેવા જ છે. પરંતુ ફરક એટલો છે કે કેવલજ્ઞાના.નો ક્યારેય પ્રદેશોદય હોતો જ નથી, સર્વઘાતી રસોદય જ હોય છે. જ્યારે આ ૧૪ કર્મોનો સર્વઘાતી રસોદય તો હોઈ શકે છે, અને ત્યારે ક્ષયોપશમ ન હોય. પણ એ પછી તે તે અવસ્થામાં એમનો રસોદય અટકવો, પ્રદેશોદય ચાલુ થવો

અને એ રીતે ક્ષયોપશમ થવો સંભવિત છે.

❊ આ કર્મો ૮ + ૪ જેવા નથી કે ઉદય પણ ચાલુ + ક્ષયોપ. પણ ચાલુ. આ કર્મો એવા છે કે જો એમનો ઉદય હોય તો સર્વઘાતી જ ઉદય હોય, એટલે એ વખતે ક્ષયોપશમ ન થાય. અને જ્યારે ક્ષયોપશમ હોય, ત્યારે ઉદય ન જ હોય.

❊ આ બધાનો ક્ષયોપશમ શુદ્ધ ક્ષયોપશમ કહેવાય છે.

❊ આમાં પૂર્વ બતાવેલા બે પ્રકારના ક્ષય નહિ આવે. એટલે આમાં નવા જ પ્રકારનો બતાવવામાં આવશે.

હવે આપણે મિથ્યાત્વને લઈને આ આખો શુદ્ધ ક્ષયોપશમ સમજીએ.

❊ પહેલા ગુણઠાણે મિથ્યાત્વનો રસોદય છે, એ પણ સર્વઘાતી ! એટલે કે ૧૦૦૦૧ થી ૧ લાખમાંનો કોઈપણ ! એટલે આ દશામાં સમ્યક્ત્વનો સંપૂર્ણ ઘાત જ સમજવો. લેશ પણ સમ્યક્ત્વ ન પ્રગટે.

❊ આમાં જો અવધિજ્ઞાના. જેવું થતું હોત કે મિથ્યાત્વનો ૫૦૦૦નો ઉદય, ૭૦૦૦નો ઉદય... Etc. તો એવું બનત કે મિથ્યાત્વનો ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ અવધિજ્ઞાનની જેમ બની જાત.

❊ ચોથા ગુણઠાણે ઔપશમિક સમ્યક્ત્વ હોય, ત્યારે મિથ્યાત્વનો ઉદય નથી, માત્ર ઉપશમ છે. પણ ક્ષય પણ નથી. કેમકે પ્રદેશોદય પણ નથી.

❊ જ્યારે ચોથા ગુણઠાણે સમ.મોહનો ઉદય હોય, ત્યારે મિથ્યામોહના દલિકોનો માત્ર પ્રદેશોદય હોય, લેશથી પણ રસોદય નહિ. મિથ્યામોહના પુદ્ગલો સ્વફળ બતાવ્યા વિના એમ ને એમ જ ખતમ થઈ જાય, એ ત્રીજા પ્રકારનો ક્ષય છે.

❊ મિથ્યામોહ જ બંધાય છે, સમ.મોહ કે મિશ્રમોહ બંધાતા નથી.

❊ મિથ્યામોહનો ૨૫૦૦૧ થી ૧ લાખ સુધીનો રસ બંધાય છે.

❊ જ્યારે ઉપશમ સમકિત પ્રાપ્ત કરતી વખતે જીવ મિથ્યાત્વના પુદ્ગલોનો રસ ઘટાડે છે, ત્યારે જે પુદ્ગલોનો રસ ૧૧૦૦૧ થી ૨૫૦૦૦ જેટલો બને છે, એ મિશ્રમોહ ! જે પુદ્ગલોનો રસ ૧ થી ૧૦૦૦૦નો બને છે, એ સમ.મોહ!

❊ મિથ્યામોહને બંધમાં + સત્તામાં + ઉદયમાં ૨૫૦૦૧ થી ૧ લાખમાંનો જ રસ હોય.

※ મિશ્રનો બંધ નથી. સત્તામાં + ઉદયમાં ૧૦૦૦૧ થી ૨૫૦૦૦માંનો જ રસ હોય.

※ સમ.મોહનો બંધ નથી. સત્તામાં + ઉદયમાં ૧ થી ૧૦૦૦૦માંનો જ રસ હોય.

※ મિથ્યામોહનો શુદ્ધક્ષયોપશમ + સમ.મોહનો ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ હંમેશા સાથે જ હોય.

※ સમ.મોહનો ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ મતિજ્ઞાનાવરણ જેવો જ છે. ફરક માત્ર એટલો જ છે કે મતિજ્ઞાનાવરણનો સર્વઘાતી રસનો બંધ છે + સત્તામાં સર્વઘાતીરસ પણ હોય છે. જયારે સમ.મોહને ઉદયમાં + સત્તામાં માત્ર દેશઘાતી જ રસ હોય છે.

※ એ વખતે મિથ્યામોહનો શુદ્ધક્ષયોપશમ આ પ્રમાણે હોય છે.

– મિથ્યામોહનો રસોદય નથી, માટે ઉદયાનુવિદ્ધ ન કહેવાય, શુદ્ધ કહેવાય.

– મિથ્યામોહના જે ઉદયસમયમાં રહેલા પુદ્ગલો છે, તેનો રસોદય ન હોવાથી એ બધા પોતાનું ફળ બતાવ્યા વિના જ ક્ષય પામે છે... આ છે ક્ષય !

– મિથ્યામોહના સત્તામાં પડેલા જે દલિકો છે, તેનો કોઈપણ રસ ઉદયમાં ન જ આવવા દેવાની યોગ્યતા ઉભી થવી એજ ઉપશમ !

– આમ બને છે શુદ્ધ ક્ષયોપશમ !

※ મિથ્યાત્વનો કોઈ રસ ઉદયમાં જ નથી, એટલે એના કરતા અધિકરસને ખતમ કરવાની કે અધિકરસનો ઉપશમ કરવાની વાત આમાં ન આવે.

એટલે આમાં ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ કરતા મોટો તફાવત છે.

**તફાવત – ૧ :** ત્યાં સમ.મોહના ૭૦૦૦નો ઉદય છે, તો ૭૦૦૧ થી ૧૦૦૦૦ વાળા જે દલિકો ઉદયસમયમાં છે, એમનો એ અધિકરસ ક્ષય પામે છે.

**પ્રશ્ન : આમાં શંકા છે. ધારો કે સમ.મોહનો ૭૦૦૦ ઉદય છે, તો મિ.મોહનો ૨૫૦૦૧ થી ૧ લાખ સુધીનો રસ ૭૦૦૦ રૂપ બની જાય, અને એ રીતે સમ.મોહ રૂપ બનીને ક્ષય પામે, એમ જ ને ?... કે પછી એ રસ**

**એમને એમ પડ્યો રહે, સમ.મોહ ન બને, પણ સ્વફળ પણ ન આપે... એવું ? કે પછી બંને ?. ૯૦% મિ.મોહ એ સમ. મોહ બની જાય, ૧૦% મિ.મોહ એ મિ.મોહ રૂપે જ રહીને, ફળ આપ્યા વિના ક્ષય પામે...**

**ઉત્તર :** મિથ્યામોહનો તો ૧ રસ પણ ઉદય છે જ નહિ. પછી એનાથી અધિકરસનો ક્ષય કરવાની વાત જ ક્યાં આવે ? અહીં એટલું જ કહેવાનું કે મિથ્યામોહના જે દલિકો ઉદયસમયમાં છે, એ તમામ પ્રદેશોદયથી ક્ષય પામે એ જ ક્ષય !

**તફાવત - ૨ :** સમ.મોહના સત્તાગત દલિકોના ૭૦૦૦થી અધિકરસનો ક્ષય કરી ઉદયમાં લાવવા, એ બીજો ક્ષય હતો.

મિથ્યામોહનો તો ઉદય જ નથી, તો ઉદીરણા પણ નથી જ. એટલે એને આવો કોઈ ક્ષય નથી હોતો.

**તફાવત - ૩ :** સમ.મોહનો ૭૦૦૦નો ઉદય છે, તો ૭૦૦૦ થી અધિકરસવાળા સત્તાગત જે દલિકો ઉદયમાં નથી આવતા, એમના એ રસને ખતમ ન કરવો પણ ઉપશમાવી દેવો (ઉદયમાં ન આવી શકે એવી ભૂમિકામાં કરવો..) એ છે ઉપશમ !

મિથ્યામોહનો તો ઉદય જ નથી, તો અધિકરસને ઉપશમાવવો... એવું રહેતું જ નથી. ત્યાં તો એક જ વાત, સત્તાગત કોઈપણ રસ હોય, એ ઉદયમાં ન આવે, એવી એની યોગ્યતા થવી એ જ ઉપશમ !

**અનંતા.-૪નો ક્ષયોપશમ :**

❊ જીવ ઉપશમ સમકિત પામે, એજ સમયથી અનંતા.નો શુદ્ધ ક્ષયોપશમ ચાલુ થઈ જાય છે.

❊ એના ઉદયસમયમાં રહેલા તમામ દલિકો સર્વઘાતી જ છે, છતાં કશું ફળ બતાવ્યા વિના પ્રદેશોદયથી ક્ષય પામે છે.

❊ એમનો સત્તાગત રસ ઉદયમાં ન આવે, એવી એની યોગ્યતા થાય છે, આ ઉપશમ !

❊ એનો રસોદય નથી, માટે શુદ્ધ ક્ષયોપશમ છે.

**અપ્રત્યા.-૪ - ૪ પ્રત્યા. - ૪નો ક્ષયોપશમ :**

જીવ ૫મું ગુણઠાણું પામે, એ જ સમયથી અપ્રત્યા.ની શુદ્ધ ક્ષયોપશમ ચાલુ થઈ જાય છે.

※ જીવ છઠ્ઠુ ગુણઠાણું પામે, એ જ સમયથી પ્રત્યા.નો શુદ્ધ ક્ષયોપશમ ચાલુ થઈ જાય છે.

※ બીજું બધુ અનંતા.-૪ની જેમ જ સમજી લેવું.

**પ્રશ્ન :** **મિથ્યામોહનો શુદ્ધ ક્ષયોપશમ હોય, ત્યારે તો સમ્યક્ત્વ ૧૦૦% સંપૂર્ણ પ્રગટ થવું જોઈએ. કેમકે સમ્યક્ત્વને ઢાંકનાર તો મિથ્યામોહનો રસોદય છે. તો જેમ ઔપ. સમ્યક્ત્વમાં મિથ્યાત્વનો રસોદય ન હોવાથી સંપૂર્ણ સમ્યક્ત્વ છે, ક્ષાયિક સમકિતમાં પણ મિથ્યાત્વનો રસોદય ન હોવાથી સંપૂર્ણ સમ્યક્ત્વ છે, એમ ક્ષાયોપ. સમ્યક્ત્વમાં પણ રસોદય ન હોવાથી સંપૂર્ણ જ સમ્યક્ત્વ માનવું જોઈએ.**

**જો કે એનો પ્રદેશોદય છે, પણ પ્રદેશોદય તો કંઈપણ ફળ દેખાડતો જ નથી.**

ઉત્તર : તો માની લો ને સંપૂર્ણ સમ્યક્ત્વ !

**પ્રશ્ન :** **ના, ક્ષાયોપ. સમકિતના તો અસંખ્ય પ્રકાર બતાવેલા છે, એટલે કે અસંખ્ય સ્થાનો બતાવેલા છે. એટલે કે એમાં તરતમતા બતાવેલી છે. પણ એ તરતમતા શેના આધારે ? એ નથી સમજાતું.**

ઉત્તર : તમે જાળીવાળી બારી જોઈ છે ? અંદરની બાજુ જાળી છે, બહારની બાજુ લાકડાની બારી છે. જો બારી બંધ કરો તો બિલકુલ પ્રકાશ બંધ ! જો બારી ખોલો તો ૧૦૦% પ્રકાશ આવે. પરંતુ વચ્ચે પાછી જાળી છે, એટલે જાળીના સળીયાના કારણે થોડોક પ્રકાશ રોકાય. સળીયા જેટલા ઓછા જાડા, એટલો પ્રકાશ વધારે, સળીયા જેટલા વધારે જાડા, એટલો પ્રકાશ ઓછો !

મિથ્યામોહ બારી જેવું છે. એનો ઉદય હોય, તો લેશ પણ પ્રકાશ નહિ, સમ્યક્ત્વ નહિ. પણ એનો શુદ્ધ ક્ષયોપશમ થાય, તો ૧૦૦% સંપૂર્ણ સમ્યક્ત્વ જ પ્રગટે. છતાં એવું નથી થતું, એનું કારણ વચ્ચે જાળી જેવું સમકિતમોહ કર્મ બેઠું છે. એનો ઉદય ચાલુ છે. એનો ૧ થી માંડી ૧૦૦૦૦ સુધીનો અલગ-અલગ રસ

ઉદયમાં હોઈ શકે છે. એટલે જેટલો વધારે ઉદય એટલું સમ્યક્ત્વ નબળું ! જેટલો ઓછો ઉદય એટલું સમ્યક્ત્વ જોરદાર !

સમકિતમોહનો રસોદય અસંખ્ય પ્રકારનો છે. માટે સમકિત પણ અસંખ્ય પ્રકારનું થાય છે.

આજ વાત અનંતા.-૪માં સમજવી. અનંતા.-૪ના ક્ષયો.થી ૧૦૦% સમ્યક્ત્વ મળે, પણ સમકિતમોહના ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમના કારણે સમકિતના અસંખ્ય ભેદ થાય છે. (સમકિતમોહનો રસોદય જાળીમાં રહેલા સળીયા તુલ્ય છે. ક્ષયોપશમ જાળીમાં રહેલા ખાલી ભાગ તુલ્ય છે...)

**પ્રશ્ન : અપ્રત્યા.ના શુદ્ધ ક્ષયોપશમથી ૧૦૦% દેશવિરતિ પ્રગટ થવી જોઈએ. પરંતુ દેશવિરતિના પણ અસંખ્ય ભેદ બતાવ્યા છે. તો એ શી રીતે ઘટે ?**

**પ્રત્યા.ના શુદ્ધ ક્ષયોપશમથી ૧૦૦% સર્વવિરતિ પ્રગટ થવી જોઈએ, પરંતુ સર્વ વિરતિના પણ અસંખ્ય ભેદ બતાવ્યા છે. તો આ શી રીતે ઘટે?**

ઉત્તર : આ માટે પહેલા બે-ત્રણ બાબતો ધ્યાનમાં લઈએ.

(૧) શ્રી પંચાશક પ્રકરણમાં વૃત્તિકાર મહર્ષિએ જણાવ્યું છે કે-

'પ્રત્યાખ્યાનાવરણ કષાયનો ઉદય બે કામ કરે. એક સર્વવિરતિને સંપૂર્ણ અટકાવે. બે અપ્રત્યાખ્યાનાવરણના ક્ષયોપશમથી પ્રગટ થયેલ દેશવિરતિમાં અતિચારો લગાવડાવે.'

(૨) ૯ નોકષાયોનો ક્ષયોપશમ ૫માં ગુણસ્થાનથી ૯માં સુધી છે.

(૩) સંજ્વલન ૪નો ક્ષયોપશમ છઠ્ઠા ગુણસ્થાનથી ૧૦માં સુધી છે.

(૪) **મતાંતર:** સંજ્વ.૪નો ક્ષયોપશમ ચોથા ગુણઠાણે પણ છે.

(૫) **મતાંતર:** સમ્યક્ત્વ પ્રાપ્ત કરવાના હોઈએ, ત્યારે પહેલે ગુણઠાણે પણ ૯ નોકષાયોનો ક્ષયોપશમ હોય છે. એમ દેશવિરતિ પ્રાપ્ત કરવાના હોઈએ ત્યારે ચોથા ગુણઠાણે પણ ૯ નોકષાયોનો ક્ષયોપશમ હોય છે.

હવે આમાં ઉંડાણથી વિચાર કરીએ.

(૧) મિથ્યામોહના શુદ્ધક્ષયોપશમથી સંપૂર્ણ સમ્યક્ત્વ મળે, પરંતુ

સમકિતમોહનો ઓછો–વત્તો ઉદય એમાં અસંખ્ય ભેદો ઉત્પન્ન કરે છે.

(૨) અપ્રત્યા.ના શુદ્ધક્ષયોપશમથી સંપૂર્ણ દેશવિરતિ મળે, પરંતુ પ્રત્યા.નો ઓછો–વત્તો ઉદય એમાં અસંખ્ય ભેદો ઉત્પન્ન કરે છે.

(૩) પ્રત્યા.ના શુદ્ધક્ષયોપશમથી સંપૂર્ણ સર્વવિરતિ મળે. પરંતુ સંજ્વલનનો ઓછો–વત્તો ઉદય સર્વવિરતિમાં અસંખ્ય ભેદો ઉત્પન્ન કરે છે.

**પ્રશ્ન : જો આવું હોય, તો જેમ સમ.મોહનો ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ માન્યો છે, એમ પ્રત્યા.નો પણ પાંચમા ગુણઠાણે ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ માનો ને ?**

ઉત્તર : એમ ન મનાય. એનુ કારણ એ છે કે–

❊ સમ.મોહનો રસોદય ૧ થી ૧૦૦૦૦નો જ છે, એટલે એ પોતાના સમ્યક્ત્વ ગુણનો સંપૂર્ણ ઘાત નથી કરતો, પણ એને મલિન કરે છે. તરતમતા લાવે છે.

❊ સંજ્વલનનો રસોદય પણ છઠ્ઠા ગુણઠાણે દેશઘાતી જ છે. ૧ થી ૧૦૦૦૦નો છે. એટલે એનો સંપૂર્ણ ઘાત ન કરે, પરંતુ એને મલિન કરે છે, તરતમતા લાવે છે.

❊ પ્રત્યા. કષાયનો તો ત્યારે (પાંચમે ગુણઠાણે) સર્વઘાતી ઉદય જ છે. એટલે કે ૧૦૦૦૧ થી ૧ લાખનો ઉદય જ છે. અને એનું મુખ્ય કામ સર્વવિરતિને અટકાવવાનું છે. માટે ત્યાં લેશથી પણ સર્વવિરતિ આવતી જ નથી.

જો એનો ક્ષયોપશમ માનીએ, તો તો ઉદય + ક્ષયોપશમ થઈ જાય, તો તો ત્યાં સર્વવિરતિની પ્રાપ્તિ માનવી પડે.

એટલે ત્યાં ૧૦૦૦૧ થી ૧ લાખનો જ ઉદય હોય, એ સર્વવિરતિનો ઘાત પણ કરે, સાથે સાથે દેશવિરતિમાં પણ તરતમતા લાવે. એટલે કે જેટલો એનો ઉદય વધારે, એટલી દેશવિરતિ ઓછી. જેટલો એનો ઉદય ઓછો, એટલી દેશવિરતિ વધારે !

❊ ૧૦૦૦૧ થી ૧ લાખમાં કુલ ૯૦૦૦૦ જેટલા ઉદયના વિકલ્પો મળે. એને અનુસારે દેશવિરતિ પણ ૯૦૦૦૦ જેટલી મળે. (હકીકતમાં તો પ્રત્યા.નો સર્વઘાતી રસોદય અસંખ્ય પ્રકારે, એટલે દેશવિરતિ પણ અસંખ્ય પ્રકારે.)

※ ૧૦૦૦૧ થી ૧ લાખ... આ ૯૦૦૦૦ માંથી કોઈપણ ઉદય હોય, એમાં સર્વવિરતિનો ઘાત તો દરેકમાં સમાન છે.

※ જો પ્રત્યા.નો રસોદય ન હોય, તો અપ્રત્યા.ના ક્ષયોપશમથી પ્રગટેલી દેશવિરતિ એક જ પ્રકારની હોત, એમાં ફરક–તફાવત–તરતમતા ન આવત.

※ આમાં મને આવું લાગે છે કે–

(૧) મિથ્યાત્વના શુદ્ધ ક્ષયોપશમથી સંપૂર્ણ સમ્યક્ત્વ પ્રગટે, પણ સમ.મોહના અસંખ્ય ઉદયભેદોથી સમ્યક્ત્વના અસંખ્ય ભેદો પડે. (સમ.મોહનો ઉદય દેશઘાતી.)

(૨) અનંતા. ક્રોધનો ઉદય સમ્યક્ત્વ સાથે રહેનાર ક્ષમાને અટકાવે, ઢાંકે..

અનંતા. માનનો ઉદય સમ્યક્ત્વ સાથે રહેનાર નમ્રતાને અટકાવે, ઢાંકે..

અનંતા. માયાનો ઉદય સમ્યક્ત્વ સાથે રહેનાર સરળતાને અટકાવે, ઢાંકે..

અનંતા. લોભનો ઉદય સમ્યક્ત્વ સાથે રહેનાર વૈરાગ્યને અટકાવે, ઢાંકે..

એટલે..

અનંતા.–૪ના શુદ્ધ ક્ષયોપશમથી સમ્યક્ત્વ સહચરિત સંપૂર્ણ ક્ષમા, નમ્રતા, સરળતા, વૈરાગ્ય પ્રગટે.

પરંતુ અપ્રત્યા. કષાયનો સર્વઘાતી ઉદય બે કામ કરે. એ કષાયનો સર્વઘાતી રસ ઉદયમાં હોવાથી દેશવિરતિનો ઘાત કરે, અને સમ્યક્ત્વ સહચરિત સંપૂર્ણ ક્ષમાદિમાં તરતમતા લાવે. પણ એ સર્વઘાતી રસના જ અસંખ્ય ભેદો છે, એના કારણે સમ્યક્ત્વ સંબંધી ક્ષમા–નમ્રતા આદિના પણ અસંખ્ય ભેદો પડે.

(૩) અપ્રત્યા.–૪ના ક્ષયોપશમથી દેશવિરતિના અંશ રૂપ સંપૂર્ણક્ષમાદિ પ્રગટે, પણ પ્રત્યા.નો સર્વઘાતી ઉદય બે કામ કરે. એ કષાયનો સર્વઘાતી રસ ઉદયમાં હોવાથી સર્વવિરતિનો સંપૂર્ણ ઘાત કરે, અને દેશવિરતિ સહચરિત સંપૂર્ણ ક્ષમાદિમાં તરતમતા લાવે. પણ એ સર્વઘાતીરસના જ અસંખ્ય ભેદો છે. એના કારણે દેશવિરતિના અંશ રૂપ ક્ષમા–નમ્રતા વગેરેના પણ અસંખ્ય ભેદો પડે. એટલે દેશવિરતિના અસંખ્ય ભેદ પડે.

(૪) પ્રત્યા.–૪ના ક્ષયોપશમથી સર્વવિરતિના અંશરૂપ સંપૂર્ણ ક્ષમાદિ

પ્રગટે. પણ સંજ્વલનનો દેશઘાતી ઉદય અસંખ્ય પ્રકારનો છે, એના કારણે સર્વવિરતિના અંશ રૂપ ક્ષમા–નમ્રતાદિના પણ અસંખ્ય ભેદ થાય. એટલે કે સર્વવિરતિના અસંખ્ય ભેદ પડે.

(૫) સમ.મોહ અને સંજ્વલન આ બંને દેશઘાતી છે. એટલે એ બંનેનું કામ એક જ છે કે અસંખ્ય ભેદ ઉત્પન્ન કરવા. (સમ.મોહ સમ્યક્ત્વમાં અને સંજ્વલન કષાય સર્વવિરતિમાં...) તેઓ કોઈપણ ગુણનો સર્વઘાત નથી કરતા. કેમકે સમ.મોહનો ઉદય દેશઘાતી છે. સંજ્વલનનો પણ છઠ્ઠા ગુણઠાણે ઉદય દેશઘાતી જ છે.

(૬) મિથ્યામોહ સુદેવાદિ પર શ્રદ્ધા ન કરવા દે, કુદેવાદિ પર શ્રદ્ધા કરાવે. તો મિથ્યામોહના શુદ્ધ ક્ષયોપશમથી સુદેવાદિ પર શ્રદ્ધા પ્રગટે, કુદેવાદિ પરની શ્રદ્ધા જાય. એમાં સમ.મોહનો ઉદય વચ્ચે આવે છે, તો એ સુદેવાદિની શ્રદ્ધામાં વધ–ઘટ કરાવે.

પણ જે અનંતા. ક્રોધ છે, એનું કામ આ શ્રદ્ધા–અશ્રદ્ધાનું નથી, એનું કામ તો ક્રોધ લાવવાનું છે, ક્ષમા ખતમ કરવાનું છે... તો અનંતા. ક્રોધનો ક્ષયોપશમ થાય, ત્યારે તો ક્ષમા જ પ્રગટે ને ? એમ, માનાદિના ક્ષયોપશમથી નમ્રતાદિ જ પ્રગટે ને ?

હવે આ બધા ગુણો એક સાથે ચોથે પ્રગટે છે. તો એમ માનવું જ જોઈએ કે મિથ્યામોહના ક્ષયોપશમથી સુશ્રદ્ધા પ્રગટી, અને અનંતા.–જના ક્ષયોપશમથી આવી સુશ્રદ્ધાની સાથે રહેનારા ક્ષમાદિ ચાર ગુણો પ્રગટ્યા.

(૭) હવે જેમ સમ.મોહના ઉદયની તરતમતા શ્રદ્ધા રૂપ સમ્યક્ત્વમાં તરતમતા લાવે, તેમ અહીં અપ્રત્યા.મોહના ઉદયની તરતમતા ક્ષમાદિ રૂપ ગુણોમાં તરતમતા લાવે જ ને ! માટે જ તો ચોથા ગુણઠાણે પણ બધાની ક્ષમા ક્યાં સમાન હોય છે ? અલગ–અલગ જ હોય છે ને !

(૮) અપ્રત્યા. કષાયના શુદ્ધ ક્ષયોપશમથી દેશવિરતિના અંશ ભૂત એવી દેશવિરતિક્ષમા વગેરે પ્રગટ થાય છે, અને ૧૦૦% પ્રગટે છે. પરંતુ પૂર્વે બતાવ્યું, તેમ પ્રત્યા.ના ઉદયની તરતમતાના કારણે આ દેશવિરતિ ક્ષમાદિના પણ અસંખ્ય ભેદો પડે છે.

(૯) પ્રત્યા. કષાયના શુદ્ધ ક્ષયોપશમથી સર્વવિરતિના અંશ રૂપ એવી સર્વવિરતિ ક્ષમા વગેરે પ્રગટ થાય છે, અને એ ૧૦૦% પ્રગટે છે. પરંતુ સંજ્વલનના

ઉદયના અસંખ્ય ભેદોના કારણે આ સર્વવિરતિ ક્ષમા વગેરેના પણ અસંખ્ય ભેદો પડે છે.

(૧૦) સમ.મોહનો તો કાયમ માટે ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ જ હોય છે. એકલો ઉદય કે એકલો ક્ષયોપશમ ન હોય.

(૧૧) અનંતા. + અપ્ર. + પ્રત્યા.નો કાં તો એકલો ઉદય હોય, કાં તો એકલો શુદ્ધ ક્ષયોપશમ હોય. ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ ન હોય, કેમકે એમનામાં દેશઘાતી રસનો ઉદય નથી. અને દેશઘાતી રસનો ઉદય હોય, તો જ ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ ગણાય છે.

(૧૨) ૧ થી ૫ ગુણસ્થાન સુધી સંજ્વલનનો સર્વઘાતી રસોદય હોય છે. છઠ્ઠા ગુણઠાણાથી એનો દેશઘાતી રસોદય ચાલુ થાય છે, એટલે કે ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ ચાલુ થાય છે.

(૧૩) જો અપ્રત્યા.ના ક્ષયોપશમથી ઉત્પન્ન થનાર દેશવિરતિગુણમાં પ્રત્યા.નો અસંખ્ય પ્રકારનો ઉદય અસંખ્ય પ્રકાર ઉત્પન્ન કરી શકે,

જો પ્રત્યા.ના ક્ષયોપશમથી ઉત્પન્ન થનાર સર્વવિરતિગુણમાં સંજ્વ.નો અસંખ્ય પ્રકારનો ઉદય અસંખ્ય પ્રકાર ઉત્પન્ન કરી શકે.

તો અનંતા.ના ક્ષયોપશમથી ઉત્પન્ન થનાર સમ્યક્ત્વ સહભાગી ક્ષમાદિગુણમાં અપ્રત્યા.નો અસંખ્ય પ્રકારનો ઉદય અસંખ્ય પ્રકાર ઉત્પન્ન કરી જ શકે ને ?

હા ! મિથ્યાત્વના ક્ષયોપશમથી ઉત્પન્ન થનાર સમ્યક્ત્વગુણમાં સમકિતમોહનો અસંખ્ય પ્રકારનો ઉદય અસંખ્ય પ્રકાર ઉત્પન્ન કરે છે, એ જોઈ ગયા.

આ બધુ **પંચાશક**ના વૃત્તિપાઠને આધારે વિચારેલું છે.

પણ આ પણ એક મત છે. અન્ય મતને લઈને વિચારીએ, તો કંઈક અલગ જ પદાર્થ સમજાય છે. તે આ પ્રમાણે છે.

❋ જેનો સર્વઘાતી રસોદય હોય, તેઓ એક તરફ એક ગુણનો સર્વઘાત કરે અને બીજી તરફ બીજા ગુણમાં પોતાના અસંખ્ય સર્વઘાતી રસોદયના પ્રભાવે અસંખ્ય ભેદ ઉત્પન્ન કરે... એવું ન બને. એટલે કે પ્રત્યા.નો ઉદય માત્ર સર્વવિરતિનો ઘાત જ કરે, દેશવિરતિમાં તરતમતા લાવવાનું કામ એનું છે જ નહિ.

એજ રીતે અનંતા.ના ક્ષયોપશમથી પ્રગટેલ ક્ષમાદિમાં તરતમતા લાવવાનું કામ અપ્રત્યા.ના ઉદયનું નથી. એનું કામ તો સર્વવિરતિનો સંપૂર્ણ ઘાત કરવાનું જ
`

※ તો પછી દેશવિરતિના અસંખ્ય ભેદ કોણ પાડે છે ? વગેરે પ્રશ્નો ઉભા

※ એનો ઉત્તર આ પ્રમાણે લાગે છે...

– મિથ્યાત્વમોહ + અનંતા.ના ક્ષયોપશમથી જે ગુણો પ્રગટે છે એ બધામાં તરતમતા લાવવાનું કામ સમકિતમોહનો ઉદય કરે છે. (ઉદયાનુ. ક્ષયોપશમ કરે છે.)

– અપ્રત્યા.ના ક્ષયોપશમથી જે ગુણો પ્રગટે છે, એ બધામાં = દેશવિરતિમાં તરતમતા લાવવાનું કામ નવ નોકષાયનો ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ કરે છે. માટે જ પાંચમા ગુણસ્થાનથી નવ નોકષાયનો ક્ષયોપશમ માનેલો છે. ૧ થી ૪માં તો એમનો પણ સર્વઘાતી રસોદય જ હોય છે. હવે એમનો દેશઘાતી રસોદય ચાલુ થાય છે. એના અસંખ્ય ભેદો છે. એટલે એના કારણે એ ગુણોમાં પણ અસંખ્ય ભેદ પડી જાય છે.

– પ્રત્યા.ના ક્ષયોપશમથી જે સર્વવિરતિ પ્રગટે છે, એમાં તરતમતા લાવવાનું કામ સંજ્વલનોનો ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ કરે છે. છટ્ઠા ગુણઠાણાથી સંજ્વલનનો દેશઘાતી રસોદય ચાલુ થઈ જાય છે.

આ રીતે બધો પદાર્થ ઘટી જ શકે છે.

**પ્રશ્ન : બે બાબતો તમે બતાવી. પણ અમને હજી સ્પષ્ટતા નથી થતી. બીજી બાબતમાં શંકાઓ રહ્યા કરે છે.**

**– અનંતા.-૪ના શુદ્ધ ક્ષયોપશમથી જે શુદ્ધ ક્ષમાદિ પ્રગટે, એમાં તરતમતા લાવવાનું કામ સમ.મોહ શી રીતે કરે ? ક્ષમાને જો ઢાંકવાનું કામ ક્રોધ કરે છે, તો ક્ષમામાં તરતમતા લાવવાનું કામ પણ ક્રોધની તરતમતા જ કરે ને ?**

**૧૦૦% ક્રોધોદય હોય, તો ક્ષમા Zero...**

**૭૦% ક્રોધોદય હોય, તો ક્ષમા ૩૦%...**

**૩૦% ક્રોધોદય હોય, તો ક્ષમા ૭૦%...**

એ હજી બેસે... પણ સમ.મોહનો ઉદય ક્ષમાદિગુણોમાં તરતમતા લાવે એ કંઈ સંગત નથી થતું.

વળી વૃત્તિકાર મહર્ષિ નવાંગી વૃત્તિકારે જો પંચાશકની વૃત્તિમાં લખ્યું જ છે કે પ્રત્યા.નો ઉદય સર્વવિરતિનો ઘાત પણ કરે અને દેશવિરતિમાં તરતમતા પણ લાવે, તો એમાં કંઈક તથ્ય તો હશે ને ?

ઉત્તર : ઘણું બધુ વિચારતા એવું લાગે છે કે... નીચે મુજબ પદાર્થ હોવો જોઈએ. એમાં રીપીટેશન થાય, તોય ધ્યાન દઈને વાંચવું.

(૧) મિથ્યાત્વમોહ સમકિતને સંપૂર્ણ ઢાંકે.

(૨) અનંતા. ક્રોધ સમકિતસહવર્તી ક્ષમાને સંપૂર્ણ ઢાંકે.

(૩) અનંતા. માન સમકિતસહવર્તી નમ્રતાને સંપૂર્ણ ઢાંકે.

(૪) અનંતા. માયા સમકિતસહવર્તી સરળતાને સંપૂર્ણ ઢાંકે.

(૫) અનંતા. લોભ સમકિતસહવર્તી વિરાગતાને સંપૂર્ણ ઢાંકે.

(૬) અપ્રત્યા. ક્રોધ, માન, માયા, લોભ ક્રમશઃ દેશવિરતિના અંશ રૂપ ક્ષમા–નમ્રતા–સરળતા–વિરાગતાને સંપૂર્ણ ઢાંકે.

(૭) પ્રત્યા. ક્રોધાદિ ક્રમશઃ સર્વવિરતિના અંશ રૂપ ક્ષમાદિને સંપૂર્ણ ઢાંકે.

(૮) સંજ્વ. ક્રોધાદિ ક્રમશઃ યથાખ્યાતના અંશ રૂપ ક્ષમાદિને સંપૂર્ણ ઢાંકે.

(૯) અનંતા. + અપ્રત્યા. + પ્રત્યા. ... આ બધા તો સર્વઘાતી જ છે. એટલે એમનો સર્વઘાતી રસોદય જ હોય છે. એટલે ઉપર જે વાત કરી, એ સર્વઘાતી રસોદયની છે.

(૧૦) સંજ્વ.નો ઉદય સર્વઘાતી અને દેશઘાતી બંને પ્રકારનો હોય છે. એટલે એમનો સર્વઘાતી ઉદય શું કરે ? એ અહીં ઉપર દર્શાવેલું છે.

(૧૧) જ્યારે મિથ્યાત્વનો શુદ્ધ ક્ષયોપશમ થાય, ત્યારે ૧૦૦% સંપૂર્ણ સમ્યક્ત્વ પ્રગટે. એ ક્ષાયિક અને ઔપશમિક જેવું જ હોય, પણ એ જ વખતે સમ.મોહનો ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ હોય છે. એમાં જેટલો ઉદય, એટલું એ પ્રગટેલું સમ્યક્ત્વ ઢંકાય. જેટલો ક્ષયોપશમ એટલું એ સમ્યક્ત્વ પ્રગટ ! અને સમ.મોહનો

ઉદય ૧૦૦૦૦ પ્રકારનો હોવાથી આ ક્ષાયો.સમ્યક્ત્વ પણ ૧૦૦૦૦ પ્રકારનું થાય. (હકીકતમાં સમ.મોહનો દેશઘાતી રસોદય અસંખ્ય પ્રકારનો છે, એટલે ક્ષાયો.સમ્યક્ત્વ પણ અસંખ્ય પ્રકારનું જ...)

(૧૨) અનંતા. ક્રોધના શુદ્ધ ક્ષયોપશમથી ચોથા ગુણઠાણે જે ક્ષમા પ્રગટી છે તે એક જ પ્રકારની છે, ૧૦૦% છે.

પરંતુ અપ્રત્યા. ક્રોધનો ત્યાં સર્વઘાતી ઉદય ચાલુ છે, એ બે કામ કરે છે. દેશવિરતિનો સર્વઘાત કરે છે, અને ચોથા ગુણઠાણે પ્રગટેલી ૧૦૦% ક્ષમાના અસંખ્ય પ્રકાર કરી દે છે. એટલે કે અપ્રત્યા.નો ઉદય ૧૦૦૦૧ થી ૧ લાખ સુધીનો ૯૦૦૦૦ પ્રકારનો છે. તો એના આધારે પેલી પ્રગટેલી ક્ષમા પણ ૯૦૦૦૦ પ્રકારની થઈ જાય છે. (હકીકતમાં અસંખ્ય...)

(૧૩) અનંતા. માનાદિના ક્ષયોપશમથી પ્રગટ થનારા નમ્રતાદિ માટે પણ નં.-૧૨માં બતાવ્યા મુજબ જ સમજવું.

(૧૪) નવ નોકષાયોને નો-કષાય કહ્યા છે. એનો અર્થ એ છે કે એ જે કષાય સાથે ઉદયમાં હોય, એ કષાયના જેવું જ કામ કરે.

એટલે જો તેઓ અનંતા.ની સાથે ઉદયમાં હોય, તો તેઓ સર્વઘાતી જ હોય. ત્યારે જે કંઈપણ હાસ્ય-શોક-અરતિ-રતિ-વેદ વગેરે થાય, એ બધા અનંતા. જેવા જ.

(૧૫) જ્યારે ૯ નોકષાય ચોથા ગુણઠાણે હોય, ત્યારે એ અપ્રત્યા.ની સાથે છે. અપ્રત્યા.ના જેમ બે કામ છે, તેમ ત્યાં ૯ નોકષાયના પણ બે કામ છે. દેશવિરતિને અટકાવવાનું અને ચોથાના ગુણોમાં તરતમતા લાવવાનું...

(૧૬) અપ્રત્યા.નો ઉદય સર્વઘાતી છે, તો ૯ નોકષાયનો ઉદય પણ સર્વઘાતી !

(૧૭) પાંચમા ગુણઠાણે પ્રત્યા.નો સર્વઘાતી ઉદય છે, તો ત્યારે નોકષાયનો પણ સર્વઘાતી ઉદય ! પ્રત્યા.ના બે કામ ! સર્વવિરતિનો ઘાત કરવો અને દેશવિરતિમાં અસંખ્ય ભેદ ઉત્પન્ન કરવા. તો નવ નોકષાય પણ એજ કામ કરે. સર્વવિરતિનો ઘાત ! દેશવિરતિમાં અસંખ્ય ભેદ !

(૧૮) છઠ્ઠા ગુણઠાણે સંજ્વ.નો ઉદય છે, દેશઘાતી ઉદય છે. તો ત્યારે આ નો-કષાયનો પણ દેશઘાતી ઉદય ચાલુ થઈ જાય છે.

સંજ્વ.ના ઉદયના બે કામ છે. યથાખ્યાતનો ઘાત ! અને સર્વવિરતિમાં અસંખ્ય ભેદ !

તો ત્યાં રહેલા નવ નોકષાયના પણ એજ બે કામ સમજવા.

(૧૯) અનંતા. ક્રોધ એ ચોથા ગુણઠાણા સંબંધી ક્ષમાને સંપૂર્ણ ઢાંકે છે, જ્યારે એ ક્રોધનો શુદ્ધ ક્ષયોપશમ થાય છે, ત્યારે એ ક્ષમા સંપૂર્ણ પ્રગટે છે. ધારો કે ૧ લાખ અંશવાળી સંપૂર્ણ ક્ષમા !

હવે આ ક્ષમાના અસંખ્ય ભેદ કોણ પાડે છે ? અપ્રત્યા. ક્રોધ જ ને ? એટલે કે ૧૫૦૦૦ અપ્રત્યા. ક્રોધનો ઉદય હોય, તો આ ક્ષમા ૮૫૦૦૦ અંશવાળી મળે. ૨૦૦૦૦ અપ્રત્યા. ક્રોધનો ઉદય હોય, તો આ ક્ષમા ૮૦૦૦૦ અંશવાળી મળે.

આ રીતે ૧૧૦૦૧ થી ૧ લાખ સુધીના કુલ ૯૦૦૦૦ ભેદ એ ક્ષમાના મળે. પણ આ બધું કામ તો અપ્રત્યા. ક્રોધનું છે.

આપણે નવ નોકષાય માટે જે કહ્યું કે તેઓ પણ ચોથા ગુણઠાણાના ગુણોમાં અસંખ્ય ભેદ લાવે, એ શી રીતે ? ચોથા ગુણઠાણાના જે ક્ષમા–નમ્રતા–સરળતા–વિરાગતા ગુણો છે, એ બધામાં અસંખ્ય ભેદ લાવવાનું કામ તો અપ્રત્યા. ક્રોધ–માન–માયા–લોભ કરે છે, તો આમાં હાસ્યાદિ નવ નોકષાય શું કરે છે ?

આ પ્રશ્ન થાય ને ?

એનો જવાબ એમ જણાય છે કે–

આ હાસ્યાદિ નોકષાયો પણ સ્વતંત્ર રીતે એક–એક ગુણોને ઢાંકે તો છે જ.

દા.ત. હાસ્યોદય ગંભીરતા ગુણને ઢાંકે.

શોકોદય પ્રસન્નતાગુણને ઢાંકે.

રતિ–અરતિ ઉદય મધ્યસ્થતાગુણને ઢાંકે. (બંનેના અલગ–અલગ ગુણ પણ બતાવાય.)

ભયોદય નિર્ભયતાગુણને ઢાંકે.

જુગપ્સોદય અજુગુપ્સા ગુણને ઢાંકે.

વેદોદય અવેદ–બ્રહ્મચર્ય ગુણને ઢાંકે. (ત્રણ વેદ પ્રમાણે ત્રણ ગુણ પણ બતાવાય.)

(૨૦) અનંતા.ના ઉદય સાથેના હાસ્યાદિ ગંભીરતાદિને સંપૂર્ણ ઢાંકે.

(૨૧) અનંતા.નો ઉદય ગયો, એટલે એના જેવા હાસ્યાદિ પણ ગયા. એટલે ગંભીરતાદિ ગુણ સંપૂર્ણ પ્રગટે. જેમ ચોથાના ક્ષમાદિ ગુણો + ચોથાના ગંભીરતાદિ ગુણો.

(૨૨) પણ હવે અપ્રત્યા.નો ઉદય છે, એના બે કામ ! પાંચમાના ક્ષમાદિનો સંપૂર્ણ ઘાત ! ચોથાના ક્ષમાદિના અસંખ્ય ભેદ !

તો અપ્રત્યા.ની સાથે રહેલા નવ નોકષાય પણ એના જેવા જ બની જાય છે ને, એટલે કે તેઓ પણ પાંચમાના ગંભીરતાદિનો સંપૂર્ણ ઘાત કરે. ચોથાના ગંભીરતાદિના અસંખ્ય ભેદ કરે.

અપ્રત્યા.નો ઉદય સર્વઘાતી ! હાસ્યાદિનો ઉદય પણ સર્વઘાતી !

(૨૩) હવે પાંચમે તો પ્રત્યા.નો ઉદય છે, એટલે દેશવિરતિના ક્ષમાદિ ગુણો ભલે સંપૂર્ણ પ્રગટ થયા, પણ આ પ્રત્યા.નો ઉદય બે કામ કરે. સર્વવિરતિના ક્ષમાદિ ગુણોનો સંપૂર્ણ ઘાત ! દેશવિરતિના ક્ષમાદિ ગુણોના અસંખ્ય ભેદ !

તો પાંચમે પ્રત્યા.ના ઉદય સાથે રહેલા હાસ્યાદિ પણ એના જેવા જ છે. એટલે કે અહીં દેશવિરતિના ગંભીરતાદિ ગુણો સંપૂર્ણ પ્રગટ થાય, પણ પ્રત્યા. સાથેના હાસ્યાદિ ગુણો બે કામ કરે. સર્વવિરતિના ગંભીરતાદિ ગુણોનો સંપૂર્ણ ઘાત! અને દેશવિરતિના ગંભીરતાદિ ગુણોના અસંખ્ય ભેદ !

પ્રત્યા.નો સર્વઘાતી ઉદય ! તો હાસ્યાદિનો પણ સર્વઘાતી ઉદય !

(૨૪) છટ્ઠા ગુણઠાણે સંજ્વ.નો દેશઘાતી ઉદય છે, તો હવે હાસ્યાદિનો પણ દેશઘાતી ઉદય થાય. એટલે કે અહીં ૪ કષાય + નવ નોકષાયનો ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ ચાલુ થાય.

અહીં ૪ સંજ્વલન કષાયો બે કામ કરે છે. યથાખ્યાત ક્ષમાદિનો સંપૂર્ણ ઘાત + સર્વવિરતિના ક્ષમાદિ ગુણોના અસંખ્ય ભેદ ! તો એજ પ્રમાણે અહીં હાસ્યાદિ ષટ્ક

પણ બે કામ કરે. યથાખ્યાત ગંભીરતાદિનો સંપૂર્ણ ઘાત અને સર્વવિરતિના ગંભીરતાદિના અસંખ્ય ભેદ !

(૨૫) આ રીતે વિચારીએ તો નવ નોકષાયનો ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ છઠ્ઠેથી જ પ્રારંભ થાય, પાંચમેથી નહિ.

પ્રશ્ન : સંજ્વલનનો ઉદય યથાખ્યાતચારિત્રનો ઘાતક માનેલો છે ને ? કર્મગ્રન્થાદિમાં એના સ્પષ્ટ પાઠો પણ છે. *શ્રી યોગશાસ્ત્ર*નો પાઠ-

'वीतराग-यति-श्राद्ध-सम्यग्दृष्टित्वघातकाः'

ચાર કષાયો વીતરાગતા આદિ ચાર ગુણોના ક્રમશઃ ઘાતક છે. આમાં સંજ્વ. કષાયને વીતરાગતાના = યથાખ્યાતચારિત્રના ઘાતક કહ્યા છે.

હવે અમારું તો એમ કહેવું છે કે તમે જે વાત કરી કે 'છઠ્ઠા ગુણઠાણે સંજ્વ.નો ઉદય બે કામ કરે. 'યથાખ્યાતનો ઘાત + સર્વવિરતિમાં અતિચાર.' એ વાત યોગ્ય નથી લાગતી. તે આ પ્રમાણે-

અવધિજ્ઞાના.નો સર્વઘાતી ઉદય અવધિજ્ઞાનનો સંપૂર્ણ ઘાત કરે. એમ, સંજ્વલનનો સર્વઘાતી ઉદય યથાખ્યાતનો સંપૂર્ણ ઘાત કરે.

પણ દેવ-નારકોને અવધિજ્ઞાના.નો દેશઘાતી ઉદય છે = ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ છે. તો એમને લેશથી અવધિજ્ઞાન પ્રગટ થાય જ છે ને !

એમ છઠ્ઠા ગુણઠાણાથી સંજ્વલનનો દેશઘાતી ઉદય છે = ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ છે, તો ત્યાં યથાખ્યાતચારિત્ર લેશથી પ્રગટ થવું જોઈએ.

હા ! જેમ પ્રત્યા.નો સર્વઘાતી ઉદય છે, તો એ બે જ કામ કરે છે કે સર્વવિરતિનો ઘાત ! દેશવિરતિમાં તરતમતા ! એમ સંજ્વ.નો જો છઠ્ઠે પણ સર્વઘાતી ઉદય હોત, તો માની શકાત કે એ પણ બે કામ કરે, યથાખ્યાતનો ઘાત !, સર્વવિરતિમાં તરતમતા !

પણ એનો સર્વઘાતી નહિ, દેશઘાતી ઉદય જ માનેલો છે. (છઠ્ઠેથી) માટે ત્યાં યથાખ્યાતચારિત્ર દેશથી પ્રાપ્ત થવું જ જોઈએ.

ઉત્તર : તમારો પ્રશ્ન એકદમ યોગ્ય છે. આ અંગે એક ચિંતન...

❊ જેમ કેવલજ્ઞાના. કર્મ કેવલજ્ઞાનને સંપૂર્ણ રોકે. એમ સંજ્વલન કષાયનો સર્વઘાતી રસોદય યથાખ્યાતચારિત્રને સંપૂર્ણ રોકે.

❊ કેવલજ્ઞાન સંપૂર્ણ ઢંકાય, તો ય સૂર્યને સંપૂર્ણ ઢાંકનારા વાદળો જેમ સંપૂર્ણ પ્રકાશ નથી રોકી શકતા, 0.૧% જેટલો તે કેવલજ્ઞાન પ્રકાશ બહાર પ્રગટ થઈ જ જાય છે. એનું નામ મતિજ્ઞાન–શ્રુતજ્ઞાન–અવધિજ્ઞાન–મનઃપર્યવજ્ઞાન...

એમ ભલે ને સંજ્વલનનો સર્વઘાતી ઉદય યથાખ્યાતનો સંપૂર્ણ ઘાત કરે, પરંતુ અમુક અંશ તો ખુલ્લો રહે જ છે. એ અમુક અંશનું નામ છે સર્વવિરતિ ! દેશવિરતિ !...

❊ એ અંશભૂત અવધિજ્ઞાનને જેમ અવધિજ્ઞાના. સંપૂર્ણ ઢાંકે છે.

એમ, અંશભૂત સર્વવિરતિને પ્રત્યા. કષાય સંપૂર્ણ ઢાંકે છે.

અંશભૂત દેશવિરતિને અપ્રત્યા. કષાય સંપૂર્ણ ઢાંકે છે.

❊ જ્યારે અવધિજ્ઞાના.નો ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ થાય છે, ત્યારે અવધિજ્ઞાન પ્રગટે છે. અને એના ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ પ્રમાણે અસંખ્ય ભેદ પડે છે.

અહીં થોડોક ફરક છે. અપ્રત્યા. કે પ્રત્યા.નો ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ થતો નથી. એટલે એમના ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમથી સર્વવિરતિના અસંખ્ય ભેદ શક્ય જ નથી.

અહીં તો એવું બને છે કે અપ્રત્યા. અને પ્રત્યા.નો શુદ્ધ ક્ષયોપશમ જ થઈ જાય છે. એટલે તેઓ જે 0.૧% યથાખ્યાતને સંપૂર્ણ ઢાંકતા હતા, એ 0.૧% યથાખ્યાત સંપૂર્ણ પ્રગટ થાય છે, આને કહે છે સંપૂર્ણ સર્વવિરતિ !

❊ આશ્ચર્યની વાત એ છે કે ત્યાં કેવલજ્ઞાનાવરણ ક્યારેય અવધિજ્ઞાનને અટકાવતું નથી કે એમાં તરતમતા લાવતું નથી. પરંતુ અહીં ઘણી જ વિચિત્રતા જોવા મળે છે. સંજ્વલને યથાખ્યાતને સંપૂર્ણ અટકાવ્યું, છતાં 0.૧% યથાખ્યાત પ્રગટ જ રહે છે. એને વળી પ્રત્યા. કષાયે અટકાવ્યું, એનો શુદ્ધ ક્ષયોપશમ થયો, તો 0.૧% યથાખ્યાત (=સર્વવિરતિ) સંપૂર્ણ પ્રગટ થાય છે.

હવે એમાં તરતમતા લાવવાનું કામ કોણ કરે ?

એ કરે છે સંજ્વલન કષાય !

મહત્ત્વની વાત એ છે કે જો સંજ્વલનનો સર્વઘાતી જ ઉદય રહેત, તો અહીં બે કામ થાત (૧) યથાખ્યાતનો સંપૂર્ણ ઘાત, (૨) સર્વવિરતિમાં અસંખ્ય ભેદ.

અહીં તો એવું નથી. અહીં તો સંજ્વલનનો દેશઘાતી ઉદય ચાલુ થઈ જાય છે. એટલે એવું કહેવાય કે અત્યાર સુધી યથાખ્યાત સંપૂર્ણ ઢંકાયેલું હતું, (૦.૧% તો સ્વભાવથી જ ખુલ્લું રહે. એમાં કોઈ ક્ષયોપશમની જરૂર નથી.) પણ હવે એ પણ દેશથી પ્રગટે છે. એટલે કે સંજ્વ.નો ૯૦૦૦નો ઉદય હોય, તો યથાખ્યાતચારિત્ર ૧૦૦૧ અંશ પ્રગટ થાય જ છે. (સંપૂર્ણ યથાખ્યાત ૧૦૦૦૧ અંશ માનીએ છીએ.)

❊ એટલે હવે શું બને છે ? તે જુઓ.

પાંચમા ગુણઠાણે સંજ્વલનનો સર્વઘાતી ઉદય હતો = ૧૦૦૦૧થી માંડી લાખનો ઉદય હતો. એટલે યથાખ્યાતનો સંપૂર્ણ ઘાત હતો.

સ્વભાવથી જ જે ૦.૧% ભાગ યથાખ્યાતનો ખુલ્લો હતો, એને પણ પ્રત્યા.ના સર્વઘાતી ઉદયે ઢાંકી દીધો હતો.

એટલે યથાખ્યાતચારિત્ર Zero હતું.

❊ પણ જીવ જેવો છઠ્ઠા પર આવે છે કે તરત જ બે કામ થાય છે.

– પ્રત્યા.નો શુદ્ધ ક્ષયોપશમ થાય છે. માટે ૦.૧% યથાખ્યાત પ્રગટે છે. એ જ છે સર્વવિરતિ !

– સંજ્વ.નો દેશઘાતી ઉદય ચાલુ થાય છે. ધારો કે ૯૦૦૦નો ઉદય ! એટલે યથાખ્યાતનો ૧૦૦૧% ભાગ પ્રગટ થાય છે.

– પ્રત્યા.ના શુદ્ધ ક્ષયોપશમથી જે ૦.૧% ભાગ પ્રગટેલો છે, એ પણ હકીકતમાં તો યથાખ્યાતનો છે. એટલે એને સ્વતંત્ર ગણવાની જરૂર જ નથી. હવે આ પ્રમાણે જ ગણવાનું કે ૧૦૦૧% + ૦.૧% ભાગ યથાખ્યાતનો પ્રગટ થયો.

હવે આ ભાગને અમે સર્વવિરતિ નામ જ આપીએ છીએ.

૦.૧% રૂપ સર્વવિરતિ અલગ ! પ્રત્યા. કષાય એને જ ઢાંકતો હતો. ૦.૧% + ૧૦૦૧% રૂપ સર્વવિરતિ અલગ ! એ પ્રત્યા.ના શુદ્ધ ક્ષયોપશમ +

સંજ્વલનના દેશઘાતી ઉદયથી પ્રાપ્ત થયેલી સર્વવિરતિ છે.

❋ હવે આ પરિસ્થિતિમાં સંજ્વલન કષાય બરાબર સમ.મોહ જેવા બની જાય છે. તે આ પ્રમાણે...

ક્ષાયિક સમ્યક્ત્વ = યથાખ્યાત ચારિત્ર...

– જ્યાં સુધી સમ.મોહનો ઉદય હોય, ત્યાં સુધી ક્ષાયિક સમ. નહિ. જ્યાં સુધી સંજ્વલનનો ઉદય હોય, ત્યાં સુધી યથાખ્યાતચારિત્ર નહિ.

– સમ.મોહના ઉદય વખતે ક્ષાયો. સમ. મળે.

સંજ્વલનના ઉદય વખતે ક્ષાયો. યથાખ્યાત = ક્ષાયો. સર્વવિરતિ મળે.

– સમ.મોહના ઉદયના અસંખ્ય ભેદ, એટલે ક્ષાયો. સમ.ના અસંખ્ય ભેદ.

સંજ્વલનના ઉદયના અસંખ્ય ભેદ, એટલે ક્ષાયો. ચારિત્રના અસંખ્ય ભેદ.

– જેમ જેમ સમ.મોહનો ઉદય ઘટે, તેમ તેમ ક્ષાયો. સમ. વધે.

જેમ જેમ સંજ્વલનનો ઉદય ઘટે, તેમ તેમ ક્ષાયો. ચારિત્ર વધે.

– જ્યારે સમ.મોહનો સંપૂર્ણ નાશ, ત્યારે ક્ષાયિક સમ્યક્ત્વ !

જ્યારે સંજ્વલનો સંપૂર્ણ નાશ, ત્યારે ક્ષાયિક ચારિત્ર !

– સમ.મોહનો સર્વોપશમ થાય, તો ઔપશમિક સમ્યક્ત્વ !

સંજ્વલનનો સર્વોપશમ થાય, તો ઔપશમિક ચારિત્ર !

આ રીતે વિચારતા સ્પષ્ટ થાય છે કે–

છટ્ઠા ગુણઠાણે જે ક્ષાયો. ચારિત્ર છે, તે યથાખ્યાતનો જ અંશ છે, અને એ સંજ્વ.ના ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમથી જ પ્રાપ્ત થાય છે.

❋ જો છટ્ઠા ગુણઠાણે સંજ્વલનનો સર્વઘાતી ઉદય હોત, તો પ્રત્યા. કષાયના ક્ષયોપશમ દ્વારા ૦.૧% જેટલી સર્વતિરતિ મળત. અને સંજ્વલનનો સર્વઘાતી ઉદય બે કામ કરત– 'યથાખ્યાતનો સંપૂર્ણ ઘાત + ૦.૧% સર્વવિરતિના અસંખ્ય ભેદ !'

પણ એવું બનતુ જ નથી.

પ્રત્યા.નો ક્ષયોપશમ + સંજ્વલનનો દેશઘાતી ઉદય બે ભેગા જ ચાલુ થાય છે. એટલે અહીં ૦.૧ + ૧૦૦૧ અંશ એટલું યથાખ્યાત પ્રગટે છે. જેનું નામ છે ક્ષાયોપશમિક ચારિત્ર !

❊ એક ખુલ્લી બારીમાં ૧૦ લાકડાના પાટીયા લગાડીને બારી બંધ કરવામાં આવી હોય. પાટીયામાં એક નાનું કાણું હોય, તોએ અતિ અલ્પ પ્રકાશ એમાંથી આવે. હવે એ એક પાટીયું કાઢી નાંખો તોએ ૧૦% જેટલો પ્રકાશ આવે. એમાં પેલા કાણાનો પ્રકાશ અલગ ગણવાની જરૂર નથી, એ પણ ૧૦%ની અંદર જ આવી ગયો. અહીં પ્રત્યા.ના ક્ષયોપશમથી પ્રગટેલ યથાખ્યાત ચારિત્રનો ૦.૧ અંશે એ કાણાના પ્રકાશ જેવો છે. સંજ્વલનના ઉદયા.ક્ષયોપ.થી પ્રગટેલો યથાખ્યાત ચારિત્રનો ૧૦૦૧ અંશ એ પાટીયું નીકાળવાથી પ્રગટેલા પ્રકાશ જેવો છે.

❊ નવ નોકષાય પણ બરાબર સંજ્વલન ચાર કષાય પ્રમાણે જ સમજી લેવા.

❊ જો આમ માનીએ તો નવ નોકષાયનો પણ ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ છેક છટ્ઠેથી જ ચાલુ થશે. એટલે કે એમનો દેશઘાતી ઉદય પણ છટ્ઠેથી જ ચાલુ થશે.

❊ આવું માનવામાં જો કોઈ શાસ્ત્રપાઠ બાધક બનતો હોય, તો અવશ્ય વિચારીએ.

આમ,

૭નો ક્ષયોપશમ નહિ !

૮નો હંમેશા ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ !

૧૪નો શુદ્ધ ક્ષયોપશમ !

૧૮નો ક્યારેક ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ !

આમ, ક્ષયોપશમનો વિભાગ થઈ ગયો.

**પ્રશ્ન : એક જીવ મિથ્યાત્વી છે, એને અનંતા. ક્રોધનો ઉદય છે. અનંતા.ના એક કષાયના ઉદય વખતે અનંતા.ના બીજા કષાયોનો ઉદય નથી હોતો; એટલે કે એ વખતે અનંતા.-માન-માયા-લોભનો રસોદય નથી હોતો. પરંતુ પ્રદેશોદય તો હોય જ છે. અને એનો સત્તામાં રહેલો રસ આ વખતે**

ઉદયમાં નથી આવતો, માટે ઉપશમ પણ છે જ. તો આ રીતે પહેલા ગુણઠાણે અનંતા.-૩ કષાયનો શુદ્ધ ક્ષયોપશમ માનવો જ જોઈએ.

ઉત્તર : આ વાત બરાબર નથી.

❊ અનંતા.-૪ કષાયોનો સ્વભાવ એવો છે કે તે એક સાથે ઉદયમાં આવતા જ નથી. તેઓનો એકનો ઉદય હોય, ત્યારે બીજા ત્રણનો પ્રદેશોદય હોય.

આ ચારેય પરસ્પર સગાભાઈ જેવા છે.

એટલે જ્યારે એકનો સર્વઘાતી રસોદય છે, ત્યારે બીજા ત્રણનો ભલે ઉદય નથી, પરંતુ પાત્રતા તો સર્વઘાતી રસોદયની જ છે. એટલે કે એ સમયે જો ક્રોધની જગ્યાએ માન–માયા–લોભનો ઉદય હોત, તો એમનો સર્વઘાતી રસોદય જ હોત.

એટલે જ એમનો પ્રદેશોદય હોવા છતાં એમાં કોઈ ગુણ પ્રાપ્ત નથી થતો. એજ રીતે એમનો સત્તાગત રસ ભલે અત્યારે ઉદયમાં નથી આવ્યો, પરંતુ એની પાત્રતા તો સર્વઘાતી રસ રૂપે જ ઉદયમાં આવવાની છે. એટલે એનો ઉપશમ ન ગણાય.

જો દેશઘાતી રૂપે જ ઉદયમાં આવવાની પાત્રતા હોત, તો ઉપશમ કહી શકાત... આ કારણસર ક્ષયોપશમ માનવો શક્ય નથી.

❊ ક્ષયોપશમ તો જ મનાય, જો કોઈ આત્મગુણ પ્રગટે, પણ અહીં અનંતા. માનાદિના તમે બતાવેલા ક્ષયોપશમથી તો કોઈ ગુણ પ્રગટ થતા નથી. માટે ક્ષયોપશમ ન ગણાય.

❊ એ ચારેયને સગાભાઈની ઉપમા આપી છે. અને એ પણ પરસ્પર એક જ સ્વભાવવાળા ! એ એટલા માટે કે ધારો કે કોઈ એક ભાઈ કંઈક બોલે એ વખતે બાકીના ત્રણ ભાઈ ચૂપ બેઠા હોય, પણ એ વખતે એમનો અભિપ્રાય પણ એજ હોય.

બીજો ભાઈ બાલે, ત્યારે બાકીના ત્રણ ભલે ચૂપ ! પણ, અભિપ્રાય એક જ! એમ અનંતા. ક્રોધનો ઉદય છે, એનો મતલબ એ કે 'એ ચોથું ગુણઠાણું નથી આવવા દેતા' અને એ વખતે બાકીના ત્રણનો ઉદય ન હોય, તોય એ સમજી જ લેવાનું કે એ પણ એવા જ છે કે જો એમનો ઉદય હોય, તો તેઓ પણ ચોથું ન જ આવવા દે.

જેમ અનંતા.૪ની વાત કરી, તેમ અપ્રત્યા.૪, પ્રત્યા.૪ પણ સમજી જ લેવા.

**પ્રશ્ન :** **સંજ્વલન માટે શું સમજવું ?**

ઉત્તર : એકદમ સરળ છે.

જો સંજ્વલનનો ૧ થી ૫ સુધીમાં ઉદય હોય, તો એ સર્વઘાતી ઉદય છે. એટલે એકનો ઉદય હોય, ત્યારે બાકીના ત્રણની સર્વઘાતી ઉદયની જ પાત્રતા પડેલી છે, માટે ક્ષયોપશમ નહિ.

પણ છઠ્ઠા ગુણસ્થાન પર હોઈએ, ત્યારે ધારો કે ૧ ક્રોધનો ઉદય હોય, તો એ સર્વઘાતી નથી, પણ દેશઘાતી ઉદય છે. એટલે કે એનો ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ છે. એટલે કે એ કહે છે કે– 'હું ચારિત્રનો સંપૂર્ણ ઘાત નહિ કરું. ચારિત્રને આવવા દઈશ.' બસ, તો એના સગા ભાઈ જેવા બાકીના ત્રણ કષાયો પણ એમ જ કહે છે કે– 'અમે પણ દેશઘાતી ! અમારો પણ ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ !'

**પ્રશ્ન :** **સંજ્વ. ક્રોધનો તો ઉદય ચાલુ છે એટલે એનો ક્ષયોપશમ ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ કહેવાય. પણ સંજ્વ. માનાદિનો ક્યાં ઉદય ચાલુ છે ? તો એમનો ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ શી રીતે કહેવાય ?**

ઉત્તર : સાચી વાત. સંજ્વ. માનાદિનો એ વખતે ઉદય ચાલુ નથી. હા ! પ્રદેશોદય છે, અને સત્તાગત રસનો ઉપશમ પણ છે. એટલે કે એ સત્તાગત સર્વઘાતી રસ એ સ્વરૂપે ઉદયમાં ન જ આવી શકે, એવી યોગ્યતા એનામાં ઉત્પન્ન કરવામાં આવી છે. એટલે ઉપશમ પણ છે. એટલે ક્ષયોપશમ તો છે જ. પણ ઉદય ન હોવાથી ઉદયાનુવિદ્ધ ક્ષયોપ. આમ તો માની ન શકાય. પરંતુ એની પાત્રતા તો એવી જ પડી છે કે જો એનો ઉદય હોય, તો એ ઉદય સંજ્વ. ક્રોધના ઉદય જેટલો દેશઘાતી જ હોત, સર્વઘાતી ન જ હોત.

આમ સંજ્વ.માનાદિ એ દેશઘાતી ઉદયમાં એ વખતે ન હોવા છતાં એમનામાં દેશઘાતી ઉદયની પાત્રતા પડી હોવાના કારણે એમનો પાત્રતા રૂપે ઉદયા. ક્ષયો. માનવામાં આવે છે.

આમ માનવું જરૂરી પણ છે. તે આ પ્રમાણે...

ધારો કે છઠ્ઠા ઉપર સંજ્વ. ક્રોધનો ઉદય હોય, ત્યારે જો એ ૭૦૦૦નો ` તો આપણે કહેશું કે ૩૦૦૧ અંશવાળી ક્ષમા આપણી પાસે છે.

પણ એ વખતે સંજ્વ.માનનો તો લેશથી પણ ઉદય નથી જ, તો એ જેને ઢાંકે છે એ નમ્રતા કેટલી ? ૧૦૦૦૧ અંશવાળી ? એટલે કે સંપૂર્ણ ? તો શું નમ્રતાદિ ગુણો યથાખ્યાત કક્ષાના, અને ક્ષમાગુણ છઠ્ઠાનો એમ માનવાનું ?

એમ ચોથા ગુણઠાણે જ્યારે અપ્રત્યા. ક્રોધનો ઉદય હોય, ત્યારે અપ્રત્યા. માનાદિનો ઉદય જ નથી. એટલે કે ત્યારે નમ્રતાને ઢાંકનાર કોણ ? કોઈ જ નહિ ને? તો ત્યારે નમ્રતા ૧૦૦૦૧ અંશવાળી છે, એમ માનવું પડે. એટલે કે ક્ષમા ચોથા ગુણઠાણવાળી અને નમ્રતાદિ ગુણો અગિયારમાં વગેરે ગુણઠાણાવાળા... એમ માનવું પડે.

અરે, ચોથે સુધી પણ જવાની જરૂર જ નથી. જો પહેલે ગુણઠાણે અનંતા. ક્રોધનો ઉદય હોય, તો ત્યાં અનંતા. માન વગેરેનો ઉદય છે જ નહિ. તો એ વખતે નમ્રતાદિ ગુણોને ઢાંકનાર કોણ ? શું અનંતા. ક્રોધ નમ્રતાદિ ગુણોને ઢાંકે છે ? નહિ જ. તો પહેલા ગુણઠાણા ઉપર જ સંપૂર્ણ નમ્રતા વગેરે માનવા પડશે.

આ બધાનો ઉત્તર આપણે એમ જ આપવો પડે કે–

❊ જ્યારે સંજ્વલન ક્રોધનો ઉદય છે અને એટલે સંપૂર્ણ ક્ષમા નથી, પરંતુ ૩૦૦૧ અંશવાળી ક્ષમા છે, ત્યારે ભલે સં.માનનો ઉદય ન હોય, પરંતુ આત્મામાં ૧૦૦૦૧ અંશવાળી નમ્રતા ન જ આવે. આત્માની એ પાત્રતા જ ન હોય. એ વખતે સં.માન ભલે મૌન છે (ઉદયમાં નથી), પરંતુ એનો અભિપ્રાય એ જ છે કે *'મારો ભાઈ સં. ક્રોધ જો અત્યારે છઠ્ઠા ગુણઠાણે ઉદયમાં છે, તો હું પણ નમ્રતાને દેશથી જ ઘાત કરીશ. મારો ભાઈ સં. ક્રોધ જો ક્ષમાના ૭૦૦૦ અંશને ઢાંકે છે, તો હું પણ ૭૦૦૦ અંશને ઢાંકી દઈશ. ૩૦૦૧ અંશને ખુલ્લા થવા દઈશ.'*

આમ, જ્યારે સં. ક્રોધનો ૭૦૦૦નો ઉદય છે, ત્યારે સં.માનાદિનો ભલે ઉદય નથી પરંતુ જો શુદ્ધ ક્ષયોપશમ માનીએ તો તો એ નમ્રતાદિ ગુણો ૧૦૦૦૧ જ પ્રગટે અને એમાં તરતમતા લાવનાર એ વખતે તો બીજું કોઈ કર્મ છે નહિ. (જેમ અપ્રત્યા.ના શુદ્ધ ક્ષયોપશમથી સંપૂર્ણ દેશવિરતિ ક્ષમા પ્રગટે, પરંતુ પ્રત્યા.નો અસંખ્ય પ્રકારનો ઉદય એ ક્ષમામાં અસંખ્ય ભેદ ઉત્પન્ન કરે. પણ એવું અહીં કોણ ? સં. માનના શુદ્ધ ક્ષયોપશમથી જો ૧૦૦૦૧ નમ્રતા પ્રગટે, તો હવે એમાં અસંખ્ય ભેદ કોણ લાવશે ? શું સં.ક્રોધનો ઉદય ? નહિ જ. એ તો ક્ષમામાં જ અસંખ્ય ભેદ લાવે...)

એટલે આમ જ માનવું કે–

જ્યારે સં. ક્રોધનો ૭૦૦૦નો ઉદય, ત્યારે સં.માનાદિનો ઉદય ન હોવા છતાં પણ યોગ્યતા રૂપે ૭૦૦૦નો જ ઉદય ! એટલે, ત્યારે જેમ ક્ષમા ૩૦૦૧ અંશવાળી, એમ નમ્રતાદિ પણ ૩૦૦૧ અંશવાળા !

એટલે સં.માનાદિનો ક્ષયોપશમ ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ જેવો જ માનવો. એટલે કે સં.માનાદિનો ઉદય નથી, તો પણ એમ જ માનવું કે સં.માનાદિનો ૭૦૦૦નો ઉદય છે. માટે ૭૦૦૦ અંશ ઢંકાયેલા છે અને નમ્રતાદિના ૩૦૦૧ અંશ ખુલ્લા છે.

જ્યારે પહેલા ગુણઠાણે અનંતા. ક્રોધનો સર્વઘાતી ૭૦૦૦૦નો ઉદય હોય, ત્યારે ક્ષમાનો એક પણ અંશ ખુલ્લો નથી. પણ એ વખતે અનંતા. માનાદિનો ઉદય ન હોવા છતાં એમ જ માનવું કે અનંતા.માનાદિનો પણ એ વખતે ૭૦૦૦૦નો જ સર્વઘાતી ઉદય છે. એટલે કે એનો ક્ષયો. નથી, એટલે કે એનામાં નમ્રતાદિ પણ Zero જ છે. એનો કોઈ અંશ ખુલ્લો નથી.

પાછું ધ્યાનમાં લો, અનંતા.૪ પરસ્પર સગાભાઈ જેવા જ છે. એટલે એકનું જેવું સ્વરૂપ હશે, બાકીના ત્રણનું એવું ને એવું જ સ્વરૂપ માનવાનું. એકનો સર્વઘાતી ઉદય તો બધાનો પણ સર્વઘાતી ઉદય ! એકનો શુદ્ધ ક્ષયોપશમ ! તો બધાનો પણ!

એમ, અપ્રત્યા.૪, પ્રત્યા.૪, સંજ્વ.૪ પણ સમજી લેવા.

**પ્રશ્ન : નવ નોકષાયમાં શું માનવાનું ? એમા પણ હાસ્ય-રતિના ઉદય વખતે શોક-અરતિનો ઉદય નથી, શોક-અરતિના ઉદય વખતે હાસ્ય-રતિનો ઉદય નથી, ભય-જુગુપ્સા તો અનિશ્ચિત છે. એનો ઉદય હોય, ન હોય. બંનેનો હોય, બેમાંથી કોઈપણ એકનો હોય કે એકેયનો ન હોય. એમ વેદમાં પણ ત્રણમાંથી કોઈપણ એકનો જ હોય છે.**

ઉત્તર : આ બધું સં. કષાય અને અનંતા. આદિ કષાય જેવું જ છે.

છતાં સ્પષ્ટ કરી દઉં.

❊ ધારો કે હાસ્ય–૨નો સર્વઘાતી ઉદય હોય, તો શોક–૨નો ઉદય ન હોય, તો પણ સર્વઘાતી ઉદય જેવું જ માનવું. એટલે કે ત્યાં 'અશોક' ગુણનો એક

અંશ પણ નથી. ત્યારે ભય-જુગુપ્સાનો ઉદય હોય, તો સર્વઘાતી જ હોય. જો પ્રદેશોદય જ હોય, તો પણ એમનો ક્ષયો. ન જ માનવો, સર્વઘાતી ઉદય જેવું જ માનવું, એટલે એમાં કોઈ ગુણ પ્રગટ જ નથી થતો, અંશ પણ નહિ.

❊ ધારો કે હાસ્ય-૨નો દેશઘાતી ઉદય હોય, તો શોક-૨નો ઉદય ન હોવા છતાં એમનો પણ દેશઘાતી જેવો જ ઉદય માની લેવો. એટલે એમના પણ આંશિક ગુણ પ્રગટેલા માનવા. (સંપૂર્ણ ન માનવા.) ભય-જુગુપ્સાનો જો એ વખતે ઉદય હોય, તો દેશઘાતી જ હોય, ઉદય ન હોય, તો દેશઘાતી ઉદય જેવું જ સમજવું. એટલે કે નિર્ભયતાદિ ગુણો આંશિક માનવા, પરંતુ સંપૂર્ણ ન માનવા.

❊ હાસ્ય-૨ની જગ્યાએ શોક-અરતિનો સર્વઘાતી કે દેશઘાતી ઉદય હોય તો એમાં પણ ઉપર મુજબ જ સમજવું.

❊ વેદમાં પણ આ જ વસ્તુ !

જે વેદનો સર્વઘાતી ઉદય ! એના સિવાયના બાકીના બે વેદનો સર્વઘાતી ઉદય જ સમજવો.

જે વેદનો દેશઘાતી ઉદય ! એના સિવાયના બાકીના બે વેદનો દેશઘાતી ઉદય જ સમજવો.


બોલો, બરાબર છે ને ?

**પ્રશ્ન : તમે પહેલા નિદ્રા-૫ ની વાત કરેલી કે 'એમનો પ્રદેશોદય હોય, તો પણ એમનો ક્ષયોપશમ ન માનવો.' એવું કેમ ? એ હવે સમજાવશો.**

**ઉત્તર :** જેમ અનંતા. ક્રોધના સર્વઘાતી રસોદય વખતે અનંતા.માનાદિનો પ્રદેશોદય હોવા છતાં પણ એનો ક્ષયોપશમ નથી માન્યો, એજ રીતે અહીં પણ નિદ્રા-૫ નો ભલે પ્રદેશોદય હોય, તો પણ એનો ક્ષયોપશમ નથી જ માનવાનો.

**પ્રશ્ન : તમારી સરખામણી બરાબર નથી. અનંતા.માનાદિનો જ્યારે પ્રદેશોદય હોય છે ત્યારે કંઈ નમ્રતાદિ ગુણો પ્રગટ નથી થતા. પરંતુ જ્યારે નિદ્રા-૫ નો પ્રદેશોદય હોય, ત્યારે તો ચક્ષુદર્શનાદિ ગુણો પ્રગટ થાય જ છે ને?**

**ઉત્તર :** આ બાબતમાં પહેલા કેટલીક બાબતો સ્પષ્ટ કરીએ.




વિવેચન :-

❋ આત્મામાં ૧૦૦% જ્ઞાન = કેવલજ્ઞાન છે. છતાં એને સંપૂર્ણ ઢાંકનાર ા. કર્મ છે. એટલે એ ગુણ ઢંકાયેલો છે.

❋ કોઈપણ સર્વઘાતી કર્મ ગુણનો સર્વઘાત કરે, એ વાત સાચી. પણ એમાં કાયમ માટે એ તો સમજી જ લેવું કે– 'આત્માનો કોઈપણ ગુણ સંપૂર્ણ ઢંકાય એ શક્ય જ નથી. એનો અલ્પ અંશ ખુલ્લો રહે જ.'

❋ આ માટે શાસ્ત્ર પ્રસિદ્ધ દૃષ્ટાંત છે કે આકાશમાં સૂર્ય હોય, પણ ગાઢવાદળો છવાયા હોય, તો સૂર્યનો પ્રકાશ સંપૂર્ણ ઢંકાઈ જાય. આમ છતાં ક્યારેય પણ મધ્યરાત્રિ જેવું અંધારું તો ન જ થાય ને ? એટલે કે જો આકાશમાં સૂર્ય છે, તો એનો અલ્પ પ્રકાશ તો ખુલ્લો રહે જ.

❋ આ પ્રકાશ જે નીકળે છે, એટલે કે કેવલજ્ઞાના. હોવા છતાં આત્માનો આ જે અંશ ખુલ્લો રહે છે, એ તો સહજ રીતે જ ખુલ્લો રહે છે. ત્યાં એવું ન બોલવું કે 'કેવલજ્ઞાના.ના ક્ષયોપશમને કારણે આટલો ગુણ પ્રગટ્યો છે.' કેમકે કેવલજ્ઞાના.નો ક્ષયોપશમ નથી હોતો. કેમકે તેનો દેશઘાતી રસોદય નથી હોતો, તથા શુદ્ધ ક્ષયોપશમ પણ નથી હોતો.

❋ તમે જ કહો કે કેવલ.નો ક્ષયોપશમ માનવો હોય તો કેવો માનશો ?

અનંતા. કષાય, મિથ્યાત્વ આદિ જેવો માનશો ? એ શક્ય નથી. કારણ કે એમનો શુદ્ધ ક્ષયોપશમ હોય છે. એટલે કે એમનો પ્રદેશોદય હોય છે,પણ કેવલજ્ઞાના.નો તો ક્યારેય પણ પ્રદેશોદય નથી હોતો.

હવે જો કેવલજ્ઞાના.નો ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ માનવો હોય, તો એમનો

દેશઘાતી ઉદય જોઈએ. ૧ થી ૧૦૦૦૦ની વચ્ચેનો ઉદય જોઈએ. એ તો છે જ નહિ. એમનો ઉદય તો કાયમ માટે ૧૦૦૦૧ થી ૧ લાખ સુધીનો જ છે ને !

❋ એટલે જ જેમ મતિજ્ઞાના.ના ઉદયા.ક્ષયો.ના અસંખ્ય ભેદના કારણે મતિજ્ઞાન અસંખ્ય ભેદવાળુ બને છે,

સમકિતમોહના ઉદયા.ક્ષયો.ના અસંખ્ય ભેદના કારણે સમ્યગ્દર્શન અસંખ્ય ભેદવાળું બને છે,

સંજ્વ.ના ઉદયા.ક્ષયો.ના અસંખ્ય ભેદના કારણે સર્વવિરતિ અસંખ્ય ભેદવાળી બને છે,

એ રીતે અહીં બનવાનું નથી.

અહીં કેવલજ્ઞાના.નો સર્વઘાતી જ ઉદય છે, એટલે આખો કેવલજ્ઞાન ગુણ ઢંકાય. છતાં સહજ રીતે જ અમુક અંશ ખુલ્લા રહે, પણ એ અંશ કાયમ માટે તમામ જીવોને સમાન જ ખુલ્લા હોય, ઓછા–વત્તા નહિ.

❋ કેવલજ્ઞાના.થી નહિ ઢંકાયેલા, બહાર નીકળી આવેલા આવા કેવલજ્ઞાનાંશને જ નામ આપવામાં આવે છે– મતિજ્ઞાન–શ્રુતજ્ઞાન...! પણ, આ બધો ખુલ્લો ભાગ એટલે કલ્પના મુજબ ૫%.

❋ જો આ ૫% ભાગ ખુલ્લો રહે ને, તો તો ચૌદપૂર્વોનું જ્ઞાન, અસંખ્ય લોકનું અવધિજ્ઞાન, વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન... આ બધું તમામ જીવોને હોત.

❋ આશય એ છે કે આ ૫% = ચૌદપૂર્વાદિ રૂપ બધું શ્રુતજ્ઞાન, અસંખ્ય લોકના જ્ઞાન રૂપ બધું અવધિજ્ઞાન + વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન.

(મતિજ્ઞાનમાં પણ જે ઉત્કૃષ્ટ સંભવતું હોય તે.)

❋ હકીકત એ છે કે આ જે ઉત્કૃષ્ટ મતિ આદિ બતાવ્યા છે, એ પણ પેલા ૫% રૂપ નથી, પણ ૫%થી ઘણા ઓછા છે. કારણ એ છે કે દરેક જીવને મતિજ્ઞાના. આદિ પાંચનો પણ સતત ઉદય ચાલુ જ હોય છે. એટલે કેવલજ્ઞાના.માંથી નીકળેલા ૫% ગુણને પણ પાછા આ મતિજ્ઞાના. વગેરે ઢાંકે જ છે, પરંતુ ઉદયા.ક્ષયો. છે ને? એટલે સંપૂર્ણ નથી ઢાંકતા. એટલે એમાંથી જે આંશિક ગુણ બહાર પ્રગટે છે, એનું નામ છે અત્યારના અનુભવમાં આવતા મતિ–શ્રુતજ્ઞાનાદિ !

❊ સૂક્ષ્મનિગોદના જીવને પણ ૫% તો ખુલ્લો જ હતો, પણ પછી એને ઢાંકનાર મતિજ્ઞાના. + શ્રુતજ્ઞાના. ૧0000 રસવાળું હતું. એટલે એમને માંડ ૧ અંશ જ ખુલ્લો મળ્યો.જેને આપણે 0.0૧% કહી શકીએ.

ઉત્કૃષ્ટ ચૌદપૂર્વધરને પણ ૫% ખુલ્લો હતો, પણ એને ઢાંકનાર મતિજ્ઞાના. કે શ્રુતજ્ઞાના. માત્ર ૧ અંશ છે. એટલે એમને ૧0000 અંશ મતિ–શ્રુત ખુલ્લા થાય છે. જેને આપણે ૪.૯% કહી શકીએ.

❊ અવધિજ્ઞાના.નો ૧0000 નો ઉદય હોય તો ૧ અંશ = 0.0૧% અવધિજ્ઞાન પ્રગટે, જે સૌથી અલ્પ ! અને જો ૧ નો ઉદય હોય, તો ૧0000 અંશ પ્રગટે, જે ૪.૯% કહી શકાય. જે સૌથી વધારે ! એટલે કે પરમાવધિ !

❊ આવું જ સૌથી નાના મનઃપર્યવ માટે અને સૌથી મોટા મનઃપર્યવ માટે પણ સમજવું.

❊ ધારો કે આ મતિજ્ઞાના. આદિ કર્મો ન હોય, તો ૫% જેટલું મતિજ્ઞાનાદિ મળત. એટલે કે શાસ્ત્રમાં અત્યારે જે સૌથી મોટું મતિજ્ઞાન સૌથી મોટું શ્રુતજ્ઞાન બતાવેલ છે એના કરતા પણ મોટું મતિજ્ઞાનાદિ મળત.

પણ અનાદિકાળથી જીવમાત્રને આ મતિ.જ્ઞાના. આદિ ચારનો ઉદય છે જ, એટલે ક્યારેય ૫% જેટલું મતિજ્ઞાનાદિ મળી જ ન શકે.


❊ ધારો કે એવું બનતું હોય ને કે પહેલા આ મતિજ્ઞાના. આદિ ૪નો ક્ષય થઈ જાય, પછી થોડા સમય બાદ કેવલજ્ઞાના.નો ક્ષય થાય, તો પણ એવું બનત કે ૫% જેટલું મતિજ્ઞાનાદિ પ્રગટ થાત. પણ એવું બનતુ નથી. એ ચારની સાથે જ કેવલજ્ઞાના.નો પણ ક્ષય થઈ જાય છે. એટલે સીધું એક સાથે ૧00% જ્ઞાન જ પ્રગટે છે, ૫% નહિ.

❊ એટલે કે જીવને કાં તો ૧00% હોય, કાં તો 0.0૧% થી માંડીને ૪.૯% હોય, પણ કેવલજ્ઞાના. માંથી પણ બહાર નીકળીને પ્રગટ થયેલ ૫% તો ન જ હોય.

❊ એ વાત ભૂલતા જ નહિ કે સર્વોત્કૃષ્ટ મતિજ્ઞાનાદિવાળાને પણ મતિજ્ઞાના. આદિનો ઉદય છે જ. એટલે એ બધાને કંઈક તો મતિજ્ઞાનાદિ ઢંકાયેલ

છે જ. સંપૂર્ણ મતિજ્ઞાનાદિ = ૫% મતિજ્ઞાનાદિ ન જ મળે, ન જ મળે.

હવે આપણે નિદ્રા માટે વિચારીએ.




મતિજ્ઞાનાદિમાં અને ચક્ષુદર્શનાદિમાં  ૈથી મોટો તફાવત જુઓ.

❊ ૧૦૦% કેવલજ્ઞાન, ૧૦૦% કેવલદર્શન...

❊ કેવલજ્ઞાના., કેવલદર્શના...

❊ ૫% મતિજ્ઞાનાદિ, ૫% ચક્ષુદર્શનાદિ

❊ મતિજ્ઞાના. આદિ કર્મો, ચક્ષુદર્શના. આદિ કર્મો.

❊ મતિજ્ઞાના. આદિનો ક્ષયોપશમ, ચક્ષુદર્શન. આદિનો ક્ષયો...

❊ ૧%, ૨% વગેરે ક્ષાયોપ. મતિજ્ઞાનાદિ, ૧%, ૨% વગેરે ક્ષાયો. ચક્ષુદર્શનાદિ...

❊ હવે તફાવત છે. ૧%, ૨% ક્ષાયોપ. મતિજ્ઞાનાદિને ઢાંકનાર કોઈ કર્મ નથી. પણ ૧%, ૨% ક્ષાયોપ. ચક્ષુદર્શનાદિને ઢાંકનાર પાંચનિદ્રા છે.

❊ જ્યારે નિદ્રાનો ઉદય હોય, ત્યારે ક્ષાયો. મતિજ્ઞાનાદિ પણ ઢંકાઈ જ જાય.

❊ જો કે આત્માનો કોઈપણ ગુણ સંપૂર્ણ ઢંકાતો નથી જ, એટલે નિદ્રાના ઉદય વખતે પણ ૦.૦૧% દર્શન તો રહે જ. અને એ તમામ જીવોને સમાન જ હોય. કેમકે આ કોઈ ક્ષયો.થી આવેલ ગુણ નથી. આ તો સર્વઘાતી ઉદયમાંથી પણ સહજ રીતે જ બચી જનાર અંશ છે. અને એટલે એમાં અસંખ્ય ભેદ ન પડે.

❊ જ્યારે નિદ્રાનો ઉદય ન હોય, ત્યારે જે ૧%, ૨%, ૩% વગેરે દર્શન

પ્રાપ્ત થાય. એ કંઈ નિદ્રાના ક્ષયો.ના કારણે નથી, એ તો ચક્ષુદર્શના. આદિના ક્ષયો.ના કારણે છે. એટલે એને કંઈ નિદ્રાના ક્ષયો.થી નથી માનવાના.

❊ પણ નિદ્રાના સર્વઘાતી ઉદયમાં એ ક્ષાયો. ગુણો ઢંકાય, અને ઉદય ન હોય, ત્યારે પોતાના ક્ષાયો. સ્વરૂપે પ્રગટ થાય.

❊ નિદ્રાના ઓછા–વત્તા ઉદયના કારણે આ ક્ષાયો. દર્શનમાં ઓછા–વત્તાપણું થાય છે, એવું તો છે જ નહિ ને ! કેમકે નિદ્રાનો તો સર્વઘાતી ઉદય જ છે. અને આપણે વારંવાર જોઈ ગયા છીએ કે સર્વઘાતીમાં ઓછા–વત્તા ઉદયથી (૧૦૦૦૧ થી ૧ લાખ) એ ગુણ ઓછો–વત્તો થતો જ નથી. ૧૦૦૦૧ના ઉદયથી જ એ ગુણ સંપૂર્ણ ઢંકાઈ જાય છે. પછી આગળ ગમે એટલો ઉદય વધે કે ઘટે... શું ફરક પડે ?

કોઈને એક ગોળી મારી, એ મરી ગયો, હવે એને બીજી બે–પાંચ–પચીસ ગોળી મારો કે ન મારો શું ફરક પડવાનો ?

**પ્રશ્ન : અમે નિદ્રાનો શુદ્ધ ક્ષયોપશમ માનીએ તો ? ઉદયાનુવિદ્ધ નહિ ? શુદ્ધ ક્ષયો.માં તો આ જ હોય છે કે પ્રદેશોદય + સત્તામાંનો ઉપશમ...**

ઉત્તર : ના. તમે બીજે બધે ચકાસો, શુદ્ધ ક્ષયોપશમમાં શું બને છે ? પહેલા ગુણ હોતો નથી. શુદ્ધ ક્ષયોપશમ થાય, એટલે ગુણ પ્રગટે છે.

મિથ્યા.મોહના શુદ્ધ ક્ષયોપશમ બાદ સમકિત પ્રગટે છે.

અપ્રત્યા.ના શુદ્ધ ક્ષયોપશમ બાદ દેશવિરતિ પ્રગટે છે.

જ્યારે અહીં તો ચક્ષુદર્શનાદિ તો પ્રગટી જ ચૂકેલા. એ પછી નિદ્રા પંચકે એને ઉદયથી ઢાંક્યા. એટલે 'એનો ઉદય અટકવાથી એ પ્રગટેલા છે,' એવું તો માનવાની કોઈ જરૂર જ નથી.

In Short જ્યારે એનો ઉદય નથી, ત્યારે પણ એમની યોગ્યતા તો સર્વઘાતી રૂપે ઉદયમાં આવવાની હોય જ છે... એટલે ક્ષયોપશમ નથી.

જેમ અનંતા. ક્રોધના ઉદય વખતે અનંતા.માનાદિનો ઉદય ન હોવા છતાં એમની સર્વઘાતી રૂપે જ ઉદયમાં આવવાની યોગ્યતા પડી હોવાથી એમનો ક્ષયોપ. નથી મનાતો. એમ, નિદ્રાનો પણ ઉદય ન હોવા છતાં પણ સર્વઘાતી રૂપે જ ઉદયમાં

આવવાની યોગ્યતા પડી હોવાથી (એટલે કે ભીની માટી જેવું ન થયું હોવાથી) એમનો ક્ષયોપ. નથી જ.

**પ્રશ્ન : અઘાતી કર્મોનો કેમ ક્ષયોપશમ નથી માન્યો ? તેઓ પણ અમુક ગુણોને તો ઢાંકે જ છે. તો એમના ક્ષયોપશમથી એ ગુણો પ્રગટ થતા હશે ને ?**

ઉત્તર : અઘાતી કર્મોની એવી વિશિષ્ટતા છે કે એમનો ૧ થી માંડીને ૧ લાખ સુધીનો કોઈપણ રસ હોય એ સર્વઘાતી જેવો જ હોય. એટલે કે તે તે ગુણનો સંપૂર્ણ ઘાત કરે જ.

દા.ત. વેદનીયનો ૧૦૦૦નો ઉદય હોય કે ૧૦૦૦૦નો હોય કે ૧ લાખનો હોય, એ અવ્યાબાધ સુખનો સંપૂર્ણ ઘાત કરે જ.

એમ ગોત્રના કોઈપણ રસનો ઉદય અગુરૂલઘુતાનો,

આયુષ્યના કોઈપણ રસનો ઉદય અક્ષયસ્થિતિનો,

નામના કોઈપણ રસનો ઉદય અરૂપીપણાનો,

સંપૂર્ણ ઘાત જ કરે છે.

એટલે એમાં ક્ષયોપશમ નથી. ગુણ અંશથી પણ પ્રગટે, તો ક્ષયોપશમ મનાય.

**પ્રશ્ન : જ્યારે અઘાતીનો ઉદય હોય, ત્યારે તો તમારી વાત બરાબર, પરંતુ જ્યારે એમનો ઉદય ન હોય, પ્રદેશોદય હોય, ત્યારે તો શુદ્ધક્ષયોપશમ મનાય ને ? ત્યારે તો ગુણ પ્રગટે ને ?**

ઉત્તર : જ્યારે શાતાનો પ્રદેશોદય હોય, ત્યારે અશાતાનો ઉદય હશે ને, અને વેદનીયના કોઈપણ કર્મનો લેશ પણ રસોદય અવ્યાબાધ સુખને સંપૂર્ણ ઢાંકે જ છે.

એમ, જ્યારે બેમાંથી કોઈપણ એક ગોત્રનો પ્રદેશોદય હોય, ત્યારે બીજા કર્મનો રસોદય હોય જ... એ અગુરૂલઘુતાને સંપૂર્ણ ઢાંકે.

એમ, આયુષ્ય અને નામ કર્મ માટે પણ સમજવું.

અનાદિકાળથી માંડીને ચૌદમાં ગુણસ્થાનના અંતિમ સમય સુધી આ જ પરિસ્થિતિ છે કે ચારેય અઘાતી કર્મોમાં કોઈને કોઈ એકાદનો તો ઉદય હોય જ છે,

અને એ એકાદ ઉદય પણ એ એ ગુણોનો સર્વઘાત કરે જ છે. માટે આ એકદમ ઉચિત છે કે અઘાતીનો ક્યારેય પણ ક્ષયોપશમ ન થાય.

આ કર્મો કેવલજ્ઞાના. જેવા છે. એનો ક્ષયોપશમ થાય જ નહિ, સીધો અને સીધા સંપૂર્ણ ગુણની પ્રાપ્તિ !

કેવલજ્ઞાના.નો ક્ષય બારમાના અંતે, અઘાતીઓનો ક્ષય ચૌદમાના અંતે, આટલો ફરક છે.

**પ્રશ્ન : આ તો અમને વધારે વિચિત્ર લાગે છે. જો અઘાતી કર્મોનો નાનો પણ રસ સર્વઘાતી છે અને તેઓ પોતાના તે તે ગુણોનો સંપૂર્ણ ઘાત કરે છે, તો પછી એને અઘાતી કેમ કહેવાય ? એ તો સર્વઘાતી જ છે.**

**તમે ચાર કર્મોને ઘાતી કહ્યા, ચાર કર્મોને અઘાતી કહ્યા.**

**જેમને ઘાતી કહ્યા, એમાં દેશઘાતી + સર્વઘાતી વિભાગ પાડ્યા. પરંતુ અઘાતી કર્મો અઘાતી ઘટતા જ નથી, એ તો સૌથી મોટા ઘાતી છે.**

ઉત્તર : આમ તો તમારી વાત સાચી છે.

પણ જુઓ ! આ કર્મોના ઉદયથી ક્યારેય પણ આત્માનો વિકાસ નથી અટક્યો. છેક ૧ થી ૧૪ સુધી આ કર્મોનો ઉદય તો છે, છતાં આત્માનો વિકાસ ન અટક્યો. છેક ૧૪માંના ચરમ સમય સુધી ચારેયનો ઉદય છે, છતાં આત્મા ત્યાં સુધી પહોંચ્યો ને ? એટલે આ ચાર કર્મો ભલે તે તે ગુણોનો સર્વઘાત કરે છે, છતાં ક્યાંય આત્માના વિકાસમાં ઘાતક નથી બન્યા, માટે તે અઘાતી છે.

જ્ઞાના.આદિ આત્માના વિકાસમાં ઘાતક બને છે, તે કારણથી તે ઘાતી છે. આ પ્રમાણે મને લાગે છે. આમ છતાં બહુશ્રુતોની પાસે જઈને આનો વિશેષ ખુલાસો પણ મેળવી શકાય.

## સાર :

આપણે ઘણા વિસ્તારથી ક્ષયોપશમનું સ્વરૂપ જોયું. પણ મને ખબર છે કે આ પદાર્થ એકદમ નવો છે. એટલે જલ્દી યાદ ન રહે. વળી વચ્ચે વચ્ચે બીજી ચર્ચાઓ પણ આવી, એટલે પણ યાદ ન રહે... વળી કયા પદાર્થો પર મુખ્ય ધ્યાન આપવું એ પણ ખ્યાલ ન આવે. માટે એક સાથે બધાનો સાર બતાવવામાં આવે છે.

(૧) કુલ મૂળ કર્મો ૮ છે– ચાર ઘાતી અને ચાર અઘાતી.

(૨) કર્મોનો જે રસ આત્માના તે તે ગુણનો મૂળથી ઘાત કરે, સંપૂર્ણ ઘાત કરે, એ રસ **સર્વઘાતી રસ** કહેવાય છે.

(૩) કર્મોનો જે રસ આત્માના તે તે ગુણનો સંપૂર્ણ ઘાત નથી કરતો, પણ અંશથી ઘાત કરે છે, એ રસ **દેશઘાતી રસ** કહેવાય છે

(૪) ધારો કે જઘન્યમાં જઘન્ય રસ નં.–૧ પાવરનો માનીએ અને ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ રસ ૧ લાખ પાવરનો માનીએ, તો આપણે અત્યારે પદાર્થ સમજવા માટે કલ્પના કરીએ છીએ કે ૧ થી ૧૦૦૦૦ સુધીનો રસ **દેશઘાતી** છે, અને ૧૦૦૦૧થી ૧ લાખ સુધીનો રસ **સર્વઘાતી** રસ છે.

(૫) જે કર્મોનો સત્તામાં સર્વઘાતી જ રસ હોય, તે કર્મો પણ **સર્વઘાતી કર્મો** કહેવાય છે.

(૬) જે કર્મોનો સત્તામાં સર્વઘાતી રસ પણ હોય, અને દેશઘાતી રસ પણ હોય, એ કર્મો **દેશઘાતી કર્મો** કહેવાય છે.

(૭) જે કર્મોનો સત્તામાં માત્ર દેશઘાતી જ રસ હોય, તે કર્મો તો **દેશઘાતી** છે જ.

(૮) ૪ અઘાતી કર્મોમાં આમ તો ૧ થી ૧ લાખ રસ મળે છે, એટલે કે એમની પાસે દેશઘાતી રસ છે, પરંતુ એ ૪ કર્મો એવા છે કે એમનો ૧ રસ, ૨ રસ, ૩ રસ કે ૧ લાખ રસ... કોઈપણ રસ તે તે ગુણનો સંપૂર્ણ જ ઘાત કરે છે. માટે તેઓમાં દેશઘાતી રસ માન્યો જ નથી.

(૯) ચાર અઘાતી કર્મો પોતપોતાના તે તે ગુણનો સંપૂર્ણ ઘાત કરે છે, છેક ૧૪માં ગુણઠાણાના ચરમ સમય સુધી ! છતાં એમને સર્વઘાતી–ઘાતી કર્મમાં નથી ગણ્યા,

અઘાતી કર્મમાં ગણ્યા છે. કેમકે એ ક્યારેય આત્માના ગુણોના વિકાસમાં પ્રતિબંધક નથી બનતા. માટે જ જીવ છેક ચૌદમા ગુણઠાણા સુધી પહોંચે છે.

(૧૦) આ ચાર અઘાતી કર્મોમાં ક્ષયોપશમ નથી હોતો, કેમકે આત્માનો ગુણ ઓછા-વત્તા અંશે પણ પ્રગટ થાય, તો જ ક્ષયોપશમ માનવાનો છે. જ્યાં ઓછા-વત્તા અંશે આત્માનો ગુણ ન પ્રગટે, ત્યાં ક્ષયોપશમ નથી માનવાનો. અને આ ચાર અઘાતી કર્મોનો લેશ પણ ઉદય હોય, ત્યારે લેશથી પણ તે તે ગુણ પ્રગટ થતા જ નથી, માટે ક્ષયોપશમ નથી.

(૧૧) બરાબર ધ્યાનમાં લો ! લેશથી પણ તે તે ગુણ પ્રગટે તો જ ક્ષયોપશમ ! નહિ તો નહિ. ક્ષયોપશમ હોય, તો લેશથી પણ તે તે ગુણ પ્રગટે જ.

(૧૨) માટે, ક્ષયોપશમ માત્ર ચાર ઘાતી કર્મોમાં જ માનેલો છે.

(૧૩) જ્ઞાના.-૫ + દર્શના.-૯ + મોહનીય-૨૮ + અંતરાય-૫, આમ કુલ ૪૭ ઘાતી કર્મો છે.

(૧૪) આપણે એક કલ્પના કરીએ છીએ કે ધારો કે કેવલજ્ઞાન ગુણ છે તો એ ૧૦૦૦૧ અંશનો છે. કેવલદર્શન ગુણ છે, તો એ પણ ૧૦૦૦૧ અંશનો બનેલો છે. એમ તમામે તમામ ગુણો માટે સમજી લેવું. આશય એ છે કે આ એક એક ગુણના જો નાના નાના ભાગની કલ્પના કરીએ તો દરેક ગુણના કુલ ૧૦૦૦૧ ભાગ થાય.

(૧૫) કર્મોનો ઉદય જો ૧૦૦૦૧ પાવરનો હોય, તો ૧-૧ પાવર ૧-૧ અંશને ઢાંકે, એટલે એ ગુણ આખો ને આખો ઢંકાઈ જાય. માટે જ ૧૦૦૦૧ પાવરને સર્વઘાતી કહ્યો છે.

(૧૬) જ્યારે ૧૦૦૦૧ પાવર જ આખા ગુણને ઢાંકી દે છે, ત્યારે ૧૦૦૧૦ પાવર, ૧૦૧૦૦ પાવર, ૧૧૦૦૦ પાવર, ૧૧૧૦૦ પાવર, ૫૦૦૦૦ પાવર કે ૧ લાખ પાવર બધા જ આખા જ ગુણને ઢાંકવાના છે. એટલે કે ૧૦૦૦૧નો ઉદય હોય કે ૧ લાખનો ઉદય હોય, ગુણના સંપૂર્ણ ઘાતમાં તો કોઈપણ ફરક પડવાનો જ નથી. એટલે જ ત્યાં એવું ન વિચારવું કે *'૧ લાખને બદલે ૫૦૦૦૦નો જ ઉદય હોય, તો ૫૦% ગુણ તો પ્રગટ થયો હશે ને ?'* કેમકે ૧૦૦૦૧ના ઉદયે જ સર્વઘાત કરી નાંખ્યો છે, પછી ૫૦૦૦૦ના ઉદયે ૫૦% ગુણ લાવી આપવાનો તો વિચાર જ

નકામો છે.

ભયાનક ઝેરવાળી ૧ જ ગોળી માણસને મારી નાંખનારી છે. હવે કોઈકે ૧૦ ગોળી લઈ લીધી, તો એ મરવાનો જ ને ? પણ હવે બીજો માણસ પાંચ જ ગોળી લે, તો આપણે એમ માનશું ? કે *'આણે તો પાંચ જ ગોળી લીધી છે, દસ નથી લીધી, માટે એ તો નહિ મરે. જીવતો રહેશે. ખાલી બિમાર પડશે.'* નહિ ને ?

'એક જ ગોળી મારનાર છે, તો ૫ તો મારશે જ' એમ માનવું પડે, પણ ૧૦ ને બદલે ૫ લીધી છે, માટે બચશે... એમ તો નહિ જ મનાય.

(૧૭) ૧ થી ૧૦૦૦૦માંનો જો ઉદય હોય, તો તે તે ગુણનો અમુક અંશ ખુલ્લો રહે, એટલે કે ગુણ પ્રગટ થાય.

દા.ત. ૧નો ઉદય, તો ગુણનો ૧ અંશ ઢંકાય, ૧૦૦૦૦ પ્રગટ થાય.

૨ રસનો ઉદય, તો ગુણના ૨ અંશ ઢંકાય, ૯૯૯૯ અંશ પ્રગટ થાય.

૧૦૦૦ રસનો ઉદય, તો ગુણના ૧૦૦૦ અંશ ઢંકાય, ૯૦૦૧ અંશ પ્રગટ થાય.

૫૦૦૦ રસનો ઉદય, તો ગુણના ૫૦૦૦ અંશ ઢંકાય, ૫૦૦૧ અંશ પ્રગટ થાય.

૧૦૦૦૦ રસનો ઉદય, તો ગુણના ૧૦૦૦૦ અંશ ઢંકાય, ૧ અંશ પ્રગટ થાય.

આમ, ગુણ કુલ ૧૦૦૦૦ રીતે પ્રગટ થાય છે. (હકીકતમાં અસંખ્ય પ્રકારે...)

આમ, ક્ષયોપશમથી પ્રગટેલો આ ગુણ અસંખ્ય પ્રકારનો બને છે.

(૧૮) આવું ત્યારે બને છે, જ્યારે દેશઘાતીનો ઉદય હોય. માટે એ Fix સમજી લેવું કે જ્યારે કર્મનો દેશઘાતી રસોદય હોય, ત્યારે અવશ્ય ક્ષયોપશમ હોય જ.

(૧૯) માટે જ્યારે એમ બોલીએ કે 'કર્મનો દેશઘાતી રસોદય છે,' ત્યારે મનમાં સમજી જ લેવું કે ક્ષયોપશમ છે.

(૨૦) પણ એવું બોલીએ કે 'કર્મનો ક્ષયોપશમ છે,' ત્યારે એમ ન સમજવું કે 'દેશઘાતી રસોદય છે જ', કારણ કે–

કર્મનો ક્ષયોપશમ બે રીતે છે. દેશઘાતી રસોદય વાળો + એવા રસોદય વિનાનો.

(૨૧) જે દેશઘાતી રસોદયવાળો ક્ષયોપશમ છે, એને ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ કહે છે. જે દેશઘાતી રસોદય વિનાનો ક્ષયોપશમ છે, એને શુદ્ધ ક્ષયોપશમ કહે છે.

(૨૨) ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમમાં એવું બને છે કે જે કર્મનો ઉદય જે ગુણને ઢાંકે છે, એ જ કર્મનો ક્ષયોપશમ એ ગુણમાં તરતમતા લાવે છે, અસંખ્ય ભેદ લાવે છે.

(૨૩) શુદ્ધ ક્ષયોપશમમાં એવું બને છે કે જે કર્મનો ઉદય જે ગુણને ઢાંકે છે, એનો શુદ્ધ ક્ષયોપશમ થવાથી એ તો પેલા ગુણમાં તરતમતા ન લાવે. એ ગુણને ૧૦૦% જ પ્રગટ થવા દે, પરંતુ કોઈ બીજા કર્મનો ઉદય એ ૧૦૦% ગુણને ઓછા-વત્તા અંશે ઢાંકીને એમાં તરતમતા લાવે, અસંખ્ય ભેદ ઉત્પન્ન કરે.

(૨૪) નં.-૨૨નું દૃષ્ટાંતઃ મતિજ્ઞાના.નો ઉદય મતિજ્ઞાનગુણને ઢાંકે છે, પણ મતિજ્ઞાના.નો ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ જ મતિજ્ઞાનમાં અસંખ્ય ભેદ ઉત્પન્ન કરે છે.

(૨૫) નં.-૨૩નું દૃષ્ટાંતઃ મિથ્યાત્વનો ઉદય સમ્યક્ત્વને ઢાંકે છે, તો મિથ્યાત્વનો શુદ્ધ ક્ષયોપશમ ૧૦૦% સમ્યક્ત્વ જ પ્રગટ થવા દે, પરંતુ સમકિત મોહનો ઉદય એ ૧૦૦% ગુણને ઓછા-વત્તા અંશે ઢાંકીને સમ્યક્ત્વમાં અસંખ્ય ભેદ ઉત્પન્ન કરે છે.

(૨૬) શુદ્ધ ક્ષયોપશમથી પ્રગટેલા ગુણમાં અસંખ્ય ભેદ ઉત્પન્ન કરવાનું કામ દેશઘાતી રસોદય પણ કરે, અને સર્વઘાતી રસોદય પણ કરે.

દા.ત. મિથ્યાત્વના ક્ષયોપશમથી પ્રગટેલ ૧૦૦% સમ્યક્ત્વ ગુણમાં જે અસંખ્ય ભેદ ઉત્પન્ન થાય છે, એ તો સમકિતમોહના દેશઘાતી રસોદયના કારણે થાય છે. પણ, અપ્રત્યા.ના શુદ્ધ ક્ષયોપશમથી પ્રગટેલ ૧૦૦% દેશવિરતિગુણમાં જે અસંખ્ય ભેદ ઉત્પન્ન થાય છે, એ તો પ્રત્યા.ના સર્વઘાતી રસોદયના કારણે થાય છે.

સમ.મોહનો ઉદય ૧ થી ૧૦૦૦૦નો જ છે.

અપ્રત્યા.નો ઉદય ૧૦૦૦૧ થી ૧ લાખનો છે.

(૨૭) કેવલજ્ઞાનાવરણીય + કેવલદર્શનાવરણીય + ૫ નિદ્રા... આમ ૭ કર્મોનો ક્યારેય પણ ક્ષયોપશમ નથી હોતો.

(૨૮) કેવલદ્વિકનો સતત સર્વઘાતી રસોદય ચાલુ જ હોય છે, માટે એમનો ક્ષયોપશમ નથી હોતો. ૧૨માંના અંતે એ બેનો સીધો ક્ષય જ થાય છે. અને એટલે તેરમે સીધો ક્ષાયિક ગુણ જ પ્રગટે છે.

(૨૯) નિદ્રા–પનો સતત ઉદય નથી, પરંતુ જ્યારે ઉદય છે ત્યારે સર્વઘાતી જ ઉદય છે. અને માટે ત્યારે ક્ષયોપશમ નથી હોતો. જ્યારે એ પ નો ઉદય નથી, પ્રદેશોદય છે, ત્યારે સર્વઘાતી રસ રૂપે ઉદયમાં આવવાની પૂરેપૂરી પાત્રતા સત્તામાં રહેલા કર્મોમાં હોય જ છે, માટે ઉપશમ નથી ગણાતો. માટે જ એમનો ક્ષયોપશમ પણ નથી ગણાતો.

(૩૦) ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમમાં સૌથી મહત્ત્વનો Point : દેશઘાતી રસોદય!

શુદ્ધ ક્ષયોપશમમાં સૌથી મહત્ત્વનો Point : સર્વઘાતી રસ રૂપે ઉદયમાં ાવવાની પાત્રતા દબાઈ જવી. (ઉપશમ.) ભીની માટી જેવા બનવું.

આ બે બાબતો બરાબર ધ્યાનમાં લેવી, કદિ ન ભૂલવી.

(૩૧) પવન ન હોય, તો સૂકી માટી કે ભીની માટી કોઈ ઉડતી નથી. પણ એ વખતે પૂછવામાં આવે કે 'ભલે આ સમયે પવન ન હોવાથી કોઈ માટી ઉડતી નથી, પણ જો પવન હોય તો ?' તો એનો જવાબ એ જ કે 'તો સૂકી માટી ઉડે, ભીની માટી ન ઉડે...'

જે કર્મનો ઉપશમ કરવામાં આવે છે, તેમને આત્માના તે તે વિશેષ અધ્યવસાયથી ભીની માટી જેવા કરવામાં આવે છે.

(૩૨) સર્વોપશમ + ક્ષયોપશમનો ઉપશમ... આ બેમાં જે ફરક છે તે આગળ જોઈશું. (પ્રથમ સમ્યક્ત્વની પ્રાપ્તિ વખતે મિથ્યાત્વનો સર્વોપશમ છે. અગિયારમાં ગુણસ્થાને મોહનીયની તમામ પ્રકૃતિનો સર્વોપશમ છે. જ્યારે ક્ષયોપશમમાં જે ઉપશમ છે, તે થોડોક અલગ છે... જે આગળ જોઈશું.)

(૩૩) મતિજ્ઞાના., શ્રુતજ્ઞાના., અચક્ષુદર્શના., પ અંતરાય આ ૮ કર્મો એવા છે કે એમનો કાયમ માટે દેશઘાતી રસોદય હોય છે. માટે એમનો કાયમ માટે ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ હોય છે. હા ! બંધમાં સર્વઘાતીરસ હોય, નવમે–દસમે દેશઘાતી રસ ! પણ સત્તામાં સર્વઘાતી–દેશઘાતી બંને ! પણ ઉદયમાં તો Fix જ છે, દેશઘાતી !

(૩૪) અવધિજ્ઞાના., મનઃપર્યવજ્ઞાના, ચક્ષુદર્શના., અવધિદર્શના. ... આ ૪ કર્મો એવા છે કે એમનો સર્વઘાતી રસોદય પણ હોઈ શકે છે અને દેશઘાતી પણ !

જ્યારે ૧૦૦૦૧થી ૧ લાખ વચ્ચેનો ઉદય હોય, ત્યારે સર્વઘાતી ! ત્યારે

ક્ષયોપશમ નહિ. જ્યારે ૧ થી ૧૦૦૦૦માંનો કોઈપણ ઉદય હોય, ત્યારે દેશઘાતી! ત્યારે ક્ષયોપશમ હોય.

આમ, આ ૪નો પણ જ્યારે ક્ષયોપશમ હોય, ત્યારે ઉદયાનુવિદ્ધ જ હોય.

(૩૫) અનંતા.-૪ + અપ્રત્યા.-૪ + પ્રત્યા.-૪ + મિથ્યાત્વ + મિશ્ર = ૧૪ કર્મ. આ ૧૪ કર્મો એવા છે કે એમનો જો રસોદય હોય, તો ૧૦૦૦૧થી ૧ લાખમાંનો જ હોય. એટલે કે સર્વઘાતી જ હોય. આમનો ક્યારેય પણ દેશઘાતી રસોદય ન હોય.

એટલે જ્યારે એમનો રસોદય ન હોય, પ્રદેશોદય હોય, ત્યારે આ ૧૪નો શુદ્ધ ક્ષયોપશમ હોય છે.

(૩૬) અનંતા.-૪ના શુદ્ધ ક્ષયોપશમથી ચોથા ગુણઠાણા સંબંધી ૧૦૦% ક્ષમાદિ ગુણો પ્રગટે, પરંતુ અપ્રત્યા.નો સર્વઘાતી રસોદય એ ગુણોમાં અસંખ્ય ભેદ લાવે.

(૩૭) અપ્રત્યા.-૪ના શુદ્ધ ક્ષયોપશમથી ૧૦૦% દેશવિરતિ-ક્ષમાદિ પ્રગટે, પરંતુ પ્રત્યા.નો સર્વઘાતી રસોદય એ ગુણોમાં અસંખ્ય ભેદ લાવે.

(૩૮) પ્રત્યા.-૪ના શુદ્ધ ક્ષયો.થી ૧૦૦% સર્વવિરતિ-ક્ષમાદિ પ્રગટે, પરંતુ સંજ્વલનનો દેશઘાતી રસોદય એ ગુણોમાં અસંખ્ય ભેદ ઉત્પન્ન કરે.

(૩૯) અપ્રત્યા.ના બે કામ : દેશવિરતિનો સંપૂર્ણ ઘાત + ચોથા ગુણઠાણે ૧૦૦% પ્રગટેલા ક્ષમાદિમાં અસંખ્ય ભેદ ઉત્પન્ન કરવા.

(૪૦) પ્રત્યા.ના બે કામ : સર્વવિરતિનો સંપૂર્ણ ઘાત + પાંચમે ગુણસ્થાને પ્રગટેલા ૧૦૦% દેશવિરતિક્ષમાદિમાં અસંખ્ય ભેદ ઉત્પન્ન કરવા.

(૪૧) સંજ્વ.ના બે કામ : દેશઘાતી ઉદય હોવાના કારણે યથાખ્યાત ચારિત્રને લેશથી આવવા દેવું + એ લેશથી યથાખ્યાતમાં = સર્વવિરતિમાં અસંખ્ય ભેદ ઉત્પન્ન કરવા.

(૪૨) સર્વઘાતીનો ઉદય ધારો કે ૧૦૦૦૧ થી ૧ લાખ સુધીનો છે, એટલે કે ૯૦૦૦૦ પ્રકારે છે. તો એના કારણે એ ગુણમાં પણ ૯૦૦૦૦ પ્રકાર પડે. (હકીકતમાં અસંખ્ય)

(૪૩) દેશઘાતીનો ઉદય ધારો કે ૧ થી ૧૦ હજાર સુધીનો છે, એટલે કે ૧૦૦૦૦ પ્રકારે છે. તો એના કારણે એ ગુણમાં પણ ૧૦૦૦૦ પ્રકાર પડે. (હકીકતમાં અસંખ્ય)

(૪૪) મિથ્યાત્વમોહના શુદ્ધક્ષયોપશમથી ૧૦૦% સમ્યક્ત્વ પ્રગટે, પરંતુ સમકિત મોહનો દેશઘાતી ઉદય એ સમ્યક્ત્વમાં અસંખ્ય ભેદ ઉત્પન્ન કરે.

(૪૫) ક્રોધનો ક્ષયોપશમ ક્ષમા... આપે.

માનનો ક્ષયોપશમ નમ્રતા... આપે.

માયાનો ક્ષયોપશમ સરળતા... આપે.

લોભનો ક્ષયોપશમ વિરાગતા... આપે.

મિથ્યાત્વનો ક્ષયોપશમ દેવ–ગુરૂ–ધર્મની શ્રદ્ધા... આપે.

(૪૬) અનંતા. ક્રોધનો ક્ષયોપશમ ચોથા ગુણઠાણા સંબંધી ૧૦૦% ક્ષમા આપે. પણ અપ્રત્યા.થી અસંખ્ય ભેદ પડે.

અપ્રત્યા. ક્રોધનો ક્ષયોપશમ ૧૦૦% દેશવિરતિક્ષમા આપે, પણ પ્રત્યા.થી અસંખ્ય ભેદ પડે.

પ્રત્યા. ક્રોધનો ક્ષયોપશમ ૧૦૦% સર્વવિરતિ ક્ષમા આપે, પણ સંજ્વ.થી અસંખ્ય ભેદ પડે.

સંજ્વ. ક્રોધનો ક્ષયોપશમ સર્વવિરતિ ક્ષમા આપે અને એમાં અસંખ્ય ભેદ પડે.

(૪૭) જો યથાખ્યાતચારિત્ર ૧૦૦% ગણીએ, તો એને ઢાંકનાર સંજ્વલનનો સર્વઘાતી ઉદય હતો. પણ સંજ્વલનનો સર્વઘાતી ઉદય પણ ૧૦૦% યથાખ્યાતચારિત્રને તો ન જ ઢાંકી શકે. ૧% અને ૯૯.૯૯% બંને ઢંકાયેલા હતા. (તો પણ ૦.૦૧% તો ન જ ઢંકાય.)

(૪૮) ૧ થી ૫ ગુણઠાણા સુધી પ્રત્યા.નો અને સંજ્વલનનો બંનેનો સર્વઘાતી ઉદય હતો. માટે યથાખ્યાતનો ૧% અને ૯૯.૯૯% બંને ઢંકાયેલા હતા. (તો પણ ૦.૦૧% તો ન જ ઢંકાયું.)

(૪૯) છઠ્ઠા ગુણઠાણે પ્રત્યા.નો ક્ષયોપશમ થવાથી ૧% યથાખ્યાતચારિત્ર પ્રગટે. એને આપણે ક્ષાયોપશમિક ચારિત્ર કહીએ. એને સામાયિક-છેદોપ. વગેરે નામ આપીએ.હવે જો એ વખતે સંજ્વ.નો સર્વઘાતી ઉદય જ ચાલુ રહેત, તો માત્ર ૧% જ સર્વવિરતિ મળત... વધારે નહિ જ.

પરંતુ એક તરફ પ્રત્યા.નો શુદ્ધક્ષયો. થાય છે. એનાથી ૧% પ્રગટે છે. (કેમકે એ કષાય એ ૧% ને જ ઢાંકતો હતો ને) અને એજ વખતે સંજ્વલનનો સર્વઘાતી ઉદય અટકે છે, અને દેશઘાતી ઉદય ચાલુ થાય છે. એટલે કે સંજ્વ.ના દેશઘાતી ઉદયના પ્રતાપે નવા ૧%, ૨%, ૩%,... ૯૮% પણ પ્રગટી શકે છે.

આમ છઠ્ઠાથી માંડીને ૧૦માં સુધી ૨% થી માંડીને ૯૯% સુધીની સર્વવિરતિ મળે છે.

૧% પ્રત્યા.ના શુદ્ધ ક્ષયોપશમની...

૨% થી ૯૮% સંજ્વલનના દેશઘાતી રસોદયથી...

(૫૦) સંજ્વલન-૪ + નોકષાય-૯ = ૧૩ કર્મો.

આ ૧૩ કર્મો છે. એમાં જો સર્વઘાતી ઉદય હોય, તો ક્ષયોપશમ નથી, જ્યારે છઠ્ઠા ગુણઠાણાથી દેશઘાતી રસોદય ચાલુ થાય, ત્યારે આમનો ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ હોય છે.

(૫૧) ૧ થી ૫ ગુણઠાણામાં એમનો સર્વઘાતી ઉદય હોય છે.

(૫૨) હવે આપણે એ જોવાનું છે કે આ 'ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ'માં ઉદય એટલે શું ? ક્ષય એટલે શું ? ઉપશમ એટલે શું ?

અને એ જોવાનું છે કે 'શુદ્ધ ક્ષયોપશમ'માં ક્ષય એટલે શું ? અને ઉપશમ એટલે શું ?

(૫૩) ઉદય = દેશઘાતી રસનો ઉદય = ૧ થી ૧૦૦૦૦માંનો કોઈપણ ઉદય.

(૫૪) જેટલા પાવરનો ઉદય છે, એટલા અંશ ગુણના ઢંકાઈ જાય, બાકીના અંશો પ્રગટ થાય.

(૫૫) ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમમાં જે ક્ષય છે તે બે પ્રકારનો છે.

(૫૬) જે દેશઘાતી રસ ઉદયમાં છે, એનાથી વધારાનો તમામ રસ ઉદય સમયમાં રહેલા દલિકોમાંથી ક્ષય પામે એ એક ક્ષય !

(૫૭) જે દલિકો ઉદીરણા વડે ઉદય સમયમાં લાવવામાં આવે છે, એમનો ઉદયમાં રહેલા રસથી વધારાનો તમામ રસ ક્ષય થઈ જવો એ બીજો ક્ષય !

(૫૮) ઉદયમાં રહેલા રસથી વધુ રસવાળા જે દલિકો સત્તામાં પડેલા છે એમના એ રસનો ઘાત ન કરવો, એમને એમ જ રહેવા દેવા, પરંતુ તેઓ એ અધિક રસરૂપે આ સમયે ઉદયમાં આવી જ ન શકે, એ રીતે એમનામાં યોગ્યતા ઉત્પન્ન થવી એ છે ઉપશમ !

(૫૯) આમ, દેશઘાતી રસોદય + બે પ્રકારે અધિક રસનો ક્ષય + એક પ્રકારે અધિક રસનો ઉપશમ... આટલું ભેગું થાય, એટલે બને છે ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ!

(૬૦) આને એક–બે દૃષ્ટાંતોથી સમજીએ.

દૃષ્ટાંત-૧ : – મતિજ્ઞાના.નો ૭૦૦૦ પાવરનો ઉદય છે.

– ઉદય સમયમાં ૧ પાવરવાળા, ૨ પાવરવાળા, ૭૦૦૦ પાવરવાળા, ૮૦૦૦ પાવરવાળા...

– ૧ લાખ પાવરવાળા... આમ તમામ પ્રકારના રસ પડેલા જ છે.

– એમાંથી જે જે દલિકોમાં ૭૦૦૦થી વધારે રસ છે, તે તે દલિકોમાંથી એ વધારે રસનો ક્ષય થાય છે, એટલે હવે ઉદયમાં ૧ રસવાળા, ૨ રસવાળા... ૭૦૦૦ રસવાળા ઉદયમાં આવે છે. આમ ૭૦૦૧થી ૧ લાખ સુધીના તમામ રસનો ક્ષય થયો.

– ઉદીરણા દ્વારા ઉદયમાં જે દલિકો લાવવામાં આવ્યા, એ પણ ૧ થી માંડીને ૧ લાખ રસવાળા છે. બધા જ પ્રકારના છે. એમાં જે અધિક રસવાળા છે. એમાંથી એ અધિક રસનો ક્ષય કરવામાં આવ્યો, માટે આ બીજા પ્રકારનો ક્ષય છે.

– જે દલિકો ઉદય સમયમાં નથી લાવ્યા, ઉપર જ છે અને અધિક રસવાળા છે, ૭૦૦૧ વગેરે રસવાળા છે, એમના એ રસનો ક્ષય નથી કરવામાં આવતો. પરંતુ 'એ દલિકો એ અધિક રસરૂપે ઉદયમાં ન જ આવી શકે. આવવું જ હોય તો ૭૦૦૦ થઈને જ આવે. અધિક રસ ક્ષય થઈને જ આવે. (જેમ ઉદીરણાથી ઉદયમાં આવેલા

અન્ય કર્મ દલિકોમાં બન્યું છે તેમ)' આ રીતની એમનામાં યોગ્યતા ઉભી કરવી એ છે ઉપશમ !

દૃષ્ટાંત-૨ : – સમકિતમોહનો ૭૦૦૦નો ઉદય છે.

– ઉદય સમયમાં ૧ થી ૧૦૦૦૦ વાળા તમામ પ્રકારના દલિકો છે.

– ૧૦૦૦૧ થી ૧ લાખ વાળા કોઈ નથી. કેમકે સમ.મોહમાં સત્તામાં પણ સર્વઘાતી રસ નથી.

– દલિકોમાંના જે ૭૦૦૦ વાળા છે, એમનો ઉદય છે.

– જે ૭૦૦૦થી વધુ રસવાળા છે, એમના એ ૭૦૦૧ થી ૧૦૦૦૦ રસનો ક્ષય છે.

– ઉદીરણાથી જે દલિકો ઉદયમાં લાવ્યા છે, એમાં પણ ૭૦૦૧ થી ૧૦૦૦૦ રસનો ક્ષય છે.

– જે દલિકો ઉદીરણાથી ઉદયમાં નથી આવ્યા એવા સત્તામાં પડેલા જે અધિકરસવાળા છે, તેમના એ ૭૦૦૧ થી ૧૦૦૦૦ રસનો ક્ષય નથી કર્યો, પરંતુ તેઓ ઉદયમાં આવી ન શકે, ઉદયમાં આવે, તો અધિકરસ ક્ષય પામે, પછી જ આવે. આ રીતની યોગ્યતા ઉત્પન્ન કરવી એ છે ઉપશમ !

(૬૧) હંમેશા ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમવાળા ૮ કર્મો,

ક્યારેક ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમવાળા ૪ કર્મો,

અન્ય પણ ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમવાળા ૧૪ કર્મો.

કુલ ૨૬ કર્મો.

આ ૨૬ કર્મોમાં જ્યારે પણ ઉદયા.ક્ષયો. હોય, ત્યારે મતિજ્ઞાનાવરણીય મુજબ સમજી લેવું. (સમ.મોહ મુજબ ખરું, પણ સત્તામાં સર્વઘાતી રસ પણ લેવાનો છે... સમ.મોહમાં એ નથી, એટલે એ ફરક સમજી લેવો.)

(૬૨) ૪ સંજ્વલનનો જે ઉદયા.ક્ષયો. છે, તે આ પ્રમાણે...

છટ્ઠા ગુણઠાણે ધારો કે સંજ્વ. ક્રોધનો દેશઘાતી ઉદય છે. તો દેશઘાતી ઉદય + બે પ્રકારનો ક્ષય + પૂર્વે બતાવેલો ઉપશમ = ઉદયા.ક્ષયો. છે.

પરંતુ કષાયોમાં નિયમ છે કે 'ક્રોધ–માન–માયા–લોભ માંથી કોઈપણ એક નો જ ઉદય હોય છે. બીજાનો એ વખતે પ્રદેશોદય હોય છે.'

જો પહેલા–બીજા ગુણઠાણે હોય, તો અનંતા. + અપ્રત્યા. + પ્રત્યા. + સંજ્વ. એમ ચારેય પ્રકારનો ક્રોધનો ઉદય હોય. ત્રીજા–ચોથા ગુણઠાણે અપ્રત્યા. + પ્રત્યા. + સંજ્વ. એમ ત્રણ પ્રકારના ક્રોધનો ઉદય હોય. પાંચમાં ગુણઠાણે પ્રત્યા.+ સંજ્વ. એમ બે પ્રકારના ક્રોધનો ઉદય હોય. છટ્ઠા ગુણઠાણે સંજ્વ. ક્રોધનો ઉદય.

જ્યારે માનનો ઉદય હોય, ત્યારે ઉપર મુજબ માત્ર માનનો જ...

જ્યારે માયાનો ઉદય હોય, ત્યારે ઉપર મુજબ માત્ર માયાનો જ...

એમ જ્યારે લોભનો ઉદય હોય, ત્યારે ઉપર મુજબ માત્ર લોભનો જ...

એટલે છટ્ઠા ઉપર સંજ્વ. ક્રોધના ઉદય વખતે એનો તો ઉદયા.ક્ષયો. મળી જ જાય છે, પરંતુ એ વખતે સંજ્વ.માનાદિનો રસોદય નથી, પ્રદેશોદય જ છે. તો એમનો કયો ક્ષયોપશમ ?

સામાન્યથી તો એમ જ કહેવાય કે એમનો પ્રદેશોદય છે + સત્તામાં રહેલો સર્વઘાતી રસ ઉદયમાં આવી જ ન શકે, એ રીતે એની યોગ્યતા બનાવી દીધી છે... એટલે આ તો શુદ્ધ ક્ષયોપશમ જ કહેવાય.

પરંતુ હકીકત એ છે કે ધારો કે આ તો અત્યારે સંજ્વ. ક્રોધનો ઉદય છે, અને એનો ૭૦૦૦નો ઉદય છે. એની જગ્યાએ સંજ્વ.માનાદિનો ઉદય હોત તો? તો આ સમયે સંજ્વ.માનાદિનો પણ ૭૦૦૦નો જ ઉદય હોત, ઉદય સમયમાં રહેલા તમામ અધિક રસનો ક્ષય થઈ જ જાત, ઉદીરણાથી ઉદયમાં લાવેલાના પણ તમામ અધિક રસનો ક્ષય થઈ જ જાત, અને સત્તામાં રહેલો અધિક રસ ઉદયમાં આવી જ ન શકે, એવી એની યોગ્યતા ઉત્પન્ન થઈ જ જાત.

એટલે કે સંજ્વ. ક્રોધનો અત્યારે ખરેખર જેવો ઉદયા.ક્ષયો. છે.

એવો ને એવો સંજ્વ.માનાદિનો ઉદયા.ક્ષયો. હોત.

માત્ર પરાવર્તમાન ઉદય હોવાથી એનો ઉદય નથી, એટલું જ... એટલે એમ માનવું કે યોગ્યતાથી તો એનો પણ ઉદયા.ક્ષયો. જ છે.

(૬૩) જેમ સંજ્વ. ક્રોધના દેશઘાતી ઉદય વખતે સંજ્વ.માનાદિનો યોગ્યતા રૂપે

ઉદયા.ક્ષયોપ. !

એમ હાસ્ય-રતિના દેશઘાતી ઉદય વખતે શોક-અરતિનો યોગ્યતા રૂપે ઉદયા.ક્ષયોપ. !

એમ પુરૂષવેદના દેશઘાતી ઉદય વખતે સ્ત્રી-નપું.નો યોગ્યતા રૂપે ઉદયા.ક્ષયોપ. !

(૬૪) સ્પષ્ટ કહીએ તો,

કોઈપણ એક સં.કષાયનો ઉદયા.ક્ષયો., અન્ય ત્રણ સંજ્વ.કષાયનો યોગ્યતા રૂપે ઉદયા.ક્ષયો. !

કોઈપણ એક યુગલનો ઉદયા.ક્ષયો., અન્ય યુગલનો યોગ્યતા રૂપે ઉદયા.ક્ષયો. !

કોઈપણ એક વેદનો ઉદયા.ક્ષયો., અન્ય બે વેદનો યોગ્યતા રૂપે ઉદયા.ક્ષયો. !

ભય-જુગુપ્સાનો દેશઘાતી ઉદય હોય, તો ઉદયા.ક્ષયો. ! સર્વઘાતી ઉદય હોય, તો ક્ષયો. નહિ. જો ઉદય ન હોય, પ્રદેશોદય હોય, તો અન્ય નોકષાયનો જો ઉદયા.ક્ષયો. હોય, તો ભય-જુગુપ્સાનો યોગ્યતા રૂપે ઉદયા.ક્ષયો. ! અને અન્ય નોકષાયનો જો સર્વઘાતી ઉદય, તો ભય-જુગુપ્સાનો પણ યોગ્યતા રૂપે સર્વઘાતી ઉદય ! ક્ષયોપશમ નહિ.

(૬૫) જો સંજ્વ.નો ૧ થી ૫ ગુણઠાણામાં ઉદય હોય, તો સર્વઘાતી ઉદય હોય છે. હવે ત્યાં સમજી લેવું કે સંજ્વ. ક્રોધનો સર્વઘાતી ઉદય છે. તો એ વખતે સંજ્વ.માનાદિનો પ્રદેશોદય છે, છતાં એમનો ક્ષયોપ. ન જ કહેવાય. કેમકે એમની સર્વઘાતી રૂપે ઉદયમાં આવવાની પૂરેપૂરી યોગ્યતા પડી જ છે. એટલે કે સંજ્વ. ક્રોધનો જો અત્યારે ૭૦૦૦૦નો ઉદય હોય, તો સંજ્વ.માનાદિની પણ ૭૦૦૦૦ રૂપે ઉદયમાં આવવાની પૂરેપૂરી પાત્રતા છે જ. એમ એના સત્તામાં પડેલા રસમાં પણ ૭૦૦૦૦ રૂપે ઉદયમાં આવવાની પૂરેપૂરી પાત્રતા છે જ.

(૬૬) આ જ રીતે કોઈપણ એક યુગલના- એક વેદના સર્વઘાતી ઉદય વખતે બીજા યુગલની અને બે વેદની સર્વઘાતી ઉદયની જ યોગ્યતા છે. માટે ક્ષયોપશમ નથી

કહેવાતો.

(૬૭) સર્વઘાતી રસના ઉદયની યોગ્યતાવાળા દલિકો સુતેલા ઝેરી નાગ જેવા છે. એને જો છંછેડ્યા, તે મારશે જ.

(૬૮) દેશઘાતી રસના ઉદયની યોગ્યતાવાળા દલિકો સુતેલા બાંધેલા કુતરા જેવા છે. એને ઉઠાડશો, તો પરેશાન કરશે, ભોંકશે, નજીક ગયા તો કદાચ બચકું પણ પણ ત્યાં મોત નથી.

(૬૯) ક્ષયોપશમમાં વપરાતા ક્ષય શબ્દનો અર્થ ત્રણ પ્રકારે છે.

– ઉદયા.ક્ષયોપ.માં ઉદય સમયમાં રહેલા ઉદય કરતા અધિક રસનો ક્ષય!

– ઉદયા.ક્ષયોપ.માં ઉદીરણાથી ઉદયમાં લાવેલા દલિકોના અધિક રસનો

– શુદ્ધક્ષયો.માં જેનો શુદ્ધ ક્ષયો. છે, તે કર્મોનો પ્રદેશોદય દ્વારા ક્ષય !

(૭૦) ક્ષયોપશમમાં જે ઉપશમ છે, તે આ પ્રમાણે.

- **ઉદયા.ક્ષયોપ.માં :** સત્તામાં જે ઉદય કરતા અધિક રસવાળા દલિકો છે, એમના એ અધિકરસનો ક્ષય ન કરવો, પરંતુ અધિકરસ રૂપે ઉદયમાં આવી જ ન શકે એવી યોગ્યતા ઉભી કરવી એ ઉપશમ !

- **શુદ્ધક્ષયોપ.માં :** સત્તામાં રહેલો નાનો કે મોટો તમામ રસ સર્વઘાતી જ છે, એટલે એ કોઈપણ રસ ઉદયમાં ન જ આવી શકે, એવી યોગ્યતા ઉભી કરવી એ ઉપશમ !

(૭૧) પ્રદેશોદય ત્રણ પ્રકારે છે.

(A) કોઈ એક કર્મનો સર્વઘાતી રસોદય હોય, ત્યારે એની સા ધરાવતી અન્ય પ્રકૃતિઓનો પ્રદેશોદય !

દા.ત. અનંતા. ક્રોધના ઉદય વખતે અનંતા.માનાદિનો પ્રદેશોદય !

અપ્રત્યા.ના ઉદય વખતે અપ્રત્યા. માનાદિનો પ્રદેશોદય !

પ્રત્યા. ક્રોધના ઉદય વખતે પ્રત્યા. માનાદિનો પ્રદેશોદય !

કોઈપણ એક યુગલના સર્વઘાતી ઉદય વખતે અન્ય યુગલનો પ્રદેશોદય !

કોઈપણ એક વેદના સર્વઘાતી ઉદય વખતે અન્ય બે વેદનો પ્રદેશોદય !

આ પ્રદેશોદય વખતે સર્વઘાતી રસોદયની યોગ્યતા હોવાથી ક્ષયોપ. નથી જ. પણ યોગ્યતા રૂપે સર્વઘાતી રસોદય જ છે.

(B) કોઈ એક કર્મનો દેશઘાતી ઉદય હોય, ત્યારે એની સાથે સંબંધ ધરાવતા અન્ય કર્મોનો પ્રદેશોદય !

દા.ત. સંજ્વ. ક્રોધના દેશઘાતી ઉદય વખતે સંજ્વ. માનાદિનો પ્રદેશોદય...

કોઈપણ યુગલના દેશઘાતી ઉદય વખતે અન્ય યુગલનો ` ોદય...

કોઈપણ વેદના દેશઘાતી ઉદય વખતે અન્ય બે વેદનો પ્રદેશોદય...

(C) જ્યારે શુદ્ધક્ષયોપશમ થાય, ત્યારે એ શુદ્ધક્ષયોપશમવાળા કર્મોનો પ્રદેશોદય ! દા.ત. સમ.મોહના ઉદયમાં મિથ્યાત્વનો પ્રદેશોદય !

ચો ા ગુણઠાણે અપ્રત્યા.ના ઉદયમાં અનંતા.નો પ્રદેશોદય !

પાંચમાં ગુણઠાણે પ્રત્યા.ના ઉદયમાં અપ્રત્યા.નો પ્રદેશોદય !

છઠ્ઠા ગુણઠાણે સંજ્વ.ના ઉદયમાં પ્રત્યા.નો પ્રદેશોદય !

(૭૨) ૪ થી ૭ ગુણઠાણે ગમે ત્યાં અનંતા.નો પ્રદેશોદય હોઈ શકે છે...

(૭૩) ૫ થી ૯ ગુણઠાણે ગમે ત્યાં અપ્રત્યા.નો પ્રદેશોદય હોઈ શકે છે...

(૭૪) ૬ થી ૯ ગુણઠાણે ગમે ત્યાં પ્રત્યા.નો પ્રદેશોદય હોઈ શકે છે...

(૭૫) જો અનંતા.ની વિસંયોજના થઈ ગઈ, તો પછી પ્રદેશોદય ન જ હોય.

(૭૬) ૯માં પર અપ્રત્યા. + પ્રત્યા.નું અંતરકરણ થઈ જાય છે, ત્યાર પછી એમનો પ્રદેશોદય પણ નથી હોતો...

(૭૭) મિશ્રગુણસ્થાને શું ગણવું ? કેમકે ત્યાં મિશ્રમોહનો સર્વઘાતી ઉદય છે. અમે જે ૧૦૦૦૧થી ૨૫૦૦૦ સુધીનો રસ મિશ્રમોહનો કહ્યો છે, એમાંનો કોક રસ ત્યારે ઉદયમાં હોય છે.

– હવે સર્વઘાતી ઉદય હોવાથી શું મિશ્રમોહનો ઉદયા.ક્ષયોપ. ગણવો ?

– તથા એ વખતે મિથ્યાત્વનો પ્રદેશોદય છે, પરંતુ શું એનો શુદ્ધ ક્ષયોપશમ ગણવો ?

– અનંતા.–૪નો પણ પ્રદેશોદય છે, પરંતુ શું એનો શુદ્ધ ક્ષયોપ. ગણવો?

આ ત્રણ પ્રશ્ન પૂછવાનું કારણ એ કે–

❊ જેમ અવધિજ્ઞાના. આદિનો ૧૦૦૦૧ થી ૨૫૦૦૦નો ઉદય હોય, તો ત્યારે ભલે ૨૫૦૦૧થી ૧ લાખનો ઉદય નથી, એ રસનો ક્ષય થાય જ છે. પરંતુ એનાથી કોઈ ગુણ પ્રાપ્ત નથી થતો, કેમકે સર્વઘાતી રસોદય છે ને ? માટે, તેનો ક્ષયોપશમ નથી જ માન્યો.

તો એ રીતે મિશ્રનો પણ સર્વઘાતી ઉદય છે, માટે એનો ઉદયા.ક્ષયોપ. ન જ મનાય ને ?

❊ જેમ પહેલે ગુણઠાણે અનંતા. ક્રોધનો ૧૦૦૦૧થી ૨૫૦૦૦માંનો કોઈ રસ ઉદયમાં હોય, તો એ વખતે અનંતા. માનાદિનો પ્રદેશોદય હોવા છતાં પણ એમનો શુદ્ધ ક્ષયોપ. નથી મનાતો.

તો એ જ રીતે અહીં મિશ્રમોહનો ૧૦૦૦૧ થી ૨૫૦૦૦ સુધીમાં નો કોઈ રસ ઉદયમાં હોય, તો એ વખતે મિથ્યાત્વમોહનો પ્રદેશોદય હોવા છતાં પણ એનો શુદ્ધ ક્ષયોપશમ ન જ મનાય ને ?

❊ અનંતા.–૪ કષાય માટે પણ એમ જ કહી શકાય ને ? કે 'મિશ્રનો સર્વઘાતી ઉદય છે, તો અનંતા.–૪નો ઉદય ન હોવા છતાં, પ્રદેશોદય હોવા છતાં એમનો શુદ્ધ ક્ષયોપશમ ન માનવો.'

આમ આ રીતે જોઈએ તો તો મિશ્રગુણઠાણે મિશ્રમોહનો, મિથ્યામોહનો કે અનંતા.–૪નો ક્ષયોપશમ સંભવી શકતો નથી.

(૭૮) છતાં બીજી પણ કેટલીક બાબતો વિચારવા જેવી તો છે જ.

❊ અવધિજ્ઞાના.માં અને મિશ્રમોહમાં તફાવત એ છે કે અવધિજ્ઞાના. તો પહેલેથી જ ૧૦૦૦૦ થી ૨૫૦૦૦ નું હોઈ શકે છે. કોઈ આત્મગુણના પ્રભાવે એનો આ રસ આવેલો છે, એવું નથી. જ્યારે મિશ્રમોહમાં એવું નથી. આ કર્મ તો બંધાતું જ નથી. આ તો ઉપશમ સમકિત નામનો આત્મગુણ પ્રગટ થયો. એના પ્રભાવે મિથ્યાત્વના જ ૨૫૦૦૧ થી ૧ લાખ રસવાળા દલિકોમાંથી અમુક દલિકો ૧૦૦૦૧ થી ૨૫૦૦૦ રસવાળા બન્યા, અને એને નામ આપવામાં આવ્યું છે

મિશ્રમોહ !

આમ આ કર્મ તો આત્મગુણના પ્રભાવે કંઈક શુદ્ધ બનીને આવેલા દલિકો સ્વરૂપ છે, માટે જ્યારે એનો ઉદય હોય, ત્યારે ભલે એ સમકિત ગુણ માટે સર્વઘાતી છે, છતાં એ ૨૫૦૦૧ આદિ રૂપ મિથ્યાત્વને પણ નથી જ આવવા દેતું. માટે મિશ્રમોહનો ઉદયા.ક્ષયો. ત્રીજા ગુણઠાણે માની શકાય.

❊ અનંતા. ક્રોધના ઉદય વખતે અનંતા. માનાદિનો પ્રદેશોદય હોવા છતાં એનો ક્ષયોપ. નથી માન્યો. એનું કારણ શું ? એ જ કે એમની સર્વઘાતી રૂપે ઉદયમાં આવવાની પાત્રતા છે. અત્યારે અનંતા. ક્રોધનો જે રસોદય છે, એ જ રસોદય રૂપે ઉદયમાં આવવાની યોગ્યતા છે. ધારો કે અનંતા. ક્રોધનો ૨૦૦૦૦ ઉદય છે, તો અનંતા.માનાદિની પણ ૨૦૦૦૦ રૂપે ઉદયમાં આવવાની યોગ્યતા છે.

પણ અહીં એવું નથી. મિશ્રના ઉદય વખતે શું મિથ્યાત્વની ઉદયમાં આવવાની યોગ્યતા છે ? મિશ્રનો ૨૦૦૦૦નો ઉદય ચાલે છે, તો શું મિથ્યાત્વની ૨૦૦૦૦ રૂપે ઉદયમાં આવવાની યોગ્યતા છે ? નહિ જ. કારણ કે મિથ્યાત્વ તો ૨૫૦૦૧ થી ૧ લાખમાં જ ઉદયમાં આવી શકે છે, અને મિશ્રમોહના ઉદય વખતે એની એ રીતે ઉદયમાં આવવાની યોગ્યતા દબાઈ જ ગઈ છે. એટલે કે એનો પ્રદેશોદય તો છે જ, પણ સાથે સાથે સત્તામાં રહેલા ૨૫૦૦૧ વગેરે રૂપ રસનો ઉપશમ પણ છે જ.

માટે મિથ્યાત્વનો શુદ્ધ ક્ષયોપ. માનવામાં કોઈ વાંધો નથી.

❊ અનંતા.-૪નો રસ આમ તો ૧૦૦૦૧ થી ૨૫૦૦૦ છે અને ઉદયમાં આવતો પણ હોય છે. પરંતુ જ્યારે મિશ્રનો ઉદય છે, ત્યારે અનંતા.-૪નો પ્રદેશોદય તો છે જ. એ સાથે એમનો નાનો પણ રસોદય આવવાની શક્યતા દબાવી દેવામાં આવી છે. એટલે કે અનંતા.-૪ના સ્વરૂપે ઉદયમાં આવવાની યોગ્યતા નથી. એટલે કે એમનો ઉપશમ છે જ.

જેમ ચોથા ગુણઠાણે એક પણ અનંતા.નો ઉદય નથી, માટે એનો શુદ્ધ ક્ષયો. માનેલો છે, તો એ જ વાત ત્રીજા ગુણઠાણે પણ માની જ શકાય છે. એટલે...

ત્રીજા ગુણસ્થાને મિશ્રનો ઉદયા.ક્ષયોપશમ છે.

મિથ્યાત્વ + અનંતા.નો શુદ્ધ ક્ષયોપશમ છે, એમ માનવું.

(૭૯) જેનો દેશઘાતી રસોદય હોય, એનો જ ઉદયા.ક્ષયોપશમ હોય... એ સામાન્ય નિયમ તો છે જ. છતાં જેમ અઘાતી કર્મોનો ૧ થી ૧૦૦૦૦નો રસોદય હોવા છતાં ઉદયા.ક્ષયો. નથી માન્યો, (એ રસ પણ સર્વઘાતી જ બને છે માટે.) તો એ રીતે મિશ્રનો ૧૦૦૦૧થી ૨૫૦૦૦નો રસ ભલે આમ સર્વઘાતી છે, પરંતુ મિથ્યાત્વ માંથી શુદ્ધ બનીને આવેલું એ કર્મ છે. મિશ્ર–સમ્યક્ત્વ નામના ગુણનો ઘાત મિથ્યાત્વ કરે છે, આ નથી કરતું. માટે એનો ભલે ને ૧૦૦૦૧ થી ૨૫૦૦૦નો ઉદય હોય, તો ય ઉદયા. ક્ષયોપશમ માનવો.

(૮૦) અઘાતીમાં ૧ થી ૧૦૦૦૦નો ઉદય, તો પણ ક્ષયોપ. નહિ, આ એક અપવાદ છે. કેમકે આ રસના ઉદયમાં ઉદયા.ક્ષયો. પ્રાયઃ હોય જ છે પણ, અહીં નથી.

એમ મિશ્રમાં ૧૦૦૦૧ થી ૨૫૦૦૦નો ઉદય હોય, તો પણ ક્ષયોપ. છે, આ એક અપવાદ છે. કેમકે આ રસના ઉદયમાં ઉદયા. ક્ષયો. પ્રાયઃ ન જ હોય.

(૮૧) મિશ્રમોહનો ઉદયા.ક્ષયો. માનવામાં વાંધો પણ નથી. જૂઓ... એના કારણે મિશ્ર સમ્યક્ત્વ પણ પ્રગટે છે અને એનું ફળ કેટલું ? ત્રીજા ગુણઠાણે જીવ માત્ર ૭૪ કર્મો જ બાંધી શકે છે.

તમે જ વિચારો, ૧૨૦ માંથી ૧૧૭ કર્મો મિથ્યાત્વના ઉદયમાં બાંધી શકાય છે. એમાંથી કુલ ૪૬ કર્મોનો બંધ માત્ર આ મિશ્ર સમ્યક્ત્વના પ્રભાવે અટકી ગયો. ઘણી બધી પાપ પ્રકૃતિઓનો બંધ અટકી ગયો.

માટે ક્ષયોપશમ માનવામાં શું વાંધો ?

(૮૨) એવો વિચાર ન કરતા કે 'તો પછી સાસ્વાદન ગુણસ્થાને પણ મિથ્યાત્વનો ક્ષયોપ. માનો ને ? ત્યાં પણ સાસ્વાદન સમ્યક્ત્વ નામનો ગુણ તો છે જ ને ?'

ભાગ્યશાળી ! બીજા ગુણઠાણે અનંતા. કષાયનો ઉદય છે, પણ મિથ્યાત્વનો પ્રદેશોદય પણ ક્યાં છે ? એ હોય તો જ ક્ષય + ઉપશમ બોલાય ને ? ક્ષય જ નથી તો ક્ષયોપશમ શી રીતે માનવો ?

હા ! ત્યારે મિથ્યાત્વનો સર્વોપશમ ચાલુ જ છે.

એજ રીતે ત્યાં મિશ્રનો પણ ક્ષયોપશમ ન મનાય, કેમકે એનો પણ પ્રદેશોદય તો છે જ નહિ.

(૮૩) 'જેમ ત્રીજા ગુણઠાણે મિશ્રનો સર્વઘાતી ઉદય હોવા છતાં એનો ઉદયા.ક્ષયો. માન્યો. એમ બીજા ગુણઠાણે અનંતા.નો સર્વઘાતી ઉદય હોવા છતાં એનો ઉદયા.ક્ષયો. કેમ ન મનાય ? એ પણ સાસ્વાદન ગુણને લાવી જ આપે છે ને ?' આ રીતનો પ્રશ્ન થવાની સંભાવના છે જ.

એનો જવાબ એ છે કે મિશ્રનો તો ૧૦૦૦૧ થી ૨૫૦૦૦નો જ રસ છે. અને એ જ્યારે પણ ઉદયમાં હોય, ત્યારે મિશ્ર ગુણસ્થાન હોય જ.

અનંતા.માં એવું નથી. એનો તો ૧૦૦૦૧ થી ૨૫૦૦૦ નો રસ કે ૧ લાખ સુધીનો રસ... પહેલા ગુણસ્થાને પણ ઉદયમાં આવતો જ હતો. અને ત્યારે કોઈ ગુણ પ્રગટ થતો ન હતો. હવે બીજે ગુણસ્થાને એ જ રસ ઉદયમાં આવે છે. ૧૦૦૦૧ થી માંડીને ૧ લાખ સુધીનો ! એમાં કોઈ ફરક નથી પડ્યો. એવું નથી બન્યુ કે "પહેલા કરતા બીજા પર અનંતા.નો રસ ઓછો ઉદયમાં છે. પહેલા પર ૨૫૦૦૧થી ૧ લાખનો ઉદય અને બીજા પર ૧૦૦૦૧ થી ૨૫૦૦૦નો ઉદય !"

ફરક જે પડ્યો છે એ તો માત્ર મિથ્યામોહના ઉદયનો પડ્યો છે. પહેલા પર મિથ્યામોહનો રસોદય છે, બીજા પર એ નથી. બસ, આ ફરકના પ્રભાવે જ સાસ્વાદન સમ્યક્ત્વ છે. આમાં અનંતા.નો ક્ષયોપશમ શી રીતે મનાય ?

અરે, જ્યારે ઉપશમ સમકિતની પ્રાપ્તિ થયેલી, ત્યારે અનંતા.નો ક્ષયો. હતો. એ પછી અનંતા.નો સર્વઘાતી રસનો ઉદય થયો, એટલે સમકિતનો ઘાત થયો. અને અનંતા.નો આ રસોદય તો પહેલા ગુણઠાણે જ લાવત, પરંતુ મિથ્યાત્વનો ઉદય ન થયો, એટલે સાસ્વાદન સમ્યક્ત્વ મળે છે. નહિ કે અનંતા.ના ક્ષયોપશમના કારણે!

(૮૪) ઉદયા.ક્ષયોપશમમાં જે ઉપશમ કરવાનો છે. એ સત્તામાં રહેલા અધિકરસને ઉદયમાં ન આવવા દેવા રૂપ ઉપશમ છે. બાકી એ વખતે જે રસ ઉદયમાં છે, એ રસનો કે એનાથી હીનરસનો ઉપશમ કરવાની વાત નથી.

શુદ્ધ ક્ષયોપ.માં જે ઉપશમ કરવાનો છે, એ તો સત્તામાં રહેલા તમામે તમામ રસનો ઉપશમ કરવાની વાત છે. કેમકે ત્યાં તો નાનો પણ રસ ઉદયમાં આવે, તો એ સર્વઘાતી હોવાથી ગુણઘાત જ કરે. વળી ત્યાં એ કર્મનો પોતાનો ઉદય નથી. એટલે 'ઉદયમાં રહેલા રસ કરતા અધિક રસનો ઉપશમ' એમ શી રીતે બોલાય ?

એનો કોઈ રસ ઉદયમાં હોય, તો કહેવાય કે 'એના કરતા અધિક રસનો ઉપશમ કરો.' એટલે અહીં તો તમામ પ્રકારના રસનો ઉપશમ જ સમજવો.

(૮૫) સર્વોપશમ અને વિપાકોપશમમાં જે તફાવત છે, એ વિચારીએ.

– સર્વોપશમ કરવામાં લાંબો સમય લાગે, વિપાકોપશમ દરેક સમયે નવો ાય.

– સર્વોપશમ અંતમુહૂર્ત તો ટકે જ. વિપાકોપશમ એક જ સમયમાં રહે.

– સર્વોપશમમાં પ્રદેશોદય પણ ન હોવાથી ઔપ.ગુણ પ્રગટે.

વિપાકોપશમમાં પ્રદેશોદય હોવાથી ક્ષાયો. ગુણ પ્રગટે.

(૮૬) દૃષ્ટાંતો જોઈએ.

– મિથ્યાત્વનો સર્વોપશમ કરવામાં અંતર્મુહૂર્ત લાગે જ છે.

પણ, મિથ્યાત્વનો પ્રદેશોદય થાય, એ પછી દરેક સમયે એનો નવો નવો વિપાકોપશમ ચાલુ જ હોય છે.

– મિથ્યાત્વનો સર્વોપશમ અંત. ટકે જ છે, માટે જ ઔપ. સમ્યક્ત્વનો કાળ જઘન્યથી અંતર્મુહૂર્ત છે. ઔપ.ચારિત્રનો કાળ પણ જઘન્યથી અંત. છે. (ત્યાં મૃત્યુ થાય, તો અગિયારમા ગુણઠાણે ૧ સમયમાં પણ ઔપ.ચારિત્ર જતું રહે, એ એક સ્પેશ્યલ ઘટના)

– ઔપ. સમ્યક્ત્વમાં મિથ્યાત્વનો પ્રદેશોદય પણ નથી.

ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાં મિથ્યાત્વનો વિપાકોપશમ છે, પ્રદેશોદય છે.

(૮૭) સર્વોપશમ પામેલા દલિકો ટાઈમ બોમ્બ જેવા છે. જેમ એ બોમ્બમાં એવું Fix કરી દેવામાં આવે છે કે એ આટલા ટાઈમ બાદ, આ ટાઈમ પર જ ફુટશે, એ પહેલા નહિ... એમ અહીં પણ એવું Fix કરી દેવામાં આવે છે કે 'આ મિથ્યાત્વ કર્મ, આ ચારિત્રમોહ કર્મ આટલા ટાઈમ બાદ જ ફુટશે, પહેલા નહિ જ.'

આ છે સર્વોપશમનું સ્વરૂપ !

(૮૮) બીજી રીતે કહીએ તો પેઈનકીલર ગોળી Fix ટાઈમ સુધી દુઃખાવો ન થવા

દે, એને દબાવી દે. (અંદર તે પડેલો જ છે.) જેવી એ ગોળીની અસર જાય કે તરત જ એ પેઈન ચાલુ થઈ જાય.

જીવના અધ્યવસાય રૂપ ગોળી Fix ટાઈમ સુધી મિથ્યાત્વાદિ કર્મોને ઉદયમાં ન આવવા દે. એને દબાવી દે. જેવી એ અસર પૂરી થાય કે તરત જ એનો ઉદય ચાલુ થઈ જાય.

(૮૯) વિપાકોપશમમાં આવું નથી.

ઉદયા.ક્ષયો.માં કે શુદ્ધ ક્ષયોપ.માં... જે સમયે ઉપશમ કરે, એ સમયે એ સમય પુરતો જ ઉપશમ હોય. બીજા સમયનો ઉપશમ બીજા સમયે કરવાનો. ત્રીજા સમયનો ઉપશમ ત્રીજા સમયે કરવાનો.

ક્રિકેટમાં દરેક બોલ અલગ-અલગ રમવાની આવે. એક બોલમાં જેટલા રન કરવા ોય, એટલા કરો. બીજી બોલમાં વળી નવા રન, ત્રીજી બોલમાં વળી નવા રન...

એક બોલમાં છ રન કરો, એટલે કંઈ છ બોલના છત્રીસ રન ન ગણાય. અરે, એ બેટ્સમેન બીજી જ બોલે આઉટ થાય, તો પણ આશ્ચર્ય નહિ.

(૯૦) ઉદયા.ક્ષયોપ.માં જે વિપાકોપશમ છે, એ માટે વિચારીએ તો,

બેટ્સમેન કોઈક બોલમાં ૬ રન કરે.

બેટ્સમેન કોઈક બોલમાં ૪ રન કરે.

બેટ્સમેન કોઈક બોલમાં ૩ રન કરે.

બેટ્સમેન કોઈક બોલમાં ૨ રન કરે.

બેટ્સમેન કોઈક બોલમાં ૧ રન કરે.

બેટ્સમેન કોઈક બોલમાં Out થાય.

એમ, ધારો કે અવધિજ્ઞાન પ્રગટેલું છે તો-

જીવ કોઈક સમયે ૪૦૦૧ રસના ઉદયવાળો હોય, તો અવધિજ્ઞાન ૬૦૦૦ અંશ હોય.

જીવ કોઈક સમયે ૬૦૦૧ રસના ઉદયવાળો હોય, તો અવધિજ્ઞાન

૪000 અંશ હોય.

જીવ કોઈક સમયે ૭00૧ રસના ઉદયવાળો હોય, તો અવધિજ્ઞાન ૩000 અંશ હોય.

જીવ કોઈક સમયે ૮00૧ રસના ઉદયવાળો હોય, તો અવધિજ્ઞાન ૨000 અંશ હોય.

જીવ કોઈક સમયે ૯00૧ રસના ઉદયવાળો હોય, તો અવધિજ્ઞાન ૧000 અંશ હોય.

જીવ કોઈક સમયે ૧000૧ થી ૧ લાખના ઉદયવાળો હોય, તો અવધિજ્ઞાન Out...

આમાં દરેક વખતે ઉપશમ બદલાયા કરે.

૪00૧ના ઉદય વખતે ૪00૨ થી ૧ લાખનો ઉપશમ છે.

૬00૧ના ઉદય વખતે ૬00૨ થી ૧ લાખનો ઉપશમ છે.

૭00૧ના ઉદય વખતે ૭00૨ થી ૧ લાખનો ઉપશમ છે.

૮00૧ના ઉદય વખતે ૮00૨ થી ૧ લાખનો ઉપશમ છે.

૯00૧ના ઉદય વખતે ૯00૨ થી ૧ લાખનો ઉપશમ છે.

આમ વિપાકોપશમ દરેક સમયે બદલાઈ શકે, અને એ અચાનક જ જતો રહે. ગમે ત્યારે કર્મનો સર્વઘાતી રસોદય ચાલુ થાય, તો આશ્ચર્ય નહિ. (હા ! મતિજ્ઞાના. આદિમાં સર્વઘાતી રસનો ઉદય જ નથી, એ અલગ વાત.)

(૯૧) શુદ્ધ ક્ષયોપ.માં જે વિપાકોપશમ છે, એ જોઈએ–

ઈન્જર્ડ થયેલા એક જોરદાર બેટ્સમેનને રનરની અનુકૂળતા ન આપવામાં આવે અને એ Six લગાવી ન શકતો હોય. ત્યારે એના માટે, હવે એક જ વાત બચે છે– 'દરેક બોલ રમે. કાં તો ૪ રન... કાં તો કોઈ રન નહિ...

હવે આ બેટ્સમેન જો રન કરે તો ૪ જ કરે, અને કોઈપણ બોલમાં Out થઈ જાય. એમાં કંઈ આશ્ચર્ય નહિ.

એમ આ શુદ્ધ ક્ષયો.માં એ કર્મનો કોઈ રસોદય છે જ નહિ. દા.ત.

ચાથાગુણઠાણે અનંતા.નો શુદ્ધ ક્ષયો. છે. તો ૧૦૦૦૧ થી ૧ લાખમાંનો કોઈ રસ ઉદયમાં નથી. તો એ વખતે સત્તામાં જે ૧૦૦૦૧ થી ૧ લાખ રસ છે, એ તમામનો ઉપશમ કરે જ, પ્રત્યેક સમયે કરે.

પહેલા સમયે અનંતા.નો પ્રદેશોદય છે, તો એ સમયે સત્તાગત બધા જ રસનો ઉપશમ ! ૪ રન.

બીજા સમયે અનંતા.નો પ્રદેશોદય છે, તો એ સમયે સત્તાગત બધા જ રસનો ઉપશમ ! ૪ રન.

ત્રીજા સમયે અનંતા.નો પ્રદેશોદય છે, તો એ સમયે સત્તાગત બધા જ રસનો ઉપશમ ! ૪ રન.

પણ અચાનક ચોથા સમયે અનંતા.નો જો ૧૫૦૦૦નો ઉદય ચાલુ થઈ જાય, તો સત્તાગત તમામનો ઉપશમ રદ થાય. બધામાં ૧૫૦૦૦ રૂપે ઉદયમાં આવવાની યોગ્યતા ઉભી થઈ જાય.

ધારો કે ૧૦માં સમયે પાછો અનંતા.નો પ્રદેશોદય થાય, તો એજ સમયે પાછો ૧ સમય માટે બધા જ રસનો ઉપશમ !

એ વખતે ૧૧માં સમયનું શું ? એ કંઈ નક્કી નહિ.

એ તો જ્યારે ૧૧માં સમયે પહોંચે, ત્યારે જ ૧૧માં સમયનું નક્કી થાય.

આમ, શુદ્ધ ક્ષયોપશમમાં જે ઉપશમ છે, એ ઉપશમ જેટલો સમય હોય, એ સમાન જ હોય, ઓછો–વત્તો ન થાય.

(૯૨) આમ તો ઉપશમ સમ્યક્ત્વ વખતે અનંતા.નો ક્ષયોપશમ પણ Fix જ હોય છે, તો કોઈ એમ કહી શકે કે ત્યાં જે ઉપશમ છે એ સર્વોપશમ જેવો જ છે ને ? એમાં પણ Fix થયું ને કે અમુક સમય સુધી એ ઉદયમાં નહિ આવે. ઉપશમ જ રહેશે, ત્યાં દરેક સમયનો નવો નવો ઉપશમ... ક્યાં છે ?

પણ એક વાત સમજી લો...

કોઈ બેટ્સમેન ૧૦૦ બોલ રમે, અને ૧૨૫ રન કરે, એનો અર્થ એ નથી કે 'એણે પહેલા જ બોલમાં ૧૨૫ રન કરી લીધેલા.' એણે દરેક બોલે નવા નવા રન કર્યા છે. અને દરેક બોલે ઓછા–વત્તા રન કર્યા છે, અને દરેક બોલે Out થવાની

શક્યતા હતી જ. ભલે પછી એ ૧૦૦ બોલ રમ્યો, Out ન થયો.

એમ જીવને ઔપ. સમકિત વખતે અનંતા.નો ક્ષયોપશમ હોય જ છે, એ સાચું છે. પરંતુ એનો અર્થ એ નથી કે 'એને અનંતા.નો અંત. ઉપશમ એક જ સમયમાં થઈ ગયેલો.' એનો દરેક સમયે નવો નવો જ ઉપશમ હતો, એ ઉપશમ એક સમય સુધી જ ટકે એવો હતો, નવા સમયે નવો જ ઉપશમ થતો હતો...

આ તો મિથ્યાત્વના સર્વોપશમના પ્રભાવે અંત. સુધી અનંતા.નો દરેક સમયે નવો નવો વિપાકોપશમ થતો જ રહ્યો, એ એક અલગ વાત છે.

માટે જ તો જુઓ, જ્યારે એ સર્વોપશમનો પ્રભાવ નબળો પડ્યો, ત્યારે શું બને છે ? છેલ્લી છ આવલિકા દરમ્યાન ગમે ત્યારે અનંતા.નો રસોદય થઈ શકે છે ને ? ત્યાં એવું કશું Fix નહિ કે છ આવલિકા બાકી હશે, ત્યારે જ થશે, એમાં અસંખ્ય ભેદો પડશે... છ આવલિકાના અસંખ્ય સમયમાંથી કોઈપણ સમયે અનંતા.નો રસોદય સંભવી શકે છે. અને એવું પણ બને કે ૧૩૨ સાગરો. સુધી એનો રસોદય ન પણ થાય.

આ એની અનિશ્ચિતતા જ બતાવે છે કે એનો ઉપશમ Fix નથી જ. દરેક સમયનો નવો જ ઉપશમ કરવાનો, એ એક સમય જ ટકવાનો.

મિથ્યાત્વમાં તો Fix છે, એનો જે સર્વોપશમ છે, એના કાળમાં એક સમય પણ વહેલો મિથ્યાત્વોદય ન જ થાય. અરે, પ્રદેશોદય પણ ન થાય. એજ બતાવે છે કે એનો જે સર્વોપશમ છે, એને કરતા અંત. ટાઈમ લાગ્યો, અને એ Fix અંત. ટકે છે. એનામાં દર સમયે નવો નવો ઉપશમ કરવાની જરૂર નથી રહેતી.

(૯૩) અનંતા.-૪ની વિસંયોજના કરી, પછી જીવ મિથ્યાત્વે આવે અને તરત જ એ ચારનો નવો બંધ શરૂ કરે છે, ત્યારે ૧ આવલિકા સુધી તો અનંતા.નો પ્રદેશોદય પણ નથી હોતો. માત્ર સત્તામાં હોય છે. તો શું એ વખતે 'ચોથા ગુણઠાણા સંબંધી ક્ષમાદિ માની શકાય. કેમકે ત્યાં પ્રદેશોદય હતો, અહીં તો પ્રદેશોદય પણ નથી.'

આવો જો પ્રશ્ન થાય તો એનો જવાબ એ છે કે પહેલા ગુણઠાણે જીવને અનંતા.-૪ની સત્તા તો છે જ ને ! અને જીવના તેવા પ્રકારના અધ્યવસાય એવા છે કે ત્યારે એ ચાર કષાયોમાં સર્વઘાતી રૂપે ઉદયમાં આવવાની પૂરેપૂરી યોગ્યતા છે

જ. આ તો બંધાવલિકામાં કોઈ કરણ ન લાગે, એટલે એ ઉદયમાં આવતા નથી. અને ઉદયસમય ઉપર તો કોઈ દલિક નથી માટે ઉદયમાં નથી.

એટલે જેમ પહેલા ગુણઠાણે અનંતા. ક્રોધના ઉદય વખતે અનંતા. માનાદિનો માત્ર પ્રદેશોદય છે, છતાં સત્તામાં રહેલા કર્મોના સર્વઘાતી રસની ઉદયમાં આવવાની પાત્રતા પૂરેપૂરી હોવાથી એના કારણે અનંતા. માનાદિનો ક્ષયોપશમ નથી માન્યો.

એજ રીતે અહીં ચારેય અનંતા.ના સર્વઘાતી રસની ઉદયમાં આવવાની પાત્રતા પૂરેપૂરી હોવાથી અનંતા. ક્રોધાદિનો ક્ષયોપશમ નથી માન્યો.

(૯૪) આ જ કારણસર એનો સર્વોપશમ પણ એ વખતે ન માનવો. એટલે કે કોઈ એમ વિચારે કે જેમ મિથ્યાત્વનો પ્રદેશોદય ન હોય + મિથ્યાત્વ સત્તામાં હોય... તો એનો સર્વોપશમ મનાય છે ને, તો એજ રીતે અહીં અનંતા.નો પ્રદેશોદય નથી + સત્તામાં છે. તો એનો સર્વોપશમ માની લઈએ ને ?

પણ આ વાત ખોટી છે.

સર્વોપશમ તો ત્યારે કહેવાય કે સત્તામાં રહેલા તમામ રસની ઉદયમાં નહિ ।વવાની યોગ્યતા ઉભી કરવામાં આવી હોય.

પ્રસ્તુતમાં અનંતા.-૪ની વિસંયોજના બાદ જ્યારે ફરીવાર બાંધે છે, ત્યારે બંધાવ.ના કારણે એ એક આવલિકા સુધી ઉદયમાં નથી આવતા. બાકી કંઈ એમાં ઉદયમાં નહિ આવવાની યોગ્યતા ઉત્પન્ન નથી કરવામાં આવી.

(૯૫) ઘણી જગ્યાએ એવું બનશે કે જ્યાં આપણે બતાવેલ ક્ષયોપ. માનવાનો તો છે, પણ એ યોગ્યતા રૂપે જ ! હકીકત રૂપે એ બધું નહિ ઘટે.

દા.ત. બારમા ગુણઠાણે છેલ્લી એક આવલિકા બાકી રહે, ત્યારે મતિજ્ઞાના. + શ્રુતજ્ઞાના. + ચક્ષુદર્શના. + અચક્ષુદર્શના. + અવધિદર્શના. + અવધિજ્ઞાના. + મનઃપર્યવજ્ઞાના. (૪ જ્ઞાના. + ત્રણ દર્શના) + ૫ અંતરાય...

આ બાર કર્મોનો આપણે ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ માનીએ તો છીએ. પરંતુ, એ વખતે આ ૧૨ કર્મોનો દેશઘાતી ઉદય છે + ઉદય સમયમાં અધિક રસનો ક્ષય છે. બસ, ઉદયાવલિકાની ઉપર તો કોઈ કર્મ જ નથી. તો એની ઉદીરણા પણ નથી.

અને એટલે જ ઉદીરણા દ્વારા ઉદયમાં આવેલા કર્મોના અધિકરસનો ક્ષય કરવાનું પણ શક્ય નથી. એજ રીતે ઉદયાવલિકાની ઉપર કર્મ જ નથી. તો અધિકરસનો ઉપશમ પણ નથી.

આમ, અહીં ઉદય + ક્ષય મળે છે, તો ઉદયાનુ. ક્ષય તો માનીએ, પણ ઉદયા.ક્ષયોપ. કઈ રીતે માનીએ ?

એનો જવાબ એ જ કે આ તો ઉદયાવલિકાની ઉપર કર્મો નથી, પણ જો હોત તો એનો ઉપશમ થાત ને ? અધિક રસનો ઉપશમ કરવામાં આવત ને ? માટે યોગ્યતા રૂપે ઉપશમ છે જ, માટે ઉદયાનુ. ક્ષયોપ. પાત્રતા રૂપે છે જ.

(આમાં અવધિજ્ઞાના. + અવધિદર્શના. + મનઃપર્યવજ્ઞાના.નો ક્ષયોપશમ ન પણ હોય, એ સમજી લેવું. કેમકે ક્ષપકશ્રેણી માંડનાર પાસે અવધિ–મનઃપર્યવ ન પણ હોય...)

(૯૬) સમ.મોહની છેલ્લી એક આવલિકા + સંજ્વ. લોભની છેલ્લી એક આવલિકામાં પણ આ રીતે ઉદયાનુ. ક્ષયોપ. પાત્રતા રૂપે સમજવો.

(૯૭) જેઓનો શુદ્ધ ક્ષયોપ. છે, તેવા મિથ્યાત્વ + અનંતા.–૪ + અપ્રત્યા.–૪ + પ્રત્યા.–૪ + મિશ્ર... આ બધાનો પણ છેલ્લી એક આવલિકા દરમ્યાન ઉપશમ નથી હોતો, છતાં પાત્રતા રૂપે શુદ્ધ ક્ષયોપશમ કહેવાય.

(૯૮) છટ્ઠાથી માંડીને ઉપરના ગુણસ્થાનોમાં નવ નોકષાયમાંથી જેનો ઉદય છે, એનો ઉદયાનુ.ક્ષયોપ. સ્પષ્ટ છે. જેમનો ઉદય નથી, તેઓનો પાત્રતા રૂપે ઉદયાનુ. ક્ષયોપ. છે. સંજ્વ.–૪ કષાય માટે પણ આ જ સમજવું. વિશેષ હકીકત ઉપ.શ્રેણી + ક્ષપકશ્રેણીના આધારે સમજી લેવી.

(૯૯) પ્રદેશોદય એટલે શું ?

ધારો કે સંજ્વ. ક્રોધનો ૨૦૦૦૦નો રસોદય છે. એ વખતે સંજ્વ.માનાદિનો પ્રદેશોદય છે. એટલે કે...

❊ સંજ્વ.માનાદિના એ સમયે જેટલા દલિકો હોય પ્રાયઃ એ બધા જ સંજ્વ. ક્રોધ રૂપ બની જાય છે.

❊ સંજ્વ.માનાદિના ૨૦૦૦૧ થી માંડીને ૧ લાખ સુધીના રસવાળા

જેટલા દલિકો છે, તે બધા જ ૨૦૦૦૦ રસોદયવાળા સંજ્વ. ક્રોધ રૂપ બની જાય છે.

❋ જે ૧ થી ૧૯૯૯૯ રસવાળા છે, તે બધા એના એજ રસવાળા રહે છે અને સંજ્વ. ક્રોધ રૂપ બની જાય છે.

❋ જે ૨૦૦૦૦ રસવાળા સંજ્વ.માનાદિ છે, એ ૨૦૦૦૦ રસવાળા રહે છે અને સંજ્વ. ક્રોધ રૂપ બની જાય છે.

❋ આમાં સંજ્વ. માનાદિના અમુક પુદ્ગલો એવા હોય છે કે જે સંજ્વ. ક્રોધ રૂપ નથી બનતા, પરંતુ સંજ્વ.માનાદિ રૂપ જ રહે છે. અને એમનો જે પણ ૧ થી ૧ લાખ સુધીનો રસ હોય છે, એ પણ એમ જ રહે છે, પરંતુ એ પોતાનો વિપાક બતાવતા નથી. અને એમ ને એમ ક્ષય પામી જાય છે.

આમ,

❋ ૨૦૦૦૦ સંજ્વ.માનાદિનું ૨૦૦૦૦ સંજ્વ. ક્રોધ બનવું... અને ક્ષય પામવું.

❋ ૨૦૦૦૧ થી ૧ લાખ સંજ્વ.માનાદિનું ૨૦૦૦૦ સંજ્વ. ક્રોધ બનવું અને ક્ષય પામવું.

❋ ૧ થી ૧૯૯૯૯ સંજ્વ. માનાદિનું ૧ થી ૧૯૯૯૯ સંજ્વ. ક્રોધ રૂપે બનવું અને ક્ષય પામવું.

❋ ૧ થી ૧ લાખવાળા સંજ્વ. માનાદિના અમુક દલિકોનું ૧ થી ૧ લાખવાળા સંજ્વ.માનાદિ રૂપે જ રહેવું, પરંતુ કોઈપણ ફળ બતાવ્યા વિના ક્ષય પામવું...

આ બધો જ છે પ્રદેશોદય !

(૧૦૦)આપણે બોલીએ છીએ કે 'અતિચાર લાગ્યો..' આમાં અતિચાર એટલે શું? એ આપણે તાત્વિક દષ્ટિથી જોઈએ.

જે સમયે મિથ્યાત્વમોહનો શુદ્ધ ક્ષયોપશમ ચાલુ થયો, તે જ સમયે ધારો કે ૧૦૦૦ સમ.મોહનો ઉદય છે. હવે જો આ ઉદય ૯૯૯, ૯૯૮... બને, તો સમકિત નિર્મળ બને. પરંતુ જો ૧૦૫૦, ૧૧૦૦... નો ઉદય થાય, તો સમકિત મલિન બને, આનું નામ જ અતિચાર છે.

પહેલા ૧૦૦૦નો ઉદય, પછી ૭૦૦નો ઉદય, પછી ૬૯૦નો ઉદય, વળી ૬૯૦નો ઉદય... આમાં ક્યાંય અતિચાર નહિ. પણ પછી ૬૯૦થી ૭૦૦નો ઉદય... તો આમાં સમકિતને અતિચાર લાગે.

**દેશવિરતિમાં અતિચાર :** જ્યારે દેશવિરતિ મળી, ત્યારે ધારો કે ૪૦૦૦૦નો પ્રત્યા.નો ઉદય છે. એ પછી ૩૯૯૦૦, એ પછી ૩૯૮૮૮, એ પછી ૩૮૦૦૦... આ બધામાં અતિચાર નથી, પરંતુ જો પછી ૩૮૦૦૫ થાય, તો અતિચાર લાગે.

**સર્વવિરતિમાં અતિચાર :** જ્યારે સર્વવિરતિ મળી, ત્યારે ધારો કે સંજ્વલનનો ઉદય ૩૦૦૦ છે, એ પછી ૨૯૯૯, પછી ૨૯૯૮... તો અતિચાર નથી. પણ એ પછી ૩૦૦૦, ૩૦૦૫... તો આ અતિચાર લાગે.

Simple વાત, પૂર્વ પૂર્વના સમયની અપેક્ષાએ ઉત્તર-ઉત્તરના સમયમાં જો રસોદય વધે, તો અતિચાર ! જો રસોદય પૂર્વના સમય જેટલો જ રહે કે ઘટે તો અતિચાર નહિ. જો પૂર્વના સમય જેટલો જ ઉત્તરના સમય પર રહે, તો એ વિશુદ્ધિ સ્થિર રહી કહેવાય. પણ જો રસ ઘટે, તો વિશુદ્ધિ વધેલી કહેવાય.

(૧૦૧)પણ આવી રસની વધ-ઘટ તો કેવલજ્ઞાની વગેરે વિશિષ્ટજ્ઞાનીઓ જ જાણી શકે. એટલે આ જે નિશ્ચયનો અતિચાર છે, એ તો માત્ર વિશિષ્ટજ્ઞાની જ જાણે, સામાન્યજ્ઞાનીઓ નહિ. સામાન્યજ્ઞાનીઓ તો બહારના વચન-કાયાના દોષને આધારે જ નિર્ણય કરે કે *'આ અતિચાર છે કે નહિ.'*

આ વ્યવહાર પણ નક્કી કર્યો છે વિશિષ્ટજ્ઞાનીઓએ જ !

એમણે જોયુ કે 'નિશ્ચયનો અતિચાર સામાન્ય ગીતાર્થો જાણી નહિ શકે. તો તેઓ પોતાના કે બીજાના એ અતિચારને શી રીતે દૂર કરશે ? તો અમે એ જોઈએ કે જ્યારે નિશ્ચયનો અતિચાર હોય છે, ત્યારે બહાર વચન-કાયાની કેવી પ્રવૃત્તિ હોય છે ? એ પ્રવૃત્તિ તો સામાન્ય ગીતાર્થો જોઈ શકશે. એના દ્વારા નિશ્ચયના અતિચારનું અનુમાન કરી શકશે. અને પછી એ અતિચારને દૂર કરી શકશે.'

આ રીતે પોતાના જ્ઞાનથી જોઈને વિશિષ્ટજ્ઞાનીઓ બતાવે છે કે 'આવી આવી વચન-કાયાની પ્રવૃત્તિ એ અતિચાર છે.'

હકીકતમાં એ અતિચાર નથી, પણ એ વખતે અંદરની જે મલિન પરિણતિ છે, તે જ અતિચાર છે. સામાન્યજ્ઞાનીઓ એ બહારની પ્રવૃત્તિ જોઈ, અંદરની મલિનતાનો નિર્ણય કરે, એટલે કે અતિચારને જાણે.

(૧૦૨)વિશિષ્ટજ્ઞાનીઓએ જોયું છે કે 'જ્યારે બહાર આવી મલિન પ્રવૃત્તિ હોય, ત્યારે અંદર એવી મલિન પરિણતિ હોય જ, એવું ૧૦૦% નથી. ક્યારેક તો મલિન પ્રવૃત્તિ વખતે નિર્મળ પરિણતિ પણ હોય છે. પરંતુ મોટા ભાગે તો મલિન પ્રવૃત્તિ વખતે મલિન પરિણતિ હોય જ છે. અને સામાન્યજ્ઞાનીઓ માટે મલિન પરિણતિ જાણવા માટેનો એક માત્ર ઉપાય આ જ છે મલિન પ્રવૃત્તિ !'

એટલે વિશિષ્ટજ્ઞાનીઓએ મલિન પ્રવૃત્તિને અતિચાર કહી, પણ સાથે એમાં હકીકત મૂકી દીધી કે 'આમાં એકાંત ન સમજવો...' આ બાબતના અનેકાંતને સમજાવવા માટે વિરાટ છેદગ્રન્થોની રચના કરી. એનાથી ખ્યાલ આવે કે મલિન પ્રવૃત્તિ હોય, તોય અતિચાર હોવો, અતિચાર ન હોવો... વગેરે શી રીતે બને છે ?

(૧૦૩)લાગેલા અતિચારની વિશુદ્ધિ શી રીતે થાય ? એનો નિશ્ચયથી ઉત્તર એ છે કે 'જે સ્થાનથી પડ્યા, ત્યાં પાછા આવીએ, તો અતિચારની વિશુદ્ધિ થઈ ગઈ. ૫૦૦૦ થી ૪૦૦૦ પર પડ્યા, ૪૫૦૦ પર આવ્યા, તો વિશુદ્ધિ-પ્રારંભ, ૫૦૦૦ પર આવ્યા તો અતિચારની સંપૂર્ણ વિશુદ્ધિ થઈ ગઈ...'

પણ આ બધું પણ વિશિષ્ટજ્ઞાની જ જાણી શકે, એટલે વિશિષ્ટજ્ઞાનીઓએ જોયું કે 'નિશ્ચયથી આવી અતિચાર શુદ્ધિ કરાવવી તો છે, પણ એ સામાન્યજ્ઞાનીઓ શી રીતે કરાવશે ? તો એ માટે વચન-કાયાની પ્રવૃત્તિ જોવી પડશે. કેવા પ્રકારની વચન-કાયાની પ્રવૃત્તિ હોય, તો આ શુદ્ધિ થાય છે, એ પ્રવૃત્તિ જ બતાવી દઈએ...'

અને એમણે એ પ્રવૃત્તિઓ બતાવી. એને કહેવાય છે **પ્રાયશ્ચિત્ત** !

(૧૦૪)સાર એ આવ્યો કે **નિશ્ચયના અતિચારથી આત્માનો મોક્ષ અટકે છે, નિશ્ચયના પ્રાયશ્ચિત્તથી આત્માની શુદ્ધિ પ્રગટે છે**. પણ એ બધું સામાન્યજ્ઞાનીને ખબર ન પડે. એટલે એમને ખબર પડે એ માટે-

- નિશ્ચયાતિચારો સાથે રહેનાર વ્યવહારાતિચાર દર્શાવાયા. 'આનાથી ો' એવો ઉપદેશ અપાયો. જે એનાથી બચે, એ નિશ્ચયાતિચારોથી બચે.

– નિશ્ચયાતિચારો સાથે રહેનાર વ્યવહારાતિચાર જેમણે સેવ્યા, એમનામાં નિશ્ચય અતિચાર મનાયો. એની શુદ્ધિ માટે નિશ્ચયશુદ્ધિ લાવવી જરૂરી બની. એ નિશ્ચયશુદ્ધિ લાવનાર વ્યવહારને પ્રાયશ્ચિત્ત નામ આપવામાં આવ્યું.

આ રીતે ચાલે છે જિનશાસનનો અતિચાર રક્ષાનો, અતિચાર વિશુદ્ધિનો વ્યવહાર !

(૧૦૫)પણ વ્યવહાર વ્યવહાર જ છે. અસંખ્ય પ્રકારના ફરકવાળો છે વ્યવહાર! એને Fix કરીને બેસી ન શકાય, છતાં નિશ્ચય ન દેખાતો ોવાથી વ્યવહારથી જ જીવન જીવવું પડે.

(૧૦૬)વિશિષ્ટજ્ઞાનીઓ તો પોતાના જ્ઞાન પ્રમાણે નિશ્ચય અતિચાર અને નિશ્ચયશુદ્ધિને જાણે જ છે, એટલે તેઓ વ્યવહાર અતિચાર અને વ્યવહાર શુદ્ધિના આધારે નથી ચાલતા. એટલે કે તેઓ શાસ્ત્રના આધારે નથી ચાલતા. માટે જ તેઓ શ્રુતવ્યવહારી નથી, પણ આગમવ્યવહારી છે. માત્ર પોતાના આગમના = વિશિષ્ટજ્ઞાનના = કેવલજ્ઞાનાદિના આધારે જ અતિચાર–વિશુદ્ધિ વગેરેનો વ્યવહાર કરનારા છે.

એટલે કે

'કીડી મરે તો ઉપવાસ' એવું શાસ્ત્ર વ્યવહાર કહે.

પણ 'કીડી મરે, તો માત્ર નવકાર, આંબિલ, ૩૦ ઉપવાસ, પુનઃ દીક્ષા..' આમાંથી કંઈપણ આગમ વ્યવહારી કહી શકે.

એમને એવું દેખાય કે 'માત્ર નવકાર ગણવાથી જ એના નિશ્ચયાતિચારની નિશ્ચયશુદ્ધિ થઈ જાય છે, તો તેઓ નવકાર જ આપે.'

એમને એવું દેખાય કે 'પુનઃ દીક્ષા આપવાથી જ એના નિશ્ચયાતિચારની નિશ્ચયશુદ્ધિ છે.' તો એને પુનઃ દીક્ષા આપે.

એમને એવું દેખાય કે 'એના અતિચારની શુદ્ધિ અત્યારે થાય એમ જ નથી' તો એમને કશું પ્રાયશ્ચિત્ત ન આપે.

એમને એવું દેખાય કે 'એની શુદ્ધિ મારાથી નહિ, પરંતુ અન્યથી જ થશે.' તો તેઓ સ્વયં પ્રાયશ્ચિત્ત ન આપે, પરંતુ એને અન્ય પાસે મોકલે.

એમને એવું દેખાય કે 'પ્રમાદથી કીડી મરી, ત્યારે એ જીવ ૩૦૦૦ માંથી ૫૦૦૦ રસના ઉદય પર આવેલો, પણ હજી ઉપવાસાદિ કશું કર્યું નથી, એ પહેલા જ એનો પ્રમાદ દૂર થયો છે, અને એ પાછો ૩૦૦૦ રસ ઉપર આવી ગયો છે, કે એનાથી ઓછા ૨૫૦૦ રસ ઉપર આવી ગયો છે. એટલે નિશ્ચયશુદ્ધિ તો થઈ જ ગઈ છે. પરંતુ જો એને વ્યવહારશુદ્ધિ નહિ આપવામાં આવે, તો એ પ્રમાદ ફરી થવાની શક્યતા છે. એ ફરી ૨૫૦૦ ઉપરથી ૩૦૦૦, ૪૦૦૦, ૫૦૦૦ ઉપર જવાની શક્યતા છે. એટલે એ ફરી નિશ્ચય અતિચાર ન આવે, એ માટે એ જૂના નિશ્ચયાતિચારની નિશ્ચયશુદ્ધિ થઈ ગઈ હોવા છતાં પણ પુનઃ નિશ્ચયાતિચારના નિવારણ માટે વ્યવહાર પ્રાયશ્ચિત્ત આપી દે છે. એટલે કે ઉપવાસાદિ આપી દે છે.

બહુ જ ટુંકાણમાં આ નિશ્ચયાતિચાર + વ્યવહારાતિચાર + નિશ્ચયશુદ્ધિ + વ્યવહારશુદ્ધિ બતાવી છે. આના ઉપર જેટલું વધુ ચિંતન કરશો, એટલા વધુ સ્પષ્ટ પદાર્થો થશે.

(૧૦૭)જ્યારે મિથ્યાત્વનો ઉદય, ત્યારે સમ્યક્ત્વનો નિશ્ચય અનાચાર = મોત !

જ્યારે અપ્રત્યા.નો ઉદય, ત્યારે દેશવિરતિનો નિશ્ચય અનાચાર = મોત !

જ્યારે પ્રત્યા.નો ઉદય, ત્યારે સર્વવિરતિનો નિશ્ચય અનાચાર = મોત !

જ્યાં સુધી સમ.મોહનો ઉદય છે, મિથ્યાત્વનો ઉદય નથી, ત્યાં સુધી સમકિત જીવે છે.

જ્યાં સુધી પ્રત્યા. ઉદય છે, અપ્રત્યા.નો ઉદય નથી, ત્યાં સુધી દેશવિરતિ જીવે છે.

જ્યાં સુધી સંજ્વ.નો ઉદય છે, પ્રત્યા.નો ઉદય નથી, ત્યાં સુધી સર્વવિરતિ જીવે છે.

(૧૦૮)આમાં પણ નિશ્ચય અનાચાર, નિશ્ચયશુદ્ધિ, વ્યવહાર અનાચાર, વ્યવહારશુદ્ધિ એ બધું જ અતિચારમાં સમજાવ્યા પ્રમાણે જ અક્ષરશઃ સમજી લેવું. જ્યાં અતિચાર શબ્દ છે, ત્યાં અનાચાર શબ્દ સમજવો. બસ, બાકી બધું સમાન જ છે.

છતાં સ્પષ્ટ ભાષામાં કહીએ તો–

સમ્યક્ત્વનો ઘાત કરનાર છે, મિથ્યાત્વનો ઉદય ! એ ઉદય એટલે જ

સમ્યક્ત્વનો નિશ્ચયથી અનાચાર !

દેશવિરતિનો ઘાત કરનાર છે, અપ્રત્યા.નો ઉદય ! એ ઉદય એટલે જ દેશવિરતિનો નિશ્ચયથી અનાચાર !

સર્વવિરતિનો ઘાત કરનાર છે પ્રત્યા.નો ઉદય ! એ ઉદય એટલે જ સર્વવિરતિનો નિશ્ચયથી અનાચાર !

જ્યારે મિથ્યાત્વનો ઉદય અટકે, સમકિતમોહનો ઉદય થાય, ત્યારે સમ્યક્ત્વના અનાચારની નિશ્ચયથી શુદ્ધિ !

જ્યારે અપ્રત્યા.નો ઉદય અટકે, પ્રત્યા.નો ઉદય થાય, ત્યારે દેશવિરતિના અનાચારની નિશ્ચયથી શુદ્ધિ !

જ્યારે પ્રત્યા.નો ઉદય અટકે, સંજ્વ.નો ઉદય થાય, ત્યારે સર્વવિરતિના અનાચારની નિશ્ચયથી શુદ્ધિ !

પણ આ બધા નિશ્ચય–અનાચાર અને નિશ્ચયશુદ્ધિ માત્ર વિશિષ્ટજ્ઞાની જ જાણી શકે, માટે એ વિશિષ્ટજ્ઞાનીઓ વ્યવહાર–અનાચાર અને વ્યવહારશુદ્ધિ બતાવે. સામાન્યજ્ઞાનીઓ એના આધારે જ અનાચારનો અને તેની શુદ્ધિનો વ્યવહાર કરે.

દા.ત. અબ્રહ્મ સેવન, પંચેન્દ્રિયવધ આદિ પાપો એ વ્યવહાર–અનાચાર ! એનાથી નક્કી કરવામાં આવે કે આની સર્વવિરતિનો અનાચાર થયો છે.

પછી પુનઃ દીક્ષા વગેરે રૂપ વ્યવહારશુદ્ધિ આપવા દ્વારા એમ માનવામાં આવે કે એ જીવ પાછો સર્વવિરતિ પામ્યો. (અને પ્રાયઃ એવું જ બને)

એમ દેવ–ગુરૂની ઘોર આશાતના વગેરે પાપો એ સમ્યક્ત્વના વ્યવહાર–અનાચાર ! એનાથી માનવામાં આવે કે એ જીવ મિથ્યાત્વી બન્યો.

પછી દેવ–ગુરૂની વિશિષ્ટ ભક્તિ આદિ રૂપ વ્યવહારશુદ્ધિ એમને આપવામાં આવે. અને એનાથી માનવામાં આવે કે જીવ સમ્યક્ત્વી બન્યો.

પણ, વિશિષ્ટજ્ઞાનીઓ તો નિશ્ચય–અનાચાર અને નિશ્ચય વિશુદ્ધિને સાક્ષાત જુએ છે. એટલે તેઓ આ શાસ્ત્રમાં પોતે જ બતાવેલા વ્યવહાર–અનાચાર આદિના આધારે નથી ચાલતા, પોતાના વિશિષ્ટ જ્ઞાનના આધારે ચાલે છે.

ઇતિ ૧૦૮ નિરૂપણો દ્વારા ક્ષયોપશમનું સ્વરૂપ પુનરાવર્તન કર્યું.

## લબ્ધિ + ઉપયોગ

વેપારીએ પૈસા કમાઈ તો લીધા, પણ એ પડ્યા છે તિજોરીમાં ! તમામ પૈસાનો એક સાથે તો Use થતો જ નથી ને ? જ્યારે જ્યારે જરૂર પડે, ત્યારે ત્યારે Use કરે.

બહેનોએ ઘણા બધા ઘરેણાઓ–સાડીઓ ભેગા કરેલા હોય છે, પરંતુ બધાનો એક સાથે Use થતો જ નથી ને ? લગ્ન વગેરેમાં ઘરેણાઓનો Use થાય, સાડીઓ વારાફરતી Useમાં આવ્યા કરે...

આ બધી છે લબ્ધિ + ઉપયોગની વાતો...

આપણી પાસે હોવું (મળવું.), એ અલગ વાત...

જે હોય એને વાપરવું (Use), એ અલગ વાત...

મળવું = હોવું એ લબ્ધિ કહેવાય છે.

વાપરવું એ ઉપયોગ કહેવાય છે.

તે તે વસ્તુ મેળવવા માટે અલગ અલગ કર્મોનો ક્ષય–ક્ષયોપશમ–ઉપશમ જોઈએ... મળેલી તે વસ્તુનો Use કરવા માટે મુખ્યત્વે વીર્યાન્તરાયનો ક્ષય–ક્ષયોપશમ જોઈએ.

બારમાના અંત સુધી વીર્યાન્તરાયનો ઉદય છે, એટલે જીવ પોતાને જે મળેલ છે, એ તમામે તમામનો તો સતત Use કરી શકતો જ નથી. ક્યારેક જ Use કરે છે અને કેટલાકનો જ Use કરે છે.

જ્યારે તેરમા ગુણસ્થાને પહોંચે છે, ત્યારે વીર્યાન્તરાયનો સંપૂર્ણક્ષય થઈ જાય છે. અનંતવીર્ય પ્રગટે છે. પછી એ પોતાને મળેલ વસ્તુનો સતત Use કરી શકે છે, સંપૂર્ણ Use કરી શકે છે.

જે વસ્તુ મળી જ ન હોય, એનો તો Use થાય જ નહિ ને ? એટલે લબ્ધિ સૌથી પહેલા, એ પછી જ ઉપયોગ આવી શકે.

ઉપયોગનો અર્થ થાય છે Use કરવું + આત્માનો અધ્યવસાય...

આમ તો બંને અર્થ અલગ અલગ દેખાય. મળેલા ઘરેણાનો Use કરવો...

એ એક વસ્તુ ! અને એ કંઈ આત્માના અધ્યવસાય રૂપ નથી. જ્યારે પ્રાપ્ત થયેલ શ્રુતજ્ઞાનનો ઉપયોગ કરવો આ અધ્યવસાય રૂપ છે.

પણ પ્રસ્તુતમાં જે Use કરવા રૂપ ઉપયોગ છે, એ તો માત્ર વ્યવહારથી છે. પરમાર્થથી તો જે શ્રુતજ્ઞાનાદિ મળ્યા, એનો Use કરવો, એનો અધ્યવસાય થવો. એજ ઉપયોગ ! આમ છતાં થોડો ઘણો ફરક છે, એ આગળ જોશું.

હવે આપણે નંબર પ્રમાણે આ પદાર્થને વિસ્તારથી સમજીએ.

(૧) મતિજ્ઞાનાવરણના ઉદયાનુ. ક્ષયોપ.થી જે નાનું-મોટું મતિજ્ઞાન પ્રગટે, તે મતિજ્ઞાન લબ્ધિ !

(૨) શ્રુતજ્ઞાનાવરણના ઉદયાનુ. ક્ષયોપ.થી જે નાનું-મોટું શ્રુતજ્ઞાન પ્રગટે, તે શ્રુતજ્ઞાન લબ્ધિ !

(૩) અવધિજ્ઞાનાવરણના ઉદયાનુ. ક્ષયોપ.થી જે નાનું-મોટું અવધિજ્ઞાન પ્રગટે, તે અવધિજ્ઞાન લબ્ધિ !

(૪) મનઃપર્યવજ્ઞાનાવરણના ઉદયાનુ. ક્ષયોપ.થી જે નાનું-મોટું મનપર્યવજ્ઞાન પ્રગટે, તે મનઃપર્યવજ્ઞાન લબ્ધિ !

(૫) ચક્ષુદર્શનાવરણના ઉદયનુ. ક્ષયોપ.થી જે નાનું-મોટું ચક્ષુદર્શન પ્રગટે, તે ચક્ષુદર્શન લબ્ધિ !

(૬) અચક્ષુદર્શનાવરણના ઉદયનુ. ક્ષયોપ.થી જે નાનું-મોટું અચક્ષુદર્શન પ્રગટે, તે અચક્ષુદર્શન લબ્ધિ !

(૭) અવધિદર્શનાવરણના ઉદયનુ. ક્ષયોપ.થી જે નાનું-મોટું અવધિદર્શન પ્રગટે, તે અવધિદર્શન લબ્ધિ !

(૮) દાનાંતરાયના ઉદયાનુ. ક્ષયોપ.થી જે નાની-મોટી દાન-લબ્ધિ પ્રગટે, તે....

(૯) ાંતરાયના ઉદયાનુ. ક્ષયોપ.થી જે નાની-મોટી લાભ-લબ્ધિ પ્રગટે, તે....

(૧૦) ભોગાંતરાયના ઉદયાનુ. ક્ષયોપ.થી જે નાની-મોટી ભોગ-લબ્ધિ પ્રગટે, તે....

(૧૧) ઉપભોગાંતરાયના ઉદયાનુ. ક્ષયોપ.થી જે નાની–મોટી ઉપભોગ–લબ્ધિ પ્રગટે, તે....

(૧૨) વીર્યાન્તરાયના ઉદયાનુ. ક્ષયોપ.થી જે નાની–મોટી વીર્ય–લબ્ધિ પ્રગટે, તે....

(૧૩) મિથ્યાત્વના શુદ્ધક્ષયોપ. + સમકિતમોહના ઉદયાનુ. ક્ષયોપ.થી જે ઓછુ–વત્તુ સમ્યક્ત્વ પ્રગટે, એ સમકિત લબ્ધિ !

(૧૪) અનંતા.–૪ના શુદ્ધક્ષયોપ. + અપ્રત્યા.ના સર્વઘાતી રસના અલગ અલગ ઉદયથી જે ઓછી–વત્તી ચોથા ગુણઠાણા સંબંધી ક્ષમા–નમ્રતા–સરળતા–વિરાગતા પ્રગટે, તે સમ્યક્ત્વ સંબંધી ક્ષમાદિ લબ્ધિ !

(૧૫) અપ્રત્યા.–૪ના શુદ્ધક્ષયોપ. + પ્રત્યા.ના સર્વઘાતી રસના અલગ અલગ ઉદયથી જે ઓછી–વત્તી દેશવિરતિ ક્ષમા–નમ્રતા–સરળતા–વિરાગતા પ્રગટે, તે દેશવિરતિ ક્ષમાદિ લબ્ધિ !

(૧૬) પ્રત્યા.–૪ના શુદ્ધક્ષયોપ. + સંજ્વલનના દેશઘાતી રસના અલગ અલગ ઉદયથી જે ઓછી–વત્તી સર્વવિરતિ ક્ષમા–નમ્રતા–સરળતા–વિરાગતા પ્રગટે, તે સર્વવિરતિ ક્ષમાદિ લબ્ધિ !

(૧૭) મિથ્યાત્વ + અનંતા.–૪ના શુદ્ધક્ષયોપ. + મિશ્રના ઉદયા.ક્ષયોપ.થી જે મિશ્રગુણ પ્રગટે, એ મિશ્રસમ્યક્ત્વ લબ્ધિ !

(૧૮) મિથ્યાત્વના સર્વોપશમ + અનંતા.ના શુદ્ધક્ષયોપ.થી જે ઔપશમિક સમ્યક્ત્વ મળે એ ઔપશમિક સમ્યક્ત્વ લબ્ધિ !

(૧૯) મિથ્યાત્વના સર્વોપશમ + અનંતા.ના ઉદયથી જે સાસ્વાદન સમ્યક્ત્વ મળે, એ સાસ્વાદન સમ્યક્ત્વ લબ્ધિ !

(૨૦) અનંતા.–૪ + દર્શનત્રિકના ક્ષયથી જે ક્ષાયિક સમ્યક્ત્વ મળે, એ ક્ષાયિક સમ્યક્ત્વ લબ્ધિ !

(૨૧) મોહનીયના ૨૮ કર્મોના સર્વોપશમથી કે ૨૪ કર્મોના સર્વોપશમથી કે ૨૧ કર્મોના સર્વોપશમથી જે ઔપશમિક ચારિત્ર મળે એ ઔપશમિક ચારિત્ર લબ્ધિ !

(૨૨) કેવલજ્ઞાનાવરણના ક્ષયથી જે કેવલજ્ઞાન મળે, એ ક્ષાયિક કેવલજ્ઞાન

લબ્ધિ!

(૨૩) કેવલદર્શનાવરણના ક્ષયથી જે કેવલદર્શન મળે, એ ક્ષાયિક કેવલદર્શન લબ્ધિ !

(૨૪) દાનાંતરાયાદિના ક્ષયથી જે અનંતદાનાદિ મળે, એ અનંત દાન, અનંત લાભ, અનંત ભોગ, અનંત ઉપભોગ, અનંત વીર્ય... એ પાંચ લબ્ધિ !

(૨૫) મોહનીયનો સંપૂર્ણ ક્ષય થવાથી જે ચારિત્ર મળે, એ ક્ષાયિક ચારિત્ર લબ્ધિ!

(૨૬) સંસારમાં જીવને ઉપશમથી, ક્ષયથી, ક્ષયોપશમથી જે લબ્ધિઓ મળે, તે અહીં દર્શાવી. આના પેટા વિભાગો તો અસંખ્ય છે જ.

(૨૭) ધારો કે જીવ પાસે પાંચેય ઇન્દ્રિયો છે. એના દ્વારા ાંભળવાની, જોવાની, સુંઘવાની, રસાસ્વાદની, સ્પર્શની લબ્ધિ છે જ. તો શું જીવ પ્રત્યેક સમયે સાંભળે છે?, જુએ છે ?, સુંઘે છે ?, ચાખે છે ?, સ્પર્શે છે ? નહિ ને ! એનો મતલબ જેટલી લબ્ધિ છે, એટલો ઉપયોગ નથી જ.

(૨૮) જ્યારે જીવ આંખો બંધ કરીને એકતાન બનીને સાંભળતો હોય, ત્યારે શું હાલત હોય, એ જુઓ. એને ધારો કે પાંચેય ઇન્દ્રિયો સંબંધી મતિજ્ઞાનાવરણનો ૫૦૦૦નો ઉદય છે, તો બધાની ૫૦૦૧ની લબ્ધિ પ્રાપ્ત થઈ છે. એમાં ચાર ઇન્દ્રિયોની લબ્ધિનો તો બિલકુલ ઉપયોગ જ નથી કરતો. જે વળી સાંભળવામાં એ લબ્ધિનો ઉપયોગ કરે છે, એ પણ ૫૦૦૧નો જ કરે, એવું નથી. ૪૦૦૦નો કરે, ૨૦૦૦નો કરે, વધુમાં વધુ ૫૦૦૧નો જ કરે. કેમકે એનાથી વધારે તો એમની લબ્ધિ જ નથી. અને લબ્ધિથી વધુ ઉપયોગ થઈ ન શકે.

(૨૯) ધારો કે એક સાધુ પાસે ૧૦૦૦૦ ગાથા કંઠસ્થ છે. જ્યારે જે ગાથા બોલવી હોય, ત્યારે તે ગાથા બોલી શકે, યાદ કરી શકે, પરંતુ દરેક સમયે ૧૦૦૦૦ ગાથા એક સાથે યાદ પણ નથી કરી શકતો કે બોલી પણ નથી શકતો... હવે ધારો કે શ્રુતજ્ઞાનાવરણનો ૭૦૦૧નો ઉદય હોય, તો ૩૦૦૦ શ્રુતજ્ઞાન પ્રગટેલ છે. એણે જેટલું શ્રુતજ્ઞાન પ્રાપ્ત કરેલ છે, એ બધું આ ૩૦૦૦માં આવી ગયું. એમાંથી જ્યારે એ કોઈક ગાથામાં ઉપયોગ રાખે, ત્યારે એમણે ૫ અંશ શ્રુતજ્ઞાન લબ્ધિનો Use કર્યો. જ્યારે તે મતિજ્ઞાનના ઉપયોગમાં હોય, ત્યારે ૩૦૦૦માંથી એક પણ અંશનો Use નથી.

(૩૦) આપણા જેવા તિર્યંચ-મનુષ્યોને અવધિજ્ઞાનાવરણાદિનો સર્વઘાતી ઉદય છે, એટલે ૧ અંશ પણ અવધિજ્ઞાનની લબ્ધિ જ નથી, તો ઉપયોગની તો વાત જ ન થાય.

(૩૧) જે દેવ-નારકો અને કેટલાક તિર્યંચ-મનુષ્યોને અવધિજ્ઞાનાવરણનો ૪૦૦૧નો ઉદય છે, તેઓને ૬૦૦૦ અંશ પ્રગટ થયા છે. પરંતુ તેઓ જો મતિ-શ્રુતાદિના ઉપયોગમાં હોય, તો એ ૬૦૦૦ અંશ માંથી ૧ અંશનો પણ Use નથી. જો આના જ ઉપયોગમાં હોય, તો ૨૦૦૦ વગેરે અંશનો Use કરે.

(૩૨) અંધ માણસને ચક્ષુદર્શનાવરણનો ક્ષયોપ. તો છે જ, એટલે ધારો કે આ કર્મનો ૮૦૦૧નો ઉદય છે, તો ચક્ષુદર્શનના ૨૦૦૦ અંશની લબ્ધિ તો છે જ. પરંતુ ઉપઘાતનામ કર્માદિના કારણે ઇન્દ્રિયને જે હાનિ થઈ, તેના કારણે તેઓ એકાદ અંશનો પણ Use નથી કરી શકતા.

(૩૩) દાનાંતરાયનો ૯૦૦૦નો ઉદય હોય, તો ૧૦૦૧ અંશ દાન લબ્ધિ મળેલી જ છે, એ બધા જ અંશોનો તો Use ન થાય. પરંતુ કોઈ ગરીબ આવ્યો, ને ૫૦ રૂા. આપી દીધા, તો ઘણા બધા અંશોનો Use થાય.

ધારો કે ૧૦૦૧ અંશ દાન લબ્ધિ છે. એ માણસને કોઈ ગરીબ મળે જ નહિ, તો એ કોને દાન આપે ? અથવા અચાનક કોઈ ગરીબ મળી જાય, પરંતુ ત્યારે પૈસા કે અન્ય કોઈ વસ્તુ પાસે હોય જ નહિ, તો એ શું આપે ? અથવા તો લોભમોહના ઉદયને કારણે વસ્તુ આપવાની ઈચ્છા ન થાય, તો પણ એ ન આપે. પરંતુ આ દરેક વખતે એની પાસે ૧૦૦૧ અંશ દાન લબ્ધિ તો છે જ.

માટે જ દાનાંતરાયની વ્યાખ્યામાં કહે છે કે 'વસ્તુ લેનાર હોય, આપનાર હોય, વસ્તુ હોય, વસ્તુ આપવાની ઈચ્છા હોય... તો પણ આપી ન શકે... એને દાનાંતરાયનો ઉદય કહેવાય.'

(૩૪) લાભાંતરાયનો ૯૫૦૧નો ઉદય હોય, તો ૫૦૦ અંશ લાભ લબ્ધિ છે, પણ એ બધાનો Use ન થાય. કોઈ આપનાર મળે, અને ૫૦ રૂા. મળી જાય, તો આ ૫૦૦માંથી અમુક અંશનો Use થાય. પણ કોઈ આપનાર ન હોય, અથવા વસ્તુ ન હોય, અથવા આપનારને લોભોદય હોય... તો ત્યાં ૫૦ રૂા.નો લાભ ન થાય. અહીં લેનારનું લાભાન્તરાય ન ગણાય. એમના ૫૦૦ અંશ હતા, પરંતુ એનો

Use થઈ ન શક્યો.

(૩૫) ભોગાંતરાય, ઉપભોગાંતરાયમાં પણ આ રીતે વિચારી લેવું.

(૩૬) ક્ષાયિક સમકિત પામી ચૂકેલા **શ્રેણિક-કૃષ્ણાદિને** પણ રાગ-દ્વેષાદિ પરિણામો જાગે જ છે, પણ એનાથી ક્ષાયિક સમકિતમાં કંઈ કમી નથી આવતી. હા! કોઈ પૂછે કે 'એ શ્રેણિકાદિના કામવિકારાદિ પરિણામો એ શું સમ્યક્ત્વનો અધ્યવસાય છે ?' તો જવાબ છે 'ના.' આનો અર્થ એ કે એ વખતે ક્ષાયિક સમ્યક્ત્વ તો છે, પરંતુ અધ્યવસાય એનો નથી. અને એ ખરાબ અધ્યવસાય હોવા છતાં ક્ષાયિક સમ્યક્ત્વ ઘટતું નથી.

**એ જ પ્રમાણે :** કોઈને સમ.મોહનો ૭૦૦૧નો ઉદય હોય, ૩૦૦૦ની સમ્યક્ત્વ લબ્ધિ છે, પણ એ વખતે જીવ અશુભ અધ્યવસાયમાં પણ હોય... તો એ વખતે ૩૦૦૦માંથી એકાદ અંશનો પણ Use નથી થતો.

(૩૭) ક્ષાયિક સમકિત છે, પણ જ્યારે દેવ-ગુરૂ-ધર્માદિની શ્રદ્ધા વગેરે રૂપ ઉપયોગ આવે, ત્યારે એ ક્ષાયિક લબ્ધિનો Use કરેલો ગણાય. એમ, ધારો કે ૩૦૦૦ ક્ષાયો. સમ્યક્ત્વ લબ્ધિ છે, હવે જ્યારે દેવ-ગુર્વાદિ ઉપર શ્રદ્ધા વગેરે સ્વરૂપ ભાવ પ્રગટે, તો એ સમ્યક્ત્વ લબ્ધિનો ઉપયોગ થાય છે. એ પણ ૩૦૦૦ અંશ જ થાય એવું જરૂરી નથી, એનાથી ઓછું પણ થાય.

(૩૮) ક્ષાયોપ.ચારિત્ર બાબતમાં પણ આ જ પદાર્થ વિચારી લેવો.

(૩૯) સૌથી મહત્ત્વની વાત એ કે 'ક્ષયોપશમ દ્વારા લબ્ધિ પ્રાપ્ત છતાં પણ એનો સંપૂર્ણ ઉપયોગ નથી થતો. એનું શું કારણ ?' એક જ કારણ... આત્મા પાસે વીર્યાન્તરાયનો ક્ષયોપ. છે, ક્ષય નથી. એટલે આત્માનું વીર્ય અનંત નથી, અલ્પ છે. એટલે જેટલી લબ્ધિ છે, એ તમામનો ઉપયોગ કરી શકતો નથી.

(૪૦) એવું સાંભળ્યું છે કે મેડીકલ સાઈન્સ કહે છે કે 'માણસના મગજની જેટલી શક્તિ છે, એના કરતા માંડ ૧% શક્તિનો જ એ જીવ Use કરે છે. બાકીની શક્તિ એમ ને એમ પડી રહે છે.'

(૪૧) જ્યારે જીવ વીર્યાન્તરાયનો ક્ષય કરે છે, ત્યારે એને અનંતવીર્ય પ્રગટે છે. અને એજ વખતે કેવલજ્ઞાન-કેવલદર્શન પણ પ્રગટે છે. અનંતવીર્ય છે, માટે જીવ

કેવલજ્ઞાનનો ૧૦૦% ઉપયોગ કરી શકે છે. એટલે કે એક જ સાથે તમામ દ્રવ્યપર્યાયોને એક જ સમયમાં જાણી લે છે.

(૪૨) જો એવું બન્યું હોત, કે કેવલજ્ઞાન પ્રગટત, પણ અનંતવીર્ય નહિ, તો એવી હાલત થાત કે જીવ એક સાથે સકલ દ્રવ્યપર્યાયને જાણી જ ન શકત. પરંતુ પોતે ઉપયોગ મૂકી મૂકીને તે તે દ્રવ્યપર્યાયને જાણી શકત. એટલે અવધિજ્ઞાની વગેરે જેમ અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકીને જાણે, તેમ આ કેવલજ્ઞાની પણ કેવલજ્ઞાનનો ઉપયોગ મૂકીને જ જાણી શકત. એટલે કે લબ્ધિથી સર્વજ્ઞ... પણ ઉપયોગથી અસર્વજ્ઞ!

પણ આવું બનતું નથી. માટે, તેરમા ગુણસ્થાને પ્રથમ સમયથી જ જીવ લબ્ધિથી પણ સર્વજ્ઞ છે અને ઉપયોગથી પણ સર્વજ્ઞ છે.

(૪૩) જેમ જ્ઞાનની બાબતમાં છે, એમ ક્ષાયિકદર્શન + ક્ષાયિકચારિત્રની બાબતમાં પણ સમજી લેવું. ૪ થી ૭ ગુણસ્થાનમાં ગમે ત્યાં ક્ષાયિક સમ્યક્ત્વ પ્રગટ તો થઈ જાય, પરંતુ એનો સંપૂર્ણ અનુભવ રૂપ ઉપયોગ એ વખતે નથી હોતો, કેમકે અનંતવીર્ય નથી. પણ જ્યારે કેવલજ્ઞાન પ્રગટે, ત્યારે સંપૂર્ણ અનુભવ રૂપ ઉપયોગ પ્રગટ થઈ જાય છે.

બારમે ક્ષાયિકચારિત્ર પ્રગટ તો થઈ જાય છે, પરંતુ અનંતવીર્ય નથી ને, એટલે એનો સંપૂર્ણ અનુભવ નથી. પણ તેરમા ઉપર પહોંચે, એટલે સંપૂર્ણ અનુભવ રૂપ ઉપયોગ પ્રગટે છે. એ પૂર્વે અલ્પ અંશે જ અનુભવ હોય છે. જેટલો વીર્યાન્તરાયનો ક્ષયોપશમ, એટલો જ અનુભવાત્મક ઉપયોગ પ્રગટી શકે.

(૪૪) સિદ્ધ ભગવંતોને બે જ પ્રકારના ઉપયોગ બતાવ્યા છે– જ્ઞાનોપયોગ, સામાન્ય દર્શનોપયોગ ! એમને ક્ષાયિક સમ્યક્ત્વોપયોગ, ક્ષાયિકચારિત્રોપયોગ... એવા કોઈ ઉપયોગ નથી બતાવ્યા. આનો અર્થ એ છે કે ક્ષાયિક સમ્યક્ત્વાદિનો જે અનુભવ કરેલો, એ તો જ્ઞાનોપયોગ જ છે.

છદ્મસ્થમાં પણ બે જ ઉપયોગ સંભવે છે, જ્ઞાન કે દર્શન ! ઉપયોગ રૂપે ત્રીજો કોઈ ઉપયોગ નથી, ભલે ને લબ્ધિ રૂપે ગમે તે બતાવેલું હોય.

(૪૫) આજ કારણસર **શ્રી તત્ત્વાર્થ સૂત્રમાં** ફરમાવ્યું છે કે 'સમ્યગ્દર્શન એટલે

જિન–વચન બાબતમાં દઢ નિશ્ચય કરવો તે ! આ દઢ નિશ્ચય એટલે મતિજ્ઞાનનો અપાય નામનો ભેદ ! એટલે કે સમ્યક્ત્વને અટકાવનાર કર્મ બને છે અપાય મતિજ્ઞાનાવરણ કર્મ ! જો એનો ક્ષયોપ. પ્રગટે તો સમ્યક્ત્વ પ્રગટ થાય.

હા ! આમ તો તમામ જીવોને એનો ક્ષયોપ. છે જ, પરંતુ સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે મિથ્યામોહનો ક્ષયોપશમ સહકારી કારણ રૂપે જરૂરી છે.

માટી છે, પણ કુંભાર–ચક્ર–દંડ આદિ નથી, તો ઘડો ન બને.

એમ, અપાય... ક્ષયોપ. છે, પણ મિથ્યાત્વનો ક્ષયોપ. નથી, તો સમ્યક્ત્વ ન બને.

માટી સાથે જો કુંભાર વગેરે સહકારીઓ જોડાય, તો ઘડો બને.

અપાય... ક્ષયોપ. સાથે જો મિથ્યાત્વ ક્ષયોપ. જોડાય, તો સમ્યક્ત્વ પ્રગટે.

પણ આનો સાર તો એ જ કે જેમ ઘડો માટીનો જ બનેલો છે, માટીરૂપ છે, એમ સમ્યક્ત્વ મતિજ્ઞાન સ્વરૂપ જ છે.

સાર : મિથ્યાત્વમોહના ક્ષયોપશમથી યુક્ત એવો મતિજ્ઞાનોપયોગ એ જ સમ્યક્ત્વોપયોગ ! (જ્યારે મતિજ્ઞાનોપયોગ રાગાદિપરિણામ સ્વરૂપ હોય, ત્યારે એ સમ્યક્ત્વ લબ્ધિ રૂપે છે.)

(૪૬) જો તેરમા ગુણસ્થાને અનંતવીર્ય પ્રગટ થઈ જ ગયું છે, તો જીવ સામાન્ય અને વિશેષ આ બંને વસ્તુને એક સાથે જાણી શકે ને ? શા માટે એકસમય માત્ર વિશેષને જ જાણે અને એક સમય માત્ર સામાન્યને જ જાણે. એટલે કે જ્ઞાનોપયોગ + દર્શનોપયોગ... એમ વારાફરતી કેમ ? એક સાથે કેમ નહિ ?

એનો ઉત્તર એ કે 'આત્માનું વીર્ય ઓછું પડે છે, માટે તે એકસાથે આ બે ઉપયોગ નથી રાખી શકતો' એવું નથી. પરંતુ આત્માનો સ્વભાવ જ એવો છે કે સામાન્યને જાણે, ત્યારે વિશેષને ન જાણે અને વિશેષને જાણે, ત્યારે સામાન્યને ન જાણે.

In short આત્માના અલ્પવીર્યના કારણે ક્રમશઃ બે ઉપયોગ છે, એવું નથી. પરંતુ આત્માના તથાસ્વભાવના કારણે ક્રમશઃ બે ઉપયોગ છે.

(૪૭) સિદ્ધોને ક્ષાયિક દાન લબ્ધિ છે, એનું એમને ફળ શું ?

સિદ્ધોને ક્ષાયિક લાભ લબ્ધિ છે, એનું એમને ફળ શું ?

સિદ્ધોને ક્ષાયિક ભોગ લબ્ધિ છે, એનું એમને ફળ શું ?

સિદ્ધોને ક્ષાયિક ઉપભોગ લબ્ધિ છે, એનું એમને ફળ શું ?

આ બધા પ્રશ્નોનો જવાબ સમજવો કઠિનતમ છે.

સંસારમાં તો કોઈને દાન આપવું, કોઈક વસ્તુનો લાભ મળવો... વગેરે વગેરે રૂપે આપણે એનું ફળ બતાવીએ છીએ અને દેખાય પણ છે. પણ સિદ્ધોમાં શું ફળ બતાવશું ?

આ બધાનો વ્યવસ્થિત જવાબ કોઈ વિશિષ્ટજ્ઞાની પાસેથી મેળવવો.

આમ તો યોગી આનંદઘનજીએ મલ્લિપ્રભુના સ્તવનમાં 'દાનવિઘન વારી સહુજનને અભયદાન પદ દાતા.' વગેરે દ્વારા ફળ દર્શાવ્યું છે કે 'પ્રભુ ! દાનાંતરાયના ક્ષય દ્વારા આપે તમામ જીવોને અભયદાન આપ્યું છે. લાભાંતરાયના ક્ષયથી આપે અનંતગુણોનો લાભ મેળવ્યો છે... ભોગોપભોગ–અંતરાયને દૂર કરીને આપ આત્મગુણોના ભોક્તા બન્યા છો...' છતાં આ મેં તો શબ્દમાત્રથી બતાવ્યું. ભાવાર્થ જ્ઞાનીગમ્ય છે.

(૪૮) લંગડાને કેવલજ્ઞાન થાય, તો એનામાં ચાલવાની શક્તિ આવે ?

મુંગાને કે તોતડાને કેવલજ્ઞાન થાય, તો એનામાં બોલવાની, વ્યવસ્થિત બોલવાની શક્તિ આવે. લુલાને કેવલજ્ઞાન થાય, તો એના બે હાથ કામ કરવા લાગે?

બધાનો જવાબ છે 'ના.'

એટલે કે વીર્યાંતરાયનો ક્ષય થવા છતાં પણ એમનામાં ચાલવાની, બોલવાની, કામ કરવાની શક્તિ તો નથી આવતી, તો શું એમનો વીર્યાંતરાયનો ક્ષય નકામો છે ?

અરે, કુરગડુને અશાતાનો ઉદય હોવાથી વારંવાર વાપરવું પડતું હતું. હવે કેવલજ્ઞાન થયા બાદ એમને અશાતાનો ઉદય તો હોઈ જ શકે છે. એટલે કે એમને વારંવાર વાપરવું પડતું હશે. જો ન વાપરે, તો શરીરમાં અશક્તિ આવતી જ હશે ને? તો ત્યાં શું વીર્યાન્તરાયનો ઉદય થાય છે ?

મગજ બહેર મારી જાય, એવા તો અનેકાનેક પ્રશ્નો સંભવિત છે, આ

બધાનો જવાબ શું ? એ સમજવું પણ ભારે અને સમજાવવું પણ ભારે...

આ બધા માટે એક ગાથા...

निश्चयार्थोऽत्र नो साक्षाद् वक्तुं केनाऽपि पार्यते ।
व्यवहारो गुणद्वारा तदर्थावगमक्षमः ।।

કોઈપણ વ્યક્તિ (=સર્વજ્ઞ પણ) નિશ્ચયાર્થ = સાચો અર્થ સાક્ષાત બતાવવા સમર્થ નથી. (કેમકે એ માટેના શબ્દો જ નથી.) વ્યવહાર (=વ્યવહાર ભાષા) ગૌણતા દ્વારા = (પદાર્થોને જાડી ભાષામાં રજૂ કરીને) એ નિશ્ચયના અર્થને સમજાવવાની મહેનત કરે છે.

એટલે કર્મના ઉદયનું ફળ, કર્મના ઉપશમાદિનું ફળ, એ હકીકતમાં જેવું છે, એવું સાક્ષાત્ સમજાવવું શક્ય નથી. પણ જ્ઞાનીઓ લોકો સમજી શકે એવી લોકભોગ્ય ભાષામાં જ એ અર્થ સમજાવે છે. એનાથી નિશ્ચયના અર્થનો સામાન્યથી અંદાજ આવે, પણ સંપૂર્ણ બોધ તો વિશિષ્ટજ્ઞાનીઓને જ થાય.

(૪૯) અંતમાં પૂજ્ય ગચ્છાધિપતિશ્રીએ ખૂબ જ સુંદર પદાર્થ દર્શાવેલો છે.

તે આ પ્રમાણે...

અંદર લબ્ધિ પડી હોય, અને બહાર એના કરતા વિપરીત પરિસ્થિતિ ઉભી થાય, તો તરત જ એ લબ્ધિ ઉપયોગને જન્મ આપે છે, અને એ વિપરીત પરિસ્થિતિને દૂર કરવા માટેની પ્રેરણા કરે છે.

દા.ત. 'कुंथुं अरं च...' આ રીતની લબ્ધિ પડી છે. હવે સૂત્ર બોલનારો જો 'कुंथु...' બોલે, તો એ આપણી લબ્ધિ કરતા ઉંધુ જ બોલે છે. એ વખતે આપણને તરત જ ઉપયોગ આવે છે કે 'कुंथुं'... આ ઉપયોગ લાવી આપનાર પેલી લબ્ધિ જ છે.

પણ એમાં ત્રણ વાત છે...

❋ ભલે લબ્ધિ પડી હોય, પણ જો એ વખતે આપણું મન બીજા જ કોઈ પદાર્થમાં તીવ્ર ઉપયોગવાળું હોય, તો ત્યારે અહીં ઉપયોગ નથી આવતો. દા.ત. આપણે ગોચરી આદિના જ વિચારમાં હોઈએ, તો 'कुंथुं' બોલવામાં આવે, ત્યારે 'कुंथुं'ની લબ્ધિ હોવા છતાં પણ ત્યારે એનો ઉપયોગ આવતો જ નથી, કે *'આ વિપરીત બોલે છે.'*

❊ એવું પણ બને કે–

જેણે લોગસ્સ ગોખ્યું નથી, એની પાસે તો 'કુંથું'ની લબ્ધિ જ નથી, એટલે કોઈ 'કુંથુ' બોલે, તોય એને કંઈ 'કુંથું'નો ઉપયોગ આવતો નથી.

❊ જેણે ગોખ્યું છે, પણ કાચું કાચું છે, એવી કોઈ દૃઢ લબ્ધિ નથી. 'કુંથું' છે, 'કુંથુ' નથી, એવી સ્પષ્ટતા નથી. તો કોઈ 'કુંથુ' બોલે, તોય આપણી જો 'કુંથું'ની લબ્ધિ મંદ હોય, તો પછી 'કુંથું' એ રીતનો ઉપયોગ આવતો નથી.

In short સૂત્ર બોલનાર 'કુંથુ' બોલે છે, ત્યારે

❊ એક શ્રોતા બીજા જ વિચારોમાં છે, તો એને ' 'કુંથુ' ખોટું, 'કુંથું' સાચું...' આવું કંઈ જ યાદ આવતું નથી, ઉપયોગ આવતો નથી.

❊ એક શ્રોતાએ લોગસ્સ ગોખ્યું જ નથી, તો એને પણ કોઈ ઉપયોગ નથી ાવવાનો.

❊ એક શ્રોતાનું લોગસ્સ કાચું છે, Fix નથી, તો એને પણ ઉપર મુજબનો ઉપયોગ નથી આવવાનો.

❊ એક શ્રોતાએ લોગસ્સ એકદમ પાકું કરેલું છે, એનો બીજે ઉપયોગ નથી, તો એનો તો તરત જ ઉપયોગ થવાનો જ કે *'કુંથુ... આ ખોટું છે, કુંથું બોલવું જોઈએ.'*

(૫૦) પ્રત્યા.નો ક્ષયોપશમ છે, વેદનો પણ ઉદયાનુ.ક્ષયોપ. છે, માટે બ્રહ્મચર્યની લબ્ધિ પડી છે. હવે એ મુનિ દેરાસરમાં ચૈત્યવંદન કરતો ેય, અને જો કોઈ નાની છોકરી એકદમ નજીકથી દોડતી જાય, તો એનો સ્પર્શ એ તો બ્રહ્મચર્યથી વિપરીત પરિસ્થિતિ છે ને ?

❊ તો જો સાધુનું એ છોકરી તરફ ધ્યાન જશે, તો તરત જ પોતે હટી જશે, કપડા સંકોરી લેશે.

❊ જો સાધુ પ્રભુ ભક્તિમાં લીન હોય, તો પછી બ્રહ્મચર્ય લબ્ધિ હોવા ોકરીના સ્પર્શથી બચવાની પ્રવૃત્તિ નહિ થાય.

❊ જો સાધુને આવો ક્ષયોપ. નહિ હોય, ઉલટી વાસના પડી હશે... તો તો એ છોકરીના સ્પર્શથી બચવાનો પ્રયત્ન નહિ કરે.

❊ જો સાધુને ક્ષયોપ. મંદ હશે, તો એ સ્પર્શથી બચવાની વિશેષ પ્રવૃત્તિ નહિ કરે.

(૫૧) ઈર્યાસમિતિમાં જુઓ.

❊ વિહાર કરે છે, નીચે કીડીઓ છે, કાચું પાણી છે... ક્ષયોપ. = લબ્ધિ પડી છે, તો તરત જ 'કીડીઓ ન મરે...' એની પ્રવૃત્તિ ચાલુ...

❊ લબ્ધિ હોય, છતાં એ વખતે મન બીજા કોઈ ઉપયોગમાં હોય, તો 'કીડી બચાવું...' એવી પ્રવૃત્તિ ન થાય.

❊ લબ્ધિ ન હોય, નિષ્ઠુર પરિણામ હોય, તો પણ કીડી બચાવવાની પ્રવૃત્તિ ન થાય.

❊ લબ્ધિ કાચી હોય, તો કીડીને બચાવવાની પ્રવૃત્તિ પણ કાચી થાય. (માટે જ અમુક સાધુ એકદમ ધ્યાન રાખીને ચાલે, અમુક ધ્યાન તો રાખે પણ કાચું... અમુકને તો કીડીની પરવા પણ ન હોય.)

(૫૨) બીજી જગ્યાએ ઉપયોગ હોવો, એ પ્રમાદ છે, આવું થવું ન જોઈએ. જ્યારે જે ક્રિયા કરીએ, ત્યારે તેમાં જ ઉપયોગ હોવો જોઈએ. પણ જો જીવ જાગૃત ન રહે, અને આ રીતે તે તે ક્રિયા વખતે અન્ય અન્ય ક્રિયામાં ઉપયોગ રાખે, અને એના કારણે આ ક્રિયામાં વારંવાર ભૂલો થાય... તો ધીરે ધીરે એનો ક્ષયોપશમ ઘટી જાય, છેવટે ખતમ પણ થાય.

માટે ઉપયોગ રાખવો, વારંવાર લાવવો અત્યંત જરૂરી છે.

(૫૩) મેં ૧૦૦૦૦ ગાથા ગોખેલી. એનો પાઠ શરૂના વર્ષોમાં કરતો રહ્યો, તો એનો ક્ષયોપશમ ટક્યો. પણ પછી પાઠ ઘટતો ગયો, એટલે કે એનો ઉપયોગ ઘટતો ગયો. છેવટે બંધ થયો, તો આજે ઘણી ખરી ગાથાઓની લબ્ધિ = ક્ષયોપ. ખતમ થઈ ગયો. અમુકનો વળી કાચો પણ થઈ ગયો.

માટે ક્ષયોપશમને = લબ્ધિને ઉત્પન્ન કરવા, ટકાવવા, દૃઢ કરવા, વધારવા... વારંવાર ઉપયોગ જરૂરી છે.

# અંતે...

ક્ષયોપશમનું સ્વરૂપ મારા ક્ષયોપશમ પ્રમાણે મેં લખેલું છે.

પુનઃ યાદ કરાવું કે

પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રી જયઘોષસૂરિજી મહારાજ સાહેબનું ચિંતન...

પૂજ્યપાદ આચાર્યદેવશ્રી અભયશેખરસૂરિજી મહારાજનું લેખન...

કર્મ પ્રકૃતિ ભાગ-૧ના પરિશિષ્ટના આધારે મેં આ લખેલું છે.

(૧) એમાંના અમુક પદાર્થ રહી પણ ગયા હોય...

(૨) એમાંના અમુક પદાર્થો મારી ગેરસમજથી મેં ખોટા પણ લખ્યા હોય...

(૩) મારા સ્વભાવ મુજબ મેં પદાર્થને સ્પષ્ટ કરવા, એક જ વસ્તુ બે-ત્રણ વાર પણ લખી હોય, એકને બદલે બે-ત્રણ દૃષ્ટાંતો પણ આપ્યા હોય.

આવી મારી જે કોઈપણ ક્ષતિ લાગે, તેની ક્ષમા ચાહું છું.

અમુક પદાર્થો એ પુસ્તકમાં નથી, છતાં મને એ સ્ફુરેલા છે, અને મેં લખેલા છે. અમુક પદાર્થો પુસ્તકમાં અલગ છે, મેં અલગ લખ્યા છે...

ક્ષયોપશમ પુસ્તકનો આ પ્રથમ ભાગ છે, આનો બીજો ભાગ ક્યારે લખા ` એ ખબર નથી, પણ એનો વિષય અહીં જણાવી દઉં છું.

ક્ષયોપશમ = લબ્ધિ મંદ શી રીતે થાય ?

ક્ષયોપશમ = લબ્ધિ દૃઢ શી રીતે થાય ?

ક્ષયોપશમ = લબ્ધિ વૃદ્ધ શી રીતે થાય ?

ક્ષયોપશમ = લબ્ધિ ખતમ શી રીતે થાય ?

આત્મિક દૃષ્ટિએ આ બધું વિચારવું જરૂરી છે.

સાથે સાથે

કર્મોના ઉદયથી આત્મામાં ઉત્પન્ન થતા કુસંસ્કારો...

શી રીતે મંદ થાય ?

શી રીતે ખતમ થાય ?

શી રીતે વૃદ્ધ થાય ?

શી રીતે દઢ થાય ?

આ બધું પણ વિચારવું છે.

એ ક્યારે લખાશે, એ તો ખબર નથી, પણ મારી ભાવના અહીં એટલા માટે લખી રાખું છું કે 'હું ભૂલી ન જાઉં...'

કદાચ હું ન લખી શકું, તો મારી આ ભાવના જાણી ભવિષ્યમાં મારા શિષ્યો લખશે, કદાચ કોઈ અન્ય મહાત્મા લખશે.

આ આખા ય ક્ષયોપશમ પુસ્તકમાં વીતરાગની આજ્ઞાથી વિપરીત કંઈપણ લખાઈ ગયું હોય, તો મન-વચન-કાયાથી ક્ષમાયાચના કરું છું.

યુગપ્રધાનાચાર્યસમ પૂજ્ય ગુરુદેવ શ્રીચંદ્રશેખરવિજયજી મહારાજ સાહેબનો

શિષ્ય મુનિ ગુણહંસવિજય.

તા. ૧૭ જુલાઈ, અષ્ટમંગલ બંગલો... ચેન્નઈ.

॥ ॐ अर्हं नमः ॥
॥ नमोऽस्तु तस्मै जिनशासनाय ॥
॥ ऐँ नमः ॥

## પરિશિષ્ટ

# ક્ષયોપશમની વિચારણા

**(સિદ્ધાંત દિવાકર આચાર્યદેવશ્રી જયઘોષસૂરિજી મહારાજ)**

તે તે દ્રવ્યોના અવસ્થા પરિણામને *પારિણામિકભાવ* કહે છે. કર્મોની ઉદય, ક્ષય, ઉપશમ અને ક્ષયોપશમ સ્વરૂપ ચાર અવસ્થાઓથી આત્માની જે જે અવસ્થા થાય છે, તે પણ જીવદ્રવ્યના તે તે પરિણામ વિશેષ સ્વરૂપ જ હોવાથી પારિણામિક ભાવમાં અંતર્ભૂત જ હોય છે. તેમ છતાં, જેમ પાંચેય પ્રકારના ચારિત્રો સામાયિકમાં અંતર્ભૂત થઈ જતાં હોવા છતા કેટલીક વિશિષ્ટ સમજણ માટે એના છેદોપસ્થાપનીય વગેરે સ્વરૂપ વિશેષ ભેદો અને નામો દર્શાવવામાં આવે છે, તેમ આ જુદી જુદી અવસ્થાઓના પણ અનુક્રમે ઔદયિક, ક્ષાયિક, ઔપશમિક અને ક્ષાયોપશમિક એવા ભેદો અને નામો શાસ્ત્રકારોએ દર્શાવેલ છે.

એકવાર છેદોપસ્થાપનીય વગેરેની જુદી વિવક્ષા કરી, એટલે પછી જેમ એનો સામાયિકમાં સમાવેશ કરાતો નથી, તેમ પ્રસ્તુતમાં પણ ઔદયિક વગેરે ભાવોનો પારિણામિક ભાવમાં સમાવેશ કરવો નહીં, સ્વતંત્ર જ ગણવા. આ સિવાય બધા દ્રવ્યની બધી અવસ્થાઓને પારિણામિક ભાવમાં જાણવી. કર્મની ઉદય વગેરે ચાર અવસ્થાઓથી આત્માની ઔદયિક વગેરે થયેલી ચાર અવસ્થાઓમાંથી ક્ષાયિક, ઔપશમિક અને ક્ષાયોપશમિક અવસ્થાઓ આત્મગુણ સ્વરૂપ છે.

પારિણામિક ભાવો સાદિ–સાન્ત વગેરે ચારે પ્રકારે હોય છે. પુદ્‌ગલના પરિણામો સાદિ–સાન્ત હોય છે. સિદ્ધની નિયત અવગાહના–નિયત સ્થિરતા–સિદ્ધત્વ આ બધું સાદિ–અનંત છે. ભવ્યત્વ અનાદિ–સાન્ત છે. જીવત્વ અને અભવ્યત્વ અનાદિ–અનંત છે.

❊ ક્ષાયિક ભાવો સાદિ–અનંત હોય છે.

✲ ઔપશમિક ભાવો સાદિ–સાન્ત હોય છે.

✲ ઔદયિક ભાવો ત્રણ પ્રકારે હોય છે. અધ્રુવોદયી પ્રકૃતિથી થતાં ઔદયિક ભાવો **સાદિ-સાન્ત** હોય છે. ધ્રુવોદયી પ્રકૃતિથી થતાં ઔદયિક ભાવો અભવ્યની અપેક્ષાએ **અનાદિ–અનંત** છે, ભવ્યની અપેક્ષાએ **અનાદિ-સાન્ત** છે. સાદિ–અનંત ઔદયિક ભાવ હોતો નથી.

✲ ક્ષાયોપશમિક ભાવો પણ ત્રણ પ્રકારે હોય છે. અચક્ષુદર્શન વગેરે અભવ્યની અપેક્ષાએ **અનાદિ-અનંત**, ભવ્યની અપક્ષાએ **અનાદિ-સાન્ત** હોય છે. સમ્યક્ત્વ વગેરે **સાદિ-સાન્ત** હોય છે. સાદિ–અનંત ક્ષાયોપ. ભાવ હોતો નથી

**ઉદય** :- કર્મનો ઉદય બે પ્રકારે છે – રસોદય અને પ્રદેશોદય.

**રસોદય** :- સ્વવિષયભૂત આત્મિકગુણને સર્વથા કે અંશતઃ આવરી લે એ રીતે સક્રિયપણે થયેલ ઉદય **રસોદય** (વિપાકોદય) કહેવાય છે. કર્મ પોતાના રસ સહિત ઉદયમાં આવે તો જ આત્મા પર પોતાની અસર દેખાડી શકે છે. એટલે આમાં રસનો ઉદય હોય છે. પ્રદેશના (દલિકોના) ઉદય વિના માત્ર રસોદય થઈ શકતો નથી. એટલે પ્રદેશોનો ઉદય પણ આમાં ભેગો હોય જ છે. તેમ છતાં ગુણોને આવરવા રૂપ સ્વકાર્યમાં રસ જ મુખ્ય ભાગ ભજવતો હોવાથી તેમજ 'પ્રદેશોદય' શબ્દ રસ વિનાના ઉદયને જણાવવામાં રૂઢ થયેલો હોવાથી રસોદયકાળે 'પ્રદેશોદય' કહેવાતો નથી.

**પ્રદેશોદય** :- આત્મગુણોને આવરવાનું સ્વકાર્ય કરી ન શકે – સ્વવિપાક દેખાડી ન શકે એ રીતે ઉદયમાં આવીને કર્મપ્રદેશોનું ખરી પડવું એ **પ્રદેશોદય** કહેવાય છે. ઉદય સમયે જ સ્તિબુક સંક્રમ દ્વારા આ દલિક અન્ય ઉદયવતી પ્રકૃતિમાં ભળી જતું હોવાથી સ્વવિપાક દેખાડી શકતું નથી. એટલે એ **'સ્તિબુક સંક્રમથી ભોગવાયું'** એમ કહેવાય છે.

સામાન્યથી સંસારી જીવોને ઉદયસમયમાં= વર્તમાન સમયમાં આઠેય મૂળકર્મો હંમેશ માટે રસથી ઉદયમાં હોય છે. જે ઉત્તર પ્રકૃતિઓ રસથી ઉદયમાં ન હોય તે પ્રદેશથી ઉદયમાં અવશ્ય હોય છે. આયુષ્ય કર્મ ક્યારેય પ્રદેશથી ઉદયમાં હોતું નથી. હંમેશા રસોદયવાળું જ હોય છે.

જે કર્મો સત્તામાં ન હોય અને નવા બંધાય તે કર્મો (આયુષ્ય સિવાયના)

બંધાવલિકા બાદ અપવર્ત્તનાથી નીચે આવીને પછી છેવટે પ્રદેશોદયથી પણ ઉદયમાં આવે છે. પછી ભલે ને તે જિનનામ કર્મ હોય કે આહારક સપ્તક. કેટલાક એમ કહે છે કે જો એ વિપાકોદયને યોગ્ય હોય, તો અપવર્ત્તના દ્વારા ઉદય સમય સુધી આવે છે અને વિપાકોદય પામે છે.

જેમકે મિથ્યાત્વે આવેલ અનંતાનુબંધી વિસંયોજકને બંધાવલિકા બાદ એનો વિપાકોદય થાય છે. જો વિપાકોદયની યોગ્યતા ન હોય તો ઉદયાવલિકામાં આવતું નથી. ઉદયાવલિકાની ઉપરના નિષેક સુધી આવે છે અને એક આવલિકા બાદ એ નિષેકનો ઉદય થાય ત્યારે પ્રદેશોદય પામે છે. આમ એક બંધાવલિકા અને એક ઉદયાવલિકા એમ બે આવલિકા સિવાય સત્તાની વિદ્યમાનતામાં એનો ઉદય (વિપાકથી કે પ્રદેશથી) અવશ્ય મળે છે. માત્ર ઉદય પ્રાપ્ત આયુષ્યથી ભિન્ન આયુષ્ય બંધાયું હોય, તો એનો ચાલુ ભવના અંત સુધી એકેય ઉદય મળતો નથી.

કર્મના ઉદયથી થતા આત્મપરિણામોને ઔદયિક ભાવ કહે છે. અજ્ઞાન, ક્રોધાદિ, કામાદિ, લેશ્યા, અસિદ્ધત્વ, અવિરતિ વગેરે ઔદયિક ભાવો છે. આઠેય કર્મના અવાંતરભેદોના બધા ઔદાયિક ભાવો હોય છે. (માત્ર સમ્યક્ત્વના ઉદયથી થતા પરિણામને ક્ષાયોપશમિક ભાવમાં ગણવામાં આવે છે, જે આગળ સ્પષ્ટ થશે.)

ઉત્તર પ્રકૃતિઓમાં અવાંતર ભેદોની અપેક્ષાએ ઔદાયિકભાવો અસંખ્ય છે. રસોદયના ભેદની અપેક્ષાએ અસં. કે અનંત છે. વર્ણાદિ નામકર્મ વગેરેના ઉદયનું કાર્ય શરીર અને તેના પુદ્‌ગલોમાં વર્ણાદિ રૂપે પણ દેખાય છે. તેથી કર્મોદયથી પુદ્‌ગલમાં પણ જે પરિણામ થાય છે, તે પણ ઔદયિક ભાવ કહેવાય છે.

ક્ષય :- બંધવિચ્છેદ બાદ સત્તાગત કર્મને સંક્રમ વગેરે દ્વારા એવી રીતે દૂર કરવા કે જેથી એના બંધ, ઉદય કે સત્તા તો રહે નહીં, પણ ફરીથી પણ બંધાદિ દ્વારા એની સત્તા-ઉદય ન પ્રવર્ત્તે એવી આત્માની યોગ્યતા ઉભી થાય. આ રીતે સંપૂર્ણ ક્ષય થવાથી આત્મામાં ક્ષાયિકગુણો પ્રગટ થાય છે. આઠેય કર્મનો આ રીતે ક્ષય થઈ સંપૂર્ણ ક્ષય થઈ શકે છે, અને એનાથી ક્ષાયિકગુણો પ્રકટ થાય છે.

આમાં, સત્તા વગેરે પુનઃ ન પ્રવર્ત્તે એવી યોગ્યતાનો પણ જે સમાવેશ કર્યો છે એનાથી જણાય છે કે દર્શનત્રિકનો ક્ષય ન કરનાર જીવ અનંતાનુબંધીનો નાશ કરે, તો પણ એ એની વિસંયોજના કહેવાય છે, ક્ષાયિકગુણ લાવી આપનાર ક્ષય

નહીં, કેમકે મિથ્યાત્વે જઈને પુનઃ અનંતાનુબંધીના બંધ વગેરેની શક્યતા હજુ ઊભી છે.

કર્મનો સંપૂર્ણ ક્ષય થાય છે એનો અર્થ કર્મપુદ્‌ગલોનો આત્મામાં વિયોગ પેદા થાય છે. જો કે સંયોગ અને વિયોગ ઉભયમાં રહેનાર ચીજ છે. એટલે કે સંયોગ વિયોગ કર્મદલિકોમાં પણ રહે છે. તેમ છતાં આત્માની મુખ્યતા હોવાથી અને આત્માના ગુણો આવરાતા હોવાથી આત્મા બંધાય છે એવો વ્યવહાર થાય છે, પણ પુદ્‌ગલો બંધાય છે તેવો વ્યવહાર થતો નથી. જેમકે બેડીથી પુરુષ બંધાવાનો વ્યવહાર થાય છે. પણ પુરુષથી બેડી બંધાવાનો નહીં. આ જ રીતે વિયોગ પણ આત્મામાં પેદા થયો એમ વ્યવહાર થાય છે.

કર્મો ૧૫૮ કે (એના પણ અવાંતર ભેદોની અપેક્ષાએ) અસંખ્ય હોવા છતાં એક એક મુખ્ય ગુણને આવરણ કરનાર અનેક રીતે અનેક કર્મો છે. તે બધાના નાશથી તે તે ગુણ સંપૂર્ણ તથા સર્વ રીતે પ્રગટે છે. તેથી ૮ કર્મોના ક્ષયથી ૮ ગુણો પ્રકટ થાય છે. તેમ છતાં વિવક્ષા ભેદથી નીચે પ્રમાણે કહેવાય છે–

જ્ઞાનાવરણના ક્ષયથી કેવલજ્ઞાન, દર્શનાવરણના ક્ષયથી કેવલદર્શન, દર્શનમોહનીયના ક્ષયથી ક્ષાયિકસમ્યક્ત્વ, ચારિત્રમોહનીયના ક્ષયથી ક્ષાયિક ચારિત્ર અને દાનાવરણીયાદિના ક્ષયથી ક્ષાયિક દાનલબ્ધિ વગેરે ૫ લબ્ધિઓ પેદા થાય છે. આમ ૪ ઘાતીકર્મોના ક્ષયથી ભવસ્થકેવળીને ૯ ક્ષાયિકગુણો પ્રાપ્ત થાય છે.

વેદનીય કર્મના ક્ષયથી અવ્યાબાધપણું, આયુષ્યના ક્ષયથી અક્ષયસ્થિતિ, નામકર્મના ક્ષયથી અરૂપીપણું અને ગોત્રકર્મના ક્ષયથી અગુરુલઘુપણું પ્રકટ થાય છે. અથવા નામકર્મ ક્ષય અને ગોત્રકર્મક્ષય એ બન્નેથી ભેગો એક અનંતાવગાહના નામનો પરિણામ પ્રકટ થાય છે.

**ઉપશમ :-** જીવના વીર્ય વિશેષથી કર્મની એક એવી અવસ્થાવિશેષ થાય છે કે જેથી એના ઉદય–ઉદીરણા–નિદ્ધત્તિ–નિકાચના થઈ ન શકે. તે અવસ્થાને ઉપશમ કહે છે.

ઉપશમ ૩ પ્રકારે થાય છે– સર્વોપશમ, દેશોપશમ, વિપાકોપશમ.

**સર્વોપશમ :-** કર્મની સત્તા હોવા છતાં, સત્તાગત દરેક નિષેકના દરેક

દલિકો વિવક્ષિત અવસ્થા વિશેષવાળા થવાના કારણે એના પ્રદેશોદય કે વિપાકોદય કે એ માટેની યોગ્યતા પણ રહે નહીં તેને **સર્વોપશમ** કહે છે. અનુપશાંત કર્મથી જે ગુણ આવરાયો હતો તે આ સર્વોપશમથી ક્ષાયિકગુણની જેમ સંપૂર્ણતયા પ્રગટ થાય છે. તેથી આ ઔપશમિક ગુણ ક્ષાયોપશમિક ગુણ કરતા નિર્મળ હોય છે. તેમ છતાં, એ અલ્પકાલીન હોય છે. પાણીથી દબાયેલી ધૂળ જેમ અલ્પકાળ માટે જ દબાયેલી રહે છે અને પછી ઊડવા માંડે છે, તેમ આ ઉપશમ ભાવ પણ કર્મ રજમાં અંતર્મુ.કાળ માટે જ રહે છે.

આનું કારણ એ છે કે અંતરાયકર્મનો ઉદય હોવાથી અનંતવીર્ય હોતું નથી. અનંતવીર્ય ન હોવાના કારણે આત્માના વિશુદ્ધયમાન પરિણામ કે અવસ્થિત વિશુદ્ધ પરિણામ અંતર્મુ.થી વધુ રહેતા નથી. ત્યારબાદ અવશ્ય પરિણામમાં હાનિ થાય છે, જેના કારણે સત્તામાં રહેલ ગુણનાશક કર્મો પાછા અનુપશાંત બની જવાથી એનો અવશ્ય વિપાકોદય કે પ્રદેશોદય થાય છે. તેથી ઔપશમિક ગુણ અંતર્મુ. કાળથી વધુ ટકતો નથી. અંતર્મુ. બાદ કાં તો એ ક્ષાયોપશમિક બની જાય છે, અને કાં તો નાશ પામી જાય છે.

આઠ કર્મોમાંથી માત્ર મોહનીયનો જ સર્વોપશમ થાય છે. શે ઘાતીકર્મોના બધા ભેદો કે અમુક ભેદો સત્તાવિચ્છેદ ન થાય ત્યાં સુધી બધા જીવોને હંમેશા રસોદયવાળા રહે છે. જ્ઞાના.-૫, દર્શના.-૪ અને અંતરાય-૫ આ ચૌદેય ક્ષય ન થાય ત્યાં સુધી રસોદયવાળા હોય છે. ૫ નિદ્રાનો વિપાકોદય હોય કે ન પણ હોય, પણ જ્યારે વિપાકોદય ન હોય ત્યારે પ્રદેશોદય તો હોય જ છે, ઉપશમ હોતો નથી.

નામની અમુક પ્રકૃતિઓ ધ્રુવોદયી હોય છે. જ્યારે અન્યનો વારાફરતી ઉદય થાય છે. પણ ૧૪ માના ચરમ સમય સુધી કેટલીક તો ઉદયમાં રહે જ છે. શેષ ૩ અઘાતીની પણ ૧-૧ તો વિપાકોદયમાં હોય જ છે. માટે અઘાતી કર્મોનો પણ સર્વોપશમ હોતો નથી.

મોહનીય કર્મમાં પણ ક્યારેક જ જીવના વીર્ય વિશેષથી સર્વોપશમ થાય છે. એ માટે સર્વનિષેકગત સર્વદલિકોને વિપાકોદય અને પ્રદેશોદય રહિત કરવું પડે છે.

સામાન્યથી જીવ જ્યારે સર્વોપશમ કરવા ઉદ્યત થાય છે, ત્યારે સ્થિતિસત્તા

અંતઃ કો. કો. સાગરો. હોય છે. તે તે ઉત્તર પ્રકૃતિઓનો સ્થિતિબંધ ભલે ગમે એટલો ઓછો વત્તો હોય, તો પણ સંક્રમણ વગેરે દ્વારા દરેક ઉત્તર પ્રકૃતિઓની સ્થિતિસત્તા પોતપોતાની મૂળ પ્રકૃતિની સત્તા જેટલી થઈ ગયેલી હોય છે. (ચારિત્ર મોહનીયની ઉત્તર પ્રકૃતિઓની સત્તા ચારિત્ર મોહનીયના વર્ગ જેટલી થઈ ગઈ હોય છે.) એટલે કે સામાન્યથી દરેક ઉત્તર પ્રકૃતિઓની સ્થિતિસત્તા લગભગ સરખી હોય છે.

એટલે જેનો સર્વોપશમ કરવો હોય તે પ્રકૃતિના આ સર્વનિષેકોમાં રહેલા દલિકોને ઉપશાંત કરવા પડે છે. વળી ઉપશમકાળ દરમ્યાન તો પ્રદેશોદય પણ હોવો ન જોઈએ. તેથી ઉપશમના અંતર્મુ. કાળ ભાવી નિષેકોના દલિકોને અંતરકરણની પ્રક્રિયાથી ખાલી કરવા પડે છે. નિષેકોમાં જો દલિક હોય તો ઉદય સમયે છેવટે એનો પ્રદેશોદય તો થાય જ. માટે એને ખાલી કરે છે. ત્યારબાદ બીજી સ્થિતિમાં રહેલ દલિકોને અંતર્મુ. કાળમાં ઉપશમાવે છે. એટલે કે તે દલિકો ખસીને ઉપર–નીચે ક્યાંય ન જાય, તેમજ દર્શનમોહનીય સિવાયની પ્રકૃતિઓના દલિકો તો અન્યત્ર પણ ન જાય એવા કરે છે. આ રીતે સત્તાગત બધા દલિકો ઉપશાંત થાય અને ઉદયમાં પ્રદેશોદયથી પણ નથી. તેથી તે કર્મથી આવરિત ગુણ સંપૂર્ણ પ્રકટ થાય છે.

આમ સર્વોપશમ માત્ર મોહનીયકર્મનો જ થતો હોવાથી એનાથી માત્ર મોહનીયકર્મ દ્વારા આવરિત ગુણો જ પેદા થાય છે. એટલે ઔપશમિક ભાવો તરીકે માત્ર સમ્યક્ત્વ અને ચારિત્ર એ બે જ ભાવો મળે છે. જો કે મોહનીયકર્મની અવાંતર પ્રકૃતિઓનો પણ સર્વોપશમ થાય છે. તેમ છતાં દર્શનમોહનીયની સત્તાગત એક હોય તો એકને (પ્રથમ સમ્યક્ત્વોત્પત્તિકાળે) અને સત્તાગત ત્રણ હોય તો ત્રણને (ઉપશમ શ્રેણિ માટે ઉપશમ કરે ત્યારે) ઉપશમાવ્યા વિના જીવ રહેતો નથી. તેથી એ ત્રણેયના ઉપશમ દ્વારા 'સમ્યક્ત્વ' ગુણ પ્રકટ થાય છે. એમ ચારિત્રમોહનીયનો ઉપશમક પણ જો મરણવ્યાઘાત ન આવે તો ક્રમશઃ સર્વપ્રકૃતિઓને ઉપશમાવ્યા વિના રહેતો નથી.

પ્રથમ સમ્યક્ત્વથી ઉપશમ શ્રેણિ માંડી શકાતી નથી. પણ ઉપશમ શ્રેણિના ઉપશમ સમ્યક્ત્વથી એકવાર શ્રેણિ માંડ્યા પછી અંતર્મુ.માં જ ક્ષાયોપ. સમ્યક્ત્વ પામ્યા વગર જ બીજીવાર ઉપશમ શ્રેણિ માંડે તો પુનઃ ઉપશમ સમ્યક્ત્વ પામવાની જરૂર રહેતી નથી. પ્રથમ ઉપ.સમ્ય.માં અનંતા.નો ક્ષયોપ. અને દર્શનત્રિકનો ઉપશમ હોય છે. શ્રેણિ માટેના ઉપશમ સમ્ય.માં અનંતા.ની વિસંયોજના હોય છે. મતાંતરે

ઉપશમ પણ ચાલે. કિન્તુ ક્ષયોપ. તો નહીં જ. તેથી પ્રથમ સમ્ય. થી શ્રેણિ માંડી શકાતી નથી.

આમ આ બે રીતે ઉપશમકાર્ય થતું હોવાથી બે ભેદ બતાવ્યા છે. અનુયોગદ્વારમાં અવાંતર પ્રકૃતિઓ જેટલી છે એટલા અવાંતર ભેદો બતાવ્યા છે.

**દેશોપશમના :-** ઉદયાવલિકાની બહારના દરેક નિષેકોમાં રહેલા અને જેની બંધાવલિકા વગેરે વીતી ગયેલી છે તેવા દલિકોના એક અસં.માં ભાગના દલિકોની એવી અવસ્થા ઉભી કરવી કે જેથી અંતર્મુ. કાળ સુધી ઉદીરણા–સંક્રમ વગેરે દ્વારા એ ત્યાંથી ખસી ન શકે. તેને **દેશોપશમ** કહે છે. અનાદિકાળથી અપૂર્વકરણ સુધી આ આઠેય કર્મોમાં ચાલુ હોય છે. અનિવૃત્તિકરણથી એ બંધ પડે છે. તેમજ જૂની થયેલી હોય તે પણ ચાલી જાય છે. અસં.માં ભાગ સિવાયનું શેષ દલિક અનુપશાંત હોવાના કારણે ઉદયાદિ ચાલુ રહેવાથી આ ઉપશમ દ્વારા ક્ષાયિક, ઔપશમિક કે ક્ષાયોપશમિક કોઈપણ આત્મગુણ પ્રકટ થતો નથી.

**વિપાકોપશમ :-** ઉદયમાં જેટલો રસ હોય એના કરતાં વધારે રસવાળા ઉદયાવલિકાની ઉપર રહેલા દલિકોમાં, એ અધિક રસ સ્વરૂપે ઉદયમાં આવી ન શકે એવી યોગ્યતા પેદા કરવી એ **વિપાકોપશમ** છે. આ વધારે રસવાળા દલિકો જો ઉદયમાં આવે તો રસહીન થઈને જ ઉદયમાં આવી શકે છે અને તેથી ગુણનાશક બની શકતા નથી.

આ વિપાકોપશમ, 'ક્ષયોપશમ'નો એક અંશ છે. જ્યાં સુધી ક્ષાયોપશમિક ભાવ ચાલુ હોય છે, ત્યાં સુધી આ વિપાકોપશમ પણ ચાલુ રહે છે. ઉદય પ્રાપ્ત નિષેકમાં પણ અધિક રસવાળા દલિકો તો છે જ. પણ એમાંથી કેટલો રસ ઉદયમાં આવી શકે એનો નિર્ણય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવ પર થાય છે. જ્યાં સુધી ક્ષાયોપશમિક ભાવરૂપ વિશુદ્ધિને જીવ જાળવી રાખે છે, ત્યાં સુધી ઉદયમાં અધિક રસ આવી શકતો નથી.

ઉદય પ્રાપ્ત નિષેકમાં પણ અધિક રસવાળા જે દલિકો રહેલા હોય છે, તે આ ક્ષાયોપશમિક ભાવથી હીનરસવાળા થઈને જ ઉદયમાં આવે છે અને તેથી આ વિપાકોપશમના પ્રભાવે ઉપર રહેલા અધિક રસવાળા દલિકો પણ સ્વરૂપે ઉદયમાં આવી શકતા નથી. જ્યારે જીવ આ ક્ષાયોપશમિક ભાવને જાળવી રાખવામાં ગરબડ

કરે છે, ત્યારે ભાવમાં અશુદ્ધિ આવે છે. તેથી ક્ષુદ્ર ભાવના કારણે અલ્પરસનો જ જે ઉદય હતો તે બદલાઈને હવે અધિકરસનો પણ ઉદય થાય છે. અને તેથી ઉપરથી પણ અધિક રસવાળા દલિકો સ્વરૂપે ઉદયમાં આવી શકે છે. એટલે કે તેઓની 'વિપાકોપશમ' નામની અવસ્થા ચાલી જાય છે. તેમજ ઉદયમાં આવેલ અધિકરસ ગુણનાશક હોવાથી જીવ પ્રાપ્ત થયેલ ક્ષાયોપશમિક ગુણને ગુમાવી દે છે.

આમ, વિપાકોપશમ એ ક્ષયોપશમનો એક અંશ હોવાથી એમ કહી શકાય કે વિપાકોપક્ષમથી ક્ષાયોપશમિક ગુણ પ્રકટ થાય છે.

**ક્ષયોપશમ :-** કર્મનો અમુક અંશે ક્ષય અને અમુક અંશે ઉપશમ થવો એ **ક્ષયોપશમ** છે. કર્મની આ ક્ષયોપશમ નામની અવસ્થાના પ્રભાવે, તે તે કર્મથી જે જે આત્મિકગુણ આવરિત થયા હોય તે આંશિક રીતે ખુલ્લા થાય છે. જેમકે મતિજ્ઞાનાવરણના ક્ષયોપશમથી મતિજ્ઞાન ગુણ પ્રકટ થાય. ક્ષયોપશમમાં વધઘટ થવા સાથે આ ગુણમાં પણ વધઘટ થાય છે. આ ગુણો શુદ્ધ આત્મસ્વરૂપના હોતા નથી. પણ કર્મના ઉદયથી થયેલ કઇંક મલિનતા–અધૂરાશથી મિશ્રિત હોય છે. જેમકે સ્વચ્છ આકાશમાં પડતા સૂર્યપ્રકાશ સિવાયનો કોઈપણ (મેઘાચ્છાદન કાળે) સૂર્યપ્રકાશ ઓછે–વત્તે અંશે, આવરણભૂત વાદળને અનુસરીને અંધકારથી મિશ્રિત હોય છે, તેમ મતિજ્ઞાન સાથે મતિજ્ઞાનની અધૂરાશ પણ હોય છે.

આવારક કર્મોમાં જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય એ ચાર ઘાતી કર્મો છે જે અનુક્રમે જ્ઞાન, દર્શન, સમ્યક્ત્વ–ચારિત્ર અને દાન–લાભ વગેરે લબ્ધિ સ્વરૂપ આત્મગુણોને ઢાંકે છે.

વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર કર્મ અઘાતી છે જે અનુક્રમે અવ્યાબાધ સુખ, અક્ષયસ્થિતિ, અરૂપીપણું અને અગુરુલઘુપણું સ્વરૂપ આત્મગુણોને આવરે છે. અઘાતીથી આવરાયેલા આ ગુણો ક્યારેય પણ આંશિક રીતે પ્રકટ થતા નથી કે એ ગુણોની માત્રામાં ક્યારેય વધઘટ થતી નથી. તેથી અઘાતી કર્મોનો ક્ષયોપશમ હોતો નથી.

બીજી રીતે કહીએ તો અઘાતી પ્રકૃતિઓનો રસનો એક જ પ્રકાર હોય છે. એટલે કે એનો જઘન્ય રસ પણ સર્વઘાતીરસ જેવો જ હોય છે. તેથી એનો કેવલજ્ઞાનાવરણની જેમ એનો ક્ષયોપશમ હોતો નથી.

ઘાતી પ્રકૃતિઓનો રસ ઉદયની અપેક્ષાએ ૩ પ્રકારનો હોય છે– કેવલ દેશઘાતીરસ (મતિજ્ઞાના. વગેરે) કેવલ સર્વઘાતી રસ (કેવલજ્ઞાના. વગેરે) અને ઉભયરસ (અવધિજ્ઞાના. વગેરે).

ઘાતીકર્મોથી આવરાતા ગુણો અવાંતર ભેદોની અપેક્ષાએ બે પ્રકારના છે. આંશિક ખુલ્લા થાય એવા અને આંશિક ખુલ્લા ન થાય એવા.

કેવલજ્ઞાનાવરણ, કેવલદર્શનાવરણ અને પાંચ નિદ્રા આ ૭ કર્મો એવા છે કે જેનાથી આવરિતગુણો ક્યારેય આંશિક રીતે ખુલ્લા થતા નથી. માટે આ સાત પ્રકૃતિઓનો પણ ક્ષયોપશમ હોતો નથી. વળી આમાંથી કેવલદ્વિક એવી પ્રકૃતિઓ છે કે જેનો ક્ષય ન થાય ત્યાં સુધી હંમેશા ઉદય ચાલુ જ હોય છે. તેથી એનો ક્ષય થઈને જ્યાં સુધી ક્ષાયિકગુણ પ્રગટ ન થાય ત્યાં સુધી એના સંબંધિત ગુણો સર્વથા અપ્રકટ જ રહે છે.

પણ નિદ્રાપંચક પ્રકૃતિઓ એવી છે કે એનો હંમેશા ઉદય હોતો નથી. એટલે ક્ષય પૂર્વે પણ, જ્યારે એનો ઉદય ન હોય ત્યારે એનાથી આવરિત થનાર ગુણ પ્રકટ હોય છે. તેમ છતાં એ વખતે પણ, સર્વઘાતી રસરૂપે ઉદયમાં ન જ આવી શકે એવી એનામાં યોગ્યતા થઈ શકતી ન હોવાથી ક્ષયોપશમ કહેવાતો નથી. જ્યારે એનો ઉદય હોય ત્યારે એ ગુણો સંપૂર્ણતયા આવરાયેલા હોય છે, આંશિક પ્રગટ હોતા નથી. તેથી નિદ્રાકાળે સભાનપણે સાંભળવું–જોવું વગેરે બનતું નથી. આમ આ ૭ પ્રકૃતિઓ ક્ષયોપ.ને અયોગ્ય સર્વઘાતી રસવાળી છે.

જે ગુણો આંશિક ખુલ્લા થાય છે, તે તેના આવારક કર્મોના ક્ષયોપશમથી થાય છે. આ આવારક કર્મો બે પ્રકારના છે. (અને તેથી આંશિક ખુલ્લા થતા ગુણો પણ બે પ્રકારના છે.) ક્યારેક ક્ષયોપશમવાળા અને કાયમ (નિત્ય) ક્ષયોપશમવાળા.

ચારિત્રમોહનીયની ૨૫ પ્રકૃતિઓ, દર્શનમોહનીયની ૩ પ્રકૃતિઓ, અવધિદ્વિક, મન:પર્યવજ્ઞાના. અને ચક્ષુદર્શનાવરણ... આ ૩૨ પ્રકૃતિઓ ક્યારેક ક્ષયોપશમ થનારી છે.

જ્યારે મતિજ્ઞાના., શ્રુતજ્ઞાના., અચક્ષુદર્શના. અને પાંચ અંતરાય... આ ૮ પ્રકૃતિઓ નિત્ય ક્ષયોપશમવાળી છે. આ ૮ સંબંધી ગુણો અમુક અંશે હંમેશા ખુલ્લા જ રહે છે.

એટલે આ ૩૨+૮=૪૦ પ્રકૃતિઓનો ક્ષયોપશમ હોય છે. આમાં આદ્ય ૧૨ કષાય, મિશ્ર અને મિથ્યાત્વ એ ક્ષયોપ.ને યોગ્ય સર્વઘાતી રસવાળી છે, જ્યારે શેષ પ્રકૃતિઓ દેશઘાતી રસવાળી છે.

ક્ષયોપશમ પામનારી આ પ્રકૃતિઓ ત્રણ રીતે ઉદયમાં આવે છે.

(૧) **સર્વઘાતી રસરૂપે** :- જ્યારે અવધિજ્ઞાન પ્રાપ્ત થયું ન હોય ત્યારે અવધિજ્ઞાનાવરણનો સર્વઘાતી રસ ઉદયમાં હોય છે. આ વખતે અવધિજ્ઞાનાવરણનો ક્ષયોપશમ હોતો નથી.

(૨) સર્વઘાતી રસ સર્વઘાતી રૂપે ઉદયમાં ન આવે, માત્ર દેશઘાતી રૂપે જ ઉદયમાં આવે અને દેશઘાતીરસનો પણ ઉદય હોય. દા.ત. અવધિજ્ઞાનીને અવધિજ્ઞાનાવરણનો દેશઘાતીનો જ ઉદય હોય છે. આ ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ કહેવાય છે. જેનો માત્ર દેશઘાતી રસ જ સત્તામાં હોય અને ઉદયમાં પણ હોય તે પણ ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ છે. જેમકે ક્ષાયોપશમિક સમ્યક્ત્વીને સમ્યક્ત્વ મોહનીય.

(૩) સર્વઘાતી કે દેશઘાતી એકેય રૂપે વિપાકોદય ન હોય, માત્ર પ્રદેશોદય હોય. આ વખતે શુદ્ધક્ષયોપશમ હોય છે. દા.ત. આદ્ય ૧૨ કષાયોનો ક્ષયોપશમ...

પ્રદેશોદય ત્રણ પ્રકારે હોય છે :

(અ) પરાવર્ત્તમાન પ્રકૃતિઓમાં પ્રતિપક્ષી પ્રકૃતિનો ઉદય હોય ત્યારે વિવક્ષિત પ્રકૃતિ સ્વ–સ્વરૂપે ઉદયમાં આવી શકતી નથી. પ્રદેશોદય રૂપે ઉદયમાં આવે છે. તેમ છતાં, જો એ વખતે પ્રતિપક્ષી પ્રકૃતિનો ઉદય અટકી જવાથી વિવક્ષિત પ્રકૃતિ સર્વઘાતી સ્વરૂપે જ ઉદયમાં આવી શકે એમ હોય, તો આવા પ્રદેશોદયકાળે ક્ષયોપશમ કહેવાતો નથી. કિન્તુ ઔદયિક ભાવની યોગ્યતા હોવાથી ઔદયિક ભાવ કહેવાય છે. દા.ત. ૧લે ગુણઠાણે અનંતા.ક્રોધના ઉદયકાળે માન વગેરે પ્રકૃતિઓ, અથવા ૧ થી ૪ ગુણઠાણે વિપાકોદય પ્રાપ્ત વેદ કે યુગલ સિવાયના વેદ કે યુગલ.

આ અવસ્થામાં વિવક્ષિત પ્રકૃતિનો વિપાકોદય ન હોવા છતાં, કોઈ જ આત્મગુણ પ્રગટ થયો હોતો નથી. માટે આને ક્ષયોપશમ ન કહેતાં ઔદયિક ભાવ જ કહે છે.

(બ) પ્રતિપક્ષી પ્રકૃતિનો ઉદય હોવાથી વિવક્ષિત પરાવર્ત્તમાન પ્રકૃતિ ઉદયમાં

નથી. તેમ છતાં જો બીજે સમયે એનો ઉદય થાય તો પણ દેશઘાતી રૂપે જ ઉદય થાય, સર્વઘાતી રૂપે નહીં જ, તો એનો 'ક્ષયોપશમ' કહેવાય છે. ઉદય અપ્રાપ્ત પરાવર્ત્તમાન પ્રકૃતિનો આ ઉદયાનુવિદ્ધ એવા વિશેષણ વિનાનો શુદ્ધ ક્ષયોપ. વ્યવહારથી કહેવાય છે.

આ અવસ્થામાં વિવક્ષિતકાળે પ્રતિપક્ષી જે પ્રકૃતિ ઉદયમાં છે તેનો પણ દેશઘાતી રસ જ ઉદયમાં હોય છે, સર્વઘાતી નહીં... એટલે કે પ્રતિપક્ષી પ્રકૃતિનો પણ ક્ષયોપશમ સાથે જ હોય છે. ઉદય પ્રાપ્ત પ્રકૃતિનો આ ક્ષયોપશમ ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ કહેવાય છે. માત્ર એક પરાવર્ત્તમાન પ્રકૃતિનો ક્ષયોપશમ હોય અને એની પ્રતિપક્ષી અન્ય પ્રકૃતિનો ક્ષયોપશમ સાથે ન હોય એવું બનતું નથી. જેમકે પાંચમે ગુણઠાણે વેદ કે યુગલ... 'માત્ર પુ. વેદનો ક્ષયોપશમ હોય અને સ્ત્રી-નપું. વેદનો નહીં' એવું બનતું નથી.

(ક) જે સર્વઘાતી પ્રકૃતિ હોવા છતાં, વિવક્ષિતકાળે વિશુદ્ધિના કારણે સર્વઘાતી રસરૂપે ઉદયમાં આવી શકે એમ નથી, તેમજ દેશઘાતી રૂપે ઉદયમાં આવવાની તો એની તથાસ્વભાવે યોગ્યતા જ નથી. તેથી એનો માત્ર પ્રદેશોદય જ હોય છે. આ શુદ્ધ ક્ષયોપશમ ભાવ કહેવાય છે.

દા.ત. ૪થા વગેરે ગુણઠાણે અનંતા. ક્રોધ વગેરે આદ્ય ૧૨ કષાયો. આ અવસ્થામાં તે તે સંબંધિત બધી પરાવર્ત્તમાન પ્રકૃતિઓનો પ્રદેશોદય જ હોય છે, કોઈનો પણ વિપાકોદય હોતો નથી. અને તેથી બધાનો એકીસાથે ક્ષયોપશમ હોય છે. (અ)માં પરાવર્ત્તમાન એક પ્રકૃતિનો વિપાકોદય હતો અને પ્રદેશોદયવાળી અન્ય સર્વ પ્રકૃતિઓની પણ વિપાકોદય માટે યોગ્યતા હતી. માટે પ્રદેશોદયવાળીનો પણ ક્ષયોપશમ કહેવાતો નથી. જ્યારે અહીં વિપાકોદય કોઈનો નથી. તેમજ એની યોગ્યતા પણ નથી. માટે ક્ષયોપશમ કહેવાય છે. એટલે કે પરાવર્ત્તમાનતાના કારણે થયેલ પ્રદેશોદય એ ક્ષયોપ. નથી, પણ વિપાકોદયની અયોગ્યતાના કારણે થયેલ પ્રદેશોદય એ ક્ષયોપ. છે.

ટૂંકમાં સર્વઘાતી રસનો ઉદય હોય તો ઔદયિક ભાવ કહેવાય.

※ કેવળ દેશઘાતી રસનો જ ઉદય હોય તેને, તેમજ દેશઘાતી રસના ઉદય સાથે સર્વઘાતી રસને દેશઘાતી કરીને જ ઉદયમાં લાવે તેને ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ ભાવ

કહે છે. દા.ત. સમ્ય. મોહનીય, તેમજ છટ્ઠે ગુણઠાણે ઉદિત યુગલ–વેદ.

❊ જે પ્રકૃતિનો સર્વઘાતી રસ, ક્ષયોપશમ થયો હોવાના કારણે ઉદયમાં નથી આવતો, તેમજ તેનો દેશઘાતી રસ પોતાની સાથે પરાવર્ત્તમાન ભાવવાળી પ્રતિપક્ષી પ્રકૃતિનો ઉદય હોવાથી ઉદયમાં નથી આવતો અને માત્ર પ્રદેશોદય જ હોય છે, ત્યારે એને વ્યવહારથી શુદ્ધ ('ઉદયાનુવિદ્ધ' એવા વિશેષણ વિનાના) ક્ષયોપશમ ભાવવાળી કહે છે. દા.ત. ૫ થી ૯ ગુણઠાણે અનુદિત યુગલ અને અનુદિત વેદ.

❊ જેઓનો દેશઘાતી રસ જ નથી એવી સર્વઘાતી પ્રકૃતિઓનો વિપાકોદય ન હોય અને પ્રદેશોદય જ હોય તો શુદ્ધ ક્ષયોપશમ જાણવો. દા.ત. આદ્ય અનુદિત ૧૨ કષાય.

❊ સર્વઘાતી રસના ઉદયની યોગ્યતા હોવા છતાં અન્ય પ્રતિપક્ષી પ્રકૃતિનો ઉદય હોવાના કારણે માત્ર પ્રદેશોદય હોય તો ક્ષયોપશમ ન કહેવાય, પણ સ્તિબુક સંક્રમથી ક્ષય થતો કહેવાય છે. આનાથી કોઈ આત્મગુણ પ્રકટ થતો નથી.

ધારો કે ૧ પાવર (માત્રા)થી માંડીને ૧ લાખ પાવર સુધીનો કુલ રસ છે, જેમાંથી ૧ થી ૧૦૦૦૦ દેશઘાતી છે અને શેષ (૧૦૦૦૧ થી ૧ લાખ) સર્વઘાતી છે.

❊ જે પ્રકૃતિના ૧ થી ૧૦૦૦૦ રસવાળા દલિકો ેય જ નહીં એને સર્વઘાતી કહેવાય છે. જેમકે કેવલજ્ઞાના વગેરે...

❊ જે પ્રકૃતિના ૧૦૦૦૦ થી ઓછા અને વધારે બન્ને રસવાળા દલિકો હોય એને દેશઘાતી કહેવાય છે. જેમકે મતિજ્ઞાનાવરણ વગેરે.

સમ્ય.મોહનીયમાં માત્ર ૧૦૦૦૦થી ઓછા રસવાળા જ દલિકો હોય છે.

❊ મિશ્ર મોહનીયમાં ૧૦૦૦૧ થી ૨૫૦૦૦ (ધારો કે) સુધીના રસવાળા જ દલિકો હોય છે.

❊ ૧૦૦૦૦ સુધીમાં ૧ ઠાણીયો અને પ્રારંભિક ૨ ઠાણીયો રસવાળા સ્પર્દ્ધકો આવે છે. ૨ ઠાણીયાના શેષ બહુભાગ સ્પર્દ્ધકો તેમજ ૩–૪ રસવાળા સ્પર્દ્ધકો ૧૦૦૦૧ થી ૧ લાખ સુધીમાં આવશે.

❊ ૧૦૦૦૦ થી ઉપરનો રસ ઉદયમાં હોય તો ઔદયિકભાવ કહેવાય.

❊ ૧૦૦૦૦ની અંદરનો જ રસ ઉદયમાં હોય તો, તેમજ ૧૦૦૦૦ની ઉપરનો રસ ઘટી ને ૧૦૦૦૦ની અંદરનો થઈને જ ઉદયમાં આવતો હોય તો ઉદયનુવિદ્ધ ક્ષયોપશમ કહેવાય છે.

૧૦૦૦૦ની ઉપરનો રસ તો ઉદયમાં નથી જ આવતો, પણ અંદરનો રસ પણ પ્રતિપક્ષી પ્રકૃતિનો ઉદય હોવાથી ઉદયમાં નથી આવતો, તો જ્યાં સુધી પ્રતિપક્ષી પ્રકૃતિનો ઉદય હોય ત્યાં સુધી વિવક્ષિત પ્રકૃતિનો (વ્યવહારથી) શુદ્ધ ક્ષયોપશમ હોય છે. આ વખતે વિવક્ષિત પ્રકૃતિનો સર્વઘાતી કે દેશઘાતી રસ ઉદિત પ્રતિપક્ષી પ્રકૃતિના દેશઘાતી રસરૂપે સ્તિબુકસંક્રમથી સંક્રમીને ઉદયમાં આવે છે અને વિવક્ષિત પ્રકૃતિનો પ્રદેશોદય હોય છે. વિવક્ષિત પ્રકૃતિનો પાછો જ્યારે ઉપરોક્ત પ્રમાણે ૧ થી ૧૦૦૦૦ સુધીનો જ રસ ઉદયમાં ચાલુ થઈ જાય, તો ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ જાણવો, અને એ વખતે પ્રતિપક્ષી પ્રકૃતિનો વિપાકોદય બંધ પડ્યો હોવાથી એનો વ્યવહારથી શુદ્ધ ક્ષયોપશમ જાણવો.

❊ જે પ્રકૃતિઓનો માત્ર ૧ થી ૧૦૦૦૦ સુધીનો જ રસ ઉદયમાં ાવે એવું ક્યારેય બનતું જ નથી, કારણ કે એવી સત્તા નથી. જો વિપાકોદય હોય તો ૧૦૦૦૦ની ઉપરનો જ હોય. આવી પ્રકૃતિઓને સર્વઘાતી કહેવાય છે. તેમ છતાં વિશુદ્ધિ વિશેષના કારણે એવું જો બને કે પરસ્પર પરાવર્ત્તમાન બધી જ પ્રકૃતિઓનો ૧૦૦૦૧ થી ૧ લાખમાંનો એકેય રસ વિપાકોદયવાળો ન હોય, બધુ જ દલિક પ્રદેશોદયવાળું જ હોય તો શુદ્ધક્ષયોપશમ કહેવાય છે.

અવસ્થાવિશેષમાં જો એનો પ્રદેશોદય પણ ન હોય, તો ઉપશમ કહેવાય છે.

જો એની સત્તા પણ રહી ન હોય, તો ક્ષાયિકભાવ કહેવાય છે.

ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમમાં દેશઘાતી (૧ થી ૧૦૦૦૦ પાવરવાળા) રસનો ઉદય હોય છે એ જોયું. ઉદય પામનાર આ દેશઘાતી રસ પણ ક્ષયોપશમની સંપૂર્ણ અવસ્થા દરમ્યાન એક સરખો જ રહે છે, એવું નથી. કિન્તુ જીવના શુભ-અશુભ ભાવો વગેરેને અનુસરીને એમાં વધઘટ થયા કરે છે. અને એને અનુસરીને ક્ષાયોપશમિક ભાવમાં તરતમતા આવે છે.

ધારો કે વિવક્ષિત કાળે ૧૦૦૦ પાવરનો રસોદય છે. પછી જો જીવના પરિણામ વધુ વિશુદ્ધ થાય તો રસોદયની માત્રામાં ઘટાડો થાય છે... થયેલ વિશુદ્ધિની

અનુસારે ૯૯૯-૯૯૮ વગેરે પાવરનો રસોદય રહે છે. જેમ વિશુદ્ધિ વધુને વધુ વધે છે, તેમ આ પાવરમાં વધુને વધુ ઘટાડો થવાથી રસોદયની અધિકને અધિક મંદતા થતી જાય છે, જેના પ્રભાવે ક્ષયોપશમ વધુને વધુ વિશદ થતો જાય છે. જો વિશુદ્ધિ ખુબ જ વધી જાય તો ક્ષાયોપશમિકભાવ ક્ષાયિકભાવમાં પરિણમે છે.

એમ, જો જીવના પરિણામ અશુદ્ધ થાય છે, તો રસોદયની માત્રામાં વધારો થાય છે... થયેલ અશુદ્ધિને અનુસરીને ૧૦૦૧, ૧૦૦૨... વગેરે પાવરનો રસોદય થાય છે. જેમ અશુદ્ધિ વધુને વધુ વધતી જાય છે, તેમ આ પાવરમાં વધુને વધુ વધારો થવાથી રસોદયની અધિકને અધિક તીવ્રતા થતી જાય છે, જેના પ્રભાવે ક્ષયોપશમ મલિન થતો જાય છે. આ અશુદ્ધિ વધતાં વધતાં જો એટલી વધી જાય કે જેથી રસોદયની માત્રા વધીને દેશઘાતી માંથી સર્વઘાતી થઈ જાય તો (૧૦૦૦૦ થી અધિક થઈ જાય તો) ક્ષાયોપશમિક ભાવ નાશ પામી જઈને ઔદયિક ભાવ થઈ જાય છે.

જ્યાં સુધી અશુદ્ધિ એટલી બધી વધતી નથી અને રસોદય ૧૦૦૦૦ની અંદર જ રહે છે, ત્યાં સુધી ક્ષાયોપશમિક ભાવ જળવાઈ રહે છે. આ ક્ષયોપશમકાળે ઉદય પ્રાપ્ત તે તે નિષેકોમાં પણ ૧૦૦૦૦થી અધિક રસ વિદ્યમાન તો હોય છે જ, પણ પોતાની વિશુદ્ધિના બળે એ અધિક રસને, તે તે સમયે ઉત્કૃષ્ટથી જેટલો રસ (૧૦૦૦ વગેરે પાવરવાળો) ઉદયમાં હોય ત્યાં સુધી ઘટાડી નાંખી એ મંદરસ તરીકે જ ભોગવે છે. આ રસની મંદતા કરવી એ **એક પ્રકારનો ક્ષય** છે.

તે તે સમયે ઉદય પ્રાપ્ત ૧૦૦૦ વગેરે રસથી અધિક રસવાળા જે દલિકો ઉદયાવલિકા બહાર રહ્યા હોય છે અને ઉદીરણાથી ઉદય સમયમાં આવી ભોગવાઈ જવાના હોય છે તેને પણ ૧૦૦૦ કે એથી મંદ રસવાળા કરીને ભોગવે છે. આ જે રસની મંદતા થઈ એ **બીજા પ્રકારનો ક્ષય** છે.

આ બીજા પ્રકારના ક્ષય દ્વારા ઉદયાવલિકાની બહાર રહેલા અધિક રસવાળા (૧૦૦૦ની ઉપરના રસવાળા) સર્વદલિકોનો રસ કાંઈ ઘટી જતો નથી. મોટાભાગના દલિકોનો અધિક રસ તો અકબંધ જ હોય છે. એ પણ ઉદીરણા દ્વારા ઉદયમાં આવી ગુણનાશ ન કરી નાંખે, એટલા માટે એના ઉદીરણા-ઉદયને અટકાવવાનો હોય છે. આ અટકાયત એ **વિપાકોપશમ** છે. આમ ઉદય પ્રાપ્ત

૧૦૦૦ રસથી અધિક રસવાળા ઉદયાવલિકા બહાર રહેલા દલિકોને સ્વ-સ્વરૂપે = અધિક રસવાળારૂપે ઉદયમાં ન આવવા દેવા એ વિપાકોપશમ છે.

ઉદય પ્રાપ્ત પ્રકૃતિની પ્રતિપક્ષી પ્રકૃતિનો ૧૦૦૦ સુધીનો મંદ રસ પણ ઉદયમાં ન આવતાં માત્ર પ્રદેશોદયથી જ જે ભોગવટો થાય છે એ ત્રીજા પ્રકારનો ક્ષય છે.

આમ ત્રણ પ્રકારનો ક્ષય અને ચોથો વિપાકોપશમ એમ ચાર દ્વારા ક્ષયોપશમ થાય છે. વળી ઉદય પ્રાપ્ત પ્રકૃતિનો ૧૦૦૦ સુધીનો જે મંદરસ વિપાકથી ઉદયમાં આવી પ્રકટ થયેલ આત્મગુણની અધૂરાશ-કંઈક મલિનતા વગેરે રાખે છે તે **ઉદય** કહેવાય છે. અને તેથી એ પ્રકૃતિના ક્ષયોપશમને **ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ** કહે છે. ઉદય પ્રાપ્ત આ મંદરસની હાનિ-વૃદ્ધિથી ક્ષયોપશમની તીવ્રતા-મંદતા થવા દ્વારા ગુણની નિર્મળતા-મલિનતા થાય છે.

ક્ષાયિક અને ઔપશમિક ભાવ કાળે આવો કોઈ મંદ રસ પણ ઉદયમાં હોતો નથી, તેથી ક્ષાયિક-ઔપશમિક ગુણોમાં કોઈ વધઘટ હોતી નથી.

આ ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમવાળી પ્રકૃતિઓનો ૧૦૦૦ સુધીનો રસ જેમ વિપાકથી ઉદયમાં હોય છે, એમ આદ્ય ૧૨ કષાયોમાં હોતું નથી. આ ૧૨નો તો જ્યારે ક્ષયોપશમ હોય, ત્યારે માત્ર પ્રદેશોદય જ હોય છે, રસોદય હોતો નથી. તેથી એનો શુદ્ધક્ષયોપશમ કહેવાય છે. વળી રસોદય હોય તો એની મંદતા-તીવ્રતા પર ગુણની વધઘટ થાય. પણ એ તો છે નહીં તેથી ગુણમાં વધઘટ હોતી નથી કે એનો વ્યવહાર થતો નથી. ક્ષાયિક-ઔપશમિક ભાવમાં તો પ્રદેશોદય પણ હોતો નથી. જે અહીં હોય છે એ તફાવત જાણવો.

આમ શુદ્ધક્ષયોપશમવાળા ગુણમાં તીવ્રતા-મંદતા નથી. તેમ છતાં જીવના પરિણામની વિશુદ્ધિ વગેરે દ્વારા સર્વઘાતી રસ ઉદયમાં ન આવી જાય એ માટેની દૃઢતા થાય છે એને **ક્ષયોપશમની વૃદ્ધિ** કહી શકાય. જેના પરિણામ એટલા વિશુદ્ધ નથી એને આવી દૃઢતા હોતી નથી. આને **ક્ષયોપશમની મંદતા** કહી શકાય. એટલે જ સમાન નિમિત્ત મળતાં એકને (મંદક્ષયોપશમવાળાને) સર્વઘાતીનો રસોદય થવા દ્વારા ગુણનાશ થઈ જાય છે, જ્યારે અન્યને (તીવ્રક્ષયોપશમવાળાને) સર્વઘાતીનો રસોદય અટકેલો રહી શકવાથી ગુણ જળવાઈ રહે છે. ક્ષાયિક-ઔપશમિક ભાવમાં

આવી પણ હાનિ–વૃદ્ધિ હોતી નથી, એ જાણવું.

**પ્રશ્ન : પ્રતિપક્ષી પ્રકૃતિના મંદરસોદયકાળે, ક્ષયોપશમવાળી વિવક્ષિત પરાવર્ત્તમાન પ્રકૃતિનો સર્વથા પ્રદેશોદય જ હોય છે, મંદરસનો પણ રસોદય હોતો નથી. માટે તો એ કાળે એનો પણ શુદ્ધક્ષયોપશમ કહ્યો છે. તો આદ્ય ૧૨ કષાયની જેમ એમાં પણ એ કાળે હાનિ-વૃદ્ધિ ન હોય ?**

**ઉત્તર :** એ કાળે એનો શુદ્ધક્ષયોપશમ માત્ર વ્યવહારથી કહેવાય છે. વસ્તુતઃ તો ઉદયાનુવિદ્ધ જ હોય છે. તેથી એમાં હાનિ–વૃદ્ધિ હોય છે. જીવના પરિણામોની ઉદયવાળી પરાવર્ત્તમાન પ્રકૃતિ પર જે અસર થાય છે, એજ આ પ્રદેશોદયવાળી પ્રકૃતિ પર થવાની પણ યોગ્યતા ધરાવતી હોય છે. એટલે કે પરિણામો વિશુદ્ધ થાય તો જેમ ઉદયવતી પ્રકૃતિનો વિપાકોદય પ્રાપ્ત રસ મંદ થતો જાય છે, તેમ અનુદિત પ્રકૃતિનો તે તે સમયે વિપાકથી ઉદયમાં આવી શકવાની યોગ્યતાવાળો રસ પણ મંદ થતો જાય છે. એ જ રીતે પરિણામની અશુદ્ધિ થાય, તો એ તીવ્ર થતો જાય છે. આને આવી પ્રકૃતિના ક્ષયોપશમની વૃદ્ધિ–હાનિ રૂપે લેખી શકાય છે.

ક્ષયોપશમના ભેદો :- (૧) ક્ષયોપશમરહિતપણું, (૨) નિત્યક્ષયોપશમ, (૩) શુદ્ધક્ષયોપશમ, (૪) ઉદયાનુવિદ્ધક્ષયોપશમ, (૫) વિકલ્પે ઉદયાનુવિદ્ધક્ષયોપશમ.

**(૧) ક્ષયોપશમરહિતપણું :-** અઘાતી પ્રકૃતિઓ, તેમજ નિદ્રાપંચક અને કેવલદ્વિક... આ પ્રકૃતિઓનો ક્યારેય ક્ષયોપશમ થતો નથી.

**(૨) નિત્યક્ષયોપશમ :-** બધા છદ્મસ્થોને જેનો હંમેશા ક્ષયોપશમ હોય તેવી પ્રકૃતિઓ. મતિજ્ઞાના., શ્રુતજ્ઞાના., અચક્ષુદર્શના. અને ૫ અંતરાય... આ ૮ નો પૂર્વોક્ત કલ્પના પ્રમાણે ક્યારેય ૧૦૦૦૦થી અધિક રસ (સર્વઘાતીરસ) ઉદયમાં આવતો નથી. તેથી આત્માનો ગુણ અમુક અંશમાં નિત્ય ઉઘડેલો રહે છે. વળી આ ૮ નો હંમેશા અમુક (૧૦૦૦૦ની અંદર) રસોદય હોય જ છે તેથી હંમેશા ઉદયાનુવિદ્ધક્ષપોયશમવાળી જ હોય છે અને તેથી ઉદય પ્રાપ્ત રસની માત્રામાં હાનિ–વૃદ્ધિને અનુસરીને ક્ષયોપશમની તીવ્રતા–મંદતા થયા કરે છે.

આ ૮ પ્રકૃતિની કેટલીક પ્રકૃતિઓની અવાંતર પ્રકૃતિઓમાં સર્વઘાતી ઉદય અને ક્ષયોપશમરહિતપણું ક્યારેક હોય છે. જેમકે એકેન્દ્રિય જીવને મતિજ્ઞાનાવરણના રસનેન્દ્રિયજન્ય મતિજ્ઞાનનું આવરણ કરનાર અવાંતર ભેદનો ક્ષયોપશમ હોતો

નથી. પાંચ અંતરાય હંમેશા દેશઘાતી રસોદયવાળા જ હોય છે. મતિ–શ્રુતજ્ઞાના., અચક્ષુદર્શના.ના ક્ષયોપશમથી અનુક્રમે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અચક્ષુદર્શન નામના ક્ષાયોપશમિક ગુણો પ્રકટ થાય છે. પાંચ અંતરાયના ક્ષયોપ.થી દાનાદિ ૫ લબ્ધિઓ પ્રકટ હોય છે.

(૩) **શુદ્ધ ક્ષયોપશમ** :- આદ્ય ૧૨ કષાય અને મિથ્યાત્વમોહનીય. આ ૧૩ પ્રકૃતિઓ માત્ર સર્વઘાતી સ્પર્દ્ધકોવાળી જ હોય છે. આના વિપાકોદયકાળે ક્ષયોપશમ હોતો નથી અને ક્ષયોપશમકાળે વિપાકોદય હોતો નથી, માત્ર પ્રદેશોદય હોય છે. એટલે એ શુદ્ધક્ષયોપશમવાળી છે. અનંતા.નો ક્ષયોપ. ૩ થી ૭, અપ્રત્યા.નો ૫ થી ૯, પ્રત્યા.નો ૬ થી ૯ અને મિથ્યાત્વનો ૪ થી ૭ ગુણઠાણે ક્ષયોપ. હોય છે. મિશ્રમોહ.નો પણ આ જ રીતે પ્રદેશોદય રૂપ શુદ્ધ ક્ષયોપ. ૪ થી ૭ ગુણઠાણે હોય છે.

જોકે મિથ્યાત્વમોહનીયનો રસ ઘટીને દેશઘાતી થઈ શકે છે, તેમ છતાં એ દેશઘાતી રસવાળા દલિકો એક સ્વતંત્ર પ્રકૃતિ રૂપે (સમ્ય.મોહનીયરૂપે) લેખાતા હોવાથી મિથ્યાત્વનો તો સર્વઘાતીરસ જ કહેવાય છે. તેમજ મંદ રસવાળા થયેલા તે દલિકોનો વિપાક ઉદય હોવા છતાં, એ તો સમ્ય.મોહ.ના ઉદય તરીકે ગણાતો હોવાથી મિથ્યાત્વનો ઉદયાનુવિદ્ધ ક્ષયોપ. ન કહેવાતા શુદ્ધક્ષયોપશમ કહેવાય છે.

૪ અપ્રત્યા.ના ક્ષયોપ.થી દેશવિરતિ, ૪ પ્રત્યા.ના ક્ષયોપ.થી સર્વવિરતિ ગુણ પ્રકટ થાય છે. ૪ અનંતા. તથા મિથ્યાત્વના ક્ષયોપ.થી સમ્યક્ત્વ તેમજ મિશ્રગુણઠાણા રૂપ ક્ષાયોપશમિક ગુણ પ્રકટ થાય છે. જોકે મિશ્રમોહનીય એ સર્વઘાતી પ્રકૃતિ છે અને એનો સર્વઘાતી રસ જ ઉદયમાં હોય છે, તેમ છતાં મિથ્યાત્વના રસને વિશેષ રૂપે ઘટાડીને ૩ પુંજમાંના ૧ પુંજ તરીકે એ અસ્તિવમાં આવી હોવાથી અને અધિક રસવાળા મિથ્યાત્વના દલિકોના ઉદયને અટકાવ્યો હોવાથી શાસ્ત્રકારો મિશ્રગુણસ્થાનકનો ક્ષાયોપશમિક ભાવમાં સમાવેશ કરે છે.

(૪)**ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ** :-અવધિજ્ઞાના., મનઃપર્યવજ્ઞાના., ચક્ષુદર્શના., અવધિદર્શના. આ ૪ પ્રકૃતિઓ દેશઘાતી છે. જેના દેશઘાતી સ્પર્દ્ધકો પણ (એટલે કે સર્વઘાતી તો ખરા જ) સત્તામાં હોય, તેવી પ્રકૃતિઓને દેશઘાતી કહે છે. જો કે સમ્યક્ત્વ મોહનીય દેશઘાતી હોવા છતાં એના સર્વઘાતી સ્પર્દ્ધકો હોતા નથી એટલો

અપવાદ જાણવો.

આ ૪ નો જ્યારે સર્વઘાતી રસ (૧૦૦૦૦થી વધુ) ઉદયમાં હોય, ત્યારે ક્ષયોપશમ હોતો નથી. જ્યારે દેશઘાતી રસ (૧૦૦૦૦થી ઓછો) જ ઉદયમાં હોય ત્યારે ઉદયાનુવિદ્ધ ક્ષયોપ. હોય છે. આ પ્રકૃતિઓ સત્તાવિચ્છેદ પર્યંત ધ્રુવોદયી હોવાથી ક્યારેક એનો શુદ્ધક્ષયોપશમ હોતો નથી.

સમ્યક્ત્વમોહનીયનો માત્ર દેશઘાતી રસ જ હોય છે, સર્વઘાતી નહીં. તેમ છતાં, દેશઘાતી રસના ઉદયકાળે ઔદયિક ભાવ નથી કહેવાતો, પણ ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ કહેવાય છે. કેમકે સર્વઘાતી રસવાળી મિથ્યાત્વ પ્રકૃતિનો ઉદય અટકાવેલો હોવાથી સમ્યક્ત્વ નામનો આત્મગુણ પ્રકટ થયો હોય છે. સમ્ય. મોહનીયનો ઉદય પ્રાપ્ત દેશઘાતી રસ જેટલો મંદ થાય એટલી સમ્યક્ત્વની નિર્મળતા થાય છે અને અધ્યવસાયોની અશુદ્ધિના કારણે ઉદય પ્રાપ્ત રસ જેટલો વધે એટલી સમ્યક્ત્વની મલિનતા થાય છે અને અતિચાર લાગે છે. એના કરતાં પણ અધ્યવસાયની મલિનતા ઉત્તરોત્તર વધતી જાય તો મિશ્ર કે મિથ્યાત્વમોહનીયનો ઉદય થવાથી સમ્યક્ત્વ ગુણ નાશ પામે છે.

અવધિજ્ઞાનાવરણ વગેરેના ક્ષયોપશમથી અનુક્રમે અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, ચક્ષુદર્શન, અવધિદર્શન અને ક્ષાયોપશમિક સમ્યક્ત્વ નામના ગુણો પ્રકટ થાય છે.

**(૫) વિકલ્પે ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ :-** ૯ નોકષાય + ૪ સંજ્વ. બે યુગલમાંથી વારાફરતો ૧ યુગલનો, ૩ વેદમાંથી વારાફરતો ૧ વેદનો અને સંજ્વ. ક્રોધાદિમાંથી વારાફરતો ૧ કષાયનો ઉદય હોય છે. તેમજ ભય અને જુગુપ્સાનો ક્યારેક ઉદય હોય છે, ક્યારેક નથી હોતો. (જ્યારે ન હોય ત્યારે પ્રદેશોદય હોય છે.) આમ આ ૧૩ અધ્રુવોદયી છે, તેથી ક્ષયોપશમ અવસ્થામાં જ્યારે આમાંની જે પ્રકૃતિઓનો દેશઘાતી વિપાકોદય હોય એ પ્રકૃતિઓનો ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ કહેવાય છે, શેષ પ્રકૃતિઓનો શુદ્ધ ક્ષયોપશમ કહી શકાય છે. પરાવર્તન થઈને જ્યારે બીજી પ્રકૃતિઓનો ઉદય થાય છે ત્યારે એ ઉદયાનુવિદ્ધ ક્ષયોપ.વાળી બને છે અને શેષ શુદ્ધ ક્ષયોપ. વાળી જેવી બને છે. તેથી વિકલ્પે ઉદયાનુવિદ્ધ ક્ષયોપ. વાળી કહી શકાય છે.

જોકે વિપાકોદય ન હોય એ કાળે પણ એના દેશઘાતીરસની ઉદયમાં આવવાની યોગ્યતા તો હોય જ છે. તેમજ પૂર્વે કહી ગયા મુજબ પરિણામની શુદ્ધિ–અશુદ્ધિથી એના ક્ષયોપશમમાં ઉદયાનુવિદ્ધ ક્ષયોપ. વાળી પ્રકૃતિની જેમ તીવ્રતા–મંદતા થાય છે. માટે વાસ્તવિક રીતે તો આ પ્રકૃતિઓ ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમવાળી જ જાણવી. શુદ્ધ ક્ષયોપશમપણું તો માત્ર વ્યવહાર પૂરતું જ જાણવું. વળી આદ્ય ૧૨ કષાયો માટે રસોદય ન હોવો, માત્ર પ્રદેશોદય હોવો એ ક્ષયોપ. છે. તેમ છતાં પ્રથમ ગુણઠાણે ક્રોધોદયકાળે માનાદિનો માત્ર પ્રદેશોદય હોવા છતાં રસોદયની પણ યોગ્યતા હોવાથી ક્ષયોપ. નથી કહેવાતો, પણ ઔદયિક ભાવ જ કહેવાય છે. એટલે કે રસોદયની જેમ રસોદયની યોગ્યતા પણ ઉદય તરીકે જ લેખાય છે. તેમ પ્રસ્તુતમાં પણ દેશઘાતી રસોદયની યોગ્યતા એક પ્રકારનો ઉદય જ કહેવાય છે અને તેથી આ ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ જ છે. માટે આ વિકલ્પે ઉદયાનુવિદ્ધ ક્ષયોપ. નામનો પાંચમો ભેદ વ્યવહાર પૂરતો જ જાણવો. વસ્તુતઃ એનો ઉદયાનુવિદ્ધ ક્ષયોપ.માં જ અંતર્ભાવ છે. એ જ રીતે નિત્યક્ષયોપ. એવો જે બીજો ભેદ દર્શાવ્યો છે તે પણ ઉદયાનુવિદ્ધ જ હોવાથી આમાં જ અંતર્ભૂત થઈ શકે છે. અને પહેલો ભેદ તો અક્ષયોપ.નો છે. એટલે વસ્તુતઃ તો ક્ષયોપ.ના ઉદયાનુવિદ્ધ અને શુદ્ધ એમ બે જ ભેદ જાણવા.

૯ નોકષાયોનો ક્ષયોપ. ૫ થી ૯ ગુણઠાણે, સંજ્વ. ૩નો ૬ થી ૯ ગુણઠાણે અને સંજ્વ.લોભનો ૬ થી ૧૦ ગુણઠાણે હોય છે. ૯ નોકષાય અને ૪ સંજ્વ.ના ક્ષયોપ.થી અનુક્રમે દેશવિરતિ અને સર્વવિરતિ ગુણ પ્રકટ થાય છે. કેટલાક આચાર્યો ૫મે ગુણઠાણે પણ સંજ્વ. ૪નો ક્ષયોપ. માને છે.

૫ મે ગુણઠાણે દેશવિરતિના જે અસંખ્ય સ્થાનો અને છઠ્ઠે સંયમના જે અસંખ્ય સંયમ સ્થાનો મળે છે તે આ ૯ નોકષાય અને ૪ સંજ્વ.ના ઉદયાનુવિદ્ધ ક્ષયોપ. અંતર્ગત રસોદયના જે અસંખ્ય ભેદો પડે છે તેના કારણે જાણવા.

કેટલાકની માન્યતા એવી છે કે ૧લે અને ૪થે વિશુદ્ધયમાન અવસ્થામાં (સમ્યક્ત્વ અને વિરતિ પ્રાપ્ત થયાની અવસ્થામાં) ૯ નોકષાયોનો ફક્ત દેશઘાતી રસોદય હોય છે. અને તેથી ઉદયાનુવિદ્ધ ક્ષયોપ. હોય છે. **કર્મપ્રકૃતિ** અને **પંચસંગ્રહમાં** પાંચમાં ગુણઠાણેથી ૯ નોકષાયોનો પ્રારંભિક અનંતમાં કે અસંખ્યાતમાં ભાગના સ્પર્દ્ધકો જ ઉદયમાં હોય છે એમ જે કહ્યું છે તે ઉત્કૃ.ની અપેક્ષાએ છે. એના

કરતાં અધિક રસવાળા અને તેમ છતાં દેશઘાતી એવા રસ સ્પર્દ્ધકોના ઉદયથી ૧લે અને ૪થે પણ આ ૯નો ક્ષયોપ. હોવાનો એનાથી નિષેધ ન થઈ શકે.

આમ આ એક વિવક્ષાથી ક્ષયોપ.ના ૫ ભેદો દર્શાવ્યા. એમાંથી પહેલો ભેદ અક્ષયોપ.નો છે. બીજો નિત્ય (કાયમી) ક્ષયોપ.નો છે અને શેષ ૩ કાદાચિત્ક–અનિત્ય ક્ષયોપ.ના છે તે જાણવું.

આત્મગુણોની અપેક્ષાએ ભેદ ગણીએ તો ક્ષયોપશમના ૧૫ ભેદો છે–

મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવજ્ઞાન, ચક્ષુ, અચક્ષુ, અવધિદર્શન, દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્યલબ્ધિ, સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિ.

પૂર્વે કહી ગયા મુજબ મિશ્રગુણઠાણાને પણ ક્ષયોપશમમાં ગણીએ તો ૧૬ ભેદ થાય છે.

તેમજ મિથ્યાત્વી અવસ્થામાં મતિજ્ઞાનાવરણાદિના ક્ષયોપશમથી થતા મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાનને જુદા ગણીએ તો ૧૯ ભેદ જાણવા.

વળી આ ગુણોના વ્યવહાર દષ્ટિથી જેટલા અવાંતર ભેદો હોય (જેમકે મતિજ્ઞાનના સ્પર્શનેન્દ્રિયજન્ય અવગ્રહ વગેરે ૨૮ ભેદ) એટલા એના કારણભૂત કર્મક્ષયોપશમના ભેદ ગણી શકાય છે, કારણ કે કાર્યભેદ કારણ ભેદ વિના સંભવતો નથી.

આજ રીતે આ ગુણોના વિષયના જેટલા ભેદ પડે છે, તેમાંથી તે તે કર્મ જેટલા ભેદોને આવરી શકે છે, તે તે કર્મના ક્ષયોપશમના પણ તેટલા અવાંતર ભેદો માની શકાય છે. કેમકે વિષય ભેદ વિષયી ગુણનો ભેદ છે અને ગુણ (કાર્ય)ના કારણભૂત ક્ષયોપશમનો ભેદ માનવો પડે છે.

આવરણ (કર્મ)ને મુખ્ય કરીને વિચારીએ તો–

તે તે મતિજ્ઞાનાવરણાદિ કર્મોની જેટલી અવાંતર પ્રકૃતિઓ હોય એના જેટલા ભેદ એટલા ક્ષયોપશમના ભેદ પડે અને તેથી એટલા આત્માના ક્ષાયોપશમિક ગુણના ભેદ પડે.

તે તે અવાંતર પ્રકૃતિઓમાં પણ જેટલા રસોદયના ભેદ પડે છે, એટલા ક્ષયોપશમના ભેદ પડે અને તેથી એટલા ક્ષાયોપશમિક ગુણના ભેદ પડે છે. જેમકે પૂર્વે

કહેલી કલ્પના મુજબ ૧ થી ૧૦૦૦૦ સુધી દેશઘાતી રસ છે. એમાં ૧ માત્રાનો રસોદય હોય એના કરતાં ૨ માત્રાનો રસોદય આત્માની જુદી જ અવસ્થા પેદા કરે એ સ્પષ્ટ છે (કારણ કે કારણભેદ કાર્યભેદ થાય છે). તેથી ૧ માત્રાના રસોદયથી થયેલ ક્ષયોપશમ અને ક્ષાયોપશમિક ગુણ કરતાં ૨ માત્રાના રસોદયથી થયેલ ક્ષયોપશમ અને ક્ષાયોપશમિક ગુણ ભિન્ન જ હોવાના.

આમ એ અસત્ કલ્પના મુજબ રસોદયના ૧૦૦૦૦ ભેદ હોવાથી (કેમકે ૧૦૦૦૧ વગેરેનો રસોદય ક્ષયોપ.ને નષ્ટ કરી નાંખે છે માટે એ અહીં ગણવાનો નથી) ક્ષયોપશમના પણ ૧૦૦૦૦ ભેદ ગણાય. વસ્તુતઃ રસોદયના સ્થાનભેદથી અસંખ્ય ભેદ હોવાથી અસં.ભેદ જાણવા. સ્પર્દ્ધકભેદ વર્ગણાભેદ રૂપ માત્રા ભેદથી અનંતભેદ પણ થાય છે.

શુદ્ધ ક્ષયોપશમવાળી પ્રકૃતિઓમાં રસોદય હોતો જ નથી. માટે એના અવાંતરભેદો કે તરતમતા હોતા નથી.

આમ જુદી જુદી અપેક્ષાએ ક્ષયોપ.ના જુદી જુદી રીતે ભેદો થઈ શકે છે. મૂળ તો શુદ્ધક્ષયોપ. અને ઉદયાનુવિદ્ધ ક્ષયોપ. એમ બે ભેદો છે.

અથવા બીજી રીતે પણ ક્ષયોપ.ના બે ભેદો છે– **લબ્ધિક્ષયોપ.** અને **ઉપયોગક્ષયોપ.** તે તે કર્મના ક્ષયોપ.થી આત્મામાં લબ્ધિ ગુણ પ્રકટ થયો. પણ જ્યારે ઉપયોગ ક્ષયોપ. એમાં ભળે ત્યારે જ જીવ એમાં ઉપયોગવાળો બની શકે છે. નવકાર જાણવા છતાં બીજે ઉપયુક્ત હોય તો એ વખતે નવકારના જ્ઞાનનો લબ્ધિ ક્ષયોપ. છે, પણ ઉપયોગ ક્ષયોપ. નથી. આ રીતે જ્ઞાના. અને દર્શના. કર્મોના ક્ષયોપ.ના બબ્બે ભેદ પાડવા. મોહનીય અને અંતરાયના ક્ષયોપ.માં પણ એ સંભવિત છે.

લબ્ધિનું કાર્ય :- જ્યારે વિપરીત પરિસ્થિતિ નિર્માણ થાય, ત્યારે જો અન્યત્ર તીવ્ર ઉપયોગ ન હોય તો આ લબ્ધિરૂપ ક્ષયોપશમ ઉપયોગને જન્માવી વિપરિત પરિસ્થિતિનું વારણ કરવા પ્રેરે છે. જેમકે કોઈ અશુદ્ધ સૂત્ર બોલે તો તરત ખ્યાલ આવી જાય અને અટકાવી શકાય. ઉપયોગ ન આવે તો સમજવું કે લબ્ધિ નથી અથવા મંદ છે અથવા અન્યત્ર તીવ્ર ઉપયોગ છે. અન્યત્ર તીવ્ર ઉપયોગ હોય તો લબ્ધિ ઉપયોગને જન્માવે જ એવું નહીં. જેમકે બીજા વિચારમાં લીન બની ગયેલાને કોઈ અશુદ્ધ સૂત્ર બોલે તો પણ ખબર પડતી નથી.


આ જ રીતે અન્યત્ર તીવ્ર ઉપયોગમાં હોઈએ અને જીવ હિંસા, અસત્ય વચન વગેરે થઈ જાય તો પણ ખ્યાલ આવે નહીં, એવું બને છે. પણ લબ્ધિ તીવ્ર હોય, જે ઉપયોગ મંદ હોય અને અહિંસા વગેરેમાં પણ વચ્ચે વચ્ચે ઉપયોગ લઈ જવાયો હોય, તો આત્મા તુરંત સાવધ બને છે અને ભૂલને પારખીને શક્યતા મુજબ દૂર કરવા પ્રયાસ કરે છે. તેમજ થયેલ ભૂલનો હૃદયથી સ્વીકાર કરે છે.

કર્મક્ષયથી પ્રાદુર્ભૂત કેવલજ્ઞાનાદિમાં આત્મા નિત્ય ઉપયુક્ત રહે છે, પણ એ રીતે ક્ષયોપશમથી પ્રાદુર્ભૂત મતિજ્ઞાનાદિમાં નિત્ય ઉપયુક્ત રહેતો નથી. જ્યારે એમાં ઉપયોગ ન હોય ત્યારે પણ ક્ષયોપશમ કંઈ ચાલ્યો ગયો હોતો નથી. તેથી લબ્ધિ ગુણ અને ઉપયોગ ગુણના બે જુદા જુદા આવરણ અને એ બન્નેના જુદા જુદા ક્ષયોપશમની કલ્પના કરવી પડે છે. આમાં પણ લબ્ધિ આવરણ તીવ્ર હોય છે એટલે એનો ક્ષયોપ. જ્યાં સુધી ન થયો હોય ત્યાં સુધી ઉપયોગને ગમે એટલો તીવ્ર બનાવવા અને બોધ કરવા મથીએ તો પણ બોધ થતો નથી. ઉપયોગ આવરણ મંદ હોય છે, એટલે લબ્ધિ ક્ષયોપ. થયા બાદ જ્યારે જ્યારે ઉપયોગ મૂકવામાં આવે ત્યારે ત્યારે બોધ થઈ જાય છે. આ જ રીતે સંયમના ઉપયોગ અંગે જાણવું.

ક્ષાયિક ભાવમાં તો કોઈ આવરણ જ રહ્યું ન હોવાથી લબ્ધિ ઉપયોગ એમ બે ભેદ હોતા નથી, નિત્ય ઉપયોગ જ હોય છે.

ક્ષાયિક સમ્યક્ત્વી છદ્મસ્થને છદ્મસ્થતાના યોગે ઉપયોગાન્તર થાય છે, તેથી નિરંતર ઉપયોગનો સંભવ નથી. તેમ છતાં ક્ષાયિક ભાવના યોગે બાધક ઉપયોગ કે અતિચારાપાદક ઉપયોગ હોતો નથી. માટે ઉપયોગ આવરણ જુદું માનવાનું રહેતું નથી.

પરમ પવિત્ર શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ જે કાંઈ નિરુપણ થયું હોય તેનું મિચ્છામિ દુક્કડમ્.



# Notes